માનવમિત્ર

લેખક

શાહ શિવજી દેવસિંહ મઢડાવાળા

પ્રકાશક

શિવમદન ગ્રંથમાળા કાર્યાલય, મઢડા-કાઠિયાવાડ

માનવમિત્ર

લેખક

શાહ શિવજી દેવસિંહ મઢડાવાળા

(શિવ વિનોદ, શિવ બોધ, શિવ પ્રબોધ; રાજ બોધ,
શિવ વિલાસ અને વિદ્યાર્થી સુમિતિના લેખક)

પ્રકાશક

શિવમદન ગ્રંથમાળા કાર્યાલય. મઢડા—કાઠિયાવાડ

પ્રથમાવૃત્તિ   પ્રત ૩૦૦૦

સંવત ૧૯૮૫   સને ૧૯૨૯

કિંમત વાંચન અને વર્તન

મુદ્રક : મુદ્રણસ્થાન :

કેશવ હ. શેઠ

ખડાયતા મુદ્રણકલા મંદિર, ચાર રસ્તા—**અમદાવાદ**

માનવ મિત્ર

કર્મવીર.



સ્વર્ગસ્થ શેઠ દામજી વીરજી લોડાયા.

જન્મ. [illegible]

સ્વર્ગવાસ. [illegible]

અર્પણ પત્રિકા

ટેકી, નેકી અને વિવેકી વીર સ્વર્ગસ્થ મિત્રરત્ન દામજી વીરજી લોડાયા,

આપના સહવાસમાં હું મારી પંદર વર્ષની વયથી આવ્યો, ત્યારથી આપે મને આપનો મિત્ર માન્યો અને મારા મુશ્કેલીઓના પ્રસંગોમાં આપે મને અનેક સહાયતાઓ આપીને જીવનની છેલ્લી ઘડી સુધી એ મૈત્રિસંબંધ જાળવી રાખ્યો; એ માટે હું આપની જેટલી પ્રશંસા કરૂં અને જેટલો આભાર માનું તેટલો થોડો છે.

સ્વર્ગસ્થ શેઠ નરશી નાથા ચેરીટી ફંડ, નલીયાના શેઠ નરશી નાથા જૈન બાલાશ્રમ, નલીયા દેરાસર, શેઠ લાડણ ખીમજી ચેરીટી ફંડ, મુંબઈના શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ફંડ વગેરે અનેક ખાતાઓના આપ ટ્રસ્ટી હતા. નલીયા પાંજરાપોળ અને નલીયા જૈન કન્યાશાળાના આપ વ્યવસ્થાપક હતા. તે ઉપરાંત શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન પાઠશાળા બોર્ડિંગ સ્કુલ તથા (મુંબઈ) મહાજનની વ્યવસ્થાપક સમિતિઓના આપ ઉત્સાહી સભાસદ હતા. તે સિવાય પણ આપની નાની મોટી અનેક સેવાઓની ગણના પણ થઈ શકે તેમ નથી.

આપના આવા સેવાપરાયણતાના ગુણ તેમજ આપના સાહસ, ધૈર્ય, ઉત્સાહ, પુરૂષાર્થ, ટેક, નેક, વિવેક આદિ

લોકોત્તર ગુણોથી આકર્ષાઇને 'માનવમિત્ર' નામનું આ નાનકડું પરંતુ બોધમય પુસ્તક આપને સમર્પણ કરીને હું મને પોતાને કૃતકૃત્ય થયેલો માનું છું આ સાથે આપના લઘુબંધુ ભાઈ રામજી જેઠાભાઇએ તેમજ આપનાં સુશીલ પત્ની હીરબાઇએ મારી ભાવનાઓને પુષ્ટિ આપીને મારા ઉપર જે મહદ્ ઉપકાર કર્યો છે તેનું પણ હું સ્મરણ કર્યા વિના નથી રહી શકતો.

મારૂં અંતઃકરણ સાક્ષી પુરે છે કે આપનો આત્મા જ્યાં હશે ત્યાં સુખ અને શાંતિમાં જ હશે. કેમકે આપનું જીવન જ એવું ઉચ્ચગામી હતું કે જેથી મારી માન્યતાને ટેકો મળે છે. આપના એ અમર આત્માને મારા કોટિ કોટિ વંદન છે.

લી. આપનો

ગુણપૂજક મિત્ર,

શિવજી દેવસિંહ શાહ

પ્રસ્તાવના

જુદે જુદે સમયે સમાજસેવા અને આત્મિક પ્રગતિના ઉદ્દેશથી લખાયેલા મારા જુદા જુદા નિબંધોનો સંગ્રહ કરી તેને 'માનવમિત્ર' નામના પુસ્તકાકારમાં મૂકવાનું સદ્‌ભાગ્ય મને એક પરમ મિત્રની પ્રેરણાથી પ્રાપ્ત થાય છે, જે માટે એ ભાઇનો હું ઋણી છું.

એ પ્રેરણા કરનાર ભાઇ રામજી જેઠાભાઇ છે. તેમણે કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિમાં ધરોધર એ પુસ્તકની પ્રભાવના કરવાની અભિલાષા દર્શાવી છે અને પુસ્તકની છપાઇ, કાગળો, બાઇન્ડીંગ વગેરેનું તમામ ખર્ચ તેમણે આપ્યું છે. આ પુસ્તકની સાથે તેમના વડીલ બંધુ સ્વર્ગસ્થ ભાઇ દામજી વીરજીનાં જીવનનાં સંસ્મરણો પ્રગટ કરવાની પરવાનગી આપી આ પુસ્તક પ્રગટ કરવામાં તેમણે મને સવિશેષ ઉત્સાહ આપ્યો છે. તેમના આ સદ્‌ભાવ અને સહાયતા બદલ હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ પુસ્તકમાંના વિષયો વિષે કાંઇ વિશેષ વિવેચનની હું જરૂર જોતો નથી. આત્મકલ્યાણના અભિલાષીઓ આ પુસ્તક વાંચે, તેમાંના વિચારો ઉપર મનન કરે અને પુસ્તક પ્રગટ કરવાના મારા આશયને સાર્થક કરે એટલી જ મારી વાંચકોને વિનંતિ છે.

શિવસદન, મઢડા
તા. ૨૨-૪-૨૯

લી.
શિવજી દેવસિંહ શાહ

ભેટ

કચ્છ–નલીયાનિવાસી સ્વર્ગસ્થ
ભાઇ દામજી વીરજીના સ્મર-
ણાર્થે, તેમના લઘુબંધુ ભાઇ
રામજી જેઠાભાઇ તથા
સ્વ. દામજીભાઇનાં
સુશીલ વિધવા
હીરબાઇ
તરફથી
ભેટ.

તારીખ ______________________

પ્રકાશક

માનવ મિત્ર

સહાયીકા.



સુશીલ બ્હેન શ્રી હીરબાઈ તે

સ્વ૦ શેઠ દામજી વીરજી લોડાયાના વિધવા.

વાંચનારને વિજ્ઞપ્તિ

કચ્છ–નલીયાનિવાસી સ્વર્ગસ્થ ભાઇ દામજી વીરજીના સ્મરણાર્થે તેમના લઘુ બંધુ રામજીભાઇ જેઠાભાઇ અને દામજીભાઇનાં સુશીલ ધર્મપ્રિય વિધવા હીરબાઇની સહાયતાથી 'માનવમિત્ર' નામે આ પુસ્તક પ્રગટ કરવામાં આવેલ છે.

પુસ્તક આદિથી અંત સુધી વાંચી જવા અને પોતાની શક્તિ પ્રમાણે તે વર્તનમાં મુકવા વાચકવર્ગને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. કારણ કે આ પુસ્તકની એ સિવાય કંઇ પણ કિમ્મત રાખવામાં આવી નથી. વાંચન અને વર્તન એ જ એની કિમ્મત છે. તો વાંચનારે એ કિમ્મત આપવા કૃપા કરવી.

પ્રકાશક

શ્રીયુત રામજી જેઠાભાઈનો અલ્પ પરિચય

'સોનું જોઇએ ઘસી અને માણસ જોઇએ વસી ' એ કહેવત સર્વથા સત્ય છે. પરિચયમાં આવ્યા વિના કોઇ પણ વ્યક્તિ માટે સારો કે ખરાબ અભિપ્રાય બાંધવાથી ઘણીવાર પસ્તાવાનો પ્રસંગ આવે છે. એટલા માટેજ ડાહ્યા પુરૂષોએ ઉપરોક્ત કહેવત ઘડી કાઢી છે.

કચ્છ–નાલીયાનિવાસી ભાઇ રામજી જેઠાભાઇને હું દામજી ભાઇના લઘુ બંધુ તરીકે તો વર્ષોથી પિછાનતો હતો, પરંતુ તેમના નિકટ પરિચયમાં હું આવી શક્યો નહોતો અને તેથી તેમના વિષે હું કાઇ પણ અભિપ્રાય બાંધી શક્યો નહોતો.

પરંતુ સંવત્ ૧૯૮૪માં એમના નિકટ પરિચયની તક સાંપડી–એ વર્ષે જેઠ વદ ૧૩ને શનિવારે હું નલીયે ગયો હતો. શ્રીયુત રામજીભાઇ પણ ત્યાંજ હતા. હું તેમને મળ્યો. વાર્તાચિત કરતાં મારા કચ્છના પ્રવાસની વાત નીકળી. મેં તેમને મારી નોંધની હકિકત નિવેદન કરી.

'જો કે મારા આખા જીવનમાં હું કદિયે કચ્છ સાહેરાવાળા ભાઇ શામજીભાઇ રામજીભાઇના પરિચયમાં આવ્યો નહોતો, પરંતુ જ્યારે હું કોઠારાવાળા કુંવરજીભાઇ કેશવજીની તપાસ કરવા શામજીભાઇની પેઢીપર ગયો ત્યારે તેમણે મને ખુબ સદ્‌ભાવથી બેસાડયો અને વાતચિત દરમિયાન સહજ ધાર્મિક પ્રસંગ ઉપસ્થિત થતાં તેમના મનપર તે વિષે સારી છાપ પડી અને તેમણે ફરી વખત તેમને ત્યાં જવા મને આગ્રહ કર્યો. હું ગયો. તે દિવસે સેલુવાળા શેઠ લાલજીભાઇ રામજી પણ ત્યાં આવ્યા હતા. કેળવણી સંબંધી ચર્ચા થઇ. તેમણે પોતે પોતાના ખર્ચે લાલા–બાંડીયા અને સુજાપુરમાં પાઠશાળાઓ ચાલુ કરેલી હતી તે તપાસવાની તેમજ કચ્છના કેળવણી ખાતાની માહિતી મેળવવા અભિલાષા દર્શાવી. મેં કચ્છનો પ્રવાસ

માનવ મિત્ર

સહાયક.



શ્રીયુત રામજીભાઈ જેઠાભાઈ તે

સ્વ૦ શેઠ દામજી વીરજી સોરાયાના લઘુ બંધુ

રવાનું કબુલ કર્યું અને તેઓશ્રીએ પ્રવાસનો સઘળો ખર્ચ પોતાને .થે લીધો. પ્રવાસ દરમિયાન ભુજમાં પહોંચતાં ત્યાં સ્વર્ગસ્થ શા. ાલજીભાઈ હીરજીએ મને રોકયો અને મહારાવ શ્રી ખેંગારજી ાવાની મુલાકાત કરાવી. ત્યાં લગ્નપ્રસંગે એક મેળાવડો ગોઠવી માં રાજા–પ્રજાના ધર્મ સંબંધી વ્યાખ્યાન આપવાનો નિર્ણય થયો. ૧૯૮૪ના વૈશાખ વદ ૧૩ ને ગુરૂવારે સાંજે ૭ વાગે ખારસા મેદાનમાં ાર હજાર માણસોની મેદની જામી. મેં રાજા-મહારાજાએ, શેઠ ાહુકારો, અમીર ઉમરાવો, અમલદારો અધિકારીઓ અને સામાન્ય ન સમુદાયની વચ્ચે મારૂં વ્યાખાન કર્યું. સૌને તે રૂચ્યું. કચ્છનું ાજકિય ગીત ' કચ્છી અંગ્રેયો ઇંય ચાંતા ' અને કચ્છી રાજકિય ીત 'જીએરા પાંજા' એ બન્ને કચ્છી કારીઓ બહુજ આદર પામી, મને ગઢશીશાવાળા રૂ અને ચોખાના દલાલ શેઠ નારણજી પ્રેમજી ારફથી કચ્છ રાજકિય ગીત ફ્રેમમાં મઢાવી ભાઈ લાલજી હીરજીએ ચ્છની તમામ દરબારી શાળાઓમાં અને કચ્છના તમામ અમલદારોને ેટ આપ્યું.

મહારાવશ્રી ખેંગારજી બાવાની મુલાકાત અને કચ્છના અમલ- ારો સાથેનો મારો પરિચય સ્વર્ગસ્થ ભાઇ લાલજી હીરજીને આભારી તો, કેમકે જો તેમણે મને આગ્રહ કરીને રોકયો ન હોત તો મહા- ાવશ્રી સાથે મુલાકાત ન થાત અને બાર હજાર ભાઇઓની સેવા રવાની તક પણ ન મળત. જીંદગીમાં ભુજ કદિ જોયુંજ નહોતું, તે બરોબર જોયું.

' ત્યાંથી નીકળી મુંદ્રા, પત્રી, લાખાપુર, ભુજપુર, બીદડા, કોડાય, લાયજા, અને બાડામાં વ્યાખ્યાનો આપતો અને શાળાઓ તપાસતો અહિં આવ્યો છું અને હવે નલીયાની આસપાસના ગામોના પ્રવાસે જવું છે.'

ઉપરોક્ત હકીકત સાંભળી શ્રી. રામજીભાઇ ખૂબ પ્રસન્ન થયા

અને કહ્યું કે, 'ગમે ત્યાં ફરો, પરંતુ અષાઢ વદ ૧૨ને શનિવારે નલીયામાં હાજર થઇ જજો; કેમકે તે દિવસે સ્વર્ગસ્થ દામજીભાઇ નિમિત્તે પૂજા ભણાવવી છે, આંગી રચાવવી છે, ભાવના ભાવવી છે અને નાત જમણ કરવું છે.' દામજીભાઇ તો મારા બાળમિત્ર. તેમની ખાતર હું શું ન કરૂં ! મેં રામજીભાઇનું આમંત્રણ સહર્ષ સ્વીકાર્યું અને બરાબર વખતસર નલીયે હાજર થયો. પૂજા અને ભાવનાથી રામજીભાઇ પૂર્ણ પ્રસન્ન થયા. આ વખતે મેં નલીયામાં ફળીએ ફળીએ વ્યાખ્યાનો આપ્યા, રામજીભાઈ તેમાં આવતા અને એ સિવાય પણ પ્રસંગોપાત એમની સાથે વ્યાખ્યાનોના મુખ્ય મુદ્દાઓપર ચર્ચા થતી. આથી અમારો પરસ્પર ગાઢ સ્નેહ બંધાયો અને ૨૦-૨૫ દિવસના સહવાસમાં અમે ૨૦-૨૫ વર્ષના જુના સ્નેહીઓ હોઇયે એવો અમારો પ્રેમ બંધાયો.

શ્રી. રામજીભાઇએ કહ્યું કે, 'દામજીભાઇનાં અધુરાં રહેલાં કાર્યો મારે પુરાં કરવાં છે અને તેટલા માટેજ મેં કચ્છમાં વિશેષ રહેવાનું રાખ્યું છે.' સ્વ. દામજીભાઇ પ્રત્યે રામજીભાઇના અંતરમાં ઘણોજ સદ્‌ભાવ છે. તેમની પાછળ શુભ કાર્યોમાં દશ હજાર રૂપીયા ખર્ચવાનો તેમણે સ્વ. દામજીભાઇનાં સુશીલ પત્ની પાસેથી નિર્ણય કરાવ્યો. નલીયાથી ભદ્રેસર સુધી તેમણે સંઘ કાઢયો હતો. દામજી-ભાઈની સ્મરણતિથીએ નલીયામાં આંગી રચાય, મોટી પૂજા ભણાય અને નાત જમણ થાય તે માટે તેમણે સારી રકમ કાઢી છે. વળી બાએટમાં એક પાઠશાળા પણ ચાલુ કરી છે. આખી જ્ઞાતિમાં ઘરોઘર એક સુબોધક પુસ્તકની પ્રભાવના કરવાની ઇચ્છાથી તેમણે આ 'માનવ મિત્ર' નામનું પુસ્તક તૈયાર કરવાનું સોંપ્યું અને તેનું જે ખર્ચ થાય તે આપવા ઇચ્છા પ્રગટ કરી: દામજીભાઇનું મારે માથે જે ઋણ હતું તે યત્કિંચિત અદા કરવાની મને આ શુભ તક જણાઇ અને તેથી તેમનાં જીવનના સંસ્મરણો પુસ્તકસાથે જોડવાની

મેં ઇચ્છા દર્શાવી. શ્રી. રામજીભાઇએ મને એ સોનેરી તક આપી તે માટે હુ તેમનો જેટલો આભાર માનું તેટલો થોડો છે.

રામજીભાઇ સાથેના સ્વલ્પ પરિચય દરમિયાન મૂખ્ય બે ઘટનાઓ ધ્યાન ખેંચનારી બની છે.

પહેલી ઘટના તા. ૧૩-૭-૨૮ ને શુક્રવારે બની. તે દિવસે સવારમાં ભાઇશ્રી અંતાણી અને ભાઇ ધોળકીઆ કચ્છ પ્રજાકિય મંડળના ઉદ્દેશ સમજાવવા નલીયામાં પધાર્યા. તેઓ ગામબહાર સરોવર કાંઠે ધર્મશાળામાં ઉતર્યા અને ફોઝદાર સાહેબને ત્યાં જમ્યા. બપોરના તેઓએ મને બોલાવ્યો. હું તેમની પાસે ગયો. તેમણે મને કહ્યું કે, 'નલીયાની સેવાસમિતિએ અમારા મંડળની વિરૂદ્ધ ઠરાવ કરીને અમને બીટામાં તે પહોંચાડયો છે અને સાથે સાથે એમ પણ. જણાવ્યું છે કે નલીયા સેવાસમિતિ તમોને ઉત્તેજન નહિ આપે માટે નલીયે આવવાની તસ્દી લેવાની જરૂર નથી. છતાં અમે તો આવ્યા છીએ અને તમારી મદદની આશા રાખીએ છીએ.' મેં તેમને સુચવ્યું કે. 'તમે નલીયા સેવાસમિતિના સભ્યોને એકત્ર કરો. તેમની સાથે વાટાઘાટ કરો, હું તે વખતે હાજર રહીશ અને તેઓ કે તમે મને જે સેવા ફરમાવશો તે હું મારી શક્તિ પ્રમાણે બજાવીશ.' તેમણે મારી આ સુચના સ્વીકારી. ધર્મશાળામાં બપોરના ત્રણ વાગે સૌ એકઠા મળ્યા. ભાઇ અંતાણી અને ભાઇ ધોળકીઆએ સેવાસમિતિના સભ્યોના મનનું સમાધાન કર્યું અને રાત્રે બજારના ચોકમાં જાહેરસભા ભરવાનો નિર્ણય કર્યો. સાંએ સભાનો ભાર મારે માથે મૂકયો. હું મુંઝાયો, પરંતુ શ્રી રામજીભાઇપર શ્રદ્ધા રાખી મારે માથે નાખેલી જવાબદારી સ્વીકારી. તરત જ હું રામજીભાઇને મળ્યો અને સઘળી હકિકત તેમને જણાવી. તેમણે મને બેફીકર રહેવા આશ્વાસન આપ્યું અને તરત જ ભાઇ શામજી રામજી અને બાલાશ્રમના મેનેજર ભાઇ જય-

ચંદ્રને બોલાવી બત્તી વગેરેનો બંદોબસ્ત કરવા સુચના કરી અને એ બધું ખર્ચ પોતાને માથે ઉઠાવી લીધું. શ્રીયુત રામજીભાઈનું દિલ હું આ પ્રસંગે બરાબર પારખી શકયો. તેમણે જેટલું કહ્યું તેટલું કરી બતાવ્યું ત્યારથી મારા દિલમાં તેમના પ્રત્યે સદ્ભાવ થયો.

એવીજ એક બીજી ઘટના બની. નલીયા ગામની પશ્ચિમ દિશામાં બાંભડાઇ નામે નાનકડી તળાવડી છે. ત્યાં એક સુંદર વાવ છે અને વડનું ઝાડ છે. ત્યાં બેસવા માટે પથ્થરના ઓટાઓ છે. મુંબઇથી હવાફેર કરવા આવનારા યુવાનો ત્યાં સાંજે હવા ખાવા જાય છે અને આનંદ વિનોદ કરે છે. આ વર્ષે પણ ૪૦–૪૫ ઉત્સાહી યુવકો આવ્યા હતા. તેઓએ '**બાંભડાઈ મહાજન**' નામની સંસ્થા સ્થાપી સત્કાર્યો કરવાનો ઠરાવ કર્યો. એક દિવસ તેઓએ નલીયાથી ત્રણ ગાઉપર આવેલા **વડસર** ગામના જિન મંદિરને સહાયતા મળે એ હેતુથી ત્યાં જઇ પુજા ભણાવવાનો અને સ્વામી–વત્સલ કરવાનો ઠરાવ કર્યો. પૂજા ભણાવવાનું તેઓએ મારે માથે મૂકયું અને સ્વામી-વત્સલનો તમામ ખર્ચ ભાઇ કુંવરજી વેલજી, ભાઇ વેરસી લધા અને ભાઇ રામજી જેઠાભાઇએ ઉપાડી લીધા. અધિક શ્રાવણ સુદ ૧૧ ને શનિવારનો દિવસ મુકરર કરવામાં આવ્યો.

બાંભડાઇ મહાજને નિર્ણય તો કર્યો, પરંતુ વ્યવસ્થાનું કામ તો રામજીભાઇને માથે આવ્યું. તેમણે એ કામ ઉમંગથી પાર પાડયું. નલીયામાં નોતરાં અપાયાં હતાં તે ઉપરાંત **છાડુરા, જસાપુર, જખૌ** અને **તેરા**માં પણ આમંત્રણો મોકલવામાં આવ્યા. નલીયામાંથી ૬૦–૬૫ ગાડાઓમાં બેશી લગભગ ૨૫૦–૩૦૦ નરનારીઓ આવ્યા તેરા અને છાડુરાથી પણ કેટલાંક ધર્મપ્રેમી નરનારીઓ પધાર્યા. ખૂબ આનંદથી પૂજા ભણાવવામાં આવી. સાંજે મિષ્ટાન્ન જમી સૌ પોતપોતાને સ્થાને વિદાય થયા.

ઉપરોક્ત બન્ને પ્રસંગોમાં રામજીભાઇનાં ખંત, ટેક, વિવેક,

વ્યવસ્થા વિગેરે હું જોઇ શક્યો અને તેમના પ્રત્યે મારા અંતરમાં માનવૃત્તિ ઉત્પન્ન થઇ. એ સિવાય નાના મોટા અનેક પ્રસંગો બન્યા, પરંતુ એ બધાનો ઉલ્લેખ કરતાં વિસ્તાર થવાના ભયથી બે મૂખ્ય ઘટનાઓનો જ રામજીભાઇની ઓળખાણ કરાવવા માટે ઉલ્લેખ કર્યો છે.

જ્યાં સુધી દામજીભાઇ વિદ્યમાન હતા, ત્યાં સુધી રામજીભાઇને માથે કોઈ પણ પ્રકારનો બોજો નહોતો, પરંતુ તેમના જવાથી હવે દરેક પ્રકારની જવાબદારી રામજીભાઇને માથે આવી પડી છે એ કહેવાની ભાગ્યેજ જરૂર હોય. વૃદ્ધ પિતા, દામજીભાઇ, નાગશીભાઇ, અને પાસુભાઇની વિધવાઓ, પોતાનાં પત્ની અને બાળકો એ બધાની સંભાળ લેવાની ફરજ અદા કરવા ઉપરાંત દામજીભાઇએ ભાઇ વેલજી વસાઇયા સાથે જમાવેલો જંગ હજુ અધુરો હતો તેની તેમજ જે જે સંસ્થાઓનાં દામજીભાઇ ટ્રષ્ટી, વ્યવસ્થાપક કે સભ્ય હતા તે તે સંસ્થાઓ રૂપી કલ્પ તરૂઓ સુકાઇ ન જાય તેની પણ કાળજી કરવાની રહી.

રામજીભાઇનાં સુશીલ પત્ની ભચીબાઇ સુસંસ્કારી અને ધર્મ-પ્રિય આત્મા છે. તેમને બે પુત્રીઓ અને એક પુત્ર છે. રામજીભાઇની વય અત્યારે ૩૮-૩૯ વર્ષની છે. તેમનો ઉત્સાહ એક યુવાનને શોભાવે તેવો છે. નલીયા દેરાસર, શેઠ નરસી નાથા ચેરીટી ફંડ, શેઠ નરસી નાથા જૈન બાલાશ્રમના ટ્રષ્ટી હોઇને તેમજ નલીયા પાંજરાપોળ અને જૈન કન્યાશાળાના વ્યવસ્થાપક હોઇને તેઓ એ બધી સંસ્થા-ઓમાં ઉમંગથી ભાગ લઇ રહ્યા છે.

મને વિશ્વાસ છે કે તેઓ દામજીભાઈની ખોટ જણાવા નહિ દે. વડીલ બંધુને પગલે ચાલી, કુટુંબ, જ્ઞાતિ અને દેશસેવાનાં કાર્યોમાં પોતાનો ફાળો આપી, એક પરમાર્થી નરવીર તરીકે અમર નામના મેળવે. એવી શુભેચ્છા સાથે વિરમું છું.

લી. ગુણપૂજક

તા. ૨૨-૪-૨૯ **શિવજી દેવસિંહ**

સ્વર્ગસ્થ ભાઇ દામજી વીરજીનાં

જીવનનાં કેટલાંક સંસ્મરણો

વરમેકો ગુણીપુત્રો, ન ચ મૂર્ખશતાન્યપિ:
એકશ્ચંદ્રસ્તમો હન્તિ, ન ચ તારાગણો પિચ ।। ૧ ।।
એકેનાપિ સુવૃક્ષેણ, પુષ્પિતેન સુગંધિના,
વાસિતમ્ તદ્વનં સર્વમ, સુપુત્રેણ કુલમ્ યથા ।। ૨ ।।

ભાવાર્થ—સેંકડો મૂર્ખ પુત્રો કરતાં એક જ ગુણવાન પુત્ર સારો કેમ કે ચંદ્ર એક જ હોવા છતાં અંધકારનો નાશ કરે છે, પરંતુ અનેક તારાઓના સમૂહથી પણ અંધકાર જરાયે દૂર થતો નથી ।। ૧ ।।

"જેમ સુગંધી ફુલોવાળા એક સુંદર વૃક્ષથી આખું વન સુગંધમય બને છે. તેવી જ રીતે એક સુપુત્રથી કુળની કીર્તિ વધે છે" ।। ૨ ।।

સંકલ્પ બળ

'તમારૂં નામ શું ?'

કચ્છ નલીયાની બજારમાં એક ઓટલા પર બેઠેલા સોળ સત્તર વર્ષની વયના એક યુવકને બહારગામથી આવેલા લગભગ એટલી જ ઉમ્મરના યુવકે ઉપરોક્ત પ્રશ્ન કર્યો.

'આપ કોણ છો ?'

ઓટલા ઉપર બેઠેલા યુવકે પ્રશ્નના ઉત્તરમાં સામો પ્રશ્ન કર્યો,

'મારૂં નામ તુળસીદાસ છે. હું જ્ઞાતિએ ભાટીઓ છું અને કોડારાનો રહીશ છું. હું હમણાં જ નલીયામાં ચાલ્યો આવું છું અને કેટલીક હકિકત જાણવાની ઇચ્છાથી મેં આપનું નામ પૂછ્યું હતું.' આવનાર યુવકે નમ્રતાથી પોતાનો પરિચય કરાવતાં પોતાના પ્રશ્નનો ઉદ્દેશ જણાવ્યો. એટલે ઓટલા ઉપર બેઠેલા યુવાને પણ મીઠાશથી પોતાનો પરિચય આપ્યો કે, 'મારૂં નામ દામજી. હું જ્ઞાતિએ વણિક છું. અહિંનો જ વતની છું. ધંધા અર્થે મુંબઇમાં વસું છું ચોમાસાના ચાર મહીના હવાફેરના ઉદ્દેશથી વતન આવ્યો છું.'

'તમારા ગામમાં કોઇને ક્રિકેટ, ફુટબોલ કે એવી રમત ગમતનો શોખ છે ખરો ?' તુલસીદાસે પોતાની જીજ્ઞાસા વ્યક્ત કરી.

'તમારા ગામમાં છે કે ?' દામજીભાઇએ વળી સામો પ્રશ્ન કર્યો.

હા; અમારા ગામમાં ક્રિકેટ કલબ છે. તેમાં ૨૦–૨૫ સભ્યો છે. હું પણ એ કલબનો સભ્ય છું. અમે દરરોજ સાંજે નિયમિત ખેલીએ છીએ. વાંકુ, તેરા અને સુથરીમાં પણ એવી કલબો છે, એમ મેં સાંભળ્યું છે. નલીયામાં એકકે એવી કલબ છે કે કેમ ? તે જાણવા જોવા હું અહિં આવ્યો છું.' તુલસીદાસે પોતાના આગમનનો ઉદ્દેશ સ્પષ્ટ કર્યો.

'તમે કાલે મને આજ વખતે આજ ઠેકાણે મળજો. હું તમને સઘળી હકિકતથી વાકેફ કરીશ.' આટલું કહીને દામજીભાઇએ વિદાય લીધી. આ વાતચિત ઉપરથી તેમના દિલમાં અનેક સંકલ્પ વિકલ્પ થતા હોય એવું તેમના ચ્હેરા પરથી સ્પષ્ટ ભાસતું હતું.

તે જ દિવસે રાત્રે ધર્મશાળાની સામે શેઠ રાયશી લખમશી ઝવેરીના ઓટલા ઉપર તેમના સુપુત્ર દેવજીભાઇને દામજીભાઇ મળ્યા અને તે દિવસે બપોરે તુલસીદાસ સાથે થયેલી વાતચિત અથથી ઇતિ સુધી કહી સંભળાવી.

દેવજીભાઇની વય પણ લગભગ દામજીભાઇના જેટલી જ હતી. વળી તેઓ સાધનસંપન્ન, બુદ્ધિશાળી અને રસજ્ઞ હોવાથી દામજી-

ભાઇની વાત તેઓ તરત સમજી ગયા. તે જ સમયે અને તેજ સ્થળે કલબની સ્થાપના કરવામાં આવી. ૩૦-૪૦ સભ્યોના નામ પણ નોંધવામાં આવ્યા અને દામજીભાઇને કલબના મંત્રીપદે નિયુક્ત કરવામાં આવ્યા.

બીજે દિવસે તુલસીદાસ દામજીભાઇના કહેવા પ્રમાણે મળવા આવ્યા. દામજીભાઇએ તેમને આગલી રાતની સઘળી હકિકત જણાવી અને બે મહીના પછી કોઠારાની કલબને નલીયાની કલબ સાથે મેચ ખેલવા આમંત્રણ આપ્યું.

પ્રિય વાંચનાર !

આ કાંઇ કલ્પિત કથા કે ઉપજાવી કાઢેલી હકિકત નથી, પરંતુ એક સત્ય ઘટના છે. એ કલબનો હું પણ એક સભ્ય હતો. દેવજીભાઇ અને દામજીભાઇનો હું માનીતો મિત્ર હતો. દામજીભાઇના બાલજીવનના પ્રસંગોપર દૃષ્ટિ નાખતાં આ નાનકડી, પરંતુ દામજીભાઇના સંકલ્પ બળની ઝાંખી કરાવતી આ ઘટના દૃષ્ટિ સામે તરી આવે છે. તેરા, કોઠારા, વાંકુ, સુથરી વિગેરે ગામોમાં ક્રિકેટ કલબો હોય અને નલીયામાં ન હોય એથી એમના સ્વાભિમાની સ્વભાવને ઉણપ લાગી અને તેમના ઉત્સાહ અને પુરૂષાર્થના સદ્દગુણોએ એ ઉણપ દૂર કરી. દામજીભાઇ પોતાના જીવનમાં જે ઉત્તમ કાર્યો કરી શક્યા તેના બીજ તેમના બાળજીવનના ઉપરોક્ત નાનકડા પ્રસંગમાંથી જ આપણને મળે છે.

સ્વાભિમાન

"દામજીભાઈ! નલીયામાં કોઇને સંગીતનો શોખ ખરો કે ?"

બપોરના બે ત્રણ વાગ્યા હશે દામજીભાઇ હંમેશના નિયમ મુજબ નલીયાની બજારના વિશાળ ચોકમાં એક દુકાનના ઓટલાપર બેઠા હતા, ત્યાં એક પુખ્ત વયના, સ્થુળ શરીરના અને વિશાળ આંખોવાળા ભાઇએ ઉપર પ્રમાણે પ્રશ્ન કર્યો.

'આપનું નામ શું ? આપ ક્યાંથી આવો છો ? સંગીતનું કેમ પૂછો છો ?' દામજીભાઇએ હંમેશની ટેવ મુજબ સામા પ્રશ્નો કર્યા.'

'મારૂં નામ પુનશી. હું વરાડીયાનો વતની છું. મને સંગીતનો શોખ છે. આજે જ નલીયામાં આવ્યો છું. એ દિવસ અહિં રોકાવાનો છું. અહીં કોઇને સંગીતનો શોખ હોય તો તેનો સહવાસ કરવો અથવા સંગીતની કોઈ મંડળી હોય તો તેનો લાભ લેવો એવા હેતુથી મેં આપને ઉપરોક્ત પ્રશ્ન કર્યો હતો.' પુનશીભાઇએ પોતાનો પરિચય કરાવી, પોતાનો ઉદ્દેશ જણાવ્યો.

'પુનશીભાઇ ! મારી સાથે ચાલો. આપને સંતોષ થાય એવા સજ્જન સાથે આપનો સમાગમ કરાવી આપું.' એમ કહી પુનશીભાઇને લઇને દામજીભાઇ દેવજીભાઇને ત્યાં આવ્યા. દેવજીભાઇને પુનશીભાઈની પીછાણ કરાવી અને તેમના આગમનનો ઉદ્દેશ સમજાવ્યો.'

આ પ્રસંગે હું પણ ત્યાં જ હતો; કેમકે હું એ દિવસોમાં ઘણું-ખરૂં દેવજીભાઇના સહવાસમાં જ મારો સમય વ્યતિત કરતો; કેમકે 'સમાન ગુણ શીલ વ્યસનેષુ સખ્યમ્' એ કહેવત મુજબ અમારા સ્વભાવ અને રૂચિઓનો સુંદર મેળ જામતો. દેવજીભાઇને કદિ પ્રમાદમાં પડયા રહેવું રૂચતું જ નહિ. જ્યારે જુઓ ત્યારે તેઓ કાંઇને કાંઈ ઉદ્યમમાં રોકાએલા જ હોય. કદિક સતાર, સારંગી કે દિલરૂબા વગાડતા હોય તો કદિક ફોટોગ્રાફી અને ઇજનેરી કળામાં પરોવાયેલા હોય. કોઇ વેળા વળી કાંઇક શોધખોળમાં જ એમનું ચિત્ત લાગેલું હોય. કોઈની નિંદા કે વિકથા કરવાનો તેમને અવકાશ જ ન હોય. કલેશ કે કંકાસ તેમના સ્વભાવમાં નહોતાં. અસભ્ય વર્તનને તેઓ સખ્ત ધિક્કારતા. બિભત્સ વાણીથી તેમને કંપારી છુટતી. તેમના આવા સદ્દગુણોને લીધે મને સ્વાભાવિક રીતે જ તેમનો સહવાસ ગમતો. વળી તેમનો મારા તરફ અત્યંત સદ્દભાવ પણ હતો એટલે મારૂં દિલ તેમના તરફ સવિશેષ આકર્ષાતું.

દામજીભાઇએ પુનશીભાઈ સાથે થએલી વાતચીત દેવજીભાઇને કરી કે તેમણે મારી તરફ જોઇને કહ્યું કે, 'શીવજી! તારે એક કામ કરવાનું છે.'

હું તો મારાથી બની શકે તે સેવા કરવા તૈયાર જ હતો એટલે દેવજીભાઇએ કહ્યું કે, 'તું હમણાં જ ઉંટ ઉપર બેસી સાંધાણ જા. ત્યાંથી ભાઇ પાસુ ડોસા અને ભાઇ ધનજી કાનજીને લઇને અને કોઠારામાં કલબવાળા ભાઇઓને ખબર આપી આવતી કાલે સાંજ પહેલાં પાછો આવી જા.'

બીજે દિવસે લુહાર ચકલામાં માણેક ફ્રાનોસની ડેલીમાં સંગીતનો જલસો કરવાનો નિર્ણય થયો. વ્યવસ્થાનું કામ દામજીભાઇને માથે આવ્યું.

હું તો નિર્ણય થતાંની સાથે રવાના થયો અને સાંધાણ અને કોઠારા થઇ, સંગીતના ૫–૭ રસીયાઓને સાથે લઇ, બીજે દિવસે બરોબર સમય પર હાજર થઇ ગયો. ત્રણ દિવસ સુધી સંગીતની જમાવટ કરવામાં આવી. નલીયા, તેરા, જખૌ, કોઠારા, સાંધાણ અને વરાડીયાથી આવેલા સંગીતના ઉસ્તાદોએ પોતપોતાના જ્ઞાન અને શક્તિનો લાભ આપ્યો. એ જલસામાં જે આનંદ અનુભવ્યો તેવો મારા જીવનમાં ફરી કદિ આનંદ મેળવ્યો હોય એવું મારા સ્મરણમાં નથી. તે જ દિવસથી દેવજીભાઇની ઉદારતા અને દામજીભાઇની કાર્યકુશળતાની મારા પર ઉંડી છાપ પડી. આજે એ વાતને પાંત્રીસ વર્ષ થઇ ગયા છતાં તે પ્રસંગ મારા સ્મરણમાં તાજો જ રહ્યો છે. દેવજીભાઈ તેમજ દામજીભાઇ બન્ને મારાથી વયમાં બે વર્ષ મોટા હતા; વળી તેઓ સાધન અને બુદ્ધિમાં મારાથી ચડિયાતા હતા, છતાં તેમણે કદિયે મારા તરફ તેવો ભાવ દેખાડયો નથી. મને પણ વિદ્યા, સંગીત તેમજ રમતગમતનો શોખ હોવાથી એ બન્ને ભાઇઓના સહવાસમાં ખૂબ આનંદ આવતો.

દામજીભાઇમાં વ્યવસ્થાશકિત હતી એટલું જ નહિ પણ તેમનો સ્વભાવ એટલો સ્વાભિમાની હતો કે તેઓ હમેશા એમ જ કહેતા કે, 'મનુષ્ય ધારે તો શું ન કરી શકે? બીજાઓ જે કામ કરી શકે તે આપણે કાં ન કરી શકીએ?' નેપોલીઅનની માફક તેમના શબ્દ-કોષમાં પણ 'અશકય' એ શબ્દ જ નહોતો. તેમની વાણીમાં તેમનુ આત્મતેજ ઝળકતું હતું. પોતે ઉત્સાહી અને પુરૂષાર્થી હતા, પરંતુ તેમની વાણી બીજાને પણ ઉત્સાહી અને પુરૂષાર્થી બનાવે તેવી હતી.

હું એમના જીવનના આ નાના નાના પ્રસંગો એટલા માટે રજુ કરૂં છું કે તેમણે મોટી વયમાં જે જે કાર્યો સાધ્યાં, તેનાં બીજ તેમના અંતઃકરણમાં તેમની બાળવયથી જ જણાતાં હતાં અને પ્રસંગ મળતાં તે બીજમાંથી સત્કાર્યોરૂપી ફળ નીપજ્યાં.

વ્યવસ્થાશકિત

આજે નલીયામાં ભારે ધામધુમ અને આનંદનો પ્રસંગ હતો. બાંભડાઇ અને પુનરાઇ વચ્ચેના મેદાનમાં કોઠારા અને નલીયાની કલબો વચ્ચે ક્રિકેટની મેચ ખેલાવાની હતી. સેંકડો મનુષ્યો તે જોવા માટે એકઠા થયા હતા. નલીયાના યુવાનો પોતાના ગામનું પાણી બતાવવા બહાર પડયા હતા. કોઠારાના યુવાનો પણ સંપૂર્ણ તૈયારી કરીને આવ્યા હતા. તેમના ઉતારાની તથા ખાવાપીવાની તમામ વ્યવસ્થા નલીયાની ક્રિકેટ કલબ તરફથી કરવામાં આવી હતી. સંચાલક દામજીભાઇ હતા. દરેક યુવકને જુદું જુદું કામ સોંપી દેવામાં આવ્યું હતું. દેવજીભાઇના ઉત્સાહનો પણ પાર નહોતો. એ દિલાવર દિલના આત્માએ પોતાના દિલનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં હતાં. ભાટીયા મહાજન વાડીમાં ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચાહપાણી, ખાવાપીવા વિગેરેનો ઉત્તમ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. સ્વાગતમાં કે શકિતમાં નલીયાનું નાક ન કપાય એ વૃત્તિ દરેક યુવકને સહજ ઉત્પન્ન થઇ હતી. રમવાના મેદાનને ધ્વજાપતાકાઓથી

શણુગારવામાં આવ્યું હતું. ગામના અગ્રેસરો માટે બેઠકની ગોઠવણુ કરવામાં આવી હતી.

બપોરના ત્રણુ વાગતાં રમત માટે બન્ને ટુકડીઓ મેદાને પડી. રમતમાં પક્ષપાત ન થાય તે માટે પુખ્ત વયના બે તટસ્થ ગૃહસ્થોને પંચ તરીકે નીમવામાં આવ્યા. શરૂઆતમાં નલીયાનો દાવ કંઇક નરમ જણાયો. ગામના લોકોમાં કંઇક નિરાશાનો ભાવ ફેલાયો. દામજીભાઇની વારી આવતાં બૅટ લઇ તેઓ મેદાને પડયા. જોતજોતામાં તેમણે આખી બાજી સુધારી નાખી. ગામના લોકોમાં ઉત્સાહ ફેલાયો. બન્નેના દાવ પુરા થતાં નલીયાની જીત જાહેર થઇ. કોઠારાની કલબે નલીયાની કલબને કોઠારા આવવાનું આમંત્રણ આપ્યું. સૌ આનંદથી વિદાય થયા.

તે દિવસથી કલબના સભ્યોમાં વધારો થવા લાગ્યો. યુવાનોમાં ઉત્સાહ ફેલાવા લાગ્યો. માણેક ફાનોસની જગ્યામાં શા કરમસિંહ ચાંપસી ફ્રી લાઇબ્રેરી ખોલવામાં આવી. માસ્તર કાનજી કરમસિંહ તરફથી પુસ્તકો પુરા પાડવામાં આવ્યા. દેવજીભાઇએ પણ કેટલાંક પુસ્તકો આપ્યા. શેઠ કાનજી મણશી તરફથી પણ સારી મદદ મળી. લાઇબ્રેરીનો સૌ સારો લાભ લેવા લાગ્યા. દિવસના ત્યાં વાંચન અને નિર્દોષ રમતો ખેલાતી. સાંજના ક્રિકેટ અને ફુટ બોલની રમતો ચાલતી અને રાતના સંગીતરસનું પાન સૌ કરતા. પાસુ ત્રીકમજી મૃદંગ વગાડતા અને મારા જેવાઓને સંગીત શીખવતા. સૌના દિવસો આનંદમાં પસાર થતા. આ બધું દામજીભાઇની વ્યવસ્થાશક્તિને આભારી હતું. સૌ તેમની અંતઃકરણથી પ્રસંશા કરતા. મંત્રી તરીકે તેમણે જે સુંદર સેવા બજાવી તેથી સૌના દિલમાં તેમને માટે ભારે માન ઉત્પન્ન થયું હતું. સૌ એમ કહેતું કે ભવિષ્યમાં દામજીભાઇ નલીયાનું નાક રાખશે. આ ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડી, એ તો

દામજીભાઇના જીવનના નાના મોટા પ્રસંગોથી પરિચિત સૌ કોઇ જાણે છે.

આવા નરવીરનો જન્મ કયારે થયો ? કયા કુટુંબમાં થયો ? તેમણે કયાં વિદ્યાભ્યાસ કર્યો ? એ સઘળી હકિકત વિના તેમની જીવનકથા અધુરી ગણાય; એટલે તેનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય.

બાલ્યાવસ્થા

' ધ્રભઇ સે જુકો ઉગોંધે ચસકે ' એ કચ્છી કહેવતની સાર્થકતા કચ્છ–નલીયામાં જન્મેલા એક કચ્છી બાળકે કેવી રીતે કરી ? એ કથા કચ્છીઓને રસદાયક થઇ પડશે.

કચ્છમાં અબડાસા પરગણું પ્રસિદ્ધ છે. તેમાં પણ નલીયા શહેર એથી પણ વિશેષ પ્રખ્યાત છે. આખા કચ્છમાં નલીયા જેવી બજાર કોઇ પણ ગામમાં નથી, એ દરેક કચ્છી સારી રીતે જાણે છે. આ શહેરમાં અઢારે વર્ણની વસ્તી છે, પરંતુ તેમાં કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ મહાજન તરીકે પ્રતિષ્ઠિત ગણાય છે. નલીયામાં કચ્છી દશા ઓશવાળના ત્રણસો ઘરો છે. તેમાં શેઠ નરશી નાથાનું ઘર આખી જ્ઞાતિમાં શેઠ તરીકે પૂજનીય મનાય છે. છેડા ફળીયું, પીરા ફળીયું, મોતા ફળીયું, નાગડા ફળીયું, ખોના ફળીયું અને ધર્મશાળા ફળીયું એમ ભિન્ન ભિન્ન નામથી શેરીઓ ઓળખાય છે. તેમાં દશા ઓશવાળો જ વસે છે. પ્રત્યેક ફળીયાનો મૂખ્ય માણસ ચોધરીયો ગણાય છે અને તે ફળીયાના ટંટાફીસાદ પતાવે છે. નાગડા ફળીયાના ચોધરીયા તરીકે શા જેઠા દેરાનું નામ જાણીતું છે. એ વીર નરને ત્યાં પ્રભાવિક આત્માનો જન્મ સંવત્ ૧૯૩૪ના ભાદરવા વદ ૨ ને રવિવારે થયો. પુત્રપ્રાપ્તિથી કોને હર્ષ ન થાય ? જેઠાભાઇ અને તેમનાં પત્ની હીરબાઇને મન એ માંગળિક દિવસ હતો. જેઠાભાઇ અને હીરબાઇના શરીરના બાંધા બહુજ સરસ અને સુદૃઢ હોઇને

બાળક પણ શરીરે એવોજ સુંદર અને સુદૃઢ દેખાવનો હતો. એ બાળકનું નામ દામજી રાખવામાં આવ્યું

દામજીભાઇની વય ૭ સાત વર્ષની થતાં તેમને ગોકળદાસ તેજપાળ સ્કૂલમાં ભણવા મૂકવામાં આવ્યો. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી પરખાય' એ કહેવત મુજબ નાનપણથી જ એ બાળકની બુદ્ધિ અને ચાતુર્ય છુપાં ન રહ્યાં. તેના અભ્યાસથી શિક્ષકો મુગ્ધ થઈ ગયા. ગુજરાતી પાંચ ચોપડીનો અભ્યાસ પુરો થતાં તેમને મુંબઇ મોકલવામાં આવ્યા. માત્ર બાર મહિનામાં હિસાબ, નામું વિગેરે શીખી લઇ તેઓ શેઠ દામજી હીરજીની પેઢીમાં વ્યાપારનો અનુભવ લેવા રહ્યા.

સંવત્ ૧૯૪૬ની સાલમાં કચ્છ નલીયાના રહીશ શા વીરમ લખમશી જાડાની સુપુત્રી લક્ષ્મીબાઇ સાથે દામજીભાઇના લગ્ન થયા. એ વખતે દામજીની ઉંમર જો કે બાર વર્ષની હતી. પરંતુ શરીરનો બાંધો એવો સુદૃઢ હતો કે જોનારને તેઓ પંદર વર્ષના લાગે.

ત્યારપછી બે વર્ષે એટલે કે સંવત્ ૧૯૪૮ની સાલમાં શા વીરજી રતનશી લોડાયાનાં માતુશ્રીએ દામજીભાઇને દત્તક લીધા. વીરજીભાઇ પડાવાનો ધંધો કરતા હતા. બીજેજ વર્ષે માત્ર પંદર વર્ષની કુમળી વયે દામજીભાઇએ પડાવાનો ધંધો સંભાળી લીધો. આટલી નાની વયમાં પણ તેમણે ધધાની લગામ હાથમાં લઇને એટલી કુશળતા અને બહાદુરીથી એ ધંધો ચલાવ્યો કે જ્યારે બે વર્ષ પછી તેઓ હવાફેર માટે નલીયે આવ્યા ત્યારે તેમની વયના અન્ય યુવકો તેમની બુદ્ધિ, કાર્યકુશળતા, ઉત્સાહ, સાહસ, હિમ્મત વિગેરે તેમના સદ્‌ગુણોથી આકર્ષાઇ, પુષ્પની આસપાસ જેમ મધુકરો ગુંજારવ કરે તેમ દામજીભાઇની આસપાસ વિંટળાઇ વળતા.

આવા એક તેજસ્વી યુવાનના વડીલોની પણ થોડીક પીછાણ અસ્થાને નહિ લેખાય.

દેરા કરમણનાં પાંચ સંતાનો પૈકી ચાર પુત્રીઓ અને એક પુત્ર હતો. તેઓનાં નામ અનુક્રમે જેવુબાઇ, મુરબાઇ, જેઠાભાઇ, સોનબાઇ અને દેવુબાઇ હતાં. જેવુબાઇને કાંઇ સંતાન નહોતું. મુરબાઇને એક પુત્ર અને એક પુત્રી હતાં. જેઠાભાઇને પાંચ પુત્રો અને ચાર પુત્રીઓ થઇ. જેમના નામો દામજી, નાગસી, રામજી, વાલજી, પાસુ, વાલબાઇ, રતનબાઇ, જેતબાઇ અને પુરબાઇ રાખવામાં આવ્યાં. વાલબાઈના લગ્ન સુજાપુરમાં, રતનબાઇના નલીયામાં, જેતબાઇના સુથરીમાં અને પુરબાઇના મંજલમાં સારા કુટુંબોમાં કરવામાં આવ્યા. એજ પ્રમાણે પાંચે પુત્રોના પણ પ્રતિષ્ઠિત કુટુંબોમાં લગ્ન કરવામાં આવ્યા હતા. હાલમાં પાંચ પુત્રો પૈકી ચાર સ્વર્ગવાસ પામ્યા છે, માત્ર રામજીભાઇ જ પિતાને આશ્વાસન આપી રહ્યા છે.

જેઠાભાઇની બે બ્હેનો સોનબાઇ અને દેવુબાઇના પરિચયમાં હું આવ્યો નથી તેથી તેમને વિષે મને કાંઇ માહિતી નથી.

જેઠાભાઇને પાંચ પુત્રો હોવાથી તેમાંના સૌથી મોટા દામજીભાઇને વીરજીભાઇને ત્યાં દત્તક દેવામાં આવ્યા હતા એ હું ઉપર જણાવી ગયો છું. બાળપણથી જ તેમની સાથે મને મૈત્રી બંધાઇ હતી અને તેમના અવસાન સુધી મારો એ સંબંધ કાયમ રહ્યો હતો. તેથી તેમના જીવનનાં સસ્મરણો આપવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. તેમના લઘુ બંધુ રામજીભાઈના નિકટ પરિચયમાં તો હું છેલ્લા એક વર્ષથી જ આવ્યો છું એટલે એમને વિષે અન્યત્ર ઉલ્લેખ કરવાનું રાખી દામજીભાઈના જીવનના સંસ્મરણો આગળ ચલાવીશ.

યુવાવસ્થા

પાંચ વર્ષ સુધી પડાવાના ધંધાનો જાતિઅનુભવ મેળવી સંવત્ ૧૯૫૫માં દામજીભાઇએ મુંબઇમાં શા દેવજી વરસંગ સાથે ભાગીદારીમાં મુકાદમીનો ધંધો શરૂ કર્યો. એ વખતે એમની ઉમ્મર જો કે માત્ર એકવીસ વર્ષની હતી, છતાં જેમ ' સૂર્ય છાબડે ઢાંકયો

છૂપો ન રહે ' તેમ દામજીભાઈની શક્તિઓ પ્રકાશ્યા વિના ન રહી. એક બાજુ તેઓ ધંધામાં સફળતા મેળવતા ગયા અને બીજી બાજુ તેમની જાહેરસેવા કરવાની ભાવના સતેજ થતી ગઈ.

સંવત્ ૧૯૫૭ની સાલમાં તેમણે મુંબઈમાં શ્રી કચ્છી દશા ઓશવાળ મિત્રમંડળની સ્થાપના કરી અને પોતે મંત્રી તરીકે સંસ્થાનું કામકાજ ચલાવવા માંડયું. વળી તેમણે મિત્રમંડળ દ્વારા કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના યુવકોમાં જાગૃતિ આણી. જ્ઞાતિની સુધારણા અર્થે મહાજન સાથે પત્રવહેવાર કરવા માંડયો. પંડિતો અને વિદ્વાનોના વ્યાખ્યાનો કરાવી પ્રજામાં પણ જાગૃતિ આણવા લાગ્યા. એ વિદ્વાનો પૈકી કચ્છ કોડાયાવાળા પંડિત રવજીભાઈ દેવરાજનો મને સારો પરિચય થયો હતો. તેઓ સંસ્કૃત ભાષાના સારા જાણકાર હતા અને જૈન શાસ્ત્રોનો તેમનો અભ્યાસ ઉંડો હતો. પોતાના વતનમાં તેમણે બાળકોને સસ્કૃત શીખવવાનું શરૂ કર્યું અને બાળકો માર્ગોપદેશિકાના અભ્યાસ પછી અટકી ન જાય તે માટે સિદ્ધાંતકૌમુદિ જેવા ગ્રંથમાંથી તારવણી કરી નોંધો બનાવી હતી. વિદ્યાર્થીઓ એ નોંધો ઉતારી લઈ પોતાનો સંસ્કૃત અભ્યાસ સરળતાથી આગળ ચલાવી શકતા. મારો સંસ્કૃતનો અભ્યાસ એ નોંધોને આભારી છે. પંડિત રવજીભાઈનું પ્રાકૃત અને માગધી ભાષાનું જ્ઞાન પણ સારૂં હતું. હું પાલીતાણામાં જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગનો મંત્રી હતો ત્યારે ધર્મ રત્ન પ્રકરણ નામના પ્રાકૃત ભાષાના દશ હજાર શ્લોકના ગ્રંથનું ગુજરાતી ભાષાંતર તેમજ ઉપદેશપદ જેવા કઠીન ગ્રંથનું ભાષાંતર પણ મને તેમણે કરી આપ્યું હતું. તેઓ વિદ્વાન અને ઉંડા અભ્યાસી હતા, પરંતુ વક્તા ન હોવાથી બહુ જાહેરમાં આવી શકયા નહોતા.

દામજીભાઈએ મિત્રમંડળના મંત્રી તરીકે ત્રણ વર્ષ સુધી કામ કર્યું, પરંતુ જ્ઞાતિજનો કે યુવાનોમાં કશો પણ ઉત્સાહ ન જણાતાં તેમણે થોડો સમય જાહેરજીવનમાંથી નિવૃત્ત થવાનો નિર્ણય કર્યો;

કેમકે ન તો જાહેર પ્રવૃત્તિઓની સાર્થકતા થતી હતી કે ન તો તેને લીધે ધંધામાં પુરૂં ચિત્ત અપાતું હતું. આથી તેમણે તુરત માટે ધંધામાં ચિત્ત પરોવવાનો નિશ્ચય કર્યો અને સંવત્ ૧૯૬૦માં કોઠારા વાળા ભાઇ અસાહીયા ખીયશી અને ચત્રભોજ ખીયશીની ભાગીદારીમાં દામજી અસાહીયાના નામથી મુકાદમીનો ધંધો શરૂ કર્યો.

પરંતુ આવું એકમાર્ગી જીવન દામજીભાઈ માટે સર્જાયું જ નહોતું. બીજે જ વર્ષે એટલે કે સંવત્ ૧૯૬૧માં એક એવો પ્રસંગ ઉપસ્થિત થયો કે દામજીભાઇએ જાહેરજીવનમાં ભાગ નહિ લેવાનો નિર્ણય કર્યો હોવા છતાં મહાજનની હિલચાલમાં ભાગ લીધા વિના તેમનો છુટકો જ નહોતો. આ પ્રસંગ મહત્વનો અને જ્ઞાતિનો હોઇને જ્ઞાતિની થોડી હકિકત આપવી જરૂરી થઇ પડશે.

સંવત્ ૬૦૦ માં મારવાડમાં ઓશીયા ગામના રાજકુંવર અને પ્રધાનપુત્રને સર્પદંશ થતાં **રત્નશેખર** નામના જૈન મુનિએ તેમને સજીવન કર્યા. આથી ઓશીયા ગામના રાજા, પ્રધાન અને પ્રજાએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો, ત્યારથી એ સૌ ઓશીયા ગામ ઉપરથી ઓશવાળ તરીકે ઓળખાયા. ત્યાર પછી ૩૦૦ વર્ષ પછી સંવત્ ૯૦૦ માં તકરાર થવાથી ઓશવાળો મારવાડમાંથી થરપારકરમાં આવ્યા. સંવત્ ૧૩૩૨ માં ત્યાં પણ કલેશ ઉપસ્થિત થતાં તેઓ ત્યાંથી નીકળી સિંધમાં આવી વસ્યા. ત્યાં પણ સંવત્ ૧૬૦૦ માં ઝગડો થવાથી તેઓ છેવટે કચ્છમાં આવી વસ્યા. સંવત્ ૧૬૬૫ માં શ્રી અચળ ગચ્છાધિપતિ શ્રી કલ્યાણસાગર મહારાજના ઉપદેશથી તેઓએ અચળગચ્છનો સ્વીકાર કર્યો.

સંવત્ ૧૯૦૦ માં કેટલાક ઓશવાળોએ પુનર્લગ્ન કરીને કચ્છના કંઠી પ્રદેશનો ત્યાગ કરી અબડાસામાં નિવાસ કર્યો. ત્યારથી તેઓ વીસા મટી દશા ઓશવાળ કહેવાયા.

કચ્છમાંથી મુંબઇમાં આવવાની સૌ પ્રથમ પહેલ કરનાર કચ્છ તેરા નિવાસી ભાઇ જેતસી જીવરાજ હતા. તેઓ સંવત્ ૧૮૪૦ માં મુંબઇ આવી જાતમહેનત કરી નિર્વાહ ચલાવતા હતા. ત્યાર પછી ૧૮૬૦ માં કચ્છ નલીયા નિવાસી શા. નરશી નાથા મુંબઇ આવ્યા અને તે પછી અનેક કચ્છી ભાઇઓ મુંબઇમાં આવીને ધંધો કરવા લાગ્યા.

સંવત્ ૧૮૯૭ માં મહારાવશ્રી દેશળજીની સહાયથી શેઠ નરશી નાથાએ પુનર્લગ્નનો રિવાજ બંધ કરાવ્યો અને જ્ઞાતિને કચ્છમાં તેમજ મુંબઇમાં વ્યવસ્થિત કરી.

મુંબઇમાં આવનાર કચ્છી ભાઇઓને અને બ્હેનોને શેઠ નરશી નાથા તરફથી સહાયતા મળતી તેમજ સારવાર થતી. તેથી જ્ઞાતિએ તેમને શેઠની પદવી આપી અને દેશપરદેશમાં તેમના નામથી જ્ઞાતિની કીર્તિ ફેલાઇ.

સંવત્ ૧૯૪૦ સુધી જ્ઞાતિની ઉત્તરોત્તર ચડતી થતી ગઇ; પરંતુ પાછળથી પરસ્પર ઝગડાઓ થયા, પક્ષો પડયા, કોર્ટે ચડયા અને જ્ઞાતિની પડતી થઇ. રાજગોર બ્રાહ્મણોનો ઝગડો લગભગ બાર વર્ષ ચાલ્યો. તેથી લાખો રૂપીઆ કોર્ટો પાછળ અને લાખો રૂપીઆ જમણવારો પાછળ બરબાદ થયા અને તે ઉપરાંત પરસ્પર અંગત વૈમનસ્ય થયું તે વધારે.

સંવત્ ૧૯૫૯ માં એ ઝગડાનો અંત આવ્યો કે થોડા વખત પછી કચ્છનલીયા નિવાસી શા. વેલજી પસાઇયા અને શા ખીંયશી દેવરાજના સંબંધમાં ૧૯૬૧ માં ઝગડો જાગ્યો. એ ઝગડાનું કારણ એ હતું કે મુંબઇમાં બ્રાહ્મણોને કારણે જ્ઞાતિમાં બે પક્ષ પડયા હતા. તેમાંની એક પાર્ટી પરંપરાને નામે અને બીજી નવીન તરાને નામે ઓળખાતી હતી. પરંપરા પક્ષના અગ્રેસર સર વસનજી ત્રીકમજી જે. પી. હતા અને નવીન તરાના આગેવાન શેઠ નરસી કેશવજી નાયક હતા. કચ્છના પટેલો વસનજી શેઠના પક્ષમાં હતા. મુંબઇમાં સમાધાન થયું

ત્યારે એવું ઠરાવવામાં આવ્યું કે જુનાં વેર વિસરી જવાં. પરંતુ બે વર્ષ પછી એ વેર તાજાં થયાં.

સંવત્ ૧૯૬૧માં શેઠ નરશી કેશવજીના પુત્ર જેઠાભાઇએ એકાએક વેલજી પસાઇયા અને ખીંયશી દેવરાજને જ્ઞાતિબહાર મૂકી દીધા. આથી વસનજી શેઠને માઠું લાગ્યું; કેમકે બ્રાહ્મણોના ઝગડા વખતે પટેલો તેમની પડખે ઉભા રહ્યા હતા અને વળી વેલજી પસાઇયા તો તેમના સસરા થાય અને દામજી વીરજીના તેઓ સગા માસા થાય, એટલે દામજીભાઇને પણ તે ઝગડામાં ઝુકાવવું પડયું. સંવત્ ૧૯૫૯માં પાલીતાણામાં મારા મિત્રોની સહાયથી મેં જૈન બોર્ડિંગની સ્થાપના કરી હતી તેમાં વસનજી શેઠે રૂપીયા પચાસ હજારની મદદ કરી હતી. એટલે હું અને મારા મિત્રો પણ તેમના પક્ષમાં ભળ્યા. સામા પક્ષે અમારી વિરૂદ્ધ હેન્ડબીલો કાઢયાં અને તેમાં અમને ભગતમંડળ તરીકે ઓળખાવવામાં આવ્યા. અમારા પક્ષ તરફથી પણ પણ હેન્ડબીલો નીકળ્યા હતા અને તેમાં સામા પક્ષના ભણેલા ભાઇઓને **માસ્તરમંડળ** તરીકે ઓળખાવવામાં આવ્યા હતા. ઝગડો ખૂબ જોરમાં ચાલ્યો. એ પ્રસંગે દામજીભાઇએ જે બહાદુરી દેખાડી છે તે તો જેઓ તે વખતની સભાઓ અને જમણવારોમાં હાજર હશે તેઓ જાણી શકયા હશે. બન્ને પક્ષો કોર્ટે ચડયા. લાખો રૂપીયાનું પાણી થયું. અંતે વસનજી શેઠના પક્ષની જીત થઇ અને સંવત્ ૧૯૬૭માં બન્ને પક્ષો વચ્ચે સમાધાની થઇ.

તે પછી દામજીભાઇ નલીયાની પાંજરાપોળના વ્યવસ્થાપક થયા તેમજ મુંબઈની દશા ઓશવાળ જૈન પાઠશાળા, બોર્ડિંગ અને મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે ચુંટાયા. સંવત્ ૧૯૬૯ માં શેઠ નરશી નાથા ચેરીટી ફંડના તેઓ ટ્રસ્ટી થયા. એજ સાલમાં તેમનાં પ્રથમ પત્ની લક્ષ્મીબાઇનું અવસાન થવાથી બાએટવાળા શા. કેશવજી લધાની સુપુત્રી હીરબાઇ સાથે તેમના બીજી

પારના લગ્ન થયા. તેમનાં પ્રથમ પત્ની લક્ષ્મીબાઇને ૧૯૫૩ માં એક પુત્ર થયો હતો; પરંતુ દૈવ ઇચ્છાએ તે થોડા સમયમાં જ સ્વર્ગવાસી થયો હતો. લક્ષ્મીબાઇ સાક્ષાત લક્ષ્મી જ હતી. એ સુશીલ બાઇની ધર્મ ઉપર સારી આસ્થા હતી. દામજીભાઇની દરેક પ્રવૃત્તિમાં તેમણે સહાયતા આપી હતી. દામજીભાઇનાં બીજા પત્ની હીરબાઇ પણ સ્વભાવે શાંત, સુશીલ અને સુજ્ઞ હોવાથી દામજીભાઇનો ગૃહસંસાર ખૂબ સુખી હતો. હીરબાઇને સંવત ૧૯૭૧ માં પુત્ર થયો હતો પરંતુ તે પણ થોડા કાળમાં સ્વર્ગવાસી થયો હતો.

દામજીભાઇએ સંવત્ ૧૯૬૦થી ૧૯૭૫ સુધી ધંધો ચલાવી દ્રવ્ય તેમજ પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાં હતા. સં. ૧૯૭૬ની સાલમાં તેમણે દામજી આસાહીયાની કંપનીમાંનો પોતાનો ભાગ પોતાના લઘુ બંધુ રામજીભાઇને સોંપીને પોતે ધંધામાંથી નિવૃત્ત થયા.

સાચો મિત્ર

'મિત્ર એસો કીજીએ,
જે ઢાલ સરીખો હોય;
સુખમાં સદા પાછળ રહે,
દુ:ખમાં આગળ હોય.'

દામજીભાઇ અને હું બાળમિત્રો હતા, એ હું પ્રારંભમાં જ કહી ગયો છું. અમારી મૈત્રી બંધાઇ ત્યારે મારી વય ૧૫ વર્ષની અને દામજીભાઇની વય ૧૭ વર્ષની હતી. દામજીભાઇએ એ મૈત્રી પોતાના જીવનની છેલ્લી ઘડી સુધી નિભાવી. અમારી બન્નેની કાર્યની દિશાઓ જુદી હતી. તેઓ વ્યાપારમાં રોકાયેલા હતા અને હું જાહેર-જીવનમાં પડયો હતો. આમ છતાં મુંબઇમાં કે કચ્છમાં જ્યારે જ્યારે અમે એકઠા મળતા ત્યારે ત્યારે દામજીભાઇ મારા પ્રત્યે અનહદ મમતા

બતાવતા એ ગારે મુક્ત કંઠે કબુલ કરવું જોઇએ. તેમની મુશ્કેલીઓમાં હું ભાગ લઇ શક્યો નહોતો, પરંતુ તેમણે મારી મુશ્કેલીઓમાં ભાગ લીધો હતો એ હું ખુલ્લા દિલથી કબુલ કરૂં છું.

જીવનસંગ્રામમાં કોનું ક્યારે કામ પડશે એ કહેવું કઠણ છે. સંવત્ ૧૯૫૯થી ૧૯૬૫ સુધી મારી જ્ઞાતિમાં મારા માટે સદ્ભાવના હતી. મારા મિત્રો મારા માટે પ્રાણ પાથરતા અને શ્રીમંતો ઉદાર હાથે મારા શુભ કાર્યોને ઉત્તેજન આપતા હતા. સંવત્ ૧૯૬૫માં મેં ગુપ્ત પ્રવાસ કર્યો અને કેળવણીપ્રચારની સાથે ભક્તિમાર્ગનો આશ્રય લીધો. ત્યારથી મેં મારી જ્ઞાતિ અને મિત્રોની સહાનુભૂતિ ગુમાવી. ૧૯૬૬ના અષાઢ માસમાં પાલીતાણામાં મેં આનંદસમાજનો મહોત્સવ કર્યો અને ત્યારથી હું મુનિવર્ગની આંખે ચડ્યો. જો કે એ દ્વેષના બીજ તો મેં ૧૯૬૪માં 'દિક્ષાકુમારીનો પ્રવાસ' નામનાં બે પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં ત્યારથી વવાઇ ગયાં હતાં, પરંતુ પ્રત્યક્ષ નિમિત્તને અભાવે એ બીજમાંથી અંકુરો ફુટ્યા નહોતા. મહોત્સવ નિમિત્તભૂત બન્યો. પંડિત લાલન અને મારા ઉપર શત્રુંજય ઉપર પૂજન કરાવવાનો આક્ષેપ મૂકી અમને બન્નેને ગુજરાત અને કાઠીયાવાડના ગામેગામના સંઘોમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યા ત્યાર પછી સંવત્ ૧૯૬૭માં મેં બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને કન્યાવિક્રયથી જ્ઞાતિની થતી પાયમાલી દેખાડનારી 'વિદ્યાચંદ્ર અને સુમતિ' નામની એક સચિત્ર નવલકથા પ્રસિદ્ધ કરી. એથી જ્ઞાતિનો મારા પ્રત્યેનો દ્વેષ વધ્યો. એ પુસ્તકમાં એક પ્રતિષ્ઠિત કુટુંબની અપકીર્તિ કરવામાં આવી છે એ બહાના હેઠળ ચર્ચા શરૂ થઇ અને વિરોધીઓએ એ તકનો લાભ લઇને મુંબઇના મહાજનને મારી વિરૂદ્ધ અરજીઓ કરી. મહાજનના મંત્રીએ તા. ૨૨-૪-૧૨ના રોજ મારા પર એક પત્ર લખ્યો અને તે સાથે પેલી અરજીઓની નકલો મોકલી. એ વખતે હું સંગ્રહણીના વ્યાધિથી પિડાતો હોવાથી ભાવનગર પાસે ઘોઘા મુકામે હવાફેર કરવા

ગયો હતો. મેં મહાજનને તા. ૩૦–૪–૧૨ના રોજ પત્ર લખ્યો અને તેમાં મારી વિરૂદ્ધ અરજી કરનારાઓએ મારા ઉપર જે જે આક્ષેપો કર્યાં હતાં તેના રદીયા આપ્યા. મારો એ પત્ર મહાજન સમક્ષ રજુ કરવામાં ન આવ્યો અને એક વર્ષ પછી મંત્રીએ મારા ઉપર પત્ર લખ્યો. તેમાં જણાવ્યું હતું કે, 'તમોએ લખેલા વિદ્યાચંદ્ર અને સુમતિ' નામના પુસ્તક વિરૂદ્ધ આવેલી અરજીઓની નકલો તમોને તા. ૨૨–૪–૧૨ના પત્ર સાથે મોકલેલી તે બાબતમાં તમારો જવાબ લખાઈ આવેલો છે. મજકુર બાબત સબ–કમીટી આગળ તા. ૨૫મી એપ્રીલ ૧૯૧૩ને દિને રજુ થવાની છે. તે તારીખે તમારે જાતે સબ–કમીટી રૂબરૂ હાજર રહેવું. હવે બીજી મુદત આપવામાં આવશે નહિ. માટે જો તમો મજકુર તારીખે હાજર નહિ રહો તો એકતરફી હકિકત ઉપરથી ફેંસલો આપવામાં આવશે, જે તમોને બંધનકર્તા થશે.'

મહાજનનો આ પત્ર પાલીતાણે આવ્યો ત્યારે હું ઘોઘે હતો. મારા લઘુ બંધુ કુંવરજીભાઇએ તા. ૧૭–૪–૧૩ને રોજ એ પત્રનો ઉત્તર મંત્રી પર લખી નાખ્યો. તેમાં તેમણે જણાવ્યું કે, 'આપનો પત્ર શિવજીભાઇ ઉપરનો મળ્યો છે. હાલમાં તેઓની તબીયત સારી નહિ હોવાથી હવાફેર કરવા બહારગામ ગયા છે, અને દરેક મિત્રને તથા સ્નેહીને પત્ર વગેરેનો વ્યવહાર ન રાખવાનું સૂચવતા ગયા છે. ઘરના બધા માણસોને પણ ડોકટર વિગેરેએ એવી સલાહ આપી છે કે તેઓની લાગણીઓ ઉપર અસર કરે તેવી કોઇ વાતચીતથી તેમને દૂર જ રાખવા.' વિગેરે.

મહાજનનો પત્ર કુંવરજીભાઇએ મારા પર મોકલી આપ્યો. હું બિમાર હતો. એ પત્રની મારા ઉપર બહુજ ભયંકર અસર થઇ. મેં તે જ દિવસે મારા હસ્તક ચાલતી તમામ સંસ્થાઓમાંથી રાજીનામું આપી દીધું અને હું છુટો થઇ ગયો. તા. ૨૩–૫–૧૩ને રોજ મેં મહાજનના

મંત્રીને પત્ર લખ્યો. તેમાં મેં મારી નાદુરસ્ત તબીયતના ખબર આપ્યા અને જ્ઞાતિમાંથી મારૂં નામ કમી કરવાનું રાજીનામું લખી મોકલ્યું. વિરોધીઓને તો એટલું જ જોઇતુ હતું. જ્ઞાતિએ મારૂં રાજીનામું મંજુર કર્યું અને મને જ્ઞાતિમાંથી બહિષ્કૃત કરવાનો ઠરાવ કર્યો. એ ઠરાવ કરતી વખતે સ્વર્ગસ્થ ભાઈ વેલજી આણંદજી વિરૂદ્ધ પડયા, પરંતુ તેમનું કોઇએ માન્યું નહિ અને મારી સાથે ટાંડા પાણીનો વ્યવહાર નહિ કરવા લેખિત કરાવ કર્યો અને તે બાબત સાદ ફેરવ્યો. એ ઠરાવ કરતી વખતે બહુ જ ઉતાવળ કરવામાં આવી હતી, એ વાત કબુલ કરતાં સ્વ. વેલજી આણંદજી કચ્છી દશા ઓશવાળ પ્રકાશ–પુસ્તક ત્રીજામાં **પડતીના પ્રવાહમાં** એ નામનો લેખ લખતાં ૨૫મા પૃષ્ટમાં લખે છે કે, ' મારૂં તો એવું માનવું છે કે શિવજીભાઇને જ્ઞાતિબહાર મૂકતી વખતે જે ન્યાયના સિદ્ધાંતો પળાવા જોઇએ તે પળાયા નહોતા, એટલું જ નહિ પણ ઠરાવ પૂર અમલમાં ન આવે એવા સંયોગો ઉપસ્થિત થયા, જે તરફ ઉતાવળમાં સહજ પણ લક્ષ ખેંચાયું ન હતું.'

સ્વ. વેલજીભાઈના જેવી જ માન્યતા અનેક સજ્જનોની હતી અને તેથી તેમણે એ ઠરાવને જોઇએ તેટલું વજન આપ્યું ન હતું, પરંતુ એક વાત બગડયા પછી તે સુધારવી બહુ જ મુશ્કેલ હોય છે.

સંવત્ ૧૯૬૫થી મને સંગ્રહણીનો વ્યાધિ લાગુ પડયો હતો તે દિનપ્રતિદિન વધતો ગયો. મેં અનેક ઉપચારો કર્યા અને અંતે સાત વર્ષે એ વ્યાધિ નરમ પડયો. એટલામાં હોમરૂલની હાકલ પડી અને હું મુંબઇની હોમરૂલ લીગમાં જોડાઇને ગુજરાતને ગામડે ગામડે સ્વરાજ્યનો સંદેશો સંભળાવવા લાગ્યો, ત્યાં ખેડામાં સત્યાગ્રહ શરૂ થયો અને મેં તેમાં ઝુકાવ્યું. છેલ્લે ગાંધીજીએ અસહકાર જાહેર કર્યો અને તેમાં પણ મેં મારાથી બનતો ફાળો આપ્યો. એ પછી સંવત્ ૧૯૭૮ માં

મારા પર કૌટુંબિક આફત આવી. એ વર્ષના ચૈત્ર માસમાં મારા લઘુ બંધુ કુંવરજીભાઇ સ્વર્ગવાસ પામ્યા. તેમની હયાતિ દરમિયાન કુટુંબની સઘળી જવાબદારી તેમને માથે હતી. હું તે વિષે તદ્દન નિશ્ચિંત હતો. પરંતુ તેમના જવાથી કુટુંબની સઘળી જવાબદારી મારા પર આવી પડી. તેમણે મારા બે પુત્રો સુધાકર અને સુમતિચંદ્રના વેવિશાળ કરેલા હતા અને સંવત્ ૧૯૭૮ ના વૈશાખમાં લગ્ન કરવાના હતા. પરંતુ તે પહેલાં તો તેઓ સ્વર્ગવાસ પામ્યા. મને ભય હતો કે મારા પુત્રોના લગ્ન પ્રસંગે વિરોધીઓ મને જરૂર પજવશે. આથી હું મારા મિત્રો પૈકી ભાઇ હીરજી કાનજી, ભાઇ કુંવરજી રાજપાલ, કોઠારાવાળા ભાઇ કુંવરજી કેશવજી, નલીયાવાળા ભાઈ દેવશી ભાણજી, ભાઇ પદમશી રાયમલ, ભાઇ શિવજી લધા, શેઠ જેઠાભાઇ નરશી, રા. રા. લખમશી હીરજી મૈશરી, રા. રા. દેવજીભાઇ રાયશી ઝવેરી અને માસ્તર કાનજી કરમશીને મળ્યો. તેઓએ સૌએ મને આશ્વાસન આપ્યું. છેવટે હું દામજીભાઇને પણ મળ્યો. તેમણે મને વચન આપ્યું કે 'એ લગ્નોમાં હું પુરેપુરી હાજરી આપીશ અને ગમે તેવાં વાદળાં આવશે તે વિખેરી નાખીશ.'

મારી શંકા અસ્થાને નહોતી. લગ્ન પહેલાં મહાજનની મીટીંગ મળી. વિરોધીઓએ મારા પુત્રોના લગ્નનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો. મિત્રો તેની વિરૂદ્ધ પડયા. દામજીભાઇ એ મીટીંગના પ્રમુખ હતા. તેમણે એ વાત દૂર ધકેલી એટલું જ નહિ પણ લગ્નોમાં પોતે આપેલા વચન પ્રમાણે હાજરી આપી અને લગ્નપ્રસંગે જે જે મુશ્કેલીઓ આવી તે બધી બહાદુરીથી દૂર કરી. લગ્ન પાર પાડીને જ્યારે તેમણે મને ભાવનગર તારથી ખબર આપ્યા કે તમારા બન્ને પુત્રોના લગ્નો નિર્વિઘ્ને પાર પડયા છે ત્યારે એ તાર વાંચીને દામજીભાઈ પ્રત્યે મારી જે આભારની લાગણી ઉદ્ભવી હતી તે દર્શાવવાને મારી પાસે શબ્દો નથી. તેમના પ્રત્યેના મારા પૂજ્યભાવની વાંચકો જ કલ્પના

કરી લેશે. મારે એ પણ કબુલ કરવું જોઇએ કે એ પ્રસંગે મને વચન આપનારા સઘળા મિત્રોએ સહાય કરી હતી. શેઠ જેઠાભાઈ નરશી, સ્વ. ભાઇ લખમશી હીરજી મૈશરી, ભાઇ દેવજી રાયશી ઝવેરી, ભાઇ કુંવરજી કેશવજી, ભાઇ દેવશી ભાણુજી, સ્વ. ભાઇ પદમશી રાયમલ, સ્વ. ભાઈ શિવજી લધા, ભાઇ ખીમજી ખીંયશી પટેલ, સ્વ. ભાઇ ઉમરશી ખીંયશી, માસ્તર કાનજી કરમશી, સ્વ. ભાઇ કુંવરજી રાજપાર, ભાઇ હીરજી કાનજી વગેરે સન્મિત્રોએ મારા પુત્રોને પોતાના ગણી લગ્નમાં ભાગ લીધો હતો. ભાઇ હીરજીભાઇ કાનજીને તો મારા ઉપર જે ઉપકાર થયો છે તે હું ભૂલી શકું તેમ નથી, પરંતુ તેનું વિવેચન કરવાનું આ સ્થાન ન હોવાથી તે વિષે લંબાણુ નથી કરતો. પ્રસ્તુત વિષય દામજીભાઇના જીવનનાં સંસ્મરણો લખવાનો હોઇને, તેમ કરતાં કોઈને અન્યાય ન થઇ જાય તેટલા માટે ઉપરોક્ત નામોનો મેં ઉલ્લેખ માત્ર કર્યો છે.

જાહેરસેવા

'ગુણીગણુ ગણુનારંભે
 ન પતતિ કઠિની સુસંભ્રમાત્યસ્ય;
તેનાંબા યદિ સુતિની,
 વદ વંધ્યા કિદૃશી ભવતિ ।'

સંવત્ ૧૯૭૬થી દામજીભાઇ ધંધામાંથી તદ્દન નિવૃત્ત થયા અને જાહેરસેવામાં પ્રવૃત્ત થયા એ હું આગળ કહી ગયો છું.

એવા તો હજારો માનવીઓ છે કે જેઓ મરતાં સુધી પૈસાના ગુલામ થઇને તેની પાછળ જીવન વેડફી નાખે છે અને જીવનની છેલ્લી ઘડી સુધી કેવળ ધંધામાં જ મશગુલ રહીને દુર્લભ માનવજન્મ નાશવંત વિત્તની પ્રાપ્તિ પાછળ ગુમાવે છે. પરંતુ એજ વિરલ આત્મા છે કે જે વ્યવહાર ચલાવવા પુરતું દ્રવ્ય પ્રાપ્ત થતાં તેમાંથી તદ્દન નિવૃત્ત થઇ પરમાર્થી કાર્યમાં જીવન ગુજારે છે. દામજીભાઇ

એવા વિરલ આત્મા હતા, કેમકે તેમણે પરમાર્થની પાછળ ભેખ લીધો હતો.

સંવત્ ૧૯૭૮માં તેઓએ નલીયાના શા લાડણ ખીમજી ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટી થવાનું અને ફંડની સુવ્યવસ્થા કરવાનું માથે લીધું. તે સાથે તેઓ શેઠ નરશી નાથા ચેરીટી ફંડના ટ્રસ્ટી તરીકેની પણ ફરજ અદા કરવા લાગ્યા. પાલીતાણાની શેઠ નરશી નાથાની ધર્મશાળા જીર્ણાવસ્થામાં હતી. તેનું બાંધકામ કરવાનો ટ્રસ્ટીઓએ નિર્ણય કર્યો અને ભાઇ હીરજી કાનજી અને ભાઈ દામજીભાઇએ પોતાની જાતિ દેખરેખ નીચે બાંધકામ શરૂ કર્યું. રૂ. ૪૫૦૦૦ ખર્ચીને એ ધર્મ-શાળા સુંદર બનાવી. તે સાથે તેઓ મુંબઇની જૈન બોર્ડિંગના મંત્રી તરીકે પણ પોતાથી બનતું કરવા લાગ્યા.

સંવત્ ૧૯૬૫ની સાલમાં હાલાર પ્રાંતમાં ગામડે ગામડે ફરીને મેં વીસ નિરાધાર બાળકો એકઠા કર્યા અને તેમને જામનગર રસ્તે કચ્છ માંડવી લઇ ગયો. ત્યાં કાંઠા ઉપરની શેઠ નરશી નાથાની ધર્મ-શાળામાં એ બાળકોને રાખીને હું કોડાય ગયો અને ત્યાંના સદાગમ પ્રવૃત્તિ ખાતામાંથી સારી મદદ મેળવી, માંડવી ખાતે કચ્છી જૈન બાળાશ્રમની સ્થાપના કરી. એ સંસ્થાને ખરો ટેકો હુબલીવાળા ભાઈ માણેકજી પીતામ્બરનો હતો. એ ભાઇની પ્રેરણાથી જ એ મહાન કાર્યનો બોજો હું ઉપાડી શકયો હતો. આઠ મહિના સુધી કાંઠા ઉપરની આવકમાંથી આશ્રમ નભતું અને ચોમાસાના ચાર મહિના બાળકોને બીજે ગામ લઇ જવામાં આવતા. એ પ્રમાણે લાયજા, સુથરી, કોઠારા અને નલીયા બાળકોને લઈ જવામાં આવ્યા હતા. તમામ ખર્ચ ત્યાંના શ્રીમંતો આપતા. છેવટે સંસ્થા કાયમ માટે નલીયામાં રાખવામાં આવી. સંવત ૧૯૬૮ સુધી તેની વ્યવસ્થા પાલીતાણાના જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગના મંત્રી તરીકે હું કરતો હતો, પરંતુ પાલીતાણામાં જળપ્રલય થતાં, બાળાશ્રમની વ્યવસ્થા માટે એક વ્યવસ્થાપક સમિતિ નીમવામાં આવી અને તેને હસ્તક તેનો

સઘળો વહીવટ સુપ્રત કરવામાં આવ્યો. મારી માંદગીને કારણે હું મારા હસ્તકની પ્રત્યેક સંસ્થામાંથી રાજીનામું આપી અલગ થઇ ગયો હતો. બાળાશ્રમને સારી મદદની જરૂર હતી. દામજીભાઇએ એ વાત ધ્યાનમાં લીધી અને શેઠ નરશી નાથા ચેરીટી ફંડમાંથી માસિક રૂ ૫૦૦ આપવા નિશ્ચય કર્યો. આ સંસ્થા સાથે શેઠ નરશી નાથાનું નામ જોડવામાં આવ્યું.

સંવત્ ૧૯૭૯માં બાળાશ્રમ અને કન્યાશાળાનો મહોત્સવ કરવાનો સમિતિએ વિચાર કર્યો અને ગામોગામ આમંત્રણો મોકલવામાં આવ્યાં. વીરમગામ સ્ટેશને દામજીભાઇનો મને ભેટો થયો. તેમણે મને મહોત્સવની વાત કરી અને તે પ્રસંગે આવવા આગ્રહ કર્યો. મેં તેમની માગણી સ્વીકારી. તે પછી તો તેમણે મને આમંત્રણપત્રિકા પણ મોકલી. મુંબઇથી બાળાશ્રમના વ્યવસ્થાપકો ભાઇ રાયમલ હીરજી, ભાઇ માણેકજી પીતામ્બર અને ભાઇ હીરજી કાનજી સાથે સ્ટીમર રસ્તે હું નલીયે ગયો. તે પહેલાં દામજીભાઇએ વારાપધરના શ્રીમાન શેઠ ભવાનજી કાનજીને પ્રમુખપદ માટે લેખિત આમંત્રણ કરેલું અને તેમણે તે સ્વીકારેલું પણ ખરૂં; પરંતુ તેમને જ્યારે ખબર પડી કે હું નલીયે આવ્યો છું અને મહોત્સવમાં ભાગ લેવાનો છું ત્યારે તેમણે બાળાશ્રમની વ્યવસ્થાપક સમિતિ પર પત્ર લખીને સ્પષ્ટ જણાવ્યું કે, 'શિવજી દેવશી મહોત્સવમાં ભાગ લે અને મહાજન-વાડીમાં જમે એ મને નહિ પાલવે.' સમિતિએ તેમને ઉત્તર આપ્યો કે. 'શિવજી દેવશીને આમંત્રણ આપીને અમે તેડી આવ્યા છીએ. હવે એમાં ફેરફાર થઇ શકે તેમ નથી. કૃપા કરીને એ વાંધો આપ ન લ્યો તો સારૂં અને પ્રમુખપદને શોભાવવા મહેરબાની કરો.' જવાબમાં તેમણે જણાવ્યું કે, 'પ્રમુખ થવાની મારી ના નથી, પણ મેં જે માગણી કરી છે તે મંજુર રાખવી જ જોશે.'

આ તકરારથી સમિતિના સભ્યો મુંઝવણમાં પડયા. દામજીભાઇ પોતાના વચન પર અડગ રહ્યા, તેઓ લેશ પણ ડગ્યા નહિ. તેમણે

ભાઇ વેલજી પસાઇયાને પોતાની મુંઝવણુ જણાવી. તેમણે નલીયાના મહાજન પાસે સઘળી હકિકત રજુ કરવા ભલામણુ કરી. અંતે વેલજીભાઇની સલાહ પ્રમાણે ભવાનજી શેઠને પત્ર લખવામાં આવ્યો કે, 'તમારી માગણી નલીયાના મહાજન પાસે રજુ કરતાં મહાજને માગણી મંજુર ન કરી અને પ્રમુખની પસંદગી મહાજને કરી છે.'

મહોત્સવની તારીખ અગાઉથી નક્કી કરવામાં આવી હતી. તેમાં હવે ફેરફાર થઇ શકે તેમ નહોતું. વાટાઘાટ કરવાનો અવકાશ નહોતો, એટલે વારાપાધરથી ભવાનજી શેઠ અને તેમની સાથે બીજા ૧૫-૨૦ ભાઇઓ રાત્રે બે વાગે નલીયે આવ્યા. આખી રાત્રી ચર્ચામાં ગઇ. અંતે તેઓ પાછા ગયા. નલીયાના પટેલ હીરજીભાઇ ભવાનજીના પ્રમુખપદે મહોત્સવ ઉજવવામાં આવ્યો અને મેં તેમાં સારી રીતે ભાગ લીધો, કન્યાશાળાનો મહોત્સવ કચ્છ શાહેરાના પટેલ દેવરાજ મુરજીના પ્રમુખપદે ઉજવવામાં આવ્યો. બન્ને ઉત્સવો નિર્વિઘ્ને પસાર થયા.

આ પ્રસંગે દામજીભાઇએ જે મક્કમતા દેખાડી તે હું જીવનની છેલ્લી ઘડી સુધી ભુલી શકું તેમ નથી. એક તરફથી બાલાશ્રમને ભવાનજી શેઠ તરફથી સારી રકમની મદદ મળવાની આશા અને બીજી તરફથી મિત્રનું અપમાન, એ બેમાં દામજીભાઇએ મૈત્રી ધર્મ અને પોતાની જવાબદારીની કિમ્મત વિશેષ આંકી. જો કે દામજીભાઇને બાળાશ્રમની સમિતિના સભ્યોનો ટેકો તો હતો, પરંતુ મહોત્સવનો સઘળો ભાર દામજીભાઇને માથે હતો. એટલે તેમની વલણુ ઉપર સઘળો આધાર હતો. જો તેઓ મારી વિરૂદ્ધ મત દર્શાવે તો બીજા સભ્યો મારી તરફેણુમાં રહેત કે કેમ એ વિષે હવે અટકળ કરવી વૃથા છે.

પ્રસંગ વિના માણુસની કિંમત સમજાતી નથી. એટલા માટે જ પ્રસંગોની જરૂર છે અને એવે પ્રસંગે જે માણુસ પોતાની ફરજ પર અટળ રહે તેની જ બહાદુર નર તરીકે ગણુના થાય.

સંવત ૧૯૮૦ માં દામજીભાઇ નલીયા દેરાસરના ટ્રસ્ટી તરીકે ચુંટાયા અને મુંબઇના મહાજનના ટ્રસ્ટી તરીકે પણ તેમને પસંદ કરવામાં આવ્યા.

દામજીભાઇએ એક વખત મને કહ્યું હતું કે, 'નલીયામાં હાઇસ્કુલ કરવી છે અને તેને માટે હું આકાશપાતાળ એક કરીશ.' એમની એ ભાવના એમના દિલમાં જ રહી ગઇ. કેમકે તે ભાવનાનો અમલ કરવાનો પ્રસંગ મળે તે પહેલાં શેઠ નરશી નાથા ચેરીટી ફંડના વહીવટ વિષે ભાઇ વેલજી પસાઇવા સાથે ઝગડો થયો અને તેને અંગે કોર્ટ જવાનો વખત આવ્યો. ઝગડો ખુબ લંબાયો અને તેથી તેની પાછળ દામજીભાઇના સમયનો વિશેષ ઉપયોગ થવા લાગ્યો.

સંવત્ ૧૯૮૩ના અષાડ માસની વદ ૧૨ને સોમવારે નલીયામાં દામજીભાઇ સ્વર્ગવાસ પામ્યા. તેમના નિમિત્તે શુભ માર્ગે ખર્ચવા દશ હજાર રૂપીઆની રકમ જાહેર કરવામાં આવી. દામજીભાઇના સ્વર્ગવાસના સમાચાર પવન વેગે ફેલાઇ ગયા. નલીયાની પ્રજામાં હાહાકાર થઇ રહ્યો. અઢારે વર્ણની પ્રજાએ એ આત્મા પ્રત્યે સદ્‌ભાવ દર્શાવવા પાખી પાળી અને એમના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી. મુંબઇના મહાજને પણ એમના અવસાન માટે ખેદ પ્રદર્શિત કરનારો ઠરાવ કર્યો. યુવકોએ પણ પોતાના અંતરની લાગણી વ્યક્ત કરી. અનેક સ્નેહીઓ અને સંબંધીઓના પત્રો ભાઇ રામજી ઉપર આવ્યા. સૌએ પોતાના અંતરના ઉમળકા ઠાલવ્યા.

દામજીભાઇ પોતાની પાછળ સુશીલ વિધવા પત્ની, માતા, પિતા, લઘુ બંધુ મૂકી ગયા છે. મિત્રોને એવો બીજો મિત્ર નહિ મળે; સ્નેહીઓને એવો સ્નેહી નહિ મળે; બંધુને એવો બાંધવ નહિ સાંપડે; માતપિતાને એવો કુલદિપક દીકરો નહિ મળે.

દામજીભાઇના જીવનમાં અનેક ઘટનાઓ બની છે, તેમાંની કેટલીકનું મેં સ્મરણ કરાવ્યું છે. પણ એક ઘટના ઘણી વિચિત્ર છે.

તે ઘટના એ છે કે સંવત ૧૯૬૧ માં જે વેલજીભાઇ માટે દામજીભાઇ શેઠ જેઠાભાઇ નરશીના પક્ષની સામે લડયા, તે જ વેલજીભાઈની સામે તેમને કોર્ટે જવાનો વખત આવ્યો. એ પ્રસંગ તેમને દુઃખદ અને ભયંકર લાગ્યો હશે, એ તેમના વિના બીજો કોણ જાણી શકે? પરંતુ પ્રારબ્ધના પાના કોણે વાંચ્યા છે? એ બન્ને બહાદુરો દિવસે કોર્ટમાં સામસામે બેસતા અને રાત્રે હળીમળીને વાતો કરતા, એમાં એ બન્નેની ખાનદાની, બહાદુરી અને ડહાપણ હું જોઇ શકું છું. ફરજને અંગે મતભેદ પડે અને જંગમાં ઉતરવું પડે તોપણ અંતરમાં એકબીજા માટે દ્વેષ ન રહે એવી ખાનદાની તો વિરલ આત્મામાં જ હોઇ શકે.

દામજીભાઇની છેલ્લી માંદગી વખતે વેલજીભાઇ તેમની પાસે જતા અને યોગ્ય સલાહ આપતા. દુશ્મન પણ ડાહ્યો સારો, એ કહેવત આ બન્નેના સંબંધમાં તદ્દન સાચી પડી. બહાદુર હોય તે જ બહાદુરને પીછાણે, તેમ બન્ને એકબીજાની શકિત પીછાણતા. વેલજીભાઈ પોતે બહાદુર છે અને તેઓ બરાબર સમજે છે કે બહાદુર હોય તે જ તેમની સામે પડે, બીજાનું કામ નહિ. ફરજને ખાતર અનેક વખત કડવા ઘુંટડા પીવા પડે છે, તે પ્રમાણે દામજીભાઈને કડવો ઘુંટડો પીવો પડયો. તેમનું જીવનચરિત્ર લખવા બેસીએ તો એક દળદાર ગ્રંથ ભરાય. મેં તો તેમના જીવનના અમુક સંસ્મરણો લખ્યા છે. મારા જેવા તો તેમના સેંકડો મિત્રો છે. તેઓ પોતપોતાના અનુભવના પ્રસંગો લખે તો દામજીભાઇના જીવન વિષે પ્રજાને ઘણું જાણવાનું મળે.

યુરોપ કે અમેરીકા જેવા દેશમાં આવા નરરત્નોની પાછળ સ્મારકો થાય, અનેક લેખકો તેમના જીવનચરિત્રો લખે અને પ્રજાને બોધપાઠ પુરો પાડવા એવાં ચરિત્રો પ્રગટ કરે. મારો લેખક હોવાનો દાવો નથી. મ્હેં તો કેવળ એક મિત્ર તરીકે જેવું આવડયું તેવું લખ્યું છે.

દામજીભાઇ પોતાના જીવનકાર્યની નોંધ રાખતા નહિ. મેં કેવળ સ્મરણને આધારે લખ્યું છે. એમાં કોઇને અન્યાય કરવાનો મારો હેતુ નથી, છતાં અજાણપણે તેમ થયું હોય તો તેઓ દરગુજર કરશે. દામજીભાઇના જીવનની અનેક ઘટનાઓ હજુ રહી ગઇ હશે. એથી એમના કુટુંબીઓ અને સ્નેહીઓને મારી પ્રાર્થના છે કે તેઓ એ ઘટનાઓ એકત્ર કરી વિસ્તારથી દામજીભાઇનું જીવનચરિત્ર લખાવી પ્રસિદ્ધ કરે. જો મને પણ પુરતી હકીકતો પૂરી પાડવામાં આવે તો એ કાર્ય યથાશકિત પાર પાડવા હું મારાથી બનતું કરીશ. અત્યારે તો હું એ બહાદુર નર વિષે આટલું લખી વિરમું છું.

છેવટમાં મારે કહેવું જોઇએ કે દામજીભાઇમાં અખૂટ ધૈર્ય, અડગ હિમ્મત, સાહસ, બુદ્ધિ, બળ, નેક, ટેક, વિવેક અને સહનશીલતા સાથે ઉત્સાહ અને પુરૂષાર્થ જેવા લોકોત્તર સદ્‌ગુણો હું જોઇ શકયો છું. તેમનું પડછંદ શરીર, વિશાળ છાતી, તેજસ્વી આંખો, મજબુત ભુજાઓ, હસતો ચહેરો અને સ્વાભિમાની સ્વભાવ વિગેરે જે જે તેમના પરિચયમાં આવ્યા હશે, તેઓ તે ભૂલી શકયા નહિ હોય, એમ મારૂં અંતઃકરણ સાક્ષી આપે છે.

એ સ્વર્ગસ્થ આત્માને વંદન કરી, એ આત્માની શાંતિ ઇચ્છી હું આ સંસ્મરણો સમાપ્ત કરૂં છું.

શિવસદન : મઢડા
તા. ૨૨-૪-૨૯

લી. ગુણપૂજક
શિવજી દેવસિંહ શાહ

અનુક્રમણિકા

લેખક :



શાહ. શિવજી દેવસિંહ-મઢડા. (કાઠિયાવાડ.)
શિવવિનોદ ભાગ ૫, શિવબોધ ભાગ ૭, શિવપ્રબોધ ભાગ ૨,
શિવ વિલાસ, રાગ બોધ અને વિદ્યાચંદ્ર સુમતિના લેખક

અને

(પાલીતાણામાં) જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ, જૈન બોર્ડીંગ, જૈન વિધવાશ્રમ
અને જૈન પુસ્તક પ્રકાશખાતું (મુંબઈમાં) કચ્છી જૈન મહીલા સમાજ અને
શ્રાવિકાશાળા (કચ્છમાં) કચ્છી જૈન બાળાશ્રમ અને પાઠશાળાઓ તથા
કન્યાશાળાઓ (મઢડામાં) બાલનિકેતન, સેવાશ્રમ ઉદ્યોગશાળા,
યોગાશ્રમ, ભારત મંદીર, સાહિત્ય મંદીર અને ભક્તિમંદીરના સંસ્થાપક.

માનવમિત્ર

પ્રકરણ ૧ લું

सत् पुरूषार्थ

उद्यमः साहसं धैर्य बुद्धिः शक्तिः पराक्रमः ।
षडेते यत्र वर्त्तंते तत्र देवः सहायकृत् ॥

અર્થ—ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ એ ૭ વસ્તુ જ્યાં રહે છે, ત્યાં દેવની સહાય છે એમ સમજવું.

આ જગતરૂપી મહાશાળામાં પ્રાણીમાત્રને પ્રથમ ઉદ્યોગના પ્રકાર અને તેના ફાયદા જણાવવામાં આવે છે, એટલું જ નહિ પણ ઉદ્યોગ

ન કરવાથી અને નિરૂદ્યમી તથા પ્રમાદી રહેવાથી કેટલી કેટલી હાનિ થાય છે અને કેવી અધમ સ્થિતિમાં આવવું પડે છે, તે પણ દર્શાવવામાં આવે છે.

આ પાઠશાળામાં પ્રત્યેક જીવને એવું સંગીન અને મક્કમ ઉદ્યોગનું શિક્ષણ આપવામાં આવે છે, કે પ્રાણાંત સુધી પણ તે શિક્ષણની છાપ તેના મનમાંથી ભુંસાઇ જતી નથી. વૃક્ષ, કીડી, મક્ષિકા, ગાય, બળદ, સિંહ, હસ્તી અને મનુષ્ય સુધીના સર્વ જીવો તથા દેવયોનિના સર્વ જીવો પણ અહોનિશ ઉદ્યમજ કર્યા કરે છે અને તેમના ઉદ્યોગનાં કાર્યોનો આપણને પ્રત્યક્ષ અને પરોક્ષ સ્પષ્ટ અનુભવ થાય છે.

ઉદ્યોગથી જ સર્વ કોઇ દેશ, જ્ઞાતિ કે વ્યક્તિની ચડતી થઈ શકે છે. આ વાત જાણે કુદરતે સર્વના અંતઃકરણ ઉપર કોતરી રાખી હોય, તેમ પ્રાણીમાત્ર જાણતે અજાણતે ઉદ્યોગનીજ ઉપાસના કર્યા કરે છે. ગામમાં ને શહેરમાં, વનમાં ને સીમમાં, સુતાં અને બેસતાં, રમતાં અને જમતાં, માણસો ઉદ્યોગનોજ વિચાર, તેનું જ ધ્યાન અને તેનું જ આરાધન કરે છે. ઉદ્યોગવડેજ સર્વે મનવાંછિત ફળ પ્રાપ્ત થશે, એવા સંપૂર્ણ વિશ્વાસથી તન, મન અને વચનથી કમર કસીને સર્વ કોઇ ઉદ્યમની સેવામાંજ અહોરાત્ર મશગુલ રહે છે.

બાળક જન્મે છે ત્યારથી તેનાં હસ્ત-પાદાદિ સર્વે અવયવો ઉદ્યોગમય અને ઉદ્યોગવ્યાપ્તજ દેખાય છે. એટલું જ નહિ પણ તેઓ ઉત્સાહ અને ચપળતાથી ભરેલા હોય તેવા પ્રત્યક્ષ દેખાય છે. તે બાળક એક ક્ષણવાર પણ સ્થિરતાપૂર્વક નિરૂદ્યમી બેસી શકતું નથી. એની દૃષ્ટિ જે જે વસ્તુપર પડે છે તે તે વસ્તુ તે તરત ઉપાડે છે, જુએ છે, ચાખે છે, ભોંય સાથે પછાડે છે અને તેનો પોતાથી બનતો અનુભવ મેળવે છે. તે નક્કર છે કે પોલી ?

કાળી છે કે ધોળી ? સ્વાદિષ્ટ છે કે બેસ્વાદ છે ? તે સઘળું જાણવાના પ્રયત્નમાં આપણે તેને નારાજ કર્યા વગર રોકી શકતા નથી. હવે આ પ્રમાણે અનુભવ મેળવવાના કામમાંથી તે ફારગ થયો કે તુર્ત બીજી વસ્તુનાં રૂપ, આકાર, ગુણ આદિનું જ્ઞાન મેળવવાને ગુંથાય છે. એ પ્રમાણે એક પછી બીજું અને બીજા પછી ત્રીજું, અનુભવપ્રાપ્તિનું કાર્ય તે કર્યાજ કરે છે. ભાંગવું, તોડવું, મુકવું તથા પુનઃ ઉપાડવું અને ફેંકવું એજ કાર્ય તેને ગમે છે. બેસતાં અને ચાલતાં શીખવા માટે તે કેવો મહાભારત યત્ન દિવસ ઉગ્યાથી તે આથમ્યા સુધી અહર્નિશ કરે છે, તે આપણે સૌ જાણીએ છીએ. તે વારંવાર જમીન ઉપર પડે છે, અને અનેકવાર ગોથાં ખાય છે તો પણ, અનુભવ મેળવવાનો પોતાનો ઉદ્યમ તે ચાલુજ રાખે છે. બીજા બધા લોકો જે પ્રમાણે બેઠા છે તથા તેઓ જે રીતે ચાલે છે તે રીતે મારે પણ બેસવું અને ચાલવું જોઇએ એવો દૃઢ નિશ્ચય કરીને પોતાનો પ્રયત્ન તે કર્યાજ કરે છે. વારંવાર વિઘ્નો આવ્યા છતાં અને ઠોકરો ખાધા છતાં પણ જ્યારે તે સારી રીતે બેસી કે ચાલી શકે છે ત્યારેજ તે જંપે છે અને વિશ્રાંતિ લે છે. આવી રીતના સતત અને અખંડ ઉદ્યોગવડે લાખોમાંથી એકાદ બે બાળકોજ નિષ્ફળ નીવડે છે, અને તેનું કારણ તેમની શારીરિક નબળાઇ કે કોઇ અસાધ્ય રોગનું અસ્તિત્વ ઘણેભાગે હોય છે, દુનિયાના લગભગ બધા બાળકો મોટા થયા ત્યાં સુધીમાં તેમણે જે જે અનુભવ અને ક્રિયાશક્તિ મેળવ્યાં છે, તે પોતાનાં વીર્ય અને ઉદ્યોગ વડેજ મેળવ્યાં છે એ વાત સર્વને વિદિત છે. આપણે સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરશું તો આપણને માલુમ પડશે કે, બાળકની રગેરગમાં અને રોમેરોમમાં ઉદ્યોગ, ઉત્સાહ અને ચાપલ્ય સર્વવ્યાપક થઇ વસી રહેલાં છે.

એક વિદ્વાન્ કહે છે કે, "બાળક પાંચ વર્ષની ઉંમરમાં

જેટલું શીખે છે તેટલું આખી ઉમરમાં શીખતું નથી." આ વાત સર્વાંશે સત્ય અને નિર્વિવાદિત છે, અને તેનો પ્રત્યક્ષ અનુભવ આપણને સર્વને હમેશાં થાય છે. પણ ઉક્ત મહાવાક્યમાં જે ગુહ્યાર્થ રહેલો છે, તે આપણને ઘણાખરાને માલુમ નથી. તે નિર્દોષ, બીન-અનુભવી, અને કુદરતના આરાધક બાળકના પવિત્ર કર્ણપટને નસીબ શબ્દે સ્પર્શ કરીને મલીન કર્યું હોતું નથી. નસીબ શબ્દનું અજ્ઞાન અને બીનમાહીતી તે જ તેના અખંડ અને અથાગ ઉદ્યોગનું કારણ છે. પણ જ્યારે તે મોટી ઉમરનો થાય છે, નસીબ શબ્દ તે સાંભળે છે અને તે શબ્દના કપોલકલ્પિત અર્થોનું મનન અને નિદિધ્યાસન કરવા માંડે છે ત્યારથી તે આળસુ થતો જાય છે. નસીબ ઉપર આધાર રાખી નિરૂદ્યમી રહેવાની તેને ટેવ પડે છે, અને આળસના શિખરે ચડીને દુઃખ અને દરિદ્રતાના વિષમ ફળોના ભોકતા તેને થવું પડે છે.

આ વિવિધ રંગી વિચિત્ર દુનિયામાં કેટલાક પુરૂષો માત્ર નસીબનેજ માને છે, અને અહોનિશ તન, મન અને વચનથી તેનીજ ઉપાસના કરે છે. બીજા કેટલાક વળી એવા દેખાય છે કે જેઓ ભાવીનું શરણુ લે છે, અથવા ભવિષ્યનો ભરોસો રાખે છે, કેટલાક પંચમકાળને નામે ફકળે છે, કેટલાક સંસ્થાન અને સંઘેણની વાટ જુએ છે, કેટલાક કેવળી મહારાજે દીઠું થશે તેમ હશે, એમ ધારી બેસે છે. કેટલાક કેવળ ઉદ્યોગનેજ માને છે અને તેની સહાયથી અહોનિશ કાર્યસંકળના કરે છે. કેટલાક નસીબને મુખ્ય અને પુરૂષાર્થને ગૌણુ માને છે અને કેટલાક પુરૂષાર્થને મુખ્ય ને નસીબને ગૌણ માને છે. ઉદ્યોગ અને પ્રારબ્ધના પ્રાબલ્યની સામસામી દલી-લોનો વિષય એટલો બધો ગહન છે કે તેનો ફડચો કરવાનું કામ ધારીએ છીએ, તેટલું સહેલું નથી પણ મહાત્મા પુરૂષો આ વિષય સંબંધે જે નિશ્ચય ઉપર આવેલા છે, તે લક્ષપૂર્વક જાણી લીધા પછી

આપણને સમજાયા વગર રહેતું નથી કે જેઓ ફકત નસીબ અગર પુરૂષાર્થને એકનેજ માને છે તેઓ જૈન આગમ પ્રમાણે ભૂલેલા છે; કારણકે પવિત્ર જૈન આગમમાં પુરૂષાર્થને મુખ્ય અને અન્ય ચાર કારણોને ગૌણપદે રાખેલાં છે. તમે કહેશો કે પાંચ કારણ માનવાની શી જરૂર છે ? કોઇ પણ એક કારણને માનવાથી કાર્યસિદ્ધિ થઈ શકે છે. આના ઉત્તરમાં જૈન શાસ્ત્રમાં કહ્યું છે કે એક કારણથી કાર્ય થાયજ નહીં. ઘટ, પટ, આદિ ગમે તે કાર્ય લેશો તો તેનાં અનેક કારણો હશે, ત્યારેજ તેનું સ્થૂલ બંધાશે. ઘટમાં માટી, પાણી, ચક્ર, કુંભાર આદિ કારણો માનવાં પડે છે; નિમિત્ત, ઉપાદાન આદિ કારણો દરેક કાર્યનાં હોવાંજ જોઇએ. તે પ્રમાણે માની લેવાની આવશ્યકતા સ્વીકાર્યા વગર કાર્યોત્પત્તિ સિદ્ધ કરી શકાતી નથી.

હવે જૈન આગમમાં પુરૂષાર્થને મુખ્ય માનેલો છે, તેનું કારણ એ છે કે જો મનુષ્ય પુરૂષાર્થને લઇને તેની પાછળ મંડયો રહે તો અન્ય ચાર કારણો આપોઆપ તેની પાસે ચાલ્યાં આવશે. કારણ કે, પાંચે કારણોનું એકીકરણ થયા વગર કાર્ય ઉદ્ભવતું જ નથી. માટે કાર્યની ઉત્પત્તિ થાય ત્યારે માનીજ લેવું કે, પાંચે કારણોની સંયુક્ત શક્તિથીજ તે કાર્ય ઉદ્ભવ્યું છે. કદાચ કોઇ એમ પુછશે કે પુરૂષાર્થ સંપૂર્ણ બળથી કરવામાં આવે પણ જો ભાવી નબળું હોય તો શી રીતે ધાર્યું ફળ મળે ? આ દલીલ પણ ભુલ ભરેલી છે. ઉદ્યોગ કરીને અજમાયશ લીધા વગર નસીબ નબળું છે, તેમ માની લેવું તે ક્ષન્તવ્ય ન કરી શકાય તેવી મનુષ્યના મનની નબળાઇ છે. સત્પુરૂષાર્થ હોય તો કાર્યસિદ્ધિ થોડેઘણે દરજ્જે થયા વગર રહેતી નથી. માટે દરેક સશક્ત પુરૂષે પુરૂષાર્થ કરવા જોઇએ. કારણ કે નસીબ એ પણ પુરૂષાર્થનુંજ કાર્ય છે, એટલે કે ભૂતકાળના પુરૂષાર્થના ફળનો સંચય તે નશીબ; અને વર્તમાન કાળનો પુરૂષાર્થ તે આ જન્મનો ઉદ્યોગ અને આવતા ભવનું નસીબ, એમ ઠરે છે. જ્યારે આમ છે,

ત્યારે દરેક પુરૂષે સત્પુરૂષાર્થ કરવો જ જોઇએ કે જેથી આ ભવ તેમજ પરભવમાં સુખ પ્રાપ્ત કરી શકાય. આ ભવમાં જો ઉદ્યોગ કર્યો હશે અને તે જો નીતિથી અને પ્રમાણિકપણાથી કર્યો હશે તો તેને પરિણામે ભાવિનું સ્થૂલ પણ સારૂં બંધાશે, અને તે પરભવમાં સુખી થવાશે. માટે જો ત્રણે કાળમાં સુખ મેળવવાનો ઇરાદો હોય તો, નસીબને ગૌણ અને પુરૂષાર્થને મુખ્ય માનીને અહોનિશ પુરુષાર્થી થવાની દરેક સુવિચારી મનુષ્યની પ્રથમ ફરજ છે. કહ્યું છે કેઃ—

दैवं पुरुषकारेण साध्यसिद्धिनिबंधनं ।
योऽतिक्रमितुमिच्छेत् स : लोके नावसीदति ॥

અર્થ—પુરૂષાર્થ વડે સાધન કરવાયોગ્ય સિદ્ધિના બંધન રૂપ દૈવ છે. જે માણસ તેને ઉલ્લંઘન કરવાને ઇચ્છે છે તે માણસ દુઃખી થતો નથી–અર્થાત્ સુખી થાય છે. માટે ઉદ્યોગવડેજ દૈવ અજમાવવું. પણ ઉદ્યોગરહિત થઇને કેવળ દૈવના ઉપર આધાર રાખીને બેશી રહેવું નહિ.

હવે એક માણસ, ચોખા, રૂ, ઘી, ખાંડ, તેલ કે અન્ય વસ્તુનો વેપાર કરે છે, તેમાં નફો મેળવવાને અહોનિશ પ્રયત્ન કરે છે, સાધનો મેળવે છે અને વિવિધ વિચારો કરી ઉદ્યોગ કરે છે. પછી વર્ષની આખરે જ્યારે સરવૈયું કાઢે છે, ત્યારે જો નફો થયો હોય તો નસીબ ઉપર આધાર રાખે છે અને નુકસાની થઈ હોય તો પણ નશીબ ઉપર આધાર રાખી શાંતિ સેવે છે. કારણ કે તે નિમિત્ત આગળ ધરવાથી તેની હર્ષ–શોકની લાગણી શાંત થાય છે. તે કુદરતના નિયમને તાબે થતાં શીખે છે અને તેની ગર્વની અને દીનતાની લાગણી ઓછી થાય છે. એટલે કે પૈસાની પ્રાપ્તિથી જે ગર્વની અને

તેના નુકશાનથી જે દીનતાની લાગણી ઉદ્‌ભવે છે, તે નસીબના બ્હાનાથી હદનું અતિક્રમણ નહિ કરતાં, પાછી સમાઇ જાય છે. નસીબ માનવાના આ શુભ હેતુને નહિ સમજનારા અર્ધદગ્ધો નસીબ ઉપર આધાર રાખવાની ટેવ પાડતાં શીખે છે. પણ તે તેમના હકમાં બહુ નુકસાનકારક નીવડે છે. કારણ કે નસીબના ખરા અર્થની, ગેર સમજણને પરિણામે, માણસો આળસુ રહેતાં શીખે છે અને નસીબમાં લખ્યું હશે તેમ થશે, એ સૂત્રના અધ્યયનમાં મશગુલ રહીને પોતાના હિતને હાનિ પહોંચાડે છે. પણ આવા વિચારવાળા મનુષ્યોએ સમજવું જોઇએ કે:—

न दैवमितिसंचित्य त्यजेदुद्योगमात्मनः ।
अनुद्यमेन कस्तैलं तिलेभ्यः प्राप्तुमर्हति ॥

અર્થ—જેમ દૈવમાં હશે તેમ થશે એમ ધારીને પોતાનો ઉદ્યોગ છોડી દેવો નહિ; કારણ કે ઉદ્યમ કર્યા વગર તલમાંથી તેલ પણ મેળવી શકાતું નથી. એટલે કે તલને પીલવાનો ઉદ્યમ કરવામાં ન આવે તો તેલની પ્રાપ્તિ જેવી રીતે થતી નથી, તેવીજ રીતે ઉદ્યમ કર્યા વગર સિદ્ધિ થતી નથી.

વિદ્વાનો અને મહાત્માઓનાં, ઉદ્યોગની આવશ્યકતા વિષેનાં આવાં સ્પષ્ટ કથનો છતાં પણ એકલા નસીબ ઉપર આધાર રાખીને નિરૂદ્યમી રહેનારા અવિચારી મનુષ્યો આધુનિક સમયમાં આર્યાવર્ત્તમાં સંખ્યાબંધ માલુમ પડે છે. આ દેશ ઉદ્યોગ હુન્નરની આબાદીમાં પછાત છે, તેનું કારણ પણ આવા લોકનું નિરૂદ્યમીપણુંજ છે. દેશની ધાર્મિક, સંસારિક કે સામાજિક પ્રગતિનો અભાવ જે હાલ જોવામાં આવે છે, તેનું કારણ પણ ઉક્ત આચાર-વિચારવાળા માણસોજ છે.

આર્યાવર્ત્તની આવી દુઃખદ સ્થિતિ નીહાળીને કયા હિંદવાસીના હૃદયમાં દયાની સાથે શોકની લાગણી ઉત્પન્ન નહિ થાય ?

ભરતખંડ અધોદશામાં છે, કારણ કે લોકો નિરૂદ્યમી અને પ્રમાદી છે, ઉદ્યમ કરવો તેમને અળખામણો લાગે છે. તેમને મફત ખાવાનું અને ખરચવાનું મળે તો તેઓ શેકયો પાપડ ભાંગવાની પણ તસ્દી લે તેવા નથી. અરે ! જેઓ ઉદ્યમનો બોધ કરે છે, તેઓ પણ જેવા જોઇએ તેવા ઉદ્યમી આ દેશમાં જોવામાં આવતા નથી. તેઓ ઘણીખરી વખત ભુલી જાય છે કે દુનિયામાં મનુષ્યની કીંમત તેના વિચારથી કે કહેણી માત્રથી થતી નથી, પણ વિચાર અને કહેણી પ્રમાણે રહેણી—વર્તન–હોય તોજ તેની કીંમત આંકી શકાય છે. અરે ! આ વાત જેઓ સમજે છે, તેમાંના ઘણાખરા વિચાર પ્રમાણે આચાર રાખનારા નજરે પડતા નથી. પુરૂષાર્થને માટે મોટાં મોટાં ભાષણો આપનારા પણ કેટલીક વખતે આળસુ કરતાં ચઢીઆતા દેખાતા નથી. આપણા દેશમાં આવી સ્થિતિ જોવામાં આવે છે તેનાં કારણો ભિન્ન ભિન્ન છે. આખા દેશનું વાતાવરણ આળસનાં ઝેરી પરમાણુઓથી ભરેલું છે, તેથી તેની અસર સમજુ મહાત્માઓને પણ થતી હોય તો તેમાં આશ્ચર્ય નથી. હવે જો યુરોપ અમેરિકાના મહાત્માઓના જીવનનો આપણે અભ્યાસ કરશું તો મોટો તફાવત આપણા જોવામાં આવશે. તે દેશના મહાત્માઓ જે પ્રમાણે બોધ આપે છે તે પ્રમાણે વર્તન રાખનારા હોય છે: કારણ કે બોલવા કરતાં કરી બતાવવાની કીંમત કેટલી વધારે છે, તે તેઓ સારી રીતે સમજે છે. Example is better then Precept માત્ર મુખનાં વચનોથી બોધ દેવા કરતાં જાતે કરી બતાવવાથી ભારી અને આબાદ અસર થાય છે, તેની તેમને સંપૂર્ણ માહીતી હોય છે. તેઓ પોતે ઉદ્યોગ કરવાનો બોધ આપીને ખુરશી કે ગાદી

તકીએ બેશી રહેવાની આદતવાળા હોતા નથી. તેઓ અખંડ ઉદ્યોગી, આગ્રહી અને નિષ્ફળ થવા છતાં પણ પુનઃ પુનઃ પ્રયત્ન કરવાના અલૌકિક સ્વભાવવાળા જોવામાં આવે છે. તેઓનું વર્તન અનુકરણીય, આદરણીય અને પૂજનીય દેખાય છે. ખચીત, આવા ઉમદા વર્તનવાળા મહાત્માઓ જે દેશમાં જન્મ પામ્યા છે, તે જ દેશ સર્વ પ્રકારે સુખી અને આબાદ હોય છે. તેઓ પોતાના દેશી બંધુઓને આળસના ગુલામ થતાં તથા પ્રમાદો તાબે થતાં અટકાવે છે. ઉદ્યોગ એજ ખરાં સુખ અને આબાદીને તાણી લાવે છે. એ રૂડાં સૂત્રનું ઉમદા શિક્ષણ તેઓ અહોનિશ પોતાના દેશી બંધુઓને આપે છે. તેમનું આ પ્રકારનું શિક્ષણ ખરેખર યથાર્થ છે. કારણ કે, કહ્યું છે કે:—

न लभन्ते विनोद्योगं जन्तवः संपदां पदम् ।
सूराः क्षीरोदविक्षोभमनुभूयामृतं पपुः ॥

અર્થ—પ્રાણીમાત્ર ઉદ્યોગ શિવાય સંપત્તિનું સ્થાન પામતાજ નથી. કારણ કે દેવતાઓએ પણ સમુદ્રમંથનનો જબરો પ્રયત્ન કર્યો ત્યારેજ તેઓ અમૃત મેળવી શક્યા અને તેનું પાન કરી શક્યા.

હવે અન્ય દેશના ઉદ્યોગશાળી મહાત્માઓનું વર્તન આવા પ્રકારનું છે, તે જાણવા છતાં પણ આપણે આપણા વર્તનને ઉદ્યોગશાળી બનાવી શકતા નથી તે કેટલા ખેદની વાત છે ? યુરોપ અમેરિકાના દેશો ઉદ્યોગના બળે વીજળીના વેગથી આબાદીમાં અને સમૃદ્ધિમાં વધ્યા જાય છે, તે જોવા તથા અનુભવવા છતાં પણ આપણે આળસના ગુલામ થઇને ઘોર નિદ્રામાં પડયા છીએ તે આપણને ઘણું શરમાવનારૂં છે. આપણા કરતાં તો નાની ઉમરનાં બાળકો હજાર દરજ્જે સારાં હોય છે કે જેઓનું હર હમેશનું વર્તન ઉદ્યોગપૂર્ણ હોઇ પુખ્ત ઉમરના મનુષ્યોને બોધકારક, આદર્શરૂપ

સર્વથા દશ્યમાન થાય છે. તે બાળકો પોતાના પ્રવૃત્તિમય જીવનથી ઉદ્યોગી થવાનો ધડો આપતા નથી એમ કોણ કહેશે ? બાળકોની આવી ઉદ્યોગપરાયણ નિર્દોષ જીંદગીનું કારણ સમજવું મુશ્કેલ નથી. કારણ કે બાળકોને આળસનો અને તજ્જન્ય ખાલી મોજમજા તથા ખોટાં સુખનો અનુભવ થયો નથી, તેથી તેમનાં શરીર ઉદ્યોગના જુસ્સાથી અને ઉત્સાહથી ભરેલાં હોય છે. ઉદ્યોગ વગરનું જીવન કેવું હોઇ શકે, અગર તેવાં જીવનનું અસ્તિત્વ સંભવે કે નહિ તે તેઓ જાણતાજ નથી. પણ અફસોસ, કે ઉદ્યોગની પ્રીતિની આ સ્થિતિ તે બાળકો લાંબો વખત ભોગવતાં નથી. કારણ કે મોટાં અને સમજણાં થાય તે પહેલાં આળસુ માણસોના પરિચયમાં તેઓ આવવા લાગે છે, અને તે સંગદોષથી તેઓ આળસુ થતાં શીખે છે. કુસંગથી શું શું હાનિ નથી થતી ? અર્થાત્ સર્વ પ્રકારની હાનિ કુસંગથી થાય છે. કહ્યું છે કેઃ—

अहो दुर्जनसंसर्गान्मानहानिः पदे पदे ।
पावको लोहसंगेन मुद्गरैरभिहन्यते ॥

અહો ! દુર્જનના સંગથી પગલે પગલે માનની હાનિ થાય છે. લોઢાના સંસર્ગથી અગ્નિ ઉપર મુદ્‌ગરો (હથોડા) ના ઘા પડે છે.

વળી કહ્યું છે કેઃ—

दुष्टतां दुष्टसंसर्गात् अदुष्टमपि गच्छति ।
सुराबिन्दुनिपातेन पंचगव्यघटो यथा ॥
अणुरप्यसतां संगो सद्गुणं हन्ति विस्तृतं ।
गुणरुपान्तरं याति तक्रयोगाद्यथा पयः ॥

અર્થ—જેવી રીતે પંચગવ્યનો ઘડો એકજ દારૂના બિંદુથી

દૂષિત થઇ જાય છે, તેવીજ રીતે અદોષિત વસ્તુ પણ દોષિતના સંગથી દુષ્ટતાને પામે છે.

જેમ થોડી છાસના સંસર્ગથી દુધના ગુણ અને રૂપ ફરીને દહીં થઈ જાય છે, તેવીજ રીતે દુર્જનનો સંગ થોડો હોય તો પણ તે વિસ્તાર પામેલા સદ્ગુણને હણે છે.

શાસ્ત્રકારોએ કુસંગને જ્યારે આટલો બધો નુકશાનકારક ગણ્યો છે, તો તે કુસંગ અલ્પજ્ઞ–અણસમજણા બાળકને નુકશાન કર્યા વગર કેમ રહે ? આળસુ મનુષ્યોના પરિચયમાં આવવાથી જે બાળકો એક વખત સંપૂર્ણ ઉદ્યોગી હતાં, તેઓ આળસુ થયા વગર કેમ રહે ? તેઓ આળસુ અને પ્રમાદી થાય છે, દેશના દારિદ્રમાં વૃદ્ધિ કરે છે, અને દેશને ઉપયોગી થવાને બદલે ભારરૂપ થાય છે. ભારતના કમભાગ્યે આવા ભારરૂપ મનુષ્યોની સંખ્યા અન્ય દેશો કરતાં એ દેશમાં વિશેષ છે. અરે ! જે દેશના વીર પુત્રો પૂર્વકાળમાં પોતે પ્રખ્યાત થઇને પોતાની ન્યાતને અને દેશને પણ પ્રખ્યાત કરી શકતા હતા, તેજ ભારત અધોગતિમાં જોઈને કયા દેશાભિમાનીનું કાળજું દગ્ધ થયા વગર રહેશે ?

એક વિદ્વાન કહે છે કે, 'દેશમાં આળસ્યરૂપી અનર્થ ન હોત તો કયો માણસ શ્રીમાન્ અને વિદ્વાન્ થયા વગર રહેત ? સમુદ્ર પર્યન્ત આ પૃથ્વીલોક નરપશુઓથી અને દરિદ્રીઓથી ભરેલ છે, તે આળસરૂપી શત્રુને લીધેજ, એમ જાણવું.'

આ બોધદાયક વાકયમાંથી આપણને ઘણુંજ જાણવાનું અને વિચારવાનું મળે છે અને તેના પરથી બહુજ સાર ગ્રહણ પણ કરી શકીએ છીએ. પ્રત્યેક મનુષ્યે ઉપલા શબ્દો વિષે પોતાના અંતઃકરણમાં વિચાર કરવો કે, એવો કયો ઉપાય છે કે જેથી આળસ

રૂપી અધમ રાક્ષસની બેડીમાંથી મુક્ત થવાય, ઉદ્યોગ રૂપી કલ્પવૃક્ષની પાસે જવાય અને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ કરી શકાય ?

અખંડ આગ્રહથી ઉદ્યમ કરવો એજ આળસની બેડીમાંથી છુટવાનો રસ્તો છે આળસ અને પ્રમાદનો ત્યાગ કરવો એજ કલ્પ-વૃક્ષ જેવા વ્યાપાર પાસે જવાનો ઉપાય છે, અને ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાનો પણ એજ સરલ માર્ગ છે.

ઉદ્યોગી મનુષ્ય સર્વ પ્રકારે સુખી હોય છે. તેનું શરીર કેટલું બધું મજબૂત, દઢ અને સ્ફુર્તિવાળું હોય છે ? તેનું મન કેવું શાન્ત અને સુખી હોય છે ? આનો ખ્યાલ આળસુને આવવો કઠણ છે. Health is wealth તંદુરસ્તી એ દોલત છે, એ અંગ્રેજી કહેવત પણ આવા મનુષ્યોનેજ લાગુ પડે છે. કારણ કે તેઓજ તંદુરસ્ત હોય છે, અને તંદુરસ્ત હોય છે, તેઓજ અથાગ પરિશ્રમ કરી દ્રવ્ય તથા કીર્તિ મેળવી શકે છે.

તેને વખતનો કે કામનો કંટાળો આવતો નથી. તેને એક વર્ષનો વખત એક દિવસના જેવો ટુંકો લાગે છે. અને આળ-સુને એક વર્ષ એક ભવ જેવું થઇ પડે છે. આવા મનુષ્ય કામ-થી કંટાળતો કે મુંઝાતો નથી, પણ ઉલટો આનંદ પામે છે. ઉદ્યોગી મનુષ્યને નિન્દા કરવાનો, નકામાં કાર્યો કરવાનો, વ્યર્થ લવારો કે કુથલી કરવાનો, અથવા તો વ્યર્થ ગપાટા મારવાનો વખત મળતો નથી. આળસુ મનુષ્યને આવીપ્રતિનાં કાર્યો કર્યા વગર ચેન પડતું જ નથી. વિકથા કરવાનો તો આળસુ મનુષ્યોને શોખ જ હોય છે. નકામાં કાર્યો કરવાથી એનું મન પ્રસન્ન રહે છે, અને વ્યર્થ લવારો કરવાથી એનું વાક્ચાતુર્ય પ્રબળ થાય છે, તેમ તે સમજતો હોય તેમ જણાય છે. વ્યર્થ ગપાટા મારવા તે તેનું ખાસ કર્તવ્ય બને છે.

કારણ કે એ પ્રકારની ઉપયોગી અને માનવંતી ફરજો બજાવ્યા વગર તેણે ખાધેલું અનાજ તેના જઠરમાં હજમ થતું નથી, એ કાર્ય સિવાય તેને અન્ય ધંધો કરવાની રૂચિ થતી નથી, બીજો ધંધો કરવાની તેને ફુરસદ કે અનુકુળતા રહેતી નથી. અરે ! આ આળસુ મનુષ્યની કેટલી બધી અધમ અને દયાજનક સ્થિતિ છે ? તેનો ખરો ખ્યાલ સમજુ અને વિદ્વાનોને જ આવી શકશે, અન્ય ટુંકી દષ્ટિવાળાને આ વિષેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. અરે ! આવો અમૂલ્ય ભવ આલસ્યમાંજ ગુમાવી દેવો એ કેટલી બધી મુર્ખાઇ છે ? તે વિષે વિશેષ નહિ કહેતાં આ મનુષ્યદેહની ઉત્તમતા વિષે એકાદ બે ઉદાહરણો આપું છું તેથી સ્પષ્ટ સમજાશે કે, જે આળસુ છે, તે પોતાને અને પરને અત્યંત હાની કરે છે.

મનુષ્યદેહની ઉત્તમતા વિષે જૈનશાસ્ત્રોમાં દશ દષ્ટાંતો આપ્યાં છે, તેમાંનું એક દષ્ટાંત સંક્ષેપમાં નીચે આપવામાં આવે છેઃ–

એક બ્રાહ્મણ ઉપર એક ચક્રવર્તિ રાજા સંતુષ્ટ થયો, અને વર માગવા કહ્યું. ત્યારે તેણે પોતાની પત્નીની સલાહથી પ્રત્યેક ઘરેથી ભોજન અને સુવર્ણમોહોરની દક્ષિણા મળે એવી માગણી કરી. રાજાએ તે કબુલ કર્યું અને પહેલે દિવસે પોતાને ઘરે જમવા આવવાનું તેને આમંત્રણ કર્યું. બ્રાહ્મણ, સમય થયે, રાજાને ઘરે જમવા ગયો. જઇને જુએ છે તો હજારો જાતની રસોઇ, હજારો જાતનાં શાક, ભાજી, પકવાન, ચટણી, અથાણાં વગેરે પીરસાયેલાં દીઠાં ; કારણ કે ચક્રવર્તી રાજા પાસે ૩૬૦ રસોઇયાઓ હોય છે. પ્રત્યેક રસોઇયો બાર માસ સુધી વસ્તુઓ એકઠી કર્યા કરે છે, અને ત્રણસે સાઠમે દિવસે રસોઇ કરે છે, ત્યારે રાજા તેની તૈયાર કરેલી રસોઈ જમે છે. એ પ્રમાણે દરેક રસોઇયા કરે છે અને પોતાના

નિયમિત દિવસે ઉત્તમોત્તમ રસોઇ તૈયાર કરીને રાજાને જમાડી ખુશી કરે છે. દેવતાને પણ દુર્લભ એવું ભોજન રાજાને ત્યાં જમીને બ્રાહ્મણ તો ચકિત થઇ ગયો, અને બીજે દિવસે પ્રધાન વગેરેને ઘેર જમવા ગયો, ત્યારે પણ તે રસોઇને સંભારવા લાગ્યો. પણ ક્યાંઇ તે રસોઇ મળે નહિ. હવે છ ખંડ તથા સર્વ દેશોની પ્રજાના દરેક મનુષ્યને ઘેર જમી રહે ત્યારે ફરીને ચક્રવર્તીને ઘેર જમવાનો વારો આવે, અને આમ કરતાં હજારો વર્ષો જોઇએ અને તેટલું તો એનું આયુષ્ય નહિ. તેથી સર્વદા રાજાની રસોઈ જમવાની ભાવનામાંજ તે રહેતો. પણ તે રસોઇ મળવી અત્યંત દુર્લભ થઇ પડી. આ ઠેકાણે શાસ્ત્રકાર કહે છે કે, આ બ્રાહ્મણને કોઇ દેવની સહાયતાથી કદાચ ચક્રવર્તીના ગૃહનું ભોજન ફરીથી મળવાનો સંભવ છે. પણ ગત મનુષ્યદેહ ફરી ફરીને પ્રાપ્ત કરવો એ તો અત્યંત દુર્લભ છે; કારણ કે અનાદિકાળથી ચોરાશી લાખ યોનિમાં અટન કરતાં કરતાં જ્યારે અકામ નિર્જરાથી અત્યંત પુણ્યરાશી એકઠી થાય ત્યારે આ મનુષ્યદેહ મળે છે અને તે જો આલસ્યમાં વૃથા ખુએ તો ફરી ચોરાશીના ફેરામાં જવાનું રહ્યું, તેથી ફરીફરીને તે દેહ પામવો, તે પેલા બ્રાહ્મણને ચક્રવર્તીની રસોઇ દુર્લભ થઇ પડી હતી, તે કરતાં પણ વધારે દુર્લભ વાત છે. તો હે બાંધવો! આ અમૂલ્ય દેહ આપણે આલસ્યમાં ગુમાવીએ તે કેટલું બધું શોચનીય છે? અને કેટલું બધું દયાજનક છે? તે વિચારવાનું આપનેજ સોંપું છું.

આળસ્ય એ ખરેખર મહા શત્રુ છે, આળસ્યના પરિણામ વિષે એક વાર્તા કહેવામાં આવે છે. તે જો કે સુપ્રસિદ્ધ અને જગજાણીતી છે, તો પણ અનેક પ્રકારે બોધદાયક હોવાથી અત્રે આપીએ છીએ:—

એક વખત ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, જીવ્હા, સ્પર્શેંદ્રિય, અને

હસ્ત—પાદાદિ ઇંદ્રિયો એકઠી થઇને એકબીજાની ઉપયોગિતા ગણાવા લાગી. ચક્ષુ કહેવા લાગી કે, પ્રત્યેક વસ્તુની પરીક્ષા કરવામાં, ખાડો ખાંચો જોવામાં, સારૂં નરસું તપાસવામાં, ધોળો, પીળો, નીલો, કાળો, લાલ આદિ રંગોની પરીક્ષા કરવામાં હું જેટલી મદદ કરૂં છું તેટલી બીજી કઇ ઇંદ્રિયો કરે છે ? આ સાંભળીને શ્રોત્ર કહે છે, કે હું ન હોત તો તારા એકલાથી કાંઇ ન થાત. કારણ કે, આ વસ્તુ સારી છે, આ વસ્તુ ખરાબ છે, આ રંગ લાલ છે, આ રંગ પીળો છે, આ લીલો છે, આ સફેદ છે, આ કાળો છે, આ રત્ન ઉંચું છે, આ મધ્યમ છે, વગેરે પ્રથમ શ્રવણ કર્યા વિના તું શી પરીક્ષા કરશે? માટે ખરેખર જરૂર પ્રથમ તો મારી છે. ત્યારે ઘ્રાણ ઇંદ્રિય કહેવા લાગી કે મારા વડેજ તમે સહુ કાયમ રહો છો, અને અસ્તિત્વ ભોગવો છો. કારણ કે હું નાસિકાદ્વારા શુદ્ધ હવાનો શ્વાસ લઉં છું, અને ખરાબ હવા બહાર કાઢી નાખું છું અને તે પ્રમાણે જો હું ન કરતી હોત તો તમે સૌ ક્યારના પ્રયાણ કરી ગયા હોત. માટે હું તો તમારી સૌની પોષક ઇંદ્રિય છું. આ સાંભળી જીવ્હા કહે છે કે, જો હું ન હોત તો, વિવિધ પ્રકારના રસની પરીક્ષા કરવામાં, વિવિધ પ્રકારના ઉચ્ચાર કરી આગલાને બોધ કરવામાં, તથા આ વસ્તુ સારી છે, આ વસ્તુ ખરાબ છે, આ રંગ લાલ છે, આ રંગ પીળો છે, આ રત્ન કીમતી છે, આ રત્ન ખોટું છે, આદિ બાબતોનો બોધ કરવામાં તમારામાંથી કોણ સમર્થ છે ? માટે મારા વિના તો, તમે સૌ જીવતે મુઆ જેવા છો. આવી રીતે સ્પર્શ, હસ્ત, પાદાદિ ઇંદ્રિઓએ પોતપોતાના ઉપયોગ વિષે આપવડાઇ કરીને પોતે બીજાનાં કરતાં વિશેષ ઉપયોગી છે એમ બતાવવા આગ્રહપૂર્વક વિવેચન કર્યું. આખરે બધી ઇંદ્રિયો ભેળી થઇને વિચાર કરવા લાગી કે, આપણે તો બધી, થોડીઘણી પણ ઉપયોગી છીએ, પણ આ જઠર કાંઇ પણ ઉદ્યોગ કરતું નથી,

અને બેઠું બેઠું આપણી કમાણી ખાયા કરે છે, માટે આપણે બધાએ થોડા દિવસ ઉદ્યમ કરવાનું બંધ રાખવું; અને પછી આપણે જોવું કે, જઠર શું ખાય છે ? આમ નિશ્ચય કરીને બધી ઇંદ્રિઓએ થોડા દિવસ કામકાજ કરવાનું બંધ રાખ્યું, અને નિરૂદ્યમી રહી. આ અવિચારી ઇંદ્રિઓના જાણવામાં નહોતું કે, જઠર પણ અન્ન પચાવવાનું અને લોહી ઉત્પન્ન કરવાનું કામ કરે છે, અને તેને લીધે સર્વ ઇંદ્રિઓને અને અવયવોને શક્તિ મળે છે. આ વિષે વિચાર કર્યા વગર અને સમજણ મેળવ્યા વગર, જઠર ઉપર ખોટો આરોપ મુકીને પ્રમાદી થવામાં બધી ઇંદ્રિઓ પ્રવૃત્ત થઇ. પણ તે સ્થિતિમાં બે દિવસ રહી નહિ, તેટલામાં તો આંખે અંધારાં આવવાં લાગ્યાં, કાનની સાંભળવાની શક્તિ શિથિલ જણાવા લાગી, શ્વાસોશ્વાસ લેવામાં મહેનત પડવા લાગી, શબ્દ બોલતાં જીભ અટકવા લાગી, પગથી ચલાય નહિ, હાથથી કાંઇ કામ થાય નહિ, એવી સ્થિતિ બધી ઇંદ્રિઓની થઇ પડી, અને થોડાજ વખતમાં આવી રીતે અશક્ત થઇ પડેલી બધી ઇંદ્રિયો ભેળી મળીને વિચાર કરવા લાગી કે, આપણી સર્વની આવી સ્થિતિ થવાનું કારણ શું હશે ! આ વખતે જઠર કે જે અત્યાર સુધી મૌન રહ્યું હતું, તે બોલ્યું કે 'અરે ! અવિચારી ઇંદ્રિઓ, તમને મારી ઉપયોગીતાનું ભાન નથી ! અને તમારા સૌનાં પોષણ માટે હું જે કામ બજાવું છું, તે તમને માલૂમ નથી ! ખોરાકને પચાવી તેનું લોહી બનાવવાનું, અને તે લોહી તમારી સૌની પુષ્ટી માટે ન્હાની મ્હોટી ધમનીદ્વારા આખા શરીરમાં ફેલાવવાનું બહુ ઉપયોગી કામ હું બજાવું છું, માટે હું નિરૂદ્યમી નથી, પણ ઉદ્યમી છું. અને નિરૂપયોગી નથી, પણ તમને સર્વને એકસરખી રીતે ઉપયોગી છું. જઠરનું આ બોલવું સાંભળીને સર્વ ઇંદ્રિઓ અજાયબ થઇ અને જઠરનો ઉપકાર માની પૂર્વવત પોતાનાં કામો નિયમિતપણે બજાવવામાં ઉદ્યુક્ત થઈ. આને પરિણામે

બધાનો સમુહરૂપ દેહ પણ પૂર્વ પ્રમાણે પુષ્ટ અને તંદુરસ્ત થયો.

આ રૂપક ઉપરથી બોધ એ લેવાનો છે કે, ઇન્દ્રિઓ એ વ્યક્તિઓ છે, અને દેહ એ દેશ, જગત કે સૃષ્ટિ છે. તો જેમ દરેક ઇન્દ્રિય દેહને ઉપયોગી છે, તેમ દરેક વ્યક્તિ દેશ, જગત કે સૃષ્ટિને ઉપયોગી છે. જેમ દરેક ઇન્દ્રિયના વ્યવહાર ઉપર આખા દેહની ચડતી કે પડતીનો આધાર છે, તેમજ દરેક વ્યક્તિનાં વર્તન ઉપર દેશ, જગત કે સૃષ્ટિની ચડતીપડતીનો આધાર છે. દરેક ઇન્દ્રિય સુખી હોય છે ત્યારે આખો દેહ જેમ સુખી રહે છે; તેમ દરેક વ્યક્તિ સુખી, તો આખો દેશ, જગત કે, સૃષ્ટિ સુખી હોય છે અને કોઇ પણ ઇન્દ્રિયને દુઃખ થતાં, જેમ દેહમાંની પ્રત્યેક ઇન્દ્રિયને ધક્કો લાગે છે, તેમ કોઇ પણ વ્યક્તિને દુઃખ થતાં, દેશ, જગત કે સૃષ્ટિમાંની પ્રત્યેક વ્યકિતને આડકતરી રીતે ધક્કો લાગે છે. જેમ ઉપલી વાતમાં દરેક ઇન્દ્રિય પોતપોતાનું કામ છોડીને બેઠી, તેથી આખર દેહની અને પોતાની પાયમાલી થઇ, તેમ દરેક વ્યકિત જો ઉદ્યોગ તજીને બેસે તો તેટલે અંશે દેશ, જગત અને સૃષ્ટિની સાથે પોતાની પાયમાલી પણ અનુભવવા માંડે. જેમ દરેક ઇન્દ્રિય પોતપોતાનું કામ, પોતાની ફરજ ગણીને કરે છે, તેમ દરેક વ્યકિતએ પોતપોતાનું કામ બજાવતી વખતે બીજા ઉપર ઉપકાર કરૂં છું એમ ન સમજવું. ઇન્દ્રિયો પોતાનું કર્તવ્ય છે, તેમજ સમજે છે. તેવીજ રીતે દરેક વ્યકિતએ પણ હું કામ કરૂં છું તેથી દેશ કે કુટુંબ ચાલે છે, એવી બુદ્ધિ ન રાખતાં પોતાની ફરજ સમજીને કરવું જોઇએ, અને જેમ દરેક ઇન્દ્રિય પોતપોતાને યોગ્ય કામ કરે છે, તેમ દરેક વ્યકિતએ પણ પોતાની શકિત, સંયોગો અને સાધનો વિચારીને, પોતાને યોગ્ય જે કામ હોય, તે દરેક કામ કરવું અને જે કરવા માંડવું તેને સંપૂર્ણતાએ પહોંચાડવું.

ઉદ્યોગ એજ કલ્પવૃક્ષ છે અને ઉદ્યોગ એજ ચિન્તામણિ રત્ન છે. માટે મનુષ્ય ઉદ્યોગ પાસે જે જે માગશે, તે તે તેને મળશે એમાં જરાપણ સંશય નથી. જો મનુષ્ય એકનિષ્ટાથી ઉદ્યોગ કરે, તો તે પણ ધારેલી સ્થિતિએ પહોંચે એ ચોકસ સમજવું. માટે દૈવને કે નસીબને ભરોસે ન રહેતાં ઉદ્યોગજ કર્યા કરો. જુવો, શાસ્ત્રકારો પણ દૈવનો આધાર ન રાખતાં ઉદ્યોગપરાયણ થવાનો કેવો બોધ આપે છે ?

विहाय पुरुषं यो हि दैवमेवावलम्बते ।
प्रासादसिंहवत्तस्य मूर्ध्नि तिष्ठन्ति वायसाः ॥

અર્થ—જે માણુસ પોતાના પુરૂષાર્થનો ત્યાગ કરીને દૈવ ઉપર આધાર રાખે છે, તે માણુસ ચીતરેલી અથવા ઘડેલી સિંહની મૂર્ત્તિઓ જે મોટા મહેલો પાસે મુકવામાં આવેલી હોય છે, તેના જેવો છે. કારણ કે તે સિંહની મૂર્ત્તિઓ છતાં પણ તેના ઉપર જેમ નિડરપણે કાગડાઓ બેસે છે, તેમ દૈવપર આધાર રાખનારા મનુષ્યોમાં પણ અવગુણો અનાયાસે પ્રવેશ કરી શકે છે.

વળી કહ્યું છે કેઃ—

निपानमिव मंडूकाः सरः पूर्णमिवाण्डजाः ।
सोद्योगं नरमान्ति विवशाः सर्वसंपदः ॥

અર્થ—દેડકા જેમ નિપાન માર્ગને પામે છે, અંડજ જંતુઓ જેમ પરિપૂર્ણ સરોવરને પામે છે, તેમ ઉદ્યોગી પુરૂષને સર્વ સંપત્તિ આવી મળે છે.

માટે સર્વ સુખ અને સંપત્તિ મેળવવાની જેની ઇચ્છા હોય, તેણે નસીબપર આધાર ન રાખતાં પુરૂષાર્થનો આશ્રય લેવો.

જુઓ, આજથી બસો વર્ષ પહેલાં અમેરિકાની સ્થિતિ કેટલી બધી દયાજનક હતી, અને તે વખતે કદી પણ ત્યાંના લોકોના ધારવામાં હશે કે એક વખત અમો વિદ્યા, કળા અને હુન્નરમાં સર્વ દેશ ઉપર શિરોમણિપણું ધારણ કરીને સ્વતંત્ર સુખ અનુભવશું ? અને સર્વ વાતે આગેવાની કરવામાં પહેલે નંબર ચડીશું ? આ વાત તેમના સ્વપ્નામાં પણ ન હતી. પરંતુ ઉદ્યોગ, ઉદ્યોગ અને ઉદ્યોગજ તેમણે સેવ્યા કર્યો, એનીજ ભક્તિ, એનીજ ઉપાસના અને એનીજ સ્તુતિ તેઓ અહર્નિશ કરવા લાગ્યા. એજ પ્રેમ, એજ ભોજન, એજ વસ્ત્ર, એજ ખાનપાન, એજ સુખ, એજ ગુણ, એજ દાન, એજ શિયળ, એજ તપ, એજ ભાવ, એજ પરમ સુખનિધાન, એજ આનંદ સ્થાન, એજ ઉપાદેય વસ્તુ અને એજ સર્વ સુખનું મૂળ, એમ જાણીને તેની પાછળ જ ત્યાંના લોકો મંડયા, અને તે ઉદ્યોગદેવ સંતુષ્ટ થયે તે દેશના લોકોને નવ નિધિ અને અષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થયાં છે, અને તેજ અમેરિકા દેશ જનસ્વતંત્રતાની સુગંધ ફેલાવી, અન્ય દેશના લોકોના ઘ્રાણને પરમ સંતુષ્ઠ કરવા મથે છે, અને ઉદ્યોગની ભક્તિ કરવાનો ઉમદા બોધ આપે છે. પોતે જે વડે તર્યો છે, તેજ ઉદ્યોગબળથી તરવાનો ઉપદેશ હિંદુસ્તાન જેવા અધોગતિએ પહોંચેલા દેશને તે નિરંતર આપે છે.

કિંમતી વસ્ત્રો જેમ એક સ્થાને રાખવાથી સડી જાય છે, વાસણોને જેમ સાફ કર્યાં વિના મેલ ચઢી જાય છે અને હઠયોગવાળા સાધુઓ એક હાથને ઉભો રાખીને હઠયોગનો પ્રયોગ કરે છે, ત્યારે તે હાથ જેમ સુકાઇ લાકડા જેવો નિરૂપયોગી થઇ જાય છે, તેમ મનુષ્યની પ્રત્યેક ઇંદ્રિયોનો ઘટતો ઉપયોગ ન કરવાથી તેમની શક્તિ બહાર આવતી નથી, પણ ઉલટી હોય તે વિરામવા માંડે છે; માટે એટલું તો દરેક મનુષ્યે પોતાના અંતઃકરણમાં કોતરી રાખવું જોઇએ

કે, ઉદ્યોગ વગર શરીર તંદુરસ્ત રહેતું નથી, અને તેનાં અંગો તથા અવયવોમાં સ્ફૂર્ત્તિ આવતી નથી. ઉદ્યોગ નહિ કરનારનું શરીર ચરબીવાળું થઇ જાય છે, અને તેવા શરીરમાં મુદ્દલ ચાંચલ્ય કે સ્ફુર્તિ જોવામાં આવતી નથી.

ઉદ્યોગ એજ જાદુ છે, ઉદ્યોગ એજ મહામંત્ર છે, ઉદ્યોગ એજ સૌથી પૌષ્ટિક અને ગુણકારી ઔષધ છે, અને ઉદ્યોગ એજ ઉપયોગી તંત્ર અને ઉદ્યોગ એજ સુખી થવાનો ઉત્તમોત્તમ ઇલાજ છે.

જે મનુષ્ય ઉદ્યોગરૂપી નીસરણી ઉપર ચઢે છે, તે સ્વર્ગ સન્મુખ જઇ શકે છે. તેને વચમાં કોઇ અટકાવવા સમર્થ નથી. પણ અત્રે અમારે જણાવવું જોઇએ કે, સ્વર્ગ એ અન્ય કાંઇ વસ્તુ નથી પણ ઉદ્યોગના ફળનું શિખર છે. તો હવે મનુષ્યને જે રસ્તે જવું હોય, તે રસ્તે બેલાશક જાય; પણ ઉપલા વાકયને સંભારવું કે, સ્વર્ગે જવું છે કે નર્કે? જો સ્વર્ગે જવું હોય, તો ઉદ્યોગનો આશ્રય લેવો, અને નર્કે જવું હોય તો આળસ્યનું શરણ લેવું.

જે મનુષ્ય આ ઉત્તમ દેહ પામીને આળસનું સેવન કરે છે, તે કાગ ઉડાડવાને માટે ચિન્તામણિ ફેંકે છે, સુવર્ણથાળમાં માટી ભરે છે, અને હસ્તી પાસે લાકડાં વહેરાવે છે. એટલે આળસ્ય એ કાગ, ધુળ તથા લાકડાં જેવો છે અને ઉદ્યોગ એ ચિન્તામણિ, સુવર્ણથાળ અને હસ્તી જેવો છે. તો હવે વિચારો કે, ચિન્તામણિ આદિનો આવો ઉપયોગ થવો જોઇએ કે એનાથી તો ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવી જોઇએ?

તેમજ સુવર્ણથાળમાં તે ધૂળ ભરવી કે અમૃત ભરવું? અને હસ્તી ઉપર તે બેસવું કે લાકડાં નાખવાં? જેમ ઘટે તેમ કરો. તેમાં તમો તમારા સ્વતંત્ર વિચાર પ્રમાણે કરજો. કોઇની સલાહ

લેવાનું કામ નથી. જેમ તમારૂં હૃદય કહે તેમ કરજો. પણ એટલું તો ચોક્કસ ધ્યાનમાં રાખજો કે, મનુષ્યજન્મ અમૂલ્ય છે. જે જે મહાત્માઓ, યોગીઓ, વિદ્વાનો અને અનુભવીઓ થયા છે, તે સર્વ ઉદ્યોગના પ્રતાપથીજ થયા છે; માટે ઉદ્યોગ એ તો કલ્પવૃક્ષ છે, એમ નક્કી સમજવું. હવે તેનો ઉપયોગ કેમ કરવો તે પ્રત્યેક વ્યક્તિની મુનસફીની વાત છે.

જે મનુષ્ય ઉદ્યોગ ન કરતાં પ્રમાદનેજ સેવે છે, તે આ મનુષ્ય જન્મરૂપી હસ્તીને બદલે ગધેડો પાળે છે, અને કલ્પવૃક્ષને પોતાના આંગણામાંથી ઉખેડીને પ્રમાદરૂપી ધંતુરાને વાવે છે, એટલુંજ નહિ, પણ તે ચિન્તામણિ રત્ન આપીને તેના બદલામાં કાચનો કકડો લઇ ખુશી થાય છે. આવા અવિચારી મનુષ્યો પછવાડેથી જ્યારે સમજશે અને વિચારશે ત્યારે તેમને કેટલો બધો પશ્ચાત્તાપ થશે ? તેનું સહજ અનુમાન થઇ શકે તેમ છે. ગયેલી આયુષ્યની ક્ષણ પાછી મેળવવી અત્યંત દુર્લભ છે.

ઉજડ ખેડા ફરી વસે, નિરધનીયાં ધન હોય;
ગયો ન અવસર સાંપડે, મુઆં ન જીવે કોય.

માટે ગયો અવસર પાછો મળતો નથી. આ વિષે એક દૃષ્ટાંત છે, તે સંક્ષેપમાં આપું છું.

કોઇ એક ચાર મિત્ર હતા, તેઓ નાનપણથી ભેગા ભણતા, રમતા અને આનંદ કરતા હતા. તેમાં એક રાજાનો, એક કોટવાળનો, એક બ્રાહ્મણનો અને એક વાણીયાનો પુત્ર હતો. એક દિવસ રમત કરતાં રાજપુત્રે કહ્યું કે, હું જ્યારે રાજ્યાસનપર બેસીશ, ત્યારે તમને દરેકને એકેક દિવસનું રાજ્ય આપીશ. ત્યારે ત્રણે મિત્રોએ કહ્યું કે, અરે ! જ્યારે આપ તખ્તનશીન થશો, ત્યારે તો અમારી ઓળખાણ પણ શેની રાખશો ? અને અમને દર્શન પણ શાનાં

આપશો ? આ સાંભળી રાજપુત્રે કહ્યું કે, એમ કદી બનશેજ નહિ. હું તમોને આ ચીઠી લખી આપું છું, માટે તમો જ્યારે મારો રાજ્યાભિષેક થયાનું સાંભળો, ત્યારે તે લઇને ખુશીથી મારી પાસે આવજો.

હવે અમુક સમય વીતતાં રાજપુત્ર રાજ્યાસનપર બીરાજ્યો, અને તે બનાવ બન્યાને થોડો વખત વીતી ગયો. પેલા ત્રણ મિત્રો ભેગા થઇને રાજપુત્ર પાસે ગયા, અને જુની બાળપણની ઓળખાણની યાદ આપીને પેલી ચીઠી બતાવી. રાજપુત્ર તેમને જોઇને ઘણો ખુશી થયો, અને પ્રધાનને કહ્યું કે, આ દરેકને આવતી કાલથી એકેક દિવસનું રાજ્ય આપવાની મારી ઇચ્છા છે; માટે જેવી રીતે મારી સેવામાં સર્વ કોઇ રહે છે, તેવી રીતે તેમની તહેનાતમાં સર્વ કોઇ રહે, તેવો તમારે બંદોબસ્ત કરવો. આ પ્રમાણે પ્રધાનને સૂચના આપીને રાજપુત્ર કચેરી બરખાસ્ત કરીને પોતાના મહેલમાં ગયો, અને અન્ય સૌ રાજપુરૂષો પોતાને સ્થાનકે ગયા. જતી વખતે પ્રધાને બ્રાહ્મણના દીકરાને કહ્યું કે, આવતી કાલે સવારે ૭ વાગે તમો રાજ્યાસનપર બીરાજવાના છો, માટે વહેલા પધારજો. બ્રાહ્મણનો પુત્ર પણ તે પ્રમાણે આવવાનું કબુલ કરીને સ્વસ્થાનકે ગયો.

બીજે દિવસે સવારના પહોરમાં પ્રધાન રાજગઢમાં હંમેશના કરતાં જરા વહેલો આવી પહોંચ્યો. તેના પહોંચ્યા પછી થોડીવારે બ્રાહ્મણનો દીકરો પણ ત્યાં આવ્યો. પ્રધાને સર્વ જુદા જુદા ખાતાના રાજ્યાધિકારીઓને બોલાવીને કહ્યું કે આ બ્રાહ્મણ પુત્રનો રાજ્યાભિષેક કરવો છે માટે સર્વે તૈયાર થાઓ, અને સમયને અનુસરતી સર્વ પ્રકારની તૈયારી કરો. ગામમાં ઢંઢેરો પીટાવો કે અમુક બ્રાહ્મણ આજે રાજ્યાસનપર બીરાજ્યા છે, માટે આજનો દિવસ તેમની આજ્ઞા સૌએ માનવી.

રાજ્યાભિષેકની ક્રિયાની ધામધુમ અને ધમાલમાં સવારના દશ તો વાગી ગયા અને ભોજનનો વખત થયો, એટલે ભોજનગૃહમાં જઇને વિવિધ પ્રકારનાં ભોજનો આરોગ્યાં અને જમણમાં મિષ્ટાન્ન અને લાડુ મળ્યા, એટલે બ્રાહ્મણભાઇને સ્વર્ગ મળ્યું એમ જાણીને સારી રીતે હાથ માર્યો. પેટ ઠાંસીને ખાવાથી પાટલા ઉપરજ શરીરને સુસ્તી જણાવા લાગી અને ઝોકાં આવવા લાગ્યાં. પછી તો પરબારા પલંગપર પોઢવાને પધાર્યા. નિદ્રા પણ એવી મીઠી આવી કે, ઠેઠ સાંજના ચાર વાગે તે જાગ્રત થયા. ઉઠીને જુવે છે, તો સાંજ પડી ગઇ હતી. તેથી ત્વરાથી હાથ, પગ અને મોઢું સાફ કરીને કચેરીમાં ગયા. હવે સાંજે ફરવા જવાને માટે પ્રધાને ગાડી તૈયાર રખાવી હતી. તેમાં બેસારીને ગામમાં ચક્કર મારવા લઇ ગયો આખા ગામમાં સારી રીતે ગલીએ ગલીએ ફર્યા અને ફરીને કચેરી પાસે આવ્યા એટલે તો દિવસ અસ્ત થઇ ગયો હતો. પ્રધાને ગાડીપરથી તેમને ઉતારીને તેમનાં રાજા તરીકેનાં વસ્ત્રાભૂષણ લઈ લીધાં અને સ્વસ્થાનકે જવાનો હુકમ કર્યો, એટલે તે બ્રાહ્મણપુત્ર વીલું મોઢું કરીને મનમાં ખેદ કરવા લાગ્યો. અરેરે! બધું ગયું, કાંઇ ન કર્યું, એમ ચિન્તા સાથે પશ્ચાત્તાપ કરતો તે ચાલતો થયો. બીજે દિવસે પ્રધાને કોટવાળના પુત્રનો રાજ્યાભિષેક કર્યો, અને તેની પણ બ્રાહ્મણના પુત્રના જેવી જ દયાજનક દશા થઇ.

પ્રિય વાચનાર! આ બ્રાહ્મણ અને કોટવાળ તે બીજા કોઇજ નથી; પણ તે આપણે પોતેજ છીએ અને રાજ્ય તે બીજું કાંઇજ નથી; પણ આપણને મળેલ અમૂલ્ય આયુષ્ય છે. આપણે તેનો સ્નાન, ભોજન, નિદ્રા અને મોજમજાહમાં વ્યય કરીને ચિન્તામણિરત્નને બદલે કોડી લઇને તે વ્યર્થ ગુમાવીએ છીએ. પણ જો આપણામાં

સમજણ અને ડહાપણ હોય તો આપણે વાણિયાના પુત્રની પેઠે કરવું ઘટે છે.

ત્રીજે દિવસે જ્યારે વાણિયાના પુત્રને રાજ્ય મળવાનું નક્કી થયું, ત્યારે તે તો સવારમાં વહેલો પાંચ વાગે ઉઠી સ્નાન પૂજન કરીને ૭ વાગતાં કચેરીમાં હાજર થયો, અને તરતજ પ્રધાનને તથા અન્ય રાજ્યાધિકારીઓને બોલાવીને કહ્યું કે ખજાનચીને બોલાવો. ત્યારે પ્રધાને કહ્યું કે, પણ સાહેબ પ્રથમ રાજ્યાભિષેક તો કરાવો અને પછી રાજ્યખટપટમાં ઉતરજો. વાણિઆએ હાવકું મોં રાખીને જવાબ દીધો કે, ભાઇ! એક દિવસના રાજ્ય માટે વળી રાજ્યાભિષેક શા ? માટે વહેલો થા ને ઝટ કર. પ્રધાને હુકમ પ્રમાણે ખજાનચીને બોલાવ્યો. ખજાનચી આવતાં પહેલાં બીજું જે કાંઇ જોવાનું હતું તે જોઈ લીધું અને ગામમાં ઢંઢેરો પીટાવી જાહેર કર્યું કે ઉદારશા વાણિયો ગાદીએ બેઠો છે, માટે જેને માથે કાંઇ કરજ હોય અથવા જેને કોઇ પણ તરેહનું દુઃખ હોય, કે કંઇ પણ પ્રકારનો કજીઓ યા તોફાન હોય, તે સૌએ દશ વાગ્યા પહેલાં કચેરીમાં આવવું.

ખજાનચી આવ્યો ત્યારે તેને ભંડારમાંના દ્રવ્ય વિષે બધું પૂછ્યું અને બધી હકીકત જાણી લીધા પછી કહ્યું કે મારે ઘેર ચાર પેટી રત્નો ભરીને મોકલાવો અને બાકીનું બધું દ્રવ્ય અહીં લાવીને મારી સન્મુખ ઢગલો કરો. ખજાનચીએ તો હુકમ પ્રમાણે અમલ કર્યો. એટલામાં તો ગામના લોકો આવ્યા અને પોતપોતાનાં દુઃખો જાહેર કરવા લાગ્યા; ઉદારશાએ તે સર્વનાં દુઃખો છુટ્ટે હાથે દ્રવ્ય આપીને દૂર કર્યાં. આટલું કર્યા બાદ તે જમવા ગયો અને જમીને આવ્યા પછી સર્વ નોકરોને બોલાવ્યા અને તેમનાં કામ પ્રમાણે તેમને હજારોનાં ઇનામ આપી, સર્વેનાં દારિદ્ર દૂર કર્યાં. પ્રધાન વગેરેને પણ અપરંપાર દ્રવ્ય આપ્યું.

સાંજ સુધી કોઇને ગામ, કોઇને શહેર, એમ મિત્રવર્ગને આપી પોતે ૭ વાગે કચેરીમાંથી બહાર આવી, સર્વની રજા માગવા લાગ્યો, ને રજા માગી સ્વગૃહ તરફ રવાના થયો. રાજ્યના માણસો અને ગામના લોકો તેની પછવાડે જવા લાગ્યાં. રાજાએ મહેલમાંથી આ પ્રમાણે બનતું જોયું, ત્યારે પ્રધાનને બોલાવીને પુછ્યું કે આ વાણીઆ પછવાડે હજારો માણસો જાય છે, અને પેલા એની પછવાડે તો કુતરો પણ જતો નહોતો, તેનું કારણ શું ? પ્રધાને જણાવ્યું કે આ ઉદારશાહ **યથા નામા તથા ગુણા:** એટલે નામ જેવા ગુણવાળો છે. તેણે પોતાના નામ પ્રમાણે ઉદારતા વાપરીને લોકોનાં દારિદ્ર દૂર કર્યાં છે. માટે તેનો ઉપકાર લોકો કોઇ કાળે પણ ભૂલશે નહિ. તેણે આખા દિવસમાં એક મિનિટ પણ વૃથા ગુમાવી નથી. તેથી ઉલટું એક મિનીટમાં હજારો જણનાં દુ:ખ દૂર કર્યાં છે.

પ્રિય વાંચનાર ! આ વાર્તા ઉપરથી સાર એટલો લેવાનો છે કે શરીર, મન અને વચનરૂપી અમૂલ્ય ખજાનો છે, અને તેને જે સમજીને ઉદારતાથી વાપરશે, તે પોતાનું અને પરનું ભલું કરીને સુખી થશે, એમ દરેક સુજ્ઞ પુરૂષે નક્કી સમજી રાખવું જોઇએ, અને તે પ્રમાણે વર્તવું જોઇએ. જ્યાં સુધી આપણે વખતની કીંમત બરોબર કરી શક્યા નથી, ત્યાં સુધી આપણે ઘણી ઘણી બાબતોમાં પછાત–અપૂર્ણ રહેવાના છીએ, એમ ચોક્કસ માની રાખજો.

જેમ પવિત્ર સુગંધીને ભ્રમર ચાહે છે, ભૂખ્યો અન્નને ઇચ્છે છે, અશક્ત માણસ પુષ્ટિકારક અને રૂચિકર ખોરાકને ઇચ્છે છે, ગવૈયો ગાયનને વાંચ્છે છે, તેમ લક્ષ્મી ઉદ્યોગીને વરે છે.

ગોરસ જેમ સ્નિગ્ધપણાથી, કોયલ જેમ મધુર કંઠથી, અશ્વોની શ્રેણી જેમ વેગથી, ઔષધી રસ જેમ દુષ્ટ રોગના નાશથી, અને

માણસ જેમ પુન્યના પ્રભાવથી પ્રસંશાને પામે છે, તેમ ઉદ્યોગી આળસ્યને હઠાવવાથી પ્રશંસાને પામે છે.

उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः ।
नहि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥

અર્થ—જે જે કાર્યો છે, તે સર્વે ઉદ્યમવડેજ સિદ્ધ થાય છે, ફક્ત મનોરથ વા વિચાર કરવાથી સિદ્ધ થતાં નથી; કારણુ કે સુતેલા સિંહના મોઢામાં મૃગો પોતાની મેળે આવીને પ્રવેશ કરતા નથી.

આપણામાં ઘણા એવા હશે કે, જે હમેશાં મનોરથોજ કર્યા કરે છે, અને અહોનિશ એક વિચાર પડતો મૂકીને બીજો વિચાર અને બીજાને પડતો મુકીને ત્રીજો, એમ વૃથા શેખસલ્લીના વિચાર કર્યાં કરે છે, પણ એમ કરવાથી વાસ્તવિક શું ફળ થયું છે, થાય છે અને થશે, તેનો વિચાર ભાગ્યેજ કરતા હશે. જો તેઓ એકજ વિચારને નિરંતર સેવતા હોય તો જુદી વાત છે. પણ તેમ ન કરતાં તેઓ રજોગુણી વિકલ્પજાળમાં પડયા રહે છે. પણ એમને એમ કયાં સુધી ટકશે તે તમે જાણો છો ? જયાંસુધી ઉદ્યોગના ફળનો સ્વાદ એમના અનુભવમાં નથી આવ્યો, ત્યાંસુધી તેઓ તે પ્રમાણે કર્યા કરશે; પણ જયારે તેઓ એનો સ્વાદ લેશે, ત્યારે ફોકટ મનોરથો કદી પણ કરશે નહિ. અહોનિશ કામ, કામ અને કામ જ કર્યા કરવાના, એમાં જરાપણ સંશય નથી.

તમોએ ઘણે ઠેકાણે નીતિશાસ્ત્રમાં નીચેનો શ્લોક વાંચ્યો હશે.

आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः ।
नास्त्युद्यमसमो बन्धुः कुर्वाणो नावसीदति ॥

અર્થ—માણુસના શરીરમાં રહેલું આળસ એ તેનો મોટો શત્રુ છે અને ઉદ્યમ જેવો બીજો કોઈ બન્ધુ નથી; કારણુ કે તેની સાથે બંધુતા કરવાથી માણુસ કોઇ કાળે દુઃખ પામતો નથી.

હવે ભાઇઓ ! આપણે આપણા દુશ્મનો તરીકે કોને માનીએ છીએ ? બહારના માનવબન્ધુઓને, અને તેમને જ હમેશાં હેરાન કરવાના વિચાર કર્યા કરીએ છીએ. પણુ જે મોટામાં મોટો શત્રુ આપણા શરીરમાં વાસ કરીને રહ્યો છે, તેને તો આપણે જોતા પણુ નથી એ કેટલું બધું શોચનીય છે ? અરેરે ! બિચારા લોકો શું કરશે ? તેઓ તો લાકડાના પુતળા જેવા નિરપરાધી છે અને કર્મ-રૂપી દોરીથી જ તેઓ ચાલે છે. માટે એમાં એમનો શો વાંક છે ? આમ ન વિચારતાં આપણે મનુષ્યોનેજ દોષિત ગણીએ છીએ અને તેમનેજ આપણા શત્રુ માનીએ છીએ. પણુ વસ્તુતઃ તપાસતાં તેઓ આપણા શત્રુ નથી, એમ આપણુને સ્પષ્ટ સમજાયા વગર રહેતું નથી.

સ્વ-પર હિતવાંચ્છક પુરૂષે ઉક્ત શ્લોકનું અહોનિશ મનન કરવું જોઇએ, અને પોતાનું ઉત્તમ જીવન, કે જેની એક ક્ષણુ લાખો કે કરોડો રૂપિયા આપતાં મળતી નથી તેવા અમૂલ્ય જીવનને ઉચ્છિષ્ટ વસ્તુની પેઠે ફેંકી ન દેતાં એને સાર્થક કરવાની જરૂર છે. આપણું જીવન વિકથા, નિન્દા, પ્રમાદ, નિદ્રા કે આળસ્યથી કોઇને હાનિ પહોચાડવા માટે નથી, પણુ મહા ગંભીર પ્રયોજનની સિદ્ધિ માટે છે અને એ સિદ્ધિ આપણે સુતા રહીશું તો થવાની નથી, પ્રમાદ ધરશું તો મળવાની નથી, બેસી રહેશું તો પ્રાપ્ત થવાની નથી અને જોયા કરશું તો દેખાવાની નથી; પણુ રાત્રિ દિવસ એના માટે કમ્મર કસીને પ્રયત્ન કરશું તોજ, તે પ્રાપ્ત થશે–સિદ્ધ થશે.

आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठतः ।
शेते निषद्यमानस्य चराति चरतो भगः ॥

અર્થ—બેઠેલાનું નસીબ બેસી રહે છે, ઉઠેલાનું નસીબ ઉઠે છે, સુતેલાનું નસીબ સુવે છે અને ચાલનારનું નસીબ ચાલે છે.

અહા ! શી આ શ્લોકની ચમત્કૃતિ છે! ખરેખર એને યથાર્થ રીતે વિદ્વાનોજ જાણી શકે છે અને તેઓજ અહોનિશ કાર્ય પછવાડે મંડયા રહે છે. તેઓ નસીબને સુવાડતા નથી પણ જાગૃત રાખે છે. નસીબ તો ચાર ડગલાં આગળ અને આગળ એ કહેવતમાં રહસ્ય છેઃ અને તે ઉપલા શ્લોકથી સિદ્ધ થાય છે. કારણકે, આપણે સુતા હોઇએ તો નસીબ પણ બે પગલાં આગળ સુવે છે, આપણે બેસીએ તો તે પણ બે ડગલાં આગળ બેસે છે, અને જો ચાલીએ તો તે બે પગલાં આગળ ચાલે છે. માટે તે કહેવતનું તાત્પર્ય સમજીને જેમ યોગ્ય લાગે તેમ કરવું.

આપણે સારી રીતે જાણીએ છીએ કે આપણી જીંદગી પ્રથમના જ્ઞાનીઓની જેમ હજારો, લાખો કે કરોડો વર્ષની નથી, પણ બહુજ ટુંકી છે, અને તે પણ કનિષ્ટ અને ઘણે ભાગે પ્રતિકૂળ સંજોગો વચ્ચે મળી છે. હવે આવી અમૂલ્ય જીંદગીનો ઉપયોગ ન કરવાલાયક કામોમાં, ગામ ગપાટામાં, નાટક ચેટકોના વિષયોમાંજ સાર માનવામાં, વ્યસનોમાં, દુષ્ટ કાર્યોમાં અને કુસંગમાં કરવો એ કેટલી બધી મુર્ખાઇ છે? આ વાત વિવેકી પુરૂષો સારી રીતે સમજી શકે છે. અને તેથી તેઓ આવાં કામોમાં પોતાની જીંદગીની એક ક્ષણ પણ વ્યર્થ ગુમાવતા નથી.

જો તમારે સુખી થવું હોય, ખરૂં સુખ કયાં છે તે સમજવું હોય, વિદ્વાન-થવું હોય, લેખક, વક્તા કે કવિ થવું હોય, પંડિત કે પ્રોફેસર થવું હોય, સાહિત્ય, વ્યાકરણ કે ન્યાયના આચાર્યની પરીક્ષામાં પાસ થવું હોય, અખંડ કીર્તિ મેળવવી હોય, ગ્રંથકર્તા થવું હોય કે મહાત્મા થઇને દુનિયાના ઉપકારી થવું હોય તો, તમારી જીંદગીની દરેક ક્ષણ ઉપયોગી કાર્યમાં ખરચો.

व्रजन्ति न निवर्तन्ते स्रोतांसि सरितां यथा।
आयुरादाय मर्त्यानां यथा रात्र्यहनी सदा॥

અર્થ—જેમ નદીના પાણીના પ્રવાહ ચાલ્યા જાય છે, ને પાછા આવતા નથી; તેમ મનુષ્યનું આયુષ્ય હરીને જે દિવસ રાત્રિ ચાલ્યાં જાય છે, તે પણ પાછાં આવતાં નથી.

આપણે સારી રીતે જાણીએ છીએ કે એક વખત આપણે ધુળમાં રમનાર, રમતમાંજ સર્વસ્વ માનનાર, દરેક વસ્તુનો ઉપયોગ જાણ્યા વિના તે મોઢામાં મુકનાર, અને આખો દિવસ વિવિધ પ્રકારના ખેલ કરનાર બાળક હતાં. વળી એક વખતે આપણે વિષય-રસમાં લીન થનાર, નાટકોમાં કલાકો ગુમાવનાર, વેશ્યાઓના નાચ રંગ અને ગાયનમાંજ ઉત્તમતા માનનાર, ધનમાંજ સર્વસ્વ માની તેને માટે અહોનીશ પ્રયત્ન કરનાર યુવાનો હતા, અને તે અવસ્થાઓ આપણે વિજળીના ચમકારાની પેઠે અને આગગાડીના ડબાઓની પેઠે જતી જોઇ પણ તે પાછી આવી નહિ, દીઠી નહિ, સાંભળી નહિ, સ્પર્શી નહિ અને અનુભવી પણ નહિ. ત્યારે હે સુખના ઇચ્છનાર માનવી! તું શા માટે અસ્થિર પદાર્થો માટે પોતાનું અમૂલ્ય આયુ ખુવે છે? અરે! આનો તું વિચાર કર અને આયુનો સદુદ્યોગમાંજ વ્યય કર. કહ્યું છે કે:—

उद्योग: खलु कर्त्तव्य: फलं मार्जारवत् भवेत्।
जन्मप्रभृति गौर्नास्ति पय: पिबति नित्यश:॥

અર્થ—જે હમેશ ઉદ્યોગ કરે છે, તે બિલાડીની પેઠે ફળ મેળવે છે. બિલાડીને આખા જન્મારામાં ગાય નથી, તો પણ તે હમેશાં દૂધ પીએ છે.

સૃષ્ટિની સુંદરતાનું અવલોકન કરતાં અનેક ચમત્કારો દષ્ટિગોચર થાય છે, તેમાંનો ઉદ્યમ એ એક ચમત્કાર છે, અને તેનું ખરૂં સ્વરૂપ જાણવાથીજ તેની ખરી ખુબી સમજાય છે. તેની ખરી કીમ્મત, તેનો ખરો મર્મ અને તેનું ખરૂં રહસ્ય ત્યારેજ જણાય છે કે, જ્યારે તે કરવામાં આવે છે. ઉદ્યમની પ્રશંસાનાં વાક્યોને ક્રિયામાં મુકયા વગર તે **पुस्तकेषु च या विद्या**ની પેઠે ફળપ્રદ થતાં નથી.

અહાહા! ઉદ્યોગ, તારા કરતાં વિશેષ શું છે? હું ચિન્તામણી રત્નને વખાણીશ નહિ, કલ્પવૃક્ષને ઇચ્છીશ નહિ, દેવોને આરાધીશ નહિ અને મંત્રોને જપીશ નહિ; પણ તનેજ સ્તવીશ અને તનેજ જપીશ. તુંજ મારો દેવ, મંત્ર, કલ્પવૃક્ષ અને ચિન્તામણિ રત્ન છે. તુંજ મારો તંત્ર, કળા કે હુન્નર છે. તુંજ સર્વ સુખનું મૂળ, સર્વ સાધનોમાં શ્રેષ્ટ અને સર્વ કારણોમાં અનન્ય કારણ છે. હું ભાવી ભાવને ભરોસે રહીશ નહિ, કર્મના નામે રડીશ નહિ, ભવસ્થિતિના શરણે જઇશ નહિ અને નસીબનો દાસ થઇશ નહિ; પણ હું તારોજ સેવક થઇને તારીજ અહોનીશ ખરા અંતઃકરણથી ભક્તિ કરીશ.

પ્રિય સુખેચ્છુ બંધુઓ! તમે શા માટે અહોનિશ ચિન્તા કરો છો? અને વીલાં મુખ કરીને આમ તેમ શા માટે ભટકો છો? શું તમને કાંઇ સાધન મળતું નથી? શું તમને વિદ્યા નથી આવડતી? શું તમોને કાંઇ પણ તરેહની માનસિક વ્યથા છે? શું તમો હવે નિરાશ થયા છો? તો આવો મારી પાસે, હું તમોને સર્વ સુખદ જડીબુટી બતાવું, તેનું તમો એકચીત્તથી સેવન કરો, તેને ભક્તિથી આરાધો અને તેના ઉપરજ દઢ વિશ્વાસ રાખીને અનન્ય પ્રીતિથી ઉપાસો. એ શું છે? એ કાંઇ પ્રાણી પદાર્થ કે પુસ્તક નથી. એ કાંઇ કવિતા, સૂત્ર કે કથા નથી, પણ એ તમારામાંજ જન્મથી રહેલ અને તમારી સાથે મોટો થયેલ, તમારો પોતાનો સ્વભાવ-ઉદ્યમ-વીર્ય-પુરૂષાર્થ

છે. માટે એનેજ સેવશો તો તમારા મનની ગમે તેવી પીડા હશે ં
સત્વર દૂર થઇ જશે, તમારા શરીરમાં અપચો કે અન્ય કાંઇ વ્યાધ
હશે તો દૂર થશે, અન્નપર રૂચિ વધશે, શકિતની ગોળીઓ ખાવી પડશે
નહિ, તમારો કંટાળો, તમારો શોક, તમારૂં નિરાશાપણું અને તમારી
અન્ય કાળજીઓ દૂર થશે અને તમો થોડાજ વખતમાં અણધારેલ
ફેરફાર તમારી સ્થિતિમાં અનુભવશો.

આપણે હમેશાં વર્ત્તમાનપત્રોમાં નફા તોટાની વાતો બ
ધ્યાન દઇને વાંચીએ છીએ અને તે બીજાઓ પાસે કહીએ છીએ
પણ જે ક્ષણો ઉદ્યોગ વિના જાય છે, અને તેમાં જે લાખો રૂપિ
યાની નુકશાની થાય છે, તે વાત આપણે લક્ષમાં લેતા નથી; અ
વાત ખચીત છે બહુ આશ્ચર્યકારક છે. **दुर्लभो मानुषो देहो** એ
મુખથી બકયા કરીએ છીએ, પણ તે દુર્લભ કેમ છે? તેનો ક્ષણ
વાર પણ વિચાર કરતા નથી; તે ખરેખર અત્યંત શોચનીય છે
કેળવણીના પ્રકારો વાંચીએ, તેના ફાયદા સાંભળીને ચકિત થઇએ
તેની બહુજ જરૂર છે એમ મુખથી બોલીએ અને કેળવણી પામવ
અન્યને ઉપદેશ કરીએ, પણ ખરી કેળવણી શું છે? શામાં છે
તે જાણવા પોતે મથતા નથી તેનું કારણ એજ છે કે આપણે
પોતે તેનો આસ્વાદ લીધો નથી. પણ 'પઢો પોપટજી'ની પેઠે બ
વાદ કરીએ છીએ, પણ જો આપણને એના ખરા સ્વરૂપની ખબ
હોત તો અને તેની ખરી અમુલ્યતા આપણને જણાઇ હોત તો
આપણે એક ક્ષણ પણ વૃથા ગુમાવત નહીં; કારણ કે આળસ્ય
જ મુઢપણું છે અને કેળવણી એજ સત્પુરૂષાર્થ છે. તો કેળવાયે
પુરૂષ આળસુ થાયજ કેમ અને મુઢતા સ્વીકારે પણ કેમ?

પ્રિય વાચનાર! આ વાચીને તમે કેમ ચમકયા? શું તમો
તે અતિશયોક્તિ જણાઇ? શું તમોને તે અસંભવિત લાગ્યું? અરે
તમો એનું ખરૂં સ્વરૂપ સમજયાજ નથી, તેથી ચોંકો છો. પ

હવે હું એનો જરા વિસ્તાર કરૂં છું. એટલે તમો પોતાનીજ મેળે હર્ષથી મસ્તક હલાવશો.

કેળવણી એટલે મન, વચન અને કાયાને કેળવવી અને તેનું જ નામ પુરૂષાર્થ છે; કારણ કે પુરૂષાર્થ વિના તે કેમ કેળવી શકાય ? અર્થાત પુરૂષાર્થથીજ તે કેળવાય છે અને તેજ ખરી કેળવણી છે; માટે કેળવણીથી પુરૂષાર્થ જુદો નથી પણ તન્મય છે. માટે જો મન વચન અને કાયાને કેળવવાં હોય તો પુરૂષાર્થ કરો અને એક ક્ષણ પણ આળસમાં ગુમાવો નહિ. કારણ કે તમારે ઉચ્ચ સ્થિતિએ પહોંચવું છે અને તેના માટેની શ્રેણી તે એકજ છે અને તે સત્ પુરૂષાર્થ છે.

દુનિયામાં એવું એક પણ કાર્ય નથી કે જે મનુષ્ય ન કરી શકે. જો તે નબળી સ્થિતિમાં હોય અને એકજ કામ પાછળ તન મન ધનથી મંડ્યો રહે ને પોતાની જીંદગી તેનેજ અર્પણ કરે તો અમુક કાળે તેમાં જય પામે એમાં આશ્ચર્ય નથી. પણ જો ઘણી બાબતો તે સાથે લેશે તો એકકે પુરી નહિ થાય અને 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ' થઇને તેને નિરાશ થવાનો વારો આવશે એમાં જરા પણ સંશય નથી.

કોઇ પણ પ્રાણી ઉદ્યોગ વિના સારી સ્થિતિમાં આવી શકતું નથી એ આપણને પ્રત્યક્ષ દેખાય છે. આ વિષયમાં ઉદાહરણની જરૂર છે ? કારણ કે કુદરતનું બંધારણ ઉદ્યોગ ઉપરજ છે. જુઓ સૂર્ય અને ચંદ્ર પણ એક ક્ષણ વિશ્રાંતિ લે છે ? તેઓ તો ઉદ્યોગનેજ વિશ્રાંતિ માને છે. હવે જો તેઓ આળસ્ય કરીને એક ઠેકાણે બેઠા રહે તો દુનિયાને કેટલી બધી હાનિ પહોંચે ? કારણ કે આળસ્ય એ અધમ સ્થિતિમાં લઈ જનાર છે; માટે ઉદ્યોગરૂપી કલ્પવૃક્ષ પામીને આળસ્ય રૂપી ધંતુરાની વાંચ્છા કરવાની કોઇને કંઇજ જરૂર નથી.

મેઘ વિના જેમ સરોવર જળવડે સંપૂર્ણ ભરાતું નથી, સૂર્યનાં કિરણો વગર જેમ જગત્ પ્રકાશિત થતું નથી, ચંદ્રના શાન્ત પ્રકાશ વિના જેમ રાત્રિનો અંધકાર છેક ટળતો નથી; તેમ ઉદ્યોગ વગરનો મનુષ્ય પોતાના મનની ઇચ્છાઓ પૂર્ણ કરી શકતો નથી.

જો તમારે મધુર ભોજનમાં ઝેર નાંખવું હોય, સ્નિગ્ધ રસવાળા દુધમાં, સ્વાદની ઇચ્છાથી હરતાળનું પાણી રેડવું હોય, ઠંડા ચંદન રસમાં કૌવચનું ફળ નાખવું હોય, લાકડા માટે કલ્પવક્ષને છેદવું હોય, થોડા ચુના માટે ચિન્તામણિને અગ્નિમાં નાંખવો હોય, એક લોખંડના ખીલા માટે વહાણને તોડવું હોય, ગધેડી લેવા માટે કામધેનું આપવી હોય, ધુળના ઢગલામાં મણિ નાંખવો હોય, કાગ ઉડાડવા માટે રત્ન ફેંકવું હોય તથા સુવર્ણ થાળમાં કચરો ભરવો હોય, તો આ તમારા મનુષ્યદેહમાં આળસ્યનો વાસ થવા દેજો; કારણ કે મારવાડ દેશમાં કલ્પવૃક્ષ શોધવાથી મળતું નથી અને મહા ભયંકર અટવીમાં સુંદર નગર જોવાને મળતું નથી, તે પ્રમાણે આળસ્યમાંથી સુખ મેળવવા ઇચ્છનારને તે કદી પણ મળતું નથી.

ચંદ્ર જેમ પૃથ્વીને શાન્તિ આપે છે, તેમ સદુદ્યોગ દુઃખી મનુષ્યને શાન્તિ આપે છે. સૂર્ય જેમ પ્રકાશથી અંધકારને દૂર કરે છે, તેમ સત્પુરૂષાર્થ આળસ્યરૂપી અંધકારને અળગો કરે છે. મેઘ જેમ પવિત્ર અને સ્વચ્છ પાણીની વૃષ્ટિ કરે છે, તેમ સદુદ્યોગ હમેશાં સુખની વૃષ્ટિ કરે છે. માટે હે ! સુખવાંચ્છકો, તમે માત્ર મનોહર વૈભવ પાછળ દોડશો નહિ; કારણ કે આ જગતમાં એવા ગાંડા તો ઘણા હોય છે. માત્ર અનુષ્ઠાન પાછળ પણ મંડશો નહિ; કારણ કે આકરા વિધિ કરનારા પણ ઘણા હોય છે અને તરંગ તથા મનોરથ પાછળ પણ પડશો નહિ; કારણ કે તેવા પણ બહુ હોય છે. કેવળ સત્પુરૂષાર્થ કરનારા આ દુનિયામાં જવલ્લે જ દેખાય છે; માટે હે

બંધુઓ ! તે પુરૂષાર્થદેવની જ આરાધના કરો; તેમાં સર્વ સદ્ગુણ પ્રાપ્તિના સાધનોનો સમાવેશ થઇ જાય છે.

તમોને ખબર છે, કે ઉદ્યોગી પુરૂષો પુત્ર ઉત્પન્ન થવાથી બહુ ભારે ખુશી નથી થતા, પણ ઉદ્યોગથી તેઓ વધારે ખુશી થાય છે. દેવીના પ્રસાદથી જેટલા તેઓ પ્રસન્ન નથી થતા, તેટલા સત્પુરૂષાર્થ કરવાથી થાય છે. ઐશ્વર્યની પ્રાપ્તિથી જેટલા તેઓ વિકસિત નથી થતા, તેટલા તેઓ ઉદ્યોગ રસમાં મગ્ન થવાથી થાય છે. લક્ષ્મીના વિવિધ પ્રકારના સંયોગથી જેટલા તેઓ ખુશી નથી થતા, તેટલા સદુદ્યોગરૂપી આંતરિક સિદ્ધિથી પ્રસન્ન થાય છે અને વહાલાંઓના મેળાપથી જેટલા તેઓ ખુશી નથી થતા, તેટલા ઉદ્યોગરૂપી ચિન્તામણી પ્રાપ્ત થયેથી થાય છે.

ઉદ્યોગી પુરૂષો જ્યારે ઉદ્યોગના આનંદના ઘેનમાં હોય છે, ત્યારે તેઓ વિલંબને ગણકારતા નથી, ધ્યાનાની દરકાર રાખતા નથી, શૂરવીરતા શોધવા બહાર ભટકતા નથી, ગતિકલ્પિત કરવા પુસ્તકોના સમૂહ અવલોકતા નથી; અને વંશવૃદ્ધિની વાંચ્છના રાખતા નથી, પણ સર્વ કાર્યના સાધક એવા ઉદ્યોગથી પાછળ તન, મન અને ધનથી મંડયા રહે છે અને તેને જ સેવે છે, તેજ ઉપાસે છે અને તેનાથી જ પ્રસન્ન રહે છે.

ઉદ્યોગી પુરૂષો દૈવી કે માનુષી સંપત્તિઓ પ્રાપ્ત કરવાને માટે કોઇ દેવને યંત્ર, મંત્ર કે તંત્રથી આરાધતા નથી, પણ ઉદ્યોગને જ આરાધે છે. ચંદ્ર સરખી પ્રકાશમાન કીર્તિ માટે તેઓ અન્ય સ્થળે ભટકતા નથી, પણ એક જ ઠેકાણે ઉદ્યોગ કર્યા કરે છે. સર્વ ઉત્તમ શક્તિઓ પ્રગટ કરવા એને જ સેવે છે અને ઋદ્ધિ સિદ્ધિઓ એમાંથી જ મળશે, એવા દૃઢ નિશ્ચય કરી તેની પાછળ જ

અહોનિશ મંડયા રહે છે. એટલું તો સર્વ કોઇએ નિશ્ચય ગોખી રાખવું જોઇએ, કે સારી રીતે સેવેલો ઉદ્યોગ માણુસોના પ્રેમને વિસ્તાર્યા વગર રહેતો નથી, ચારે દિશામાં અખંડ યશનો ડિંડિમ વગાડયા વગર રહેતો નથી, પવિત્ર કીર્તિને પુષ્ટ કર્યા વિના તે શાંત થતો નથી, સુંદરતાની લહેરો ચખાડયા વિના તે અટકતો નથી, કલ્યાણુની કે શોભાની પરંપરા લાવ્યા વિના તે રહેતો નથી, આશ્ચર્યની ખુબીઓ ચખાડયા વિના તે શાન્ત થતો નથી, ધૈર્યની ખરી ખુબીઓનાં દર્શન કરાવ્યા વિના તે વિશ્રામ લેતો નથી, દેવલોકનું સુખ અહીં આપ્યા વિના તે બેસતો નથી અને મુક્તિસુખ પમાડયા વિના તે બંધ થતો નથી; કારણુ કે આપણે પ્રત્યક્ષ દેખીએ છીએ, કે પારીસના જેવી સુંદરતા, અમેરીકાના જેવી હુન્નરકળા, અને યુરોપના જેવી ધનિકતા ઉદ્યોગ વિના મળતી નથી. તે સર્વે ઉદ્યોગરૂપી વૃક્ષનાં જ ફળ ફુલો છે.

ઉદ્યોગી પુરૂષ જે કામ કરવા માંડે છે, તેની પછવાડે અજર અમરવત્ થઇને મંડયો રહે છે. એ ભયને ભગાડે છે અને મોતને મારે છે. એ નિર્બળતા ધારણુ કરતો નથી, પણુ સબળતાને સેવે છે. મદોન્મત્ત હાથીનો, ક્રોધાતુર કેસરીસિંહનો, ફણિધર સર્પનો, પારાવાર સમુદ્રના પાણીનો, ભયંકર રોગોનો, ચોરોનો, બંધનોનો, રણસંગ્રામનો, અગ્નિનો અને ટુંકામાં કહીએ તો પદાર્થ માત્રનો ભય એને રહેતો નથી; કારણુ કે એ જાણે છે, કે આ દુનિયામાં મનુષ્યપ્રાણી સર્વે પ્રાણી પદાર્થો કરતાં બળવાન, બુદ્ધિમાન અને સામર્થ્યવાન છે, તો પછી આ બીચારા નિર્બળ પદાર્થોથી શા શારૂ બીવું ? આમ વિચારીને તે નિડર અને બેધડક રહે છે. પવનને વશ તે થતો નથી, પણુ તેને પોતાને વશ કરે છે; તેમ અગ્નિને વશ પણુ તે થતો નથી, પણુ ઉલટો તેને પોતાને વશ કરે છે. હરિણુ જેમ શ્રોત્રને વશ થઇને પ્રાણુ ખુવે છે, પતંગીયો જેમ ચક્ષુને વશ

થઇને જાન ગુમાવે છે, મીન જેમ રસને વશ થઇને જીવ ખુએ છે અને ભ્રમર જેમ ઘ્રાણને વશ થઇને દેહ ગુમાવે છે, તેમ મનુષ્યો એકેક ઇન્દ્રિને વશ થઇને પ્રાણ તજતા નથી, પણ એ દરેકને પોતાને વશ કરીને વિષય ઉપર વિજય મેળવીને પોતે આનંદમાં મગ્ન રહે છે; એટલું જ નહિ, પણ મન જેવા બળવાન અજેય યોદ્ધાને પણ મનુષ્ય વશ કરે છે, તો અન્યની શી ગણતરી?

અહાહા! મનુષ્ય, તારી શકિતની તુલના કરવાને આ સૃષ્ટિમાં કોણ સમર્થ છે? તારૂં અનુકરણ કરવાની કોણ હિમ્મત કરે તેમ છે? શું વાઘ, વરૂ કે સિંહ તારી બરોબરી કરશે? શું બળદ, ગાય કે ભેંસ તારે તોલે આવશે? શું ખર, ઘોડો કે ઉંટ તારૂં અનુકરણ કરી શકશે? શું કપિ, શ્વાન કે ગજ તારી સમર્થ શક્તિની સ્પર્ધા કરવા તત્પર થશે? નહિ, નહિ; એમ કદી બનવાનું જ નથી. અરે! તું તો આ બધાને વશ કરનાર, કાબુમાં રાખનાર નરવર છે. તું દેવતાઓને વશ કરે, ઇન્દ્રને નમાવે અને સુર અસુરને તાબે કરે તેવો દેવેંદ્ર છે. તારી શકિત, તારૂં જ્ઞાન, તારૂં દર્શન અને તારૂં બળ તો ઓર જ છે. તારા દર્શન માટે દેવો બિચારા ટગમગ ટગમગ પોતાને સ્થાનેથી જોયા કરે છે, તારી સેવા માટે ઇન્દ્રો પોતાને ભાગ્યશાળી માને છે અને તારી પ્રાર્થના માટે તેઓ તત્પર રહે છે; પણ તે બધાનું કારણ શું છે? તું સત્પુરૂષાર્થની આરાધના કરી તે બધા કરતાં પણ ઉચ્ચ પદ પ્રાપ્ત કરવાને સમર્થ છે. આ કારણને લીધે જ તે ઉચ્ચ યોનિવાળાઓ પણ તને દર્શનીય માને છે.

અરે બંધુઓ! ઋષભદેવ કોણ હતા અને મહાવીર કોણ હતા, તે તમે જાણો છો? તે કોઈ અન્ય ન હતા, પણ ઉત્તમ સદુદ્યોગી પુરૂષો હતા અને તેથી જ તેઓ પૂજનીય થઇ ગયા છે. એમનામાં જે શક્તિ હતી, તે તેમણે બહાર પ્રગટ કરી દર્શાવી, પણ

તમે હજી તેવી તમારી શક્તિ ગોપવી રાખી છે. વસ્તુતાએ તેવી શક્તિ તમારામાં પણ છે; માટે હવે તમે બહાર ફાંફાં મારવાનું મુકી દઇને તમારામાં જ શોધ કરો અને તમારી આંતરશક્તિને બહાર લાવવાને સંપૂર્ણ બળથી પ્રયત્ન કરો. જો તમે તમારી પોતાની શક્તિ ઉપર આધાર રાખશો, તો એક દિવસ એવો આવશે, કે જે દિવસે તમે ખરેખરા નર તરીકે ગણાશો અને ઇતિહાસપટ ઉપર તમારૂં પવિત્ર નામ નોંધાઈ રહેશે; માટે તમે હવે નિરાશ થવાનું મુકી દઇને સદુદ્યોગ કરવાનું શરૂ કરો.

હે વાચક! જો તારા કુળની નિર્મળ પ્રશસ્તિ તારે ચંદ્ર મંડળમાં દાખલ કરવી હોય, તારા કીર્તિ સમૂહને વાયુનો સોબતી કરીને સર્વત્ર ફેલાવવો હોય, તારા યશને દેવાંગનાઓના મુખદ્વારા દિવ્ય ભોજનની પેઠે પ્રીતિપૂર્વક પાન કરાવવું હોય તથા તારા નામનું યોગીશ્વરોદ્વારા સિદ્ધની પેઠે ધ્યાન કરાવવું હોય તો ઇચ્છિત અર્થને દેનાર, કામકુંભ સમાન સત્પુરૂષાર્થ કર.

શાસ્ત્રોમાં મંત્રનાં વર્ણનો અને તેમનાં ફળો જે જે બતાવ્યાં છે, તે મંત્રો અન્ય કાંઇ નથી, પણ સત્પુરૂષાર્થ વિના કાર્યસિદ્ધિ નથી અને કાર્યસિદ્ધિ એજ મંત્રનું ફળ છે. સર્વ મંત્રોમાં શિરોમણી મંત્ર ઉદ્યોગ છે. તેને સેવનાર વિઘ્નોથી બીતો નથી, પણ તેમની સમક્ષ તીક્ષ્ણ ઉદ્યોગરૂપી ખડગ લઇને ઉભો રહે છે અને તેમને હઠાવી આગળ પ્રયાણ કરે છે.

આપણે એવા ઘણા યોગીઓને જોઇએ છીએ, કે જેમનો એક હાથ ઉંચો હોય છે અને તે કેમે કર્યો નીચો થતો નથી, પણ સુકા વૃક્ષની પેઠે ઉભોજ રહે છે; એનું કારણ શું? એનું કારણ એ છે, કે તેમણે એ હાથથી કાંઇ ઉદ્યોગ યા મહેનતનું કાર્ય કર્યું નથી; તેથી તેમણે આખા હાથની શક્તિ ખોઇ દીધી હોય છે, તેમજ તમો પણ

જો તમારાં તન મનને કેળવશો નહિ, તો તમારાં તન મન કટાઇને તે યોગીના હાથની પેઠે નિર્બળ અને નિરૂપયોગી થઇ જશે અને પછી તમારે પસ્તાવાનો વખત આવશે; માટે અત્યારથી જ ઉદ્યોગ કરી, તન મનને પુષ્ટ કરો, કે જેથી આગળ પ્રસન્ન થવાનો વખત આવે.

ઘણા માણસો ઉંચા પર્વતો જોઇને ગભરાઇ જાય છે અને મનમાં અનેક પ્રકારના તર્કો કરે છે, કે તેના ઉપર કેમ ચઢાશે? તેના શિખર સુધી કેમ પહોંચાશે? અરે! એટલે બધે ઉંચે શી રીતે જવાશે? આવા આવા તર્કો કરી તેઓ નિરાશ થઇ જાય છે, પણ જ્યારે બીજાઓને ચડતા જુવે છે, ત્યારે તેમની દેખાદેખીએ ચડવા માંડે છે અને 'કાંકરે કાંકરે પાળ બંધાય, અને ટીપે ટીપે સરોવર ભરાય,' એ કહેવત અનુસાર પગલે પગલે ડુંગર ચઢી જાય છે અને આખરે થોડા જ વખતમાં ડુંગરને શિખરે પહોંચે છે. ત્યારબાદ પાછળ ફરીને જુવે છે તો દેખાય છે, કે હું બહુ ઉંચો આવ્યો છું. તેવી જ રીતે ઘણા માણસો કોઇ પણ કાર્યનો આરંભ કરે છે ને તરત જ વિચારે છે કે એ ક્યારે થશે? આ તો બહુ જ મોટું કામ છે, મારામાં તે કરવા જેટલી શકિત ક્યાં છે? આવા આવા વિચારો કરી એ કાર્ય પડતું મુકે છે અને આખર ડુંગરના શિખરની પેઠે કાર્યના શિખરપર ચડવાને અસમર્થ રહે છે. કહેવાનું તાત્પર્ય એજ છે, કે જો કરવા માંડીએ તો સર્વ થાય, પણ ફક્ત મનોરથો કર્યા કરીએ તો કાંઇ થાય નહિ.

ભાઇઓ! વિઘ્નો એ કાંઇ રાક્ષસ, ભૂત, પિશાચ, દેવ, દાનવ કે ડાકણ નથી, પણ આપણી પરીક્ષા કરવાને કુદરતથી નિર્માણ થયેલ કસોટીઓ છે અને તે કસોટીઓમાંથી આપણે નીકળી શકીએ, તો આપણામાં કાર્ય કરવાનું સામર્થ્ય આવે છે. દરેક કાર્ય કરી

શકવાના અધિકારીપણાની જરૂર છે અને તે અધિકારીપણું આવ્યા સિવાય કોઇપણ કાર્ય રૂડી રીતે થઇ શકતું નથી. વિઘ્નોરૂપી કસોટીઓ, કાર્ય કરવા ઇચ્છનાર પુરૂષ અધિકારી છે કે નહિ, તેની તપાસ કરે છે અને તે અધિકારી જણાય તો તેને કાર્ય પાસે જવા દે છે, નહિ તો તેને ત્યાં જ અટકાવી રાખે છે. તો પછી હે સમર્થ સિંહનાં સંતાનો ! તમે વિઘ્નોથી બીઓ છો શા વાસ્તે ? વિઘ્નો એ તમને નુકશાન કરનારાં નથી, પણ લાભ કરનારાં છે. તેઓ અધિક બળથી કામ કરવાની શક્તિ તમારામા ઉત્પન્ન કરીને પરિણામે તમને નિરાશ ન કરતાં ફતેહ અપાવે છે; માટે તેમના સમાગમથી તમારે ખુશી થવાનું છે, પણ બીવાનું નથી. જે જે નરવીરો વિઘ્નોની સામે પ્રયત્ન કરીને લડયા છે, તેમનાં નામો આજ દિવસ સુધી ધર્મશાસ્ત્રોમાં અને ઇતિહાસોમાં સંભળાય છે, ગવાય છે અને પૂજાય છે.

રસોઇને માટે જેમ અગ્નિ અને બળતણની જરૂર છે, ઘટ માટે જેમ નિર્મળ માટીના પિંડાની જરૂર છે અને પટ માટે જેમ સુતરના બારીક તંતુઓના સમૂહની જરૂર છે, તેમ સંપત્તિ માટે ઉદ્યોગની જરૂર છે. ઉદ્યોગ વિના સંપત્તિ પ્રાપ્ત થતી નથી, એમ સર્વ કાળના અને સર્વ ક્ષેત્રના વિદ્વાનોએ પોતાની અમૃતમય વાણીથી કહ્યું છે, લખ્યું છે અને ગાયું છે. નદીના પ્રવાહો જેમ સમુદ્રની શોધમાં ફરે છે, કમળાક્ષી યુવતીઓ જેમ યુવકોની શોધમાં ફરે છે, વિદ્યાઓ જેમ વિનયવંતને ખોળે છે, કિરણો જેમ સૂર્યને ઇચ્છે છે, વેલો જેમ વૃક્ષને ચાહે છે અને તારાઓ જેમ ચંદ્રની સમીપતાને ઇચ્છે છે, તેમ સર્વ પ્રકારની બાહ્ય અને આંતરિક સંપત્તિઓ પુરૂષાર્થને જ ચાહે છે, શોધે છે, વરમાળ આરોપે છે અને વરે છે.

જેમ મળ દૂર કરવાને સારૂ પાણીને શોધો છો, વસ્ત્ર સાફ કરવાને સારૂ ખારાને અને સાબુને શોધો છો, શસ્ત્ર ઘસવાને શરાણ

કરાવો છો, સુવર્ણની પરીક્ષા માટે તેને અગ્નિમાં નાંખો છો, નેત્રને સુંદર અને ચળકતાં કરવાને સારૂ અંજન આંજો છો, તેમ સંપત્તિ પ્રાપ્ત કરવાને માટે સત્પુરૂષાર્થ કરવા સદોદિત તૈયાર રહો.

પ્રથમ તો વિઘ્નપ્રનાલિકામાં પ્રવેશ કરવો જ જોઇએ. એટલું તો ખરૂં જ કે તમો પ્રખ્યાત થવા ઇચ્છો છો, લોકોમાં અખંડ કીર્તિ સ્થાપવા અને અમર નામ રાખવા ચાહો છો. એથી તમારે માટે વિઘ્નોની બહુ જરૂર છે; કારણ કે વિઘ્નથી તમારા આંતરબળની પરીક્ષા થાય છે. જે વિઘ્નોવડે ફરી ફરીને હણાયો; છતાં પણ કાર્ય-સિદ્ધિ કરી શકે છે, તે બીજી વખત વિઘ્નો આવતાં તેમની સન્મુખ નિડર થઈ ઉભો રહે છે; એટલું જ નહિ, પણ ઉત્સાહથી તે વિઘ્નોનો નાશ કરી, ધારેલ કાર્ય પાર પાડે છે.

જે મનુષ્યને શ્રેષ્ટ ગુણ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય, તેણે તો નિશ્ચય કરવો, કે 'સંકટની સામે બાથ ભીડવી એ જ તેને જીતવાનો ઉપાય છે. હું અમુક કાર્યસિદ્ધિ કરીશ જ.' આવા નિશ્ચયમાં જ અલૌકિક અંશની પ્રતીતિ થાય છે અને તે જ અધ્યાત્મવિદ્યાનું ખરૂં રહસ્ય છે. એના વાસ્તવિક સ્વરૂપને યોગવેત્તાઓ જ જાણે છે અને તે જ પુરૂષાર્થનો મૂળ મર્મ છે.

પવિત્ર મનોહર ઠંડા પાણીની શીતળ લહેરોથી જેમ સરોવર મનુષ્યોનાં મન હરણ કરે છે, ચિત્તાકર્ષક, પવિત્ર, સુંદર, સુગંધી કમળ જેમ મનુષ્યોના ચિત્તને આકર્ષે છે, દુધનાં જેવાં શ્વેત કિરણો-વાળો ચંદ્રમા જેમ રાત્રીમાં મનુષ્યોના મનને શીતળ પ્રકાશ આપીને પ્રમોદિત કરે છે, તેજસ્વી કિરણોથી સર્વત્ર વ્યાપક સૂર્ય જેમ દિવસે મનુષ્યોના મનને પવિત્ર કરે છે, મદોન્મત્ત પર્વતના જેવો ઉંચો હાથી મદથી જેમ પોતાના ધણીને પ્રસન્ન કરે છે, નેત્રમણિ પુત્રરત્ન જેમ પોતાના પિતાના ચિત્તને વલ્લભ લાગે છે તથા સુશીલવતી, વિનયવતી અને લાવણ્યવતી પતિવ્રતા સ્ત્રી જેમ

પોતાના અપૂર્વ પ્રેમથી પતિના ચિત્તને પ્રસન્ન રાખે છે, તેમ સત્પુરૂષાર્થ મનુષ્યોનાં તન અને મનને શાંતિ આપી પ્રસન્ન રાખે છે.

જો અહોનિશ પ્રેમપૂર્વક વિધિથી દાન આપ્યાં છતાં કંઇ લાભ જણાતો ન હોય, નિર્મળ શિયળ પ્રેમપૂર્વક અને બહુ કાળ પર્યંત સેવવા છતાં વસ્તુતત્ત્વની પ્રાપ્તિ ન થઇ હોય, દ્વાદશ ભેદે અઘોર તપ તપ્યા છતાં શરીર સુકાયા સિવાય કાંઇ ફાયદો જણાયો ન હોય, ભયંકર વનમાં સિંહ, વાઘ અને વરૂના ભયંકર નાદોની વચ્ચે ધ્યાન ધરીને રહેવા છતાં તત્ત્વપ્રાપ્તિ થઇ ન હોય, અનેક દેવીની મૂર્ત્તિઓને વિવિધ જાતિના પદાર્થોવડે પૂજવા છતાં કંઇ પણ ફેરફાર થયો ન હોય, તો હવે આત્મ સન્મુખ થવાનો પુરૂષાર્થ સ્થિરચિત્તે, અત્યંત પ્રીતિ–ભક્તિપૂર્વક, જંગલમાં કે અન્ય ક્યાંઈ પણ ગયા વિના, જ્યાં તમે રહેતા હો ત્યાં જ એકાંત સ્થાનમાં કરો.

અહાહા પુરૂષાર્થ! તારા માટે કવિવરો પોતાના અમુલ્ય પુસ્તકરત્નોમાં વિવિધ પ્રકારે જે લખી ગયા છે, તે સર્વેનો અત્રે સમાવેશ કરીએ તો વિસ્તાર વધી જાય; માટે એકાદ ઉદાહરણ આપીએ છીએઃ—

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मी
दैवेन देयमिति कापुरुषा वदन्ति ।
दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या
यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः ॥

અર્થ—ઉદ્યોગી પુરૂષરૂપ સિંહને લક્ષ્મી વરે છે. નસીબમાં હશે તો મળશે, એમ હલકા માણસો એટલે મૂર્ખ લોકો બોલે છે; માટે બુદ્ધિમાને નસીબને હણીને પોતાની શક્તિ પ્રમાણે પુરૂષાર્થ કરવો અને યત્ન કરવા છતાં પણ કાર્ય સિદ્ધ ન થાય, તો તેમાં

શો દોષ છે ? એટલે તપાસ કરીને જોવું, કે સાધનો બરાબર વાપરતાં આવડયાં છે કે નહિ ? અથવા પોતાની બીજી કાંઇ ભૂલ થઇ છે કે કેમ ? તે શોધી કાઢવું પણ નસીબ ઉપર હાથ મૂકીને બેસી રહેવું નહિ.

ભાવાર્થ—લક્ષ્મી, બાહ્ય અને આંતર, વર શોધવા એટલે પતિ શોધવા નીકળી, પણ તેને કોઇ પસંદ પડયો નહિ. જ્યાંજ્યાં તે ગઇ, ત્યાંત્યાં આળસુના સમૂહો તેની નજરે પડયા. એમ કરતાં એક ઉદ્યોગી પુરૂષ મળ્યો, તેને પ્રેમપૂર્વક પોતે વરી અને આળસુઓને કહે છે, કે હે મુર્ખાઓ ! નસીબ નસીબ કરીને શું બેઠા છો ? નસીબને હણીને તમારામાં જેટલી શકિત હોય, તેટલો પુરૂષાર્થ કરો. આ પ્રમાણે કરશો તો નસીબ એની મેળે સારૂં થઇ જશે અને સારૂં ફળ આપશે.

અહાહા ! પુરૂષાર્થ, તારી બલિહારી છે. અરે ! તારા સમાન સુખ આપનાર આ જગત્‌માં શું છે ? અર્થાત્ કોઇ જ નથી. પૂર્વે આર્ય દેશની જે ઉન્નતિ થઈ હતી, તે કોનાથી ? તારાથી જ. અને હમણાં જે અધોદશા થઇ છે, તે કોનાથી ? તારા વિયોગથી જ. અરેરે ! જ્યાં સૂર્ય નથી, ત્યાં અંધકાર અવશ્ય દેખાય છે જ. હે પુરૂષાર્થ ! તું જ્યાં નથી, ત્યાં દુઃખ, દારિદ્રતા આદિ અનેક સંકટો આવી જ પડે છે. જેમ સૂર્યના વિયોગથી નિર્મળ કમળનું તેજ નાશ પામે છે, તેમ જ તારા વિયોગથી આ આર્યદેશરૂપી કમળ સુકાઇ ગયું છે. જેમ પતિના વિયોગથી પતિવ્રતા સ્ત્રીનાં ગાત્ર શિથિલ થઇ જાય છે, તેમ તારા વિયોગથી આ આર્યભૂમિરૂપ સ્ત્રીનાં ગાત્ર શિથિલ થઇ ગયાં છે. અહાહા ! તારી અલૌકિક શકિત જાણવાને યોગિઓ શિવાય કોણ સમર્થ છે ? અર્થાત્ કોઇ જ નથી.

જેમ વનમાં સિંહને જોઇને મૃગાદિ પશુઓ પલાયન કરી

જાય છે, તેમ તને જોઇને દુષ્ટ ઉપદ્રવરૂપી પશુઓ સત્વર નાશ પામે છે; જેમ ભીમને જોઇને દુષ્ટ દુર્યોધનનાં ગાત્ર કંપતાં હતાં, તેમ તને જોઇને આળસયને કંપારી છુટે છે; જેમ અર્જુનના ગાંડીવ ધનુષ્યને જોઇને કૌરવોનાં અંતઃકરણ તૂટી પડતાં હતાં, તેમ તને જોઇને સંકટોને ત્રાસ થાય છે.

અહાહા! જ્યાં તું છે, ત્યાં જ સુખ છે; તું છે, ત્યાં જ આનંદ છે અને જ્યાં તારી છાયા છે, ત્યાં જ શાન્તિ છે. તારા વગર કોઈ પણ સ્થળે સુખ છે જ નહિ.

હે પુરૂષાર્થ ! તારૂં નામ તો બેસવાને ઠેકાણે, સુવાને ઠેકાણે, જમવાને ઠેકાણે અને આખા ઘરમાં સર્વત્ર લખી રાખવું જોઇએ; એટલું જ નહિ, પણ હૃદયપટ ઉપર કોતરી રાખવું જોઇએ.

હે પુરૂષાર્થ ! તારા પ્રતાપથી જ નેપોલીયન ત્રણ વખત યુરોપને ધ્રુજાવી શકયો હતો અને તારાથી જ પરમાત્મા મહાવીર પ્રભુ અનેક દુઃસહ પરિસહોને સહન કરી શકયા હતા તથા કર્મ-રૂપી મહા યોદ્ધાઓને બાળીને ભસ્મ કરી શકયા હતા. તારા પ્રતાપ-થી જ હેમચંદ્રાચાર્ય કળિકાળમાં સર્વજ્ઞનું પદ પ્રાપ્ત કરી શકયા હતા અને ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, જ્યોતિષ, વૈદક, આદિ અનેક શાસ્ત્રોનાં હજારો પુસ્તકો લખી શકયા હતા. તારાથી જ મહાત્મા યશોવિજયજી કાશીમાં પંડિતોની સભાનો પરાજય કરી શકયા હતા અને તત્વજ્ઞાનના અનેક ગ્રંથો રચવા સમર્થ થઈ શકયા હતા. અહા પુરૂષાર્થ તારી કૃપા, એ જ સર્વે કાર્યોને શક્ય બનાવવાનું બીજ છે. તારી કૃપાથી જે કામ ન થયું, તે અન્ય કોઇ ઉપાયવડે કદી થવાનું નથી, એ સત્ય છે. પૃથ્વીમાં બીજા ઘણા ગુણોવાળાં તત્ત્વો છે, પરંતુ હે પુરૂષાર્થ ! તારૂં પરાક્રમ તે તારામાં જ છે; અન્ય વસ્તુમાં

તે અલભ્ય છે. આ પૃથ્વી ઉપર મોટા મોટા ઘણા પર્વતો છે, પણ જેમ મેરૂ પર્વતનો મહિમા જુદોજ છે, તેવી રીતે શકિતવાળા તત્ત્વોમાં હે પુરૂષાર્થ ! તારો મહિમા પણ કંઇ અનેરો જ છે.

વાયુએ અનુગ્રહ કરેલો એવો અતિશય પુષ્પોનો સુગંધ જેમ દિશાઓને વ્યાપ્ત કરી નાંખે છે, તેમજ હે પુરૂષાર્થ ! આ વિશ્વમાં તારા અનુગ્રહથી સર્વ સુખો પ્રાપ્ત થઇ શકે છે. અહા પુરૂષાર્થ ! તારા દેખતાં આજકાલ પૃથ્વી ઉપર દુઃખોનો સમૂહ જ્યાંત્યાં દેખાય છે, એ જોઇને તને શું લજ્જા પ્રાપ્ત થતી નથી ? સૂર્યને જોઇને શું અંધકાર રહી શકે છે ? કેસરીસિંહને જોઇને શું મૃગો તેની પાસે જઈ શકે છે ? કદિ જ નહિ; પણ હાલ તો હે પુરૂષાર્થ ! તારા દેખતાં આલસ્યરૂપી શત્રુ આખા આર્યદેશને પાયમાલ કરી રહ્યો છે. આ જોવા છતાં તું મૌન ધારણ કરીને શાન્ત બેસી રહ્યો છે; માટે તારી આર્યદેશ ઉપર હાલ કૃપા જ કયાં છે ? અરે શું મેઘ કદી એમ વિચારે છે, કે અમુક સ્થાન ખરાબ છે; માટે મારે ત્યાં ન વર્ષવું ? સૂર્ય શું શુદ્રને ઘરે પ્રકાશ નથી કરતો ? અરે પુરૂષાર્થ તું હાલ શુન્ય ચિત્તવાળો શા માટે જણાય છે ? હા, હા; યાદ આવ્યું. તેમાં તારો વાંક નથી. તું તો સદા પ્રકાશિત જ છે, તું તો કરૂણાથી હમેશાં વરસ્યા જ કરે છે; પણ અમો જ નિર્ભાગી છીએ, ભકિત વગરના પણ અમો જ છીએ. સૂર્યને જોઇને જેમ ઘુવડ દ્વેષ કરે છે, તેમ અમો તને જોઇને દૂર ભાગીએ છીએ. જેમ કોઇ મૂર્ખ સૂર્યનો પ્રકાશ પોતાના ઘરમાં પ્રવેશ ન કરે, માટે દ્વાર બંધ કરે છે; તેમ અમો પણ તું અમારામાં પ્રવેશ ન કરે, માટે દૂર ભાગીએ છીએ: પણ તેમ છતાં તું તો સર્વદા હિત કરવા જ તત્પર છો. અરે ! તારા ગુણોની પીછાન નહિ કરવાની અમોને જ દુર્બુદ્ધિ થઇ છે.

જેમ મૃગલાંઓ ઝાંઝવાનું જળ દેખી તેની સન્મુખ પીવાને

દોડે છે, તેમ અમો પણ આળસ્યરૂપી ઝાંઝવાનું જળ દેખી, તેની સન્મુખ જઇએ છીએ, પણ આખરે જેમ મૃગલાંઓ રખડી રખડીને થાકી જાય છે, અને પાણી પ્રાપ્ત કરી શકતાં નથી, તેમ અમો પણ આળસ્યને વળગી રહેવાથી સુખ પ્રાપ્ત કરી શકતા નથી. અરે! અમારા દુષ્ટ સંસ્કારોજ અમોને હેરાન કરે છે. અરેરે! અમો આળસને જ પરમ બંધુ અને હિતેચ્છુ મિત્ર માનીએ છીએ અને તેની જ સેવા માટે પ્રવૃત્તિ કરીએ છીએ, એ કેટલી બધી અજ્ઞાનતા છે? જેમ કુતરો હાડકાંને ચાટીને સુખ માને છે, તેમ અમો આળસને સેવીને સુખ માનીએ છીએ. અરેરે! અમારી શી દશા થશે, તે જ્ઞાની જાણે.

હે પરમ બાંધવ પુરૂષાર્થ! તને વારંવાર કહું છું, કે તું અમારા શરીરમાં ભૂતની પેઠે પ્રવેશ કરીને અમારા તનને યત્નવાન કર, અમારા મનને સ્ફુર્તિમાન કર, અમારા વચનને પવિત્ર કર. અરે! તારા વિના અમોને કદી અને કહીં પણ સુખ મળનાર નથી, એ સત્ય છે.

પ્રિય વાચનાર! પુરૂષાર્થને આપણી ભેટ લેવા બહુ કહ્યું, પણ તે પોતાની મેળે આવે તેમ નથી; કારણ કે મોટા પુરૂષોને જેમ આપણે સત્કારપૂર્વક તેડી આવીએ છીએ, તેમ એને પણ આપણે પ્રેમપૂર્વક લઇ આવવાને જવું જોઇએ. એમ કરશું તો તે અવશ્ય આવશે અને આપણને, આપણા કુટુંબને, આપણી જ્ઞાતિને, આપણા ધર્મબંધુઓને અને આપણા દેશને અવશ્ય સુખ આપશે; માટે ઉઠો, તેને તેડી લાવવાને સત્વર ચાલો.

શું તમોને આ મારૂં કહેવું યોગ્ય લાગતું નથી? તમો વિચારમાં શા માટે પડો છો? અરે બંધુઓ! હું તમોને સત્ય કહું છું કે ચાલો. તમે પૂછશો કે ક્યાં? તો હું કહીશ કે આપણા હૃદયમાં; કારણ કે તે ત્યાંજ છે. માત્ર આપણને તેના ઉપર આસ્થા નહિ હોવાથી તે પ્રકાશિત થતો નથી, પણ હવે આપણે તેની ભક્તિ કરશું, તો તે

અવશ્ય પ્રસન્ન થશે અને આપણું ઇચ્છિત કાર્ય કરવાને સત્વર ઉઠશે. માટે ચાલો, બાંધવો ! ચાલો.

જ્યારે આપણને પુરૂષાર્થની મદદ મળશે, ત્યારે આપણને પછી કોનો ભય રહેશે ? જેમ અર્જુન ગાંડીવ ધનુષ્યથી ત્રણે લોકને તૃણવત્ ગણતો હતો ગદાધારી ભીમ જેમ આખા જગતને કંપાવતો હતો અને જેમ સારંગ ધનુષ્યથી શ્રીકૃષ્ણ સર્વ અરિઓને ભય પમાડતો હતો, તેમ આપણે પણ પુરૂષાર્થની સહાયથી દરિદ્રતારૂપી શત્રુને કંપાવવા અવશ્ય શકિતમાન થઇશું. એમાં જરા પણ સંશય નથી. અરે ! જુઓ. જુઓ; આ કમળનાં સમુદાયો સૂર્યની રાહ કેવાં જોઇ રહ્યાં છે ? અને સૂર્યનાં દર્શન કરવાને પોતાની પાંખડીઓરૂપી ચક્ષુઓથી ટગરટગર કેવાં તાકી રહ્યાં છે ? અને આ મયૂરો ઉંચી ડોક રાખીને મેઘની રાહ કેવી આતુરતાથી જુએ છે ? અહા ! પ્રાણીઓમાં પણ જ્યારે આટલો પ્રેમ છે, ત્યારે શું આપણામાં ન હોય ? અવશ્ય હોય જ; માટે આપણે પણ પુરૂષાર્થની ભકિત કરવી જોઇએ અને તેને જ આપણું સર્વસ્વ માનવું જોઇએ. અરે ! આ કુમુદિનીયો તો જુઓ ! તેઓ ચંદ્રને જોઇને કેવી વિકસિત દેખાય છે અને પોતાના સર્વ અવયવો ખુલ્લા કરી જગતને પોતાનો કેવો આનંદ દર્શાવે છે ? આ પ્રમાણે આપણે પણ પુરૂષાર્થપ્રતિ આપણો આનંદ દર્શાવી શકીએ.

અહો ! આ ચાતકો તો જુઓ ! તેઓ મેઘને જોઇ કેવા મધુર ધ્વનિએ પોતાનો હર્ષ પ્રદર્શિત કરે છે ! શું તેઓ આ જગતને પ્રેમ કરતાં શીખવે છે ? કે શું પોતાનો આનંદ ન સમાવાથી તે બહાર કાઢવાનો ઉપાય કરે છે ? કે પ્રેમની પરાકાષ્ઠાને બતાવે છે ? અરે બંધુઓ ! આપણે પણ આ ભકિતવંત ચાતકો પાસેથી પ્રેમ કરતાં શીખવું જોઇએ.

બંધુઓ ! હમણાં તો કદાચ તમે પણ ચાતકને જોઇને પ્રેમ

કરતાં શીખશો, પણ તે શિથિલ ન પડતાં હમેશાં તેવોને તેવો જ રહેવો જોઇએ; એટલું જ નહિ, પણ તે પ્રતિદિન વૃદ્ધિને પામવો જોઇએ અને તેના માટે એકાગ્ર ચિત્તથી નિશ્ચય કરવો જોઇએ, કે અમારે હવે પ્રેમ તજવાનો નથી, અમારો તો આધાર હવે સત્પુરૂષાર્થ જ છે; એટલું જ નહિ, પણ અમારો સ્વભાવ તે પુરૂષાર્થ પોતે જ છે, અમારો ગુણ અને અમારો ધર્મ પણ તે જ છે અને જેમ અગ્નિ પોતાના ઉષ્ણતાના ગુણનો ક્યારે પણ ત્યાગ કરતો નથી, તેમ અમો પણ અમારો ધર્મ કદી પણ ત્યાગ કરવાના નથી. જેમ જળ પોતાના શીતળત્વ ધર્મનો ત્યાગ કરતું નથી, તેમ અમો પણ અમારા વીર્યત્વ ગુણને તજવાના નથી.

જેમ સૂર્ય પોતાની ટેક કદી પણ ચુકતો નથી, એટલે કે તે પશ્ચિમમાં કોઈ પણ કાળે ઉદય પામતો નથી, તેમ અમો પણ અમારી ટેક મુકીશું નહિ. જેમ સમુદ્ર પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, તેમ અમો પણ અમારા સ્વભાવને તજવાના નથી. બસ, એ જ અમારો નિશ્ચય છે. આવા પ્રકારનો નિર્ણય આપણે સૌએ કરવો જોઇએ.

બંધુઓ ! આપણા આ નિર્ણયથી આપણે અવશ્ય સુખી થઇશું અને પુરૂષાર્થ પણ આપણા ઉપર અવશ્ય તુષ્યમાન થશે, એમ ખાત્રીપૂર્વક માનશો. તમે કહેશો, કે આપણે આળસને ક્યાં માન આપીએ છીએ ? તો હું કહીશ કે બંધુઓ ! આપણે અવશ્ય આળસ્ય શત્રુને જ માન આપીએ છીએ; કારણ આપણે હમેશ વિચારીએ છીએ, કે ઉદ્યોગ ન કરવો પડે તો સારૂં, મહેનત ન કરવી પડે તો સારૂં. આવા આવા જે વિચારો આપણે કરીએ છીએ, તે આળસને માન નથી આપતા તો બીજું શું ?

જેમ આળસદાસ પોતાને ઉદ્યોગી માનતો હતો, પણ ખરી

રીતે જોતાં તો તે આળસુ હતો, તેમ આપણે પણ આપણને ઉદ્યોગી માનીએ છીએ, પણ ખરી રીતે જોતાં તો આપણે આળસુ છીએ. હવે જો આળસદાસ કોણ હતો અને આળસની સેવા કેમ અને કેવી રીતે કરતો હતો, તે તમારે જાણવાની જીજ્ઞાસા હોય, તો નીચેની વાત લક્ષપૂર્વક વાંચીને તેમાંથી સાર ગ્રહણ કરશો.

એક રાયણના વૃક્ષ નીચે આળસદાસ સુતેલો હતો. મધ્યાન્હનો વખત હોવાથી તાપ બહુ પડતો હતો અને તે શાંતિથી આકાશ સામે દૃષ્ટિ કરીને વિશ્રાંતી લેતો હતો. તેવામાં તેની દૃષ્ટિ રાયણના વૃક્ષ ઉપર પરિપકવ થયેલાં ફળો ઉપર પડી અને મનમાં વિચારવા લાગ્યો કે અહો ! આ રાયણનાં ફળો કેવાં પ્રભાતના સૂર્યનાં કિરણો જેવાં લાલ છે ? અને હાથીના ગંડસ્થળમાં ચોંટેલ સિંદૂરના પુંજ સમાન કેવાં રકત વર્ણવાળાં લાગે છે ? તે અમૃત સમાન મધુર ફળો મને કેમ પ્રાપ્ત થાય ? આમ વિચારે છે, એટલામાં એક લાકડાના ભારાવાળી બાઈ ચાલી જતી હતી, તેને જોઇને એણે કહ્યું, કે હે લાકડાવાળી બાઇ ! આ રાયણનાં મધુર ફળો મને તોડી આપ. બાઇએ જવાબ દીધો, કે હે આળસુ ! તું જોતો નથી, કે હું લાકડાં કાપીને હજી ચાલી આવું છું અને હજી તો મેં ખાધું પણ નથી અને તું તો ભોજન કરીને સુખે સુતો છે; માટે તને ઉઠીને તોડતાં શું થાય છે ? હું તો સ્ત્રી છું, પણ તું તો નરવીર છે, માટે આળસ્યનો ત્યાગ કરી ઉદ્યોગ કર; કારણ કે ઉદ્યોગ વિના કોઇને પણ સુખ મળ્યું નથી, મળતું નથી અને મળવાનું પણ નથી. માટે હે બાંધવ ! ઉઠ અને વૃક્ષ ઉપર ચઢીને ફળ તોડીને ઇચ્છા પ્રમાણે સ્વાદ લે. આ પ્રમાણે તે ભારાવાળીનું કહેવું સાંભળીને આળસદાસ બહુ જ ગરમ થઈ ગયો. તેનો મિજાજ હાથમાં રહ્યો નહિ અને જેમ સુગ્રીવ પક્ષીએ વાંદરાને ઉપદેશ અપ્યો હતો, તેનો સવળો અર્થ ન લેતાં, જેમ તેણે તેનો માળો તોડી નાંખ્યો, તેમ

આળસદાસ પણ પેલી બિચારી ગરીબ બાઇને મારવા ઉઠયો. આથી તે બાઇ તો બિચારી બીને ચાલતી થઇ અને આળસદાસ તો એને ગાળો આપતો આપતો પોતાને સ્થાનકે આવીને સુતો. મનમાં બડબડવા લાગ્યો, કે વળી આ મને શિખામણ આપનાર કોણ? હું શું નથી જાણુતો કે ઉદ્યોગમાં સુખ છે અને આળસ્યમાં દુઃખ છે? આમ અનેક પ્રકારે પોતાની બડાઈ કરતો કરતો સુતો છે, એટલામાં વાયુના જોરથી એક રાયણનું ફળ તુટીને તેની છાતી ઉપર પડયું. તે જોઇને એ બહુ ખુશી થયો અને મનમાં વિચારવા લાગ્યો, કે મારૂં નસીબ હજી સારૂં છે; કારણ કે નસીબવાનને જ ઇચ્છિત પદાર્થ પ્રાપ્ત થાય છે. હું ખરેખર ભાગ્યશાળી છું, કે આમ વગર મહેનતે મને મનોહર ફળ પ્રાપ્ત થયું. આમ વિચારતાં વળી ફરી તેને મુંઝવણ થવા લાગી, કે આ ફળને મારી છાતી ઉપરથી ઉપાડીને મારા મુખમાં કોણ નાંખશે? કારણ કે જ્યાંસુધી મુખમાં નહિ આવે, ત્યાંસુધી સ્વાદ કેમ લઈ શકાય? આમ વિચારે છે, એટલામાં ઉંટ ઉપર બેસીને કોઇ એક મુસાફર આવતો હતો, તેને જોઇને આળસદાસ મનમાં બહુ જ મલકાયો અને ગયેલ ચેતના પાછી આવી તથા વિચારવા લાગ્યો, કે પૂર્વે પુન્ય કર્યાં છે, તેથી આવા સંજોગો સ્વતઃ બની આવે છે. અહો! કર્મની ગતિ વિચિત્ર છે. કહ્યું છે, કે "કર્મ કરે તે કોઈ ન કરે." આ વાત સત્ય છે. આવા વિકલ્પો કરે છે, એટલામાં ઉંટવાળો છેક પાસે આવી પહોંચ્યો. તેને જોઇને આળસદાસ કહેવા લાગ્યો, કે ભાઈ! ઉંટ ઉપરથી નીચે ઉતર. ઉંટવાળે પૂછ્યું, કે શા માટે? આળસદાસે કહ્યું, કે મારી છાતી ઉપર રાયણનું ફળ છે, તે ઉપાડીને મારા મુખમાં નાંખ. આ સાંભળી ઉંટવાળાને હસવું આવ્યું અને વિચાર્યું, કે અહો! આ જગતમાં આવા પણ મનુષ્યો છે, કે જેઓ પોતાની પાસે રહેલી

વસ્તુનો ઉપયોગ પણ કરી જાણતા નથી. અહા! જે દેશમાં આવા પુરૂષો ઉત્પન્ન થયા હશે અગર વસતા હશે, તે દેશની પાયમાલી થાય તેમાં નવાઇ શી છે? ખરેખર, આ મનુષ્ય એકેંદ્રિય કે સ્થાવર જીવના જેવી જ દશા ભોગવે છે; કારણ કે બે ઇંદ્રિયથી માંડીને પંચેંદ્રિય પર્યંત તિર્યંચો કે મનુષ્યો તો ઉદ્યગોશીલ જણાય છે, પણ આ મૂર્તિ તો સ્થિર રહેવાને ઇચ્છે છે. આમ ઉંટવાળો વિચાર કરે છે, એટલામાં પુનઃ આળસદાસ જરા ક્રોધથી બોલ્યો, કે કેમ રે! સાંભળતો નથી કે? તને એક વખત કહ્યું, કે તું ઉંટ ઉપરથી નીચે ઉતર અને આ રાયણનું ફળ મારા મુખમાં નાંખ. આમ મેં કહ્યા છતાં તું સાંભળતો કેમ નથી!

આ સાંભળી ઉંટવાળો જરા ધીમેથી અને શાન્તિથી બોલ્યો કે ભાઇ, તને શી અડચણ છે કે બીજાના કાલાવાલા કરે છે? તો પછી તારા હાથ શું કામ આવવાના છે? આ દુનિયામાં જે માણસ બીજા ઉપર ભરોસો રાખે છે, તે દુઃખી થાય છે; માટે પોતાના અવયવોનો ઉપયોગ કરવો એ જ સુખનું મૂળ છે. તને ખબર નથી કે કેટલાક યોગીઓ પોતાનો એક હાથ ઉંચો રાખે છે, જે બે ત્રણ વર્ષે લાકડા જેવો થઇ જાય છે અને આખરે શક્તિહીન થઇને કાંઇપણ કાર્ય કરી શકતો નથી, તેમજ જે મનુષ્ય પોતાનાં સર્વ ગાત્રોની પાસેથી કામ લેતો નથી, તેનાં સર્વ ગાત્રો તે યોગીના હાથ જેવાં શક્તિવિનાનાં થઇ જાય છે અને આખરે તેથી તે દુઃખી થાય છે.

આ સાંભળી, મુખ ઉપર રક્તતા જેને આવી ગઇ છે એવો અને ક્રોધની તો જાણે સાક્ષાત્ મૂર્તિ જ હોય નહિ તેવો, ઓષ્ટ ફફડાવતો આંખો ચડાવતો અને ગર્જના કરતો આળસદાસ બોલ્યો, કે અરે! તું તો આળસુ જણાય છે. આ સાંભળી ઉંટ-

વાળો હસીને બોલ્યો કે હાજી, હું તો આળસુ છું, પણ આપ તો ઉદ્યોગના અવતાર જ છો. જો આ દુનિયામાં ઉદ્યોગનો પુંજ ક્યાંય પણ એકઠો થયો હોય તો તે તમારામાં જ છે, એમ મને તો પ્રત્યક્ષ લાગે છે. આમ બોલતો બોલતો ઉંટવાળો આગળ ચાલતો થયો અને મનમાં કહેવા લાગ્યો કે આવાં મનુષ્યો જગતમાં કેવળ ભારભૂત છે; કારણ કે તેઓ જગતમાં ઉદ્યોગ કરીને જનમંડળને કાંઇપણ ફળ આપ્યા વગર ઉલટા જગતમાં અન્યની મદદની આશા રાખે છે અને તેથી આવા પુરૂષો સ્વપરનું કલ્યાણ કદી પણ કરી શકતા નથી. આમ અનેક તરેહના તરંગોમાં મશગુલ થઇને ચાલતો થયો અને પેલો આળસદાસ પણ પોતાના મનમાં કહેવા લાગ્યો, કે આવા મૂર્ખ મનુષ્યોનો મેળાપ ક્યાંથી થાય છે ? અરેરે ! આવા લોકો પરનું કાર્ય કરી આપવું તો દૂર રહ્યું, પણ ઉલટા ઉપદેશ આપવા મંડી જાય છે, એ એક નવાઇની વાત છે. શું હું આ બધી વાતો નથી જાણતો ? શું હું ઉપદેશ કરી નથી જાણતો ? આમ અનેક ગર્વમય વિચાર કરતો તે આળસદાસ સંધ્યા સમયે પોતાના ઘર તરફ ચાલતો થયો.

પ્રિય વાચકવૃંદ ! આ દૃષ્ટાંત સાંભળી, આપ પોતે વિચારમાં પડયા હશો, કે આ તો કલ્પિત વાત છે. શું આવાં મનુષ્યો જગતમાં થતાં હશે ! આ તો કોઇએ ટાઢા પહોરના ગપાટા હાંકયા છે. બંધુઓ ! આવો વિચાર કરશો નહિ; કારણ કે આપણે એના કરતાં પણ વિશેષ આળસુ છીએ. એની તો છાતી ઉપર રાયણનું ફળ હતું, પણ આપણા તો મુખમાં છે; છતાં તે ચાવીને ખાવાની મહેનત આપણે કરતા નથી. અરેરે ! ઉંટવાળો તો માત્ર ઉપદેશક હતો, પણ આપણા પરમ પૂજ્ય પરમાત્માઓ તો આપણા મુખમાં ફળો નાંખી ગયા છે અને હવે તે ચાવવાનું કામ જ આપણે કરવાનું છે; પરંતુ એટલું ચાવવાનું કામ પણ આપણે કરી શકતા નથી

એ આશ્ચર્યની વાત છે. આપણને પરમ કૃપાળુ પરમાત્મા એમ નથી કહેતા, કે આત્મિક સુખ મેરૂના શિખર ઉપર છે, કે ગંગા નદીને પેલે પાર છે, કે અમુક દ્વીપ યા ખંડમાં છે; પણ તેઓ તો કહે છે, કે હે ભવ્ય જીવો ! તે સુખ તમારામાં જ છે. તે તમારાથી જરા પણ દૂર નથી. જેમ કસ્તુરી મૃગની નાભીમાં જ છે, છતાં તે ભ્રાંતિથી બહાર ભટકે છે, તેમ તમો પણ ભ્રાંતિથી બહાર ભટકો છો.

અહાહા ! આવો સરળ માર્ગ બતાવ્યા છતાં પણ આપણે દૂર જઇએ છીએ અને બીજો કોઇ આપે તો ઠીક, આમ વિચારીએ છીએ, એ આપણી કેટલી બધી ભૂલ છે ?

પરમાત્મા આપણને કહે છે, કે આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગ આદિ ગુણો છે, ધર્મ છે, સ્વભાવ છે. આમ સ્પષ્ટ કહ્યું છે. તો પણ આપણે પોતાના સ્વભાવનો ત્યાગ કરવા ઉપાય યોજીએ છીએ, એ કેટલી બધી નવાઇની વાત છે ? એવો કોઇપણ વખત નહિ આવશે, કે જ્યારે આકાશ પોતાના અવકાશ આપવાના ધર્મનો ત્યાગ કરશે અને કોઇપણ દિવસ એવો નહિ આવશે, કે જેમાં ધર્માસ્તિકાય પોતાના ચલણસહાય સ્વભાવને મુકશે, તેમજ અધર્માસ્તિકાય પોતાના સ્થિરતા આપવાના સ્વભાવને મુકશે; કારણ કે વસ્તુ પોતાના સ્વભાવને કદી મૂકતી નથી, એ ચોક્કસ સિદ્ધાંત છે. તે જ પ્રમાણે આપણો આત્મા પણ કદિ વીર્યત્વ ગુણનો ત્યાગ કરતો નથી. એ ગુણ તો એનું આત્માપણું બતાવે છે, તો એ ગુણ એનાથી કેમ તજાય ? જેમ પાણીને ઉપાધિવશે ઉષ્ણ થવું પડે છે અને તે વખતે તેનો શીતત્વનો ગુણ જણાતો નથી, પણ જ્યારે અગ્નિ ઉપર તે પાણી નાખવામાં આવે છે, ત્યારે તેના શીતત્વની તરત જ ખાત્રી થાય છે; કારણ કે નાખતાં વાર જ તે અગ્નિને શાંત કરે છે. તેનો સ્વભાવ જે શીતત્વ તે તેનામાંથી કદિ

ચાલ્યો જતો નથી, તેમજ આપણો આત્મા પણ પુદ્ગલની ઉપાધિથી રજ, તમ અને સત્યવાદિ ગુણોવાળો જણાય છે અને તે તે ગુણોમય અનુભવાય છે, પણ વસ્તુતાએ તે તેવો નથી અને થવાનો પણ નથી.

પ્રિય વાચનાર ! વીર્યત્વ એ જ્યારે આત્માનો ગુણ છે, ત્યારે વિચારવું જોઇએ, કે જેમ જ્યાં ઉષ્ણપણું હોય, ત્યાં અગ્નિની પ્રતીતિ થાય છે; તેમજ જ્યાં વીર્યત્વ હોય, ત્યાં જ આત્મા જાણવો; અન્યથા જડતા સમજવી.

અહા ! વીતરાગની વાણીની શી ખુબી છે ? જેણે પોતાને જાણ્યો છે, તેણે સર્વને જાણ્યા છે અને જેણે સર્વને જાણ્યા, તેણે પોતાને જાણ્યો છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે:—

जे एगं जाणेइ, से सव्वं जाणेइ, जे सव्वं जाणेइ, से एगं जाणेइ.

અર્થ—જે એકને જાણે છે, તે સર્વને જાણે છે અને જે સર્વને જાણે છે, તે એકને જાણે છે.

ખરેખર જેણે પોતાનું આત્મસ્વરૂપ યથાર્થપણે જાણ્યું છે, તેણે સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું છે અને જેણે સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું છે, તેણે પોતાના આત્માનું સ્વરૂપ જાણ્યું છે; કારણ કે જ્યાં-સુધી મનુષ્યે આત્માનું સ્વરૂપ જાણ્યું નથી, ત્યાંસુધી તે સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણી જ શકતો નથી અને જ્યાંસુધી તેણે સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું નથી, ત્યાંસુધી તે આત્માનું સ્વરૂપ પણ જાણી શકતો નથી. કહ્યું છે કે:—

एको भावः सर्वथा येन दृष्टः सर्वे भावाः सर्वथा तेन दृष्टाः ।
सर्वे भावाः सर्वथा येन दृष्टाः एको भावः सर्वथा तेन दृष्टः ॥

અર્થ—એક પદાર્થ સર્વ પ્રકારે જેણે જોયો છે, તેણે સર્વ પદાર્થો સર્વ પ્રકારે જોયા છે અને સર્વ પદાર્થો જેણે સર્વ પ્રકારે જોયા છે, તેણે એક પદાર્થ સર્વ પ્રકારે જોયો છે.

આમ હોવાથી આત્મસ્વરૂપને જેણે જાણ્યું છે, તેણે પોતાના વીર્યત્વાદિ ગુણો જોયા છે અને જેણે વીર્યત્વાદિ ગુણો જોયા છે, તેણે પોતાનું આત્મસ્વરૂપ જોયું છે. આ વાત યુક્તિપૂર્વક સિદ્ધ થાય છે અને તે એમ જ છે.

અહા ! જેણે પોતાનું સ્વરૂપ જોયું છે, તેને બાકી જોવાનું શું રહ્યું ? ખરેખરા પુરૂષાર્થનું એ જ સત્ય ફળ છે અને એ જ એનું વસ્તુતાએ કાર્ય છે. માટે પ્રિય બંધુઓ ! સત્પુરૂષાર્થથી પોતાનું સત્ય સ્વરૂપ જાણવાની અત્યંત આવશ્યકતા છે.

આ સંસારમાં જીવ અનાદિકાળથી જે જન્મ મરણ ભોગવતો આવ્યો છે, તે આત્મસ્વરૂપ ન જાણવાથી જ અને હજી પણ જો એ સ્વરૂપ નહિ જાણશે, તો સંસારમાં જન્મમરણનું અસહ્ય દુઃખ તે ભોગવ્યા જ કરશે, એમ જ્ઞાનીઓ કહે છે.

આ જીવ સુખના માટે અનેક ઉપાયો યોજે છે, પરંતુ વાસ્તવિક સુખ શું છે ? અને તેની પ્રાપ્તિના વાસ્તવિક ઉપાયો શા છે ? તે જાણવાનો પ્રયત્ન મુદ્દલ પણ કરતો નથી અને તેથી જ વાસ્તવિક સુખની અને સત્સાધનોની પ્રાપ્તિ થતી નથી.

ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કહે છે કેઃ—

આતમ અજ્ઞાને કરી, જે ભવ દુઃખ લહીએ,
આતમ જ્ઞાને તે ટળે, એમ મન સદ્દહીયે,
આતમ તત્ત્વ વિચારીએ.

પ્રિય વાચક ! આ વચનામૃતો આપના હૃદયપટપર કોતરી રાખશો અને પુનઃ પુનઃ એને સ્મરણમાં રાખશોઃ કારણ કે આખા

સિદ્ધાંતનું રહસ્ય આ ગાથામાં મહાત્માએ સમાવ્યું છે અને સર્વ શાસ્ત્રનો સારમાત્ર કહી દીધો છે. માટે અન્ય વિકલ્પજાળમાં ન પડતાં સત્પુરૂષાર્થ કે જેનાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે અને અનંત દુઃખનું સ્થાન જે સંસાર તેનો નાશ થાય છે તથા પરમાનંદની પ્રાપ્તિ થાય છે, તેવા સત્પુરૂષાર્થનું એકાગ્રચિત્તે સેવન કરો, એ જ ખરો પુરૂષાર્થ છે; અન્ય સર્વ પુરૂષાર્થો આભાસ માત્ર જાણવા. જેમ ઝાંઝવાનું જળ જોઇને મૃગો ભ્રાંતિથી તે તરફ દોડે છે, પણ આખર પ્રાપ્ત કરી શકતા નથી, તેમ અન્ય પુરૂષાર્થો સર્વે તેના જેવા જાણવા. સત્ય સુખ જે આત્મસ્વરૂપ તે તો સત્પુરૂષાર્થથી જ પ્રાપ્ત થશે, એમ ખાતરીથી માનવું.

શાસ્ત્રકારોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થો કહ્યા છે. તેમાં ધર્મથી બાકીના ત્રણે પ્રાપ્ત થઇ શકે છે; માટે મુખ્ય ધર્મ જ સેવવા લાયક છે અને તે જ અનુવર્તન કરવા લાયક છે. ધર્મની પ્રાપ્તિ કરીને આત્મસ્વરૂપને જાણવું, એ જ બધા પ્રકારના પુરૂષાર્થનું શિરોબિંદુ છે. માટે પ્રિય વાચકો ! મારો આ નિબંધ વાંચ્યા પછી જો સત્પુરૂષાર્થનો મહિમા આપ જાણી શકયા હો, તો સત્પુરૂષાર્થથી આત્મસ્વરૂપ જાણવાને ઉદ્યુક્ત થજો. આમ કરશો તો અવશ્ય તમે જન્મમરણના ચક્રમાંથી મુક્ત થઇને મોક્ષપદને પામશો.

છેલ્લે મારી પરમ કૃપાળુ પરમાત્મા પાસે એ જ પ્રાર્થના છે, કે આ નિબંધ મારા માનવ બાંધવોના આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક દુઃખોનો નાશ કરીને પરમાનંદ સ્વરૂપને આપો.

પ્રકરણ ૨ જું

મનોનિશ્ચયથી થતી કાર્યસિદ્ધિ

અપાર સમુદ્રમાં વહાણને જે દિશામાં લઇ જવું હોય, તે દિશા સન્મુખ સુકાન ફેરવ્યાથી જેમ અસ્ખલિત રીતે કોઇપણ તરેહની હરકત વિના તે લઇ જઇ શકાય છે, તેમ આ સંસારરૂપી સમુદ્રમાં શરીરરૂપી વહાણને જે કાર્ય તરફ લઇ જવું હોય, તે તરફ સન્મુખ કરવાને નિશ્ચયરૂપી સુકાનની જરૂર છે. જેમ સુકાન ધારેલ દિશા સન્મુખ ન હોય, તો એક દેશને બદલે બીજા દેશ તરફ વહાણ જઇ ચડે છે, તેમ નિશ્ચય કર્યાં વિના ધારેલ કામને બદલે બીજું કામ થઇ જાય છે. જેમ સુકાની હુશીઆર હોય, તો જ તે ધારેલે મુકામે નિયમિત રીતે કોઇ પણ જાતની હરકત વિના વહાણને પહોંચાડે છે, તેમ મનરૂપી સુકાની જો કેળવાયેલ હોય, તો જ તે મનુષ્યને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ કરાવી આપે છે; નહિ તો પૂર્વ દિશામાં જવું હોય તેને બદલે પશ્ચિમ દિશામાં મુસાફરો ઘસડાઇ જાય છે અને હેરાન થાય છે; માટે મનુષ્યને પણ મનરૂપી સુકાની હુશીયાર હોય, તો જ તેને ધારેલે મુકામે નિર્વિઘ્ને પહોંચાડે છે; પણ જો સુકાની ઉંઘણશી હોય, દારૂનો વ્યસની હોય, વિવેકવિહીન હોય, વિચારવિનાનો અને આળસુ હોય, તો તે નિયમિત રીતે ધારેલે ઠેકાણે પહોંચાડી શકતો નથી; તે જ પ્રમાણે મનરૂપી સુકાની પણ જો પ્રમાદરૂપી અઘોર નિદ્રામાં ઉંઘતો હોય, મોહ મદિરાના પાનથી મત્ત થયેલો હોય, સત્યાસત્યના જ્ઞાન વિનાનો હોય, સત્ય વિચારહીન હોય અને આળસ્ય સાથે મિત્રાચારી રાખતો હોય, તો તે મનુષ્યત્વરૂપી વહાણને કદી પણ ગંતવ્ય

મુકામે યોગ્ય વખતે પહોંચાડી શકતો નથી. વળી આ મનરૂપી સુકાનીને નિશ્ચયરૂપી સુકાનનો સંપૂર્ણ કબજો મળેલો હોય છે, તો જ તે કર્તવ્યપરાયણ થઈ શકે છે, તેમજ આ કબજો મળ્યા પહેલાં પણ સુકાની પોતે સુકાન ચલાવવાને પાત્ર હોવો જોઈએ. તે કેળવાઈને તૈયાર થયેલો અને પોતાના કાર્યમાં કુશળતા મેળવેલો હોવો જોઈએ. તે અણઘડ અને અણઆવડતવાળો ન જોઈએ. જેમ કેટલાક અકુશળ સુકાનીઓ સુકાનને ફેરવ્યા વિના હલેસાં મારવા મંડી પડે છે અને મનમાં એમ સમજે છે, કે હવે તુરત પહોંચશું, પણ એ તેમનું માનવું જેમ ભૂલભરેલું છે, તેમજ જો મનરૂપી સુકાની પણ પ્રથમ ચોકસ કાર્ય કરવાનો નિશ્ચય કર્યા વિના ઉદ્યોગરૂપી હલેસાં મારવા મંડી પડે, તો પ્રાપ્તવ્ય વસ્તુને બદલે તેને અપ્રાપ્તવ્ય વસ્તુની પ્રાપ્તિ થાય છે અને તેના અમૂલ્ય સમયનો વ્યર્થ વ્યય થાય છે.

જેમ સુકાની માર્ગનું જ્ઞાન મેળવ્યા વિના, દિશાની સમજ લીધા વિના અને પાણી કેટલું છે, તેની વારંવાર તપાસ રાખ્યા વિના વહાણને ધકેલાવે જાય, તો તે વહાણ કોઇક ખાબોચીએ કે ખરાબે ચડીને વખતે ભાગી જવાના ભયમાં આવી પડે; તે જ પ્રમાણે જો મનરૂપી સુકાની પણ સુખના માર્ગનું જ્ઞાન મેળવ્યા વિના, વસ્તુ તત્ત્વની સમજ લીધા વિના, પ્રાપ્તવ્ય વસ્તુની પુરી માહિતિ મેળવ્યા વિના અને વારંવાર 'હું કરૂં છું તે યોગ્ય છે કે અયોગ્ય છે?' એવી તપાસ કર્યા વિના જો શરીરરૂપી વહાણ ચલાવે તો ક્યાંઇક અકાર્યરૂપી ખડકે અથડાઇને દેહને વિલય થવાનો વખત આવે; માટે સુકાનીએ પ્રથમ કર્તવ્ય અકર્તવ્યનું જ્ઞાન મેળવ્યા બાદ નિશ્ચય કરવાની જરૂર છે.

જેમ ધારેલા મુકામે જવા સારૂ મજબુત અને સુદૃઢ વહાણની જરૂર છે, તેમજ નિર્વિઘ્ને કાર્યસિદ્ધિ મેળવવાને માટે આરોગ્ય શરીરની પહેલી જરૂર છે. વળી જેમ ધારેલે મુકામે જવા સારૂ વહાણને

અનુકૂળ પવનની જરૂર છે, તેમ મનુષ્યરૂપી વહાણને સુસંકલ્પ બળ-રૂપી અનુકૂળ પવનની જરૂર છે. હવે ધારો કે આ બધી સામગ્રી-સંપન્ન વહાણ છે, પણ જો તેનું સુકાન ગંતવ્ય દિશા સન્મુખ નથી હોતું, તો તે બધાં સાધનો નિરૂપયોગી થઇ પડે છે; માટે સુકાનને યોગ્ય દિશામાં મુકવાનો અગર રાખવાનો સુકાનીની કુશળતા ઉપર જ બધો આધાર છે. કહેવાનો સારાંશ એ જ કે, ભલે સુકાની કેળ-વાયેલ હોય, વહાણ સુદૃઢ હોય, પવન અનુકૂળ હોય અને બધાં સાધનો પૂરતાં હોય, પણ જ્યાંસુધી સુકાન ગંતવ્ય દિશામાં મુક-વામાં આવેલું હોતું નથી, ત્યાંસુધી જેમ વહાણ ધારેલે મુકામે પહોંચી શકતું નથી, તેમજ જો મન કેળવાયેલ હોય, શરીર સુદૃઢ હોય અને વિચારબળ ઉત્તમ પ્રકારનું હોય, પણ જ્યાંસુધી નિશ્ચય કરવાની શક્તિ હોતી નથી, ત્યાંસુધી કાર્યસિદ્ધિ થઇ શકતી નથી; માટે પ્રત્યેક કાર્યનો આરંભ કર્યા પહેલાં જ નિશ્ચય કરી રાખવાની જરૂર છે. આ નિશ્ચયનું સ્વરૂપ કેવું હોવું જોઇએ, તેનો યત્કિંચિત્ આભાસ આપવા માટે નીચેનું દૃષ્ટાંત આપવામાં આવે છે.

કેટલાંક વર્ષ પહેલાં મુસાફરોને મુસાફરી કરવાને સારૂ ઘોડા, ઉંટ અને ખટારાનાં સાધનો મળતાં હતાં અને તેને લીધે સહેજ-સાજ કારણ સારૂ પણ વિશેષ વખતનો ભોગ તેમને આપવો પડતો હતો; પરન્તુ હમણાંના સુધરેલા સમયમાં રેલગાડીના સાધનથી અલ્પ સમયમાં મનુષ્ય ગમે ત્યાં જઇ શકે છે અને તેથી તેના ઘણા વખ-તનો તે બચાવ કરી શકે છે. આ રેલગાડીના એન્જીનમાં એક યંત્ર છે, જેના વડે તેને જેમ ચલાવવી હોય, તેમ ચલાવી શકાય છે, જેમ વાળવી હોય તેમ વાળી શકાય છે અને જ્યાં લઈ જવી હોય ત્યાં લઇ જઇ શકાય છે. આ આગગાડીની માફક આપણા શરીરરૂપી ગાડીને પણ યોગ્ય રીતે ચલાવવાને નિશ્ચય રૂપી યંત્રની જરૂર છે.

જેમ રેલગાડીને ચાલવા સારૂ બે પાટા હોય છે, તેમ શરીરરૂપી ગાડીને ચલાવવાને સારૂ ઉદ્યોગ અને ઉત્સાહરૂપી પાટાની જરૂર છે. જેમ રેલગાડીને ચલાવવાને સારૂ કોલસા, અગ્નિ અને પાણીની જરૂર છે, તેમ શરીરરૂપી ગાડીને સારૂ પણ ઇચ્છા, બુદ્ધિ અને સંકલ્પ-શક્તિની જરૂર છે અને જેમ રેલગાડીને અમુક સ્થળે લઈ જવી, તે તેના ડ્રાઇવરના હાથમાં છે, તેમ શરીરરૂપી ગાડીને અમુક-સ્થળે લઈ જવી તે મનરૂપી ડ્રાઇવરના હાથમાં છે. સારાંશ એ છે, કે ગાડી, પાટા, પાણી, અગ્નિ, કોલસા અને ડ્રાઇવર હોય, પણ ગાડીને અમુક દિશાએ લઇ જવા સારૂ વાળવાનું ઉપર જણાવેલું યંત્ર ન હોય, તો જેમ તે બધાં સાધનો છતાં, ગાડી ધારેલ મુકામે જઈ શકતી નથી, તેમજ શરીર, ઉદ્યોગ, ઉત્સાહ, ઇચ્છા, બુદ્ધિ, સંકલ્પબળ અને મન હશે, તો પણ જ્યાંસુધી અમુક કામ અમુક રીતે કરવું જ જોઇએ, એવો નિશ્ચય કર્યો નહિ હોય, ત્યાંસુધી કોઇપણ કાળે આત્મારૂપી મુસાફર સાધ્ય પાસે જઇ શકશે નહીં.

જ્યારે આપણે બગીચામાં જઇએ છીએ, ત્યારે વિવિધ જાતનાં વૃક્ષો જોઇએ છીએ અને તેની શીતળતા, મનોહરતા, ઠંડકતા અને ખૂબસુરતી નિહાળીને આનંદ પામીએ છીએ. એ વૃક્ષોનાં બીજ બહુજ નાનાં હોય છે, પણ તેને વાવીને નિયમસર પાણી આપવાથી તેની અંદર રહેલી શકિત બહાર આવીને તે મોટી દેખાય છે. એ બીજોને માળી પ્રથમ જમીનમાં વાવીને તેની ઉપર જળનું સિંચન કરે છે. આ જમીનની માટી બીજને અનુકૂળ હોવી જોઇએ, તેને અનુકૂળ ખાતરની પુષ્ટિ મળવી જોઇએ, યોગ્ય પ્રમાણમાં પ્રકાશ પણ મળવો જોઇએ અને વાયુનો સ્પર્શ પણ થવો જોઇએ. આ બધી અનુકૂળતાઓ મળે, તોજ બીજમાંથી વૃક્ષ થઇને તે ફુલે ફાલે છે. હવે આ બધી અનુકૂળતાઓ મળ્યા છતાં જો બીજ પોતે જ સડેલું હોય તો

માળીની મહેનત અને સર્વ પ્રકારની સામગ્રીઓ લેશ પણ સિદ્ધિદાયક થઈ શકતી નથી અને બગીચાનો માલીક વૃક્ષનાં મિષ્ટ ફળનો સ્વાદ લેવાને ભાગ્યશાળી નીવડતો નથી. આ જ પ્રમાણે પ્રત્યેક કાર્ય કરવાને માટે મનરૂપી માળી, ઉદ્યોગરૂપી પાણી, જ્ઞાનરૂપી પ્રકાશ, કાળરૂપી પવન, સ્વભાવરૂપી જમીન અને ભાવીરૂપી આકાશ હોય, તો પણ જ્યાંસુધી નિશ્ચયરૂપી સુપકવ અને આરોગ્ય બીજ ન હોય, ત્યાંસુધી એ બધાં સાધનો નિરૂપયોગી થઇ પડે છે અને કાર્યસિદ્ધિ થઇ શકતી નથી; તે જ પ્રમાણે આત્મારૂપી માલીક કાર્યનાં ફળરૂપી સુખને ભોગવવાને સમર્થ થતો નથી; માટે પ્રત્યેક કાર્યની શરૂઆતમાં નિશ્ચય કરવાની બહુજ અગત્ય છે.

મનુષ્ય નિશ્ચય કર્યા વિના કોઇ પણ કાર્ય બરાબર કરી શકતો નથી. જો આપણે નિશ્ચય કર્યા વિના ઘર બહાર નીકળીએ છીએ તો આપણા મનમાં અનેક જાતના તર્ક વિતર્કો થાય છે, કે ક્યાં જવું અને શું કરવું ? મિત્રને ઘરે જવું? દેરાસરમાં જવું ? ગુરૂ મહારાજ પાસે જવું કે શેઠ પાસે જવું ? બજારમાં જવું કે લાયબ્રેરીમાં જવું ? એમ અનેક સંકલ્પો મનમાં ઉઠે છે. આખરે આપણે નિશ્ચય કરીએ છીએ, કે હવે તો અમુક સ્થાને જવું. આ પ્રમાણે ચાલવા માંડીએ છીએ અને ધારેલ મુકામે જઇ પહોંચીએ છીએ. હવે જો આ પ્રમાણે પાછળથી નિશ્ચય કરવાને બદલે પ્રથમથી જ કર્યો હોય, તો કાર્યનો આરંભ કેટલો વહેલો થઇ શકે ? પણ તેમ કર્યા પછી પણ તપાસવું જોઇએ, કે તે યોગ્ય છે કે નહિં ? જો યોગ્ય હોય તો, તે શુભ ફળ આપે છે અને જો તે અયોગ્ય હોય તો અશુભ ફળ આપે છે. માટે શુભ ફળના ઇચ્છનારે હમેશાં યોગ્ય નિશ્ચય કરવો. આ ઠેકાણે સવાલ ઉત્પન્ન થશે, કે યોગ્ય નિશ્ચય કોને

કહેવો અને અયોગ્ય કોને કહેવો? આ પ્રશ્નનો ઉત્તર આપવાને અત્ર પ્રયત્ન કરીએ તો તે નિરૂપયોગી નહિ ગણાય.

જે કામ કરવાથી પોતાને, કુટુંબને, જ્ઞાતિને, દેશને અને જગતના સર્વ જીવોને આ લોકમાં અને પરલોકમાં લાભ થાય, તેવાં કાર્ય કરવાનો જે નિશ્ચય કરવો, તે યોગ્ય કહેવાય છે અને જે કાર્ય કરવાથી પોતાના કુટુંબને, જ્ઞાતિને, દેશને અને મનુષ્યને આ લોકમાં અને પરલોકમાં હાનિ થાય, તે કાર્ય કરવાનો નિશ્ચય કરવો, તે અયોગ્ય કહેવાય છે. જેમકે ન્યાયથી ધન પ્રાપ્ત કરવાનો, શરીરને આરોગ્ય રાખવાનો, સત્ય, પથ્ય, અને પ્રિય બોલવાની ટેવ પાડવાનો, મનમાંથી અશુભ સંકલ્પ દૂર કરીને શુભ વિચાર કરવાનો, આચાર સુધારવાનો, સત્યસંગ કરવાનો, દુઃખી જીવો ઉપર કરૂણા કરવાનો, પોતાના કરતાં શરીરે, ધને અને બુદ્ધિએ ચડતા હોય, તેમને જોઇને ખુશી થવાનો, દુષ્ટ કાર્ય કરનાર, જીવહિંસા કરનાર, અસત્ય બોલનાર, ચોરી કરનાર, પરસ્ત્રીનું સેવન કરનાર અને અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરનાર ઉપર દ્વેષ ન કરતાં–તેની નિન્દા કરતાં તેમને યથાશક્તિ કરૂણાપૂર્વક સુધારવાનો નિશ્ચય કરવો તે યોગ્ય નિશ્ચય કહેવાય છે અને તેથી ઉલટો એટલે હિંસા કરવાનો, અસત્ય બોલવાનો, ચોરી કરવાનો, પરસ્ત્રીનું સેવન કરવાનો, અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવાનો, નિન્દા કરવાનો, જેથી ઇર્ષ્યા, મત્સર, દ્વેષ ઉત્પન્ન થાય, એવાં કાર્યો કરવાનો અને આળસુ થવાનો નિશ્ચય કરવો, તે અયોગ્ય નિશ્ચય કહેવાય છે.

એના સામર્થ્યને જેઓ જાણતા નથી, તેઓ એક દિવસે એક કામ કરવાનો અને બીજે દિવસે બીજું કામ કરવાનો નિશ્ચય કરે છે. આમ કરવાથી પ્રથમના કાર્ય પછવાડે કરેલ પ્રયાસ ફોકટ જવા સાથે હૃદયને એટલો બધો ધક્કો પહોંચે છે, કે

જેથી બીજા કર્મનો નિશ્ચય જેવો જોઇએ તેવો દૃઢ થઇ શકતો નથી અને તેથી કરીને તેણે કરેલું કોઇપણ કાર્ય સંપુર્ણતા અને સાફલ્ય પ્રાપ્ત કર્યા વિના નિરર્થક અને ફળહીન નીવડે છે.

વિદ્વાનો જે જે કાર્ય આરંભે છે, તે તે વિષે પ્રથમ બહુ જ વિચાર કરે છે, એથી થવાના લાભાલાભ વિચારે છે અને એના પરિણામનો પણ વિચાર કરીને નિશ્ચય કરે છે. નિશ્ચય કર્યા પછી હજારો વિઘ્નો આવે, આપદાઓ આવે અને ગમે તેવા વિકટ પ્રસંગો આવે, તોપણ **प्रारब्धमुत्तमजनाः न परित्यजन्ति** ની પેઠે ડગ્યા વિના પોતાના નિશ્ચયને વળગી રહે છે. અરે એટલું જ નહિ, પણ જીવ જવાનો પ્રસંગ આવે, તોપણ પોતાના નિશ્ચયથી ચુકતા નથી અને ધારેલ કાર્ય પાર પાડીને લોકોમાં અપ્રસંખ્ય દૃષ્ટાંતરૂપ થઈ પડે છે.

આપણે સૌ જાણીએ છીએ, કે હરિશ્ચંદ્ર રાજાએ વચન આપ્યા પછી મરણ સુધીનાં સંકટો વેઠયાં હતાં, પણ નિશ્ચયથી ચલાયમાન થયા નહોતા. પોતાની પ્રિય પત્ની અને મનોહર પુત્ર વેચાયાં તે પણ તેમણે સહન કર્યું, પણ વચનથી ડગ્યા નહિં. છેવટે દેવતાઓ પણ એના નિશ્ચયનો તાપ સહન કરી શકયા નહિ અને તેને દાસપણે ભજવા લાગ્યા.

મહા સતી સીતાએ પણ પોતાના શીયળને માટે અનેક તરેહનાં સંકટો, આપદાઓ અને વિઘ્નો સહન કર્યાં હતાં, પણ તે પોતાના નિશ્ચયથી ડગ્યાં નહોતાં. છેવટે તે પોતાનું શિયળપણું અખંડિત રાખીને જય પામ્યાં હતાં અને સતી શિરોમણિ તરીકે અદ્યાપિ પર્યન્ત પૂજાય છે. આવી જ રીતના હજારો બલ્કે લાખો દૃષ્ટાંતો પ્રાચીન ઋષિમુનિઓનાં અને આર્યાઓનાં શાસ્ત્રોમાંથી મળી

આવે છે. તેઓ સર્વેએ પોતાનો નિશ્ચય મરણ પર્યન્ત સાચવી રાખ્યો હતો.

અર્વાચીન વિદ્વાનોએ પણ જે જે ગંજાવર શોધખોળો કરેલી છે, તેઓ પણ એજ સૂચવે છે કે, 'જે કરો તેનો પ્રથમ નિશ્ચય કરો, તેનો અંત લ્યો.' આવા મહાન રહસ્યને સૂચવીને આપણને બોધ કરે છે, કે 'અમે જે આટલી ઉચ્ચ સ્થિતિએ આવ્યા છીએ, અગર આવીએ છીએ, તેનું મૂળ કારણ એ જ છે. કે અમે જે જે કરીએ છીએ, તેનો પ્રથમ સારી રીતે નિશ્ચય કરીએ છીએ અને જે કરવાનો નિર્ણય કરીએ છીએ તેનો અંત લઇએ છીએ.'

જે મનુષ્ય કોઇપણ કાર્ય આરંભતા પહેલાં વિચાર કરે છે, કે આ કાર્ય શુભ છે કે અશુભ ? આ કાર્ય કરવાથી મારૂં, મારા કુટુંબનું, મારી જ્ઞાતિનું, મારા દેશનું કે જગતના જીવોનું કલ્યાણ થશે કે નહિ? આ કાર્ય કરવાનું મારામાં સામર્થ્ય છે કે નહિ? આ કાર્ય મને યોગ્ય છે કે નહિ? આ કાર્યનો આરંભ કરવાથી હાનિ કરતાં લાભ વિશેષ છે કે નહિ ? આવીજ જાતનું કાર્ય પ્રથમ કોઇએ કર્યું છે કે નહિ? અને કર્યું હોય તો તેમાં તે નિષ્ફળ નિવડયો હતો કે કેમ? તેને વચમાં કંઈ સંકટો નડયાં હતાં કે કેમ? અને નડયાં હોય, તો તેણે તે દૂર કરવાને શા શા ઉપાયો યોજ્યા હતા? વિગેરે બાબતનો વિચાર કરીને જે માણસ કાર્ય કરવાનો નિશ્ચય કરીને તેનો આરંભ કરે છે અને વચમાં સંકટો આવ્યા છતાં ડગતો નથી, તે અવશ્ય તેમાં સફળતા મેળવે છે. આવા દૃઢ નિશ્ચયવાળા જે મનુષ્યો હોય છે, તે ઉત્તમ પુરૂષો કહેવાય છે.

જે માણસ વિચાર કર્યા વિના કાર્યનો આરંભ કરે છે અને

વચમાં વિઘ્ન આવેથી મૂકી દે છે, તેને શાસ્ત્રમાં મધ્યમ પંક્તિનો ગણવામાં આવે છે અને જે માણસ વિઘ્નના ભયથી કાર્યનો આરંભ જ કરતો નથી, તેને અધમ ગણેલ છે; માટે જેઓને ઉત્તમ પંક્તિમાં ગણાવું હોય, તેમણે પ્રથમ કરવા યોગ્ય કાર્યનો નિશ્ચય કરવો અને પછી તે અનુસાર આરંભેલા કાર્યનો અંત લાવવો.

જ્યાંસુધી મનુષ્યમાં નિશ્ચય કરવાનો ગુણ પ્રગટ થયો નથી, ત્યાંસુધી તે સ્વપરહિત કોઈ કાળે કરી શકશે જ નહીં. જે જે મહાત્માઓ થઈ ગયા છે અને જેઓ તત્ત્વવેત્તા તરીકે જગતમાં વિખ્યાતિ પામી ગયા છે, તેઓના પ્રત્યેક કાર્યનું અવલોકન કરશું તો નિશ્ચયનો ગુણ તેમાં ઝળકી ઉઠતો જણાશે અને તે ગુણથી જ તેઓ જગતમાં નામના મેળવી શક્યા હતા, એમ પણ માલમ પડશે. અરે! જેઓ જેટલે અંશે જગતનું કલ્યાણ કરી શક્યા હતા, તેનું મૂળ કારણ પણ એ ગુણ જ હતો. જો તે ગુણ તેઓનામાં ન હોત તો તેઓ પગલે પગલે સ્ખલના પામત, એમ કહેવું જરા પણ અતિશયોક્તિભરેલું નથી.

પ્રત્યેક કાર્યનો નિશ્ચય કરીને આરંભ કરવામાં આવે, તો તે થોડું ઘણું પણ ફળ આપ્યા વિના રહે જ નહી, પણ તેની સાથે ખાસ કરીને જો ઉત્સાહ અને ધૈર્યથી કાર્ય કરવામાં આવે, તો પરિણામે તેમાંથી અપૂર્વ લાભ થયા વગર રહેતો નથી.

નિશ્ચય કરનાર પુરૂષ જીંદગીનાં સર્વ પ્રકારનાં સંકટોને આનંદથી, ઉત્સાહથી અને ધીરજથી સહન કરી શકે છે અને છેવટે વિજય પ્રાપ્ત કરીને દુનિયાને અનુકરણ કરવાને ઉદાહરણ તુલ્ય થાય છે. તેનું પ્રત્યેક કાર્ય લોહચુંબકની પેઠે અન્ય મનુષ્યોને પોતાની તરફ ખેંચે છે અને પોતા તરફથી તેમને શિક્ષણ

આપતાં કહે છે, કે જુઓ આ શું છે? તમારામાં પણ એટલું જ બળ, એટલી જ શક્તિ, એટલું જ જ્ઞાન અને એટલું જ ધૈર્ય આદિ ગુણો રહેલા છે, પણ માત્ર તમારામાં નિશ્ચય કરવાની શક્તિ નથી; તેથી જ તમારે નિરાશ થઇને ટગર ટગર જોવું પડે છે. હવે જો તમારે ખરા નર તરીકે ગણાવું હોય, તો તમારી આંતરિક શક્તિને બહાર કાઢો અને નિશ્ચય કરીને કહો, કે "હું જે કરવા ધારીશ તે થશે; કારણ કે, હું મનુષ્ય છું, મારામાં શક્તિનો અખૂટ ખજાનો છે, અને તેથી હું સદા પ્રત્યેક કાર્યમાં જય મેળવીશ." આવો નિશ્ચય કરનાર ધણી સદા જય જ મેળવે છે, એમાં જરાય સંશય નથી.

સત્કાર્ય કરવાનો જેણે નિશ્ચય કર્યો છે, તેને કુટુંબનો, જ્ઞાતિનો, દેશનો કે વિશ્વનો ભય રહેતો નથી. તે કુરૂઢીઓને તાબે થતો નથી, અનીતિનો ભોગ થતો નથી, પણ સદા સ્વતંત્રતાથી આત્માનંદમાં રમતો રહે છે.

નિશ્ચયી પુરૂષની પ્રત્યેક પળ ઉપયોગી જ હોય છે. તેના પ્રત્યેક સંકલ્પ, પ્રત્યેક વિચાર, પ્રત્યેક ઉચ્ચાર અને પ્રત્યેક આચારમાં ભારે રહસ્ય રહેલું હોય છે. એની ઉદારતા સર્વત્ર એનાં યશોગાન ગાય છે, અને લોકોને હંમેશાં એના પ્રતિ આકર્ષવાને પ્રેરે છે અને એના સમાગમમાં આવવાને લલચાવે છે, અરે એટલું જ નહિ પણ તે અન્યને પોતાના જેવા કરવાને દોરે છે, તેમને ઉત્સુક બનાવીને તેમનામાં નવું જીવન મુકે છે, અને તેમને પ્રત્યેક કાર્યમાં હિમ્મત આપીને ઉચ્ચ સ્થિતિએ પહોંચાડે છે.

દુનિયામાં સઘળાં મોટાં કામ નિશ્ચય કરવાથી થયાં છે, થાય છે અને થશે. કારણ કે નિશ્ચય એ પ્રત્યેક કાર્યરૂપી વૃક્ષનું બીજ છે. એના વિના કાર્યરૂપી વૃક્ષ નવપલ્લવ થઇને વિવિધ પ્રકારનાં સુખ,

વિવિધ પ્રકારની નિર્ભયતા, અને વિવિધ રીતની સ્વતંત્રતા રૂપી ફળો આપી શકતું નથી.

જેને અનેક પ્રકારનાં કષ્ટો, અનેક જાતનાં સંકટો, વિવિધ જાતનાં વિઘ્નો, અનિયમિત આચાર–વ્યવહાર, અનીતિ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેશ, રતિ, અરતિ, શોક, ભય, હાસ્ય, પરપરિવાદ, માયા મૃષાવાદ અને મિથ્યાત્વ શલ્યનો નાશ કરવો હોય, તેઓએ નિશ્ચય કરવાની ટેવ પાડવી. આ ટેવ એટલે સુધી દૃઢ મૂળવાળી થવી જોઇએ કે, જાણતે અજાણતે જે કાર્ય કરવું પડે, તેનો નિશ્ચય પ્રથમથી આપોઆપ થઇ જ જાય. આવી રીતની ટેવ પડવાથી પરંપરાએ બહુ લાભ થાય છે.

નિશ્ચયી પુરૂષ ધર્માર્થે જ જીંદગી અર્પણ કરે છે, અને સત્યની સેવામાં ને સેવામાં જ રહીને કાળ નિર્ગમન કરે છે. ધર્મ, સત્ય અને સ્વદેશનાં કલ્યાણ માટે તે સર્વદા મથે છે, અને નિરાધારનો આધાર થાય છે. તે પોતાનો સ્વાર્થ તજીને દુનિયાના કલ્યાણ માટે પોતાનું જીવન ગાળે છે, કીર્ત્તિની અપેક્ષા રાખતો નથી, અને નામની કામના કરતો નથી, પણ પોતાનું કર્ત્તવ્ય જાણીને તે પ્રમાણે વર્તે છે. પોતાની વૃત્તિઓને ઉમદામાં ઉમદા અને ઉંચામાં ઉંચુ કાર્ય કરવામાં પ્રેરે છે. તેને નડતર નડે તોપણ તે નાઉમેદ થતો નથી. વિઘ્નો તેની આસપાસ ફરી વળે તોપણ તે નિરાશ થતો નથી. કારણ કે તે સમજે છે કે, ઉંચામાં ઉંચા પ્રકારનાં સદ્વર્તન, ઉદ્યમ, અને બુદ્ધિની કસોટી કરવાને સંકટ અને દુઃખની જરૂર છે. જો મનુષ્યને સંકટ ન આવે તો, તેના ગુણો પ્રગટ થતા નથી, પૂર્વે જે મહાત્માઓ થઇ ગયા છે, તે સર્વે સંકટરૂપી કસોટીમાંથી પસાર થવાથી જ મહાત્મા રૂપે ગણાઇને પૂજનીય થયા હતા. માટે પ્રત્યેક મનુષ્યે પ્રયત્ન, સહનશીલતા સદુદ્યોગ, અને ધૈર્ય જે નિશ્ચયના સહચારીઓ છે, તેનો સંગ્રહ કરવો,

અને ભારેમાં ભારે દુઃખના બોજા આવી પડે, તો પણ ટટાર ઉભા રહેવાની કોશીષ કરવી. કારણ કે ધૈર્ય અને સહનશીલતાથી દુઃખ સહન કરવું, એ મનુષ્યનું ઉંચામાં ઉંચું લક્ષણ છે. એ ગુણોમાં કાંઇક એવું ઉંચામાં ઉંચું ઉત્કૃષ્ટ તત્વ છે કે, તેથી તે ઉંચામાં ઉંચા પ્રકારનો થઇને ઉત્તમમાં ઉત્તમ પુરૂષ તરીકે પંકાય છે.

આ સદ્‌ગુણની ફક્ત વ્યવહારમાં જ જરૂર છે, એમ ધારવું એ તદ્દન ભુલભરેલું છે. કારણ કે વ્યવહાર ઉપરાંત પરમાર્થના કાર્યોમાં પણ તેની વિશેષ જરૂર પડે છે.

નિશ્ચયના ગુણ વિષે વિશેષ લંબાણ ન કરતાં તેના સારરૂપે નીચેનાં થોડાં ટુંકા વાકયો લખીને આ લેખ સમાપ્ત કરૂં છું, અને આશા રાખું છું કે વાચકવર્ગ તેમાંથી સાર ગ્રહણ કરશેઃ—

૧ પ્રત્યેક કાર્ય કરતાં પહેલાં તેના ગુણ દોષનો નિશ્ચય કરવો.
૨ ગુણ દોષ જોઇને જે કાર્ય કરવાનું મુકરર કર્યું હોય, તેનો આરંભ કરવાનો નિશ્ચય કરવો.
૩ આરંભેલા કાર્યને પૂર્ણ કર્યા વગર છોડવું નહીં.
૪ નિશ્ચય કરેલું કાર્ય કરતાં સંકટ આવે તો પણ ડગવું નહીં.
૫ જે કરવું તે સતત, નિરંતર અને ઉત્સાહપૂર્વક કરવું.
૬ કાર્ય કરતાં પ્રથમ ફળ ન જણાય તો પણ એ કર્યા જ કરવું.
૭ ફળ કોઇ પણ રીતે વિપરીત દેખાય તો, ઉદ્યમમાં કચાશ સમજવી, પણ ‘ નશીબ ’ ઉપર ભરોસો રાખીને આળસુ થવું નહિ.
૮ પ્રત્યેક કાર્ય કરતી વખતે હિમ્મત સદા જાગ્રત રાખવી.
૯ કાર્ય કરતાં ધૈર્ય તજવું નહિ.
૧૦ સહનશીલતાથી કાર્યસિદ્ધિ સત્વર થશે એમ ચોકસ ભરોસો રાખવો.

પ્રકરણ ૩ જું

करकसरथी थती सुखप्राप्ति

દુનિયામાં સુખી થવાની ઇચ્છા સર્વ મનુષ્યોને અને સર્વ જીવોને હોય છે, પણ સુખ કેમ પ્રાપ્ત કરી શકાય છે તે વાત તો બહુ વિરલા પુરૂષો જ જાણે છે. સુખ એ કાંઇ પથ્થર, પાણી કે અગ્નિ નથી, પણ સુખ તો આત્મગમ્ય અગોચર પદાર્થ છે.

એ વિષે શાસ્ત્રકારોએ વ્યવહારિક અને પારમાર્થિક અનેક માર્ગો બતાવેલા છે, અને તેના માટે વિવિધ જાતની ક્રિયાઓ, ઉદ્યમો અને આંતરિક સાધનો મેળવવાની જરૂરીયાત પણ બતાવેલી છે.

પારમાર્થિક સુખના અધિકારી બનવા માટે પ્રથમ વ્યવહારિક સુખ પ્રાપ્ત કરવાનાં સાધનો ઓળખવાની જરૂર છે, અને તે સાધનો અનેક છે, તે પૈકી કરકસર એ પણ એક સાધન છે. કરકસર એ સુખપ્રાપ્તિનું સાધન છે, એ વાત સાંભળીને કેટલાંક મનુષ્યો તો અજાયબ થાય છે, અને તેની સત્યતા કબુલ કરતાં પહેલાં વિચાર-ગ્રસ્ત થાય છે. આમ છતાં પણ કરકસર એ સુખપ્રાપ્તિનું સાધન છે, તે વાત અમો માનીએ છીએ, અને અમારી તે માન્યતામાં બીજાને સંમત કરવાને અમે આ પ્રયત્ન કરીએ છીએ.

હવે જો કે કરકસર એક ઉત્તમ સદ્ગુણ છે, અને સુખેચ્છુ માણસે તે પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે, એમ જાણવા છતાં પણ ઘણાં મનુષ્યો તે કેવી રીતે અને કયા ઉપાયોવડે પ્રાપ્ત કરવો, તે જાણતાં નથી.

કરકસર ઘણા પ્રકારની થાય છે. જેમ કે વસ્તુઓ જોઇતી લેવી, વગર કામની લઇને રાખી મુકવી નહિ, કુવ્યય ન કરવો, શરીરની શક્તિઓ નિરર્થક કામમાં ખર્ચવી નહિ. વચનો વૃથા ન બોલવાં અને માનસિક શક્તિનો પણ શેખસલ્લીના જેવા વિચાર કરીને વૃથા વ્યય ન કરવો. એ આદિ આચાર અને રીતભાતનો સમાવેશ કરનારો કરકસર ગુણ મહા અર્થસૂચક છે. એટલું જ નહિ પણ તે અનેક ઉમદા ગુણોનું અનન્ય કારણ હોવાથી એની પ્રાપ્તિથી તેવા ગુણો પણ અનાયાસે યા અલ્પ પ્રયાસે આવી મળે છે.

કેટલાંક મનુષ્યો બહુ જ અવિચારી હોય છે, અને તેથી કરીને તેઓ પૈસાનો અત્યંત દુરૂપયોગ કરે છે; ધોતાળપણે પૈસા ઉડાવે છે. આવકના પ્રમાણમાં ઘરખર્ચ અધિક રાખે છે, કોઈ બાર આને ચીજ મળતી હોય, અને તેવી જ બીજી ચીજ સહેજ ફેરવાળી અગીઆર આને મળતી હોય, અને તેથી કામ ચાલી શકે તેમ હોય, છતાં તે વડે ન નભાવતાં એક આનો વધારે ખર્ચી વ્યર્થ વ્યય કરે છે. આવાં મનુષ્યો કોઇ પણ કાળે ઉચ્ચ સ્થિતિએ પહોંચતાં નથી, અને બીજાને પહોંચાડી પણ શકતાં નથી.

કેટલાંક મનુષ્યોમાં દ્રવ્ય ઉડાવવાની બહુ જ ટેવ હોય છે. કારણ કે તેઓ એમ સમજે છે કે, એટલા પૈસાથી શું પૈસાદાર થવાય છે? લાખો અને કરોડો રૂપિયાની આવક હોય તો જ ધનિક થવાય, પણ એ એમની માન્યતા ભૂલભરેલી છે. લાખો અને કરોડો રૂપિયાની આવક તો શું, પણ અબજોની આવક હોય તો પણ

કરકસર કર્યા વિના દ્રવ્ય ટકતું નથી. કરકસરની ટેવ વિનાનો માણસ બહુ જ વ્યર્થ વ્યય કરે છે. દ્રવ્ય કયાં ખર્ચવું એનો ઉપયોગ કયાં, કયારે અને શેમાં કરવો, કેવે રસ્તે તે ખર્ચવાથી તેનો સદ્વ્યય થયેલો ગણાશે અને તે વિશેષ ફળપ્રદ થશે, તથા કયે માર્ગે તે ખર્ચવાથી મારૂં અને દુનિયાનું કલ્યાણ થશે તેની ખબર તેને હોતી નથી, તેથી કરીને તેવો મનુષ્ય જો ધનવાન હોય તો પણ ટુંક સમયમાં જ નિર્ધન સ્થિતિમાં આવી પડે છે. પણ જે કરકસરવાળો પુરૂષ હોય છે તે એક પૈસો પણ વ્યર્થ ખરચતો નથી. "જેટલાથી પોતાનું અને પરનું ભલું થાય, જે ખર્ચ્યાવિના ચાલે જ નહિ, અને વ્યવહારમાં જેટલું ખર્ચવું યોગ્ય હોય તેટલું જ દ્રવ્ય ખર્ચીને તે પોતાની સ્થિતિના પ્રમાણમાં પોતાનું સારૂં દેખાડે છે."

આવાં મનુષ્યો જ દ્રવ્યનું સાર્થક કરે છે, આવાં મનુષ્યો જ સ્વપરની ઉન્નતિ કરી શકે છે, આવાં મનુષ્યો જ દેશમાં અગ્રેસર થઈ શકે છે, આવાં મનુષ્યો જ "નગરશેઠ" તરીકે પુજાવાને યોગ્ય છે, આવાં મનુષ્યો જ અખંડ કીર્તિનું છત્ર ઓઢે છે અને આવાં મનુષ્યો જ વિવિધ જાતના સુધારા, વિવિધ જાતની કેળવણી, વિવિધ જાતની કળાઓ, વિવિધ પ્રકારના હુન્નરો અને વિવિધ પ્રકારના ઉદ્યોગો ફેલાવી પોતાની, કુટુંબની, જ્ઞાતિની, દેશની અને જગતની આબાદી કરવાને ભાગ્યશાળી થાય છે.

કરકસર ગુણ દેખવામાં સામાન્ય છે, પણ પરિણામે બહુ જ ઉચ્ચ છે. એ ગુણ પ્રાપ્ત કરનારનું હૃદય ગંભીર અને વિશાળ હોય છે. એ ગુણથી મનુષ્ય ખરેખર મનુષ્ય નામને યોગ્ય થાય છે, અને બીજાને તે મનુષ્ય કરે છે. એ પોતાનો વખત વૃથા ગુમાવતો નથી. એ આળસની સેવા, પ્રમાદની ભક્તિ, અને નશાબની સાથે દોસ્તી કરતો નથી. પણ તે ઉદ્યોગ, ઉદ્યોગ, અને ઉદ્યોગ જ

કર્યા કરે છે. એના વિચારો વંધ્યાપુત્ર જેવા નિષ્ફળ નથી હોતા, એના વિચારો આકાશકુસુમની પેઠે કલ્પિત નથી હોતા, અને એની ક્રિયા ખરશૃંગની પેઠે મિથ્યા નથી હોતી. એથી ઉલટું એની ક્ષણે ક્ષણ ફળવતી ક્રિયાની ઉપાસના કરે છે, એનાં સ્વપ્નાં પણ નિરૂપયોગી નથી હોતાં, પણ ઉપયોગી અને જાણવા જેવાં હોય છે. એ પરિશ્રમને જ જીંદગી સમજે છે, અને સંયમ એજ 'હું' એમ માને છે. તેથી દ્રવ્યનો કુવ્યય કરવાથી, વ્યર્થ ખર્ચ કરવાથી, નકામું ઉડાવવાથી, અને કુમાર્ગે ખર્ચવાથી જેમ જીંદગીનો કુવ્યય-વ્યર્થ વ્યય અને કુમાર્ગે વ્યય થાય છે તેમજ જીંદગી એ જ પોતે હોવાથી એવા કુવ્યયથી પોતાનો જ કુવ્યય, વ્યર્થવ્યય અને કુમાર્ગે વ્યય થાય છે, એ વાત તાત્વિક પુરૂષો જ જાણે છે, અને તેઓ જ કરકસરના યથાર્થ ફાયદા સમજે છે. તો પણ તે વિષે જેટલું અપુર્ણ વાણીથી કહી શકાય તેટલું સંક્ષિપ્તમાં કહીને આ વિષયનું સ્પષ્ટીકરણ કરવા પ્રયત્ન કરૂં છું.

મનુષ્ય દિવસના છ કલાક કે આઠ કલાકનો વ્યય કરી અમુક દ્રવ્ય પ્રાપ્ત કરે છે. હવે તેનો જો તત્વથી વિચાર કરવામાં આવે તો, સ્પષ્ટ સમજાય કે, છ કે આઠ કલાકના વ્યયથી જે દ્રવ્ય પ્રાપ્ત કરે છે, તે દ્રવ્ય જો તે યોગ્ય રીતે ન વાપરે તો તેટલા પ્રમાણમાં તે પોતાનાં આયુષ્યનો વ્યર્થ વ્યય કરે છે. આટલી સાદી હકીકતથી સહેજે સમજાશે કે, પોતાનો કુવ્યય કરનાર કોણ ? આનો જવાબ એ જ છે કે, જે પોતાના દ્રવ્યનો કુવ્યય કરે છે, તે પોતાની જીંદગીનો કુવ્યય કરે છે. માટે પોતાની જીંદગીનો કુવ્યય કરનાર એટલે આ મનુષ્યજન્મને એળે ગુમાવી દેનાર તે બીજો કોઇ નહિ, પણ કરકસર વિનાનો મનુષ્ય છે. અહા ! કેવી અજાયબીની વાત છે કે, મનુષ્ય પોતાના દ્રવ્યનો કુવ્યય કરીને પરિણામે પોતાના અમૂલ્ય આયુષ્યનો કુવ્યય કરતાં અચકાતો નથી. આપણામાંના લગભગ સર્વે

મનુષ્યોની કેટલી મોટી ભુલ થાય છે, તે વાત ગંભીરપણે વિચારવા જેવી છે.

જો સામાન્ય મનુષ્ય પોતાની આવકના પ્રમાણમાં ખર્ચ કરે, અને ઉપજના અમુક ભાગનો સંગ્રહ કરતો રહે તો, 'ટીપે ટીપે સરોવર ભરાય, અને કાંકરે કાંકરે પાળ બંધાય,' એ કહેવત પ્રમાણે કેટલેક વર્ષે હાલ કલ્પનામાં ન આવે, એવી સુખી અને પૈસાદાર હાલતમાં તે આવી શકે. સંસ્કૃત સાહિત્યનો એક શ્લોક પણ અમારા આ વિચારને પુષ્ટિ આપે છેઃ—

जलबिन्दुनिपातेन क्रमश : पूर्यते घट: ।
स हेतु : सर्वविद्यानां धर्मस्य च धनस्य च ॥

અર્થ—જળનાં બિંદુ પડવાથી જેમ ધીમે ધીમે ઘડો ભરાઇ જાય છે; તે પ્રમાણે સર્વ વિદ્યા, ધર્મ અને ધનની વૃદ્ધિને પણ તે જ નિયમ લાગુ પડે છે. એટલે ધીમે ધીમે અને થોડે થોડે કરવાથી પણ મોટાં કામો પાર પડે છે. એકેકી કોડી કોડી, અને એકેકી પાઇ પાઇ સંઘરવાથી હજારો અને લાખો રૂપીઆ કાળે કરીને ભેગા થાય છે. એકેક પાઇ ધર્માદામાં આપવાથી અથવા તો પ્રતિદિન થોડું થોડું ધર્મધ્યાન કરવાથી કાળે કરીને ધર્મના ઢગલા એકઠા થઇ શકે છે. તેમજ એકેકો અક્ષર, એકેકો શબ્દ કે એકેકું પદ પ્રતિદિન નિયમસર શીખવાથી ઘણા અભણ માણસો પરિણામે પંડિત થઇ શકયા છે. માંટે 'નહિ મામા કરતાં કહેણો મામો શું ભુંડો ?' એ કહેવત પ્રમાણે બીલકુલ પણ સંગ્રહ નહિ કરવાની ટેવ કરતાં થોડો પણ સંગ્રહ કરવાની નિયમિત ટેવ સર્વથા વખાણવાલાયક છે; અને આ શુભ ટેવ તે કરકસરનું મૂળ સ્વરૂપ છે.

જો કોઇ વિદ્યાર્થી દરરોજ પાંચ શ્લોક કંઠે કરે તોપણ તે એક વર્ષમાં ૧૮૦૦ શ્લોક મોઢે કરી શકે છે અને દશ વર્ષમાં એ હિસાબે અઢાર હજાર શ્લોક મુખે ભણનારો તે મહાપંડિત કહેવાય છે. થોડું થોડું પણ સંગીનપણે અને નિયમિતપણે કાર્ય કરવાનો આના કરતાં બીજો કયો પ્રત્યક્ષ લાભ હોઇ શકે ?

વળી જે માણસ દરરોજ માત્ર પચીશ પાનાં જ નિયમિતપણે વાંચે છે, તે એક માસમાં સાડાસાતસો પાનાનો મોટો ગ્રંથ પુરો કરી શકે છે અને એક વર્ષમાં તેવા બાર ગ્રંથો સાદ્યંત વાંચીને વિચારી શકે છે અને મોટો પંડિત થઇને જનમંડળમાં પુજાવાને ભાગ્યશાળી થાય છે.

હવે આ સંબંધમાં કદાચ કોઇને એવો વિચાર થશે કે આ બધી વાત કરો છો તે તો ખરી છે, પણ તે બધું કરવાનો વખત ક્યાંથી કાઢીએ ? આ તેમનું ધારવું વાજબી નથી. માણસો જો વખત બચાવવા ધારે તો, એકાદ કલાક તો શું પણ કદાચ કલા- ાના કલાકો બચાવી શકે. પણ જ્યાંસુધી તેનું લક્ષ વખત બચાવવા ારફ લાગતું નથી ત્યાં સુધી જ તેને એમ થાય છે, કે વખત શી ીતે મળી શકશે ? કારણ કે આપણે સારી રીતે જોઇએ છીએ અને ાણીએ છીએ, કે ઘણા મનુષ્યોના વખતનો મોટો ભાગ નિદ્રા, ાળસ, પ્રમાદ, ગામગપાટા, રાજકથા, દેશકથા, ભોજનકથા, સ્ત્રી- ા અને અન્યની નિંદામાં જાય છે. હવે આ બધા કુકાર્યોમાં જે ખત ગુમાવવામાં આવે છે, તેનો જો સંકોચ કરવામાં આવે તો, ખતનો ઘણો જ બચાવ થઇ શકે અને તેનો સદુપયોગ કરવાનું ; લક્ષમાં લેવામાં આવે તો આપણે હાલ જે સ્થિતિ ભોગવીએ એ, તે કરતાં સહસ્રગણી સારી સ્થિતિ પ્રાપ્ત કરવાને આપણે ાસ્ય ભાગ્યશાળી થઇએ.

જેમ ઉપરનાં બે દૃષ્ટાંતો વિદ્યાના સંગ્રહથી ઉત્પન્ન થયેલા લાભનું દિગ્દર્શન કરાવે છે, તેમજ નીચેનું દૃષ્ટાંત દ્રવ્યના સંગ્રહનો લાભ બતાવે છે:

કોઇ માણસ જે હમેશાં એક રૂપીઓ પેદા કરતો હોય, તેમાંથી જો તે ચાર આના બચાવે, તો એક વર્ષે રૂ. ૯૦) અને ચાલીશ વર્ષે રૂ. ૩૬૦૦) બચાવી શકે. તે રકમ બચાવીને પ્રતિવર્ષે તે સરકારી બેન્ક જેવા સદ્ધર ઠેકાણે વ્યાજે મુકે તો, તેની મુડી પાંચ હજાર ઉપર પણ થઇ જાય અને તેથી વૃદ્ધાવસ્થામાં તે કેટલો સુખી થાય, તેનો ખ્યાલ મારા વાચકમિત્રોને સહેજે આવશે, એમ હું માનું છું.

પ્રકાશની કીમ્મત અંધકારમાં, નિરોગીપણાની કીમ્મત રોગીપણામાં, ચક્ષુની કીમ્મત અંધપણામાં, શ્રોત્રની કીમ્મત બહેરાપણામાં, ઘ્રાણ અને જીભની કીમ્મત, ગંધ અને રસનો ઉપભોગ લેવા વખતે, વાયુની કીમ્મત "બ્લૅક હોલ" જેવા સ્થળમાં, પાણીની કીમ્મત દુકાળમાં અગર સહરાના રેતીના રણમાં, અન્નની કીંમત ભુખમરામાં અને સુખની કીમ્મત જેમ દુ:ખમાં થાય છે, તેમજ દ્રવ્યની કીમ્મત વૃદ્ધાવસ્થામાં થાય છે. તે પહેલાં એની અમુલ્યતા તાદૃશ થતી નથી. આ વાત સત્ય છે, પણ વિચારવાન પુરૂષોની કોટી તે કરતાં ચડીઆતી હોય છે. તેઓ દુ:ખમાં સુખનો અને સુખમાં દુ:ખનો અનુભવ કરે છે. વળી તેઓ નિર્ધન અવસ્થામાં ધનિક જેવો આનંદ ભોગવી શકે છે અને ધનિક અવસ્થામાં દીનતા ભોગવી શકે છે. પરંતુ એ સર્વે અવસ્થાઓ જ્ઞાનથી જ બદલાઇ શકે છે અને એવું જ્ઞાન કરકસર કર્યા વગર પોતાની મેળે પ્રાપ્ત થતું નથી.

ઘણા મનુષ્યોના મનમાં કેટલીક જાતના વહેમો પેસી ગયા હોય છે, તેને લીધે તેઓ ઘણી વખતે પોતાનો અમૂલ્ય વખત અને

દ્રવ્ય બરબાદ કરે છે. એ વહેમો ઘણા પ્રકારના છે. માટે તેમાંના થોડાની જ હકીકત હું નીચે જણાવું છું:

જ્યારે કેટલાક મનુષ્યોને પુત્ર નથી હોતો ત્યારે તેઓ અને વિશેષે કરીને તેમની સ્ત્રીઓ બાધા અને માનતા માને છે. પીર, ફકીર અને દેવ દેવીને પૂજે છે; જોશી, ભુવા, બ્રાહ્મણ, જોગીજતિ આદિને પૂજે છે, અને તેમના કહ્યા પ્રમાણે દ્રવ્યનો કુવ્યય કરે છે, તેઓના ઢોંગને મદદ આપે છે અને દેશના દારિદ્ર્યમાં વૃદ્ધિ કરવાને મદદરૂપ થાય છે.

૧. આવા કોઇ ભુવા કે જોશીએ બતાવ્યા પ્રમાણે પ્રતિવર્ષે તેઓ કોઈ દેવ દેવી પાસે જાય છે અને અમુક જાતની લાપશી, વડાં વિગેરે રાંધીને તે દેવ દેવીના ભુવા અને પૂજારીને તૃપ્ત કરે છે. વિશેષ શક્તિ હોય, અગર માનતા માની હોય તો વધારે માણસોને પણ જમાડે છે, ડાકલાં મંડાવે છે, ભુવાને ધુણાવે છે, અને કાંકરાની પેઠે પૈસા વાપરે છે. આ પ્રમાણે અનર્ગળ નાણાંનો કુવ્યય કર્યા છતાં જ્યારે સંતાનપ્રાપ્તિ થતી નથી ત્યારે તેઓ નિરાશ થાય છે અને પોતાના નસીબને દોષ દે છે. હવે જો જાણે અજાણે ટપ્પો લાગી ગયો અને પુત્રપ્રાપ્તિ થઈ ગઇ તો દેવ કે દેવીનો મહિમા વધે છે. તે એક પુત્રનાં માબાપ બીજા દસને ત્યાં મોકલે છે અને તેઓ પણ ઉક્ત રીતે પોતાનું દ્રવ્ય વાપરીને નાકવઢાની ન્યાતમાં ભળે છે. આ વહેમ એટલો બધો ઉંડાં મૂળ ઘાલીને પેસી ગયો છે કે, તેને લીધે હિંદુસમાજના લાખો રૂપિયા દરવરસે બરબાદ જાય છે અને હજારો ઢોંગી અને આળસુ લોકો જેઓ આવા દેવદેવીના ભક્તો કે આશ્રિતો હોવાનો દાવો કરે છે, તેઓને ઊત્તેજન આપનાર થાય છે.

૨. ઊપર જણાવ્યા પ્રમાણેની ઇચ્છાથી કેટલાક લોકો પીર

પાસે જાય છે અને ત્યાં મળીદા ચડાવે છે. અરે ! એક વખત જવાથી જાણે પુરૂં થતું ન હોય તેમ દરવર્ષે ત્યાં જવાની તેઓ પ્રતિજ્ઞા કરે છે અને હજારો રૂપિયાનો કુમાર્ગે વ્યય કરે છે. આવાં દૃષ્ટાંતો ઘણે ઠેકાણે દેખવામાં આવે છે. શેત્રુંજાગિરિ ઉપર જે પીર છે, તેના ઉપર તો દરવર્ષે હજારો ઘોડીઆં ચઢે છે. તેમાં કેટલીક વાર મેં તો પ્રત્યક્ષ નજરોનજર જોયેલું છે કે, આવે સ્થળે અન્ય ધર્મ-વાળા જાય તે તો ઠીક, પણ જૈન કુળમાં ઉત્પન્ન થયેલા અને મોટા મોટા ચાંદલા કાઢનારા પણ એવી જ રીતે પુત્રને માટે ઘોડીઆં ચડાવીને પોતાને કૃતાર્થ માને છે. આ જોઇને વિવેકી મનુષ્યો આવા બાયલા અને નમાલા મનુષ્યો ઉપર કરૂણા કરે છે અને ઉદાસ રહે છે. પણ કેટલાક ઓછી સમજવાળા ઉદ્ધત પુરૂષો તે જ વખતે કહે છે કે, જૈનના દેવો કરતાં પીરનો પ્રતાપ ઘણો જ વધારે છે. આવી નકામી વાતો કરીને તથા નિન્દા કરીને તેઓ કર્મ બાંધે છે.

૩. કેટલાક મનુષ્યો ફકીર પાસે જઇને તેની પ્રસાદી રૂપે ખાખ લે છે અને દરરોજ ખાય છે. તેની આજ્ઞા પ્રમાણે દરરોજ ફકીરો જમાડે છે, પીર પાસે આઠ આઠ દિવસે લાપશી રાંધે છે, અને પૈસાનો ધુમાડો કરે છે.

૪. કેટલાકને હીસ્ટીરીયા થાય છે, ત્યારે તે ભુવા પાસે જાય છે અને ત્યાં આખી રાત સુધી જાગરણ કરે છે, ડાકલાં બેસારે છે, થાળી ગોળી પીટાવે છે અને અનેક પ્રકારનાં તોફાન કરીને વખત અને દ્રવ્યનો દુરૂપયોગ કરે છે.

૫. કેટલાક ધન, પુત્ર, સ્ત્રી આદિની પ્રાપ્તિ માટે દેવને સેવે છે, આરાધે છે અને સર્વદા તે માટે જ પ્રાર્થના કરે છે. પોતાના ખોરાકનો પ્રસાદ દેવને ધરે છે; ફુલ, કેસર, અત્તર, ગુલાબ, ધુપ,

ઘી વગેરે ચડાવે છે અને સકામ ભકિત કરીને ધન પુત્રાદિ માગે છે. પણ આ મૂર્ખ લોકો વિચારતા નથી કે, દેવ તે શું કોઇ સિપાઇ, કોટવાળ કે વકીલની પેઠે લાલચુ છે, કે જેથી તેને પાંચની લાલચ આપી, પચીશનું કામ કરાવી લઇએ ! આ પ્રમાણે યોગ્યાયોગ્યનો વિચાર કર્યા વિના વખત અને પૈસાનો ભોગ આપીને ઘણા લોકો પાયમાલ થાય છે.

૬. કેટલાક મનુષ્યો નસીબના જ દાસ હોય છે. એવા મનુષ્યો જે કાંઈ કાર્ય કરે છે, તે સર્વ જ્યોતિષના ભરૂસા ઉપર કરે છે. તેઓ ગ્રહોથી બહુ જ બીએ છે; કારણ કે ગ્રહ પ્રત્યેક કાર્યમાં એમની વચમાં આવી પડે છે, તેથી કામ બે દિવસનું હોય તેને માટે જોશી પાસે બે ચાર ફેરા ખાય છે અને શનિ કે રાહુની ઉપાધિ દૂર કરાવવાને માટે પૂજા અને મંત્ર જાપ કરાવે છે. આવી રીતે આવા ગ્રહપૂજકો પ્રત્યેક કાર્ય માટે વખત અને પૈસાનો ભોગ આપે છે અને જ્યોતિષીઓને પૈસા આપીને સંતોષે છે. આવા જોશીઓ પોતે તો અંતઃકરણથી ગ્રહોના ફળાદેશને કદાચિત જ માનતા હોય છે, પણ મૂર્ખ અને વહેમી માણસો તરફથી તેમને જે દ્રવ્ય પ્રાપ્ત થાય છે, તેથી તેઓ પોતાનો ઢોંગી ધંધો ધમધોકાર ચલાવે જાય છે. આવા જ્યોતિષીઓના ઢોંગને ફંદે ફસેલ હિંદુસ્તાનમાં અસંખ્ય લોકો છે. તેઓ ગ્રહોના ફળાદેશને માનીને નિરૂદ્યમી રહે છે અને જીંદગી પર્યંત દારિદ્ર ભોગવે છે.

વહેમનાં ઉપર જે છ દૃષ્ટાંતો આપ્યાં છે, તે તો માત્ર દિગ્-દર્શનરૂપે છે. જે જે વહેમો ભારતની ભાગ્યહીન ભૂમિમાં પ્રચલિત છે, તેનું સંક્ષેપમાં પણ વર્ણન કરવા જઈએ તો ગ્રંથગૌરવ વધી જવાની ધાસ્તી રહે છે, માટે વહેમને લીધે કુવ્યય કેવે કેવે પ્રસંગે કરવામાં આવે છે, તેમાંનાં થોડાં નામ માત્ર જ હું કહી જાઉં છું

અને એ વિષે વિચાર કરવાનું મારા વાચકમિત્રોને જ સોંપું છું

નીચે દર્શાવેલાં કાર્યોમાં પૈસાનો જે વ્યય કરવામાં આવે છે, તે કુવ્યય છે અને તે જ્ઞાનીઓને સમ્મત નથી, માટે તેનો ત્યાગ કરવો ઘટે છેઃ—

૧. અધ્વરણી વગેરેમાં રાગરંગ અને ભોજનનો જે ખર્ચ કરવામાં આવે છે, તે નકામો ખર્ચ છે.

૨. બાળકના સંબંધમાં શીતળાપૂજનનો, મંત્રનો અને તંત્રનો ખર્ચ પણ વ્યર્થ છે.

૩. બાળકના બાળમોવાળા ઉતરાવતી વખતે તીર્થસ્થળે કે દેવદેવી પાસે જવું અને ખર્ચ કરવો તે વ્યર્થ છે.

૫. બાળકની છઠ્ઠીના દિવસનુ ખર્ચ વ્યર્થ છે.

૬. વિવાહ વખતે ફુલેકું, વરઘોડો, ફુલવાડી, વેશ્યાનો નાચ, ચારણ, ભાટ અને બ્રાહ્મણોને દાનદક્ષિણા, ગૃહશાંતિ, ગૃહપુજા, જોશી, કન્યાવિક્રય, શહેર ભોજન, ઇત્યાદિનો ખર્ચ વ્યર્થ છે.

૭. કન્યાનાં આણાનો કેટલોક લોકદેખાવનો ખર્ચ કુવ્યય છે.

૮. ગર્ભ રહેવાને માટે મંત્ર, જંત્ર, પીર, દેવતા દેવી વગેરેમાં દેવું તે વ્યર્થ છે.

૯. મરણના ખર્ચમાં, હાડકાં ગંગામાં વહેવરાવવામાં, દશમું, અગીઆરમું, બારમું, તેરમું. માસિક શ્રાદ્ધ વગેરેનો ખર્ચ વ્યર્થ છે; કારણ કે તે મરનારને પહોંચતું નથી.

૧૦ હોળીનો ખર્ચ, મેળા ઉજાણીનો ખર્ચ, દીવાળીની રોશનીનો ખર્ચ, ચોપડાપૂજનનો ખર્ચ ઇત્યાદિ વ્યર્થ છે.

૧૧. નવીન મકાન બનાવીને ભોજન કરાવવું તે ખર્ચ વ્યર્થ છે.

આવી રીતે અનેક કુરૂઢીઓથી જે ખર્ચ થાય છે તે બધું વ્યર્થ છે અને જેથી પોતાનું કે પરનું સારૂં ન થાય તે પણ બધો કુવ્યય છે. અરે! આવા નકામા ખર્ચથી જ હિંદુસ્તાન હલકી દશામાં આવ્યું છે અને હજુ પણ અધિકાધિક આવશે; પણ જો હવે વધારે અધમ દશામાં ન આવતાં ઉત્તમ સ્થિતિમાં આવવાની મરજી હોય તો મનુષ્યોએ ધર્મની નિન્દા મુકી, મતપંથના ઝગડા મુકી, પરસ્પર પ્રતિ ઇર્ષા–મત્સર છોડી દઇ, સંપ કરી, ભ્રાતૃભાવ ધારણ કરીને ઉદ્યોગ જ કરવો જોઇએ. ઉદ્યોગની હવે બહુ જ જરૂર છે. એના વિના સુખ સંપત્તિને હિંડોળે લોકો ચડવાના નથી, એના વિના હુન્નરકળાના શિખરે પહોંચવાના નથી. એના વિના વિદ્યા પ્રાપ્ત કરી શકવાના નથી. એના વિના આરોગ્ય સુખ મેળવી શકવાના નથી, એના વિના માનસિક બળ એકઠું કરવાના નથી. એના વિના હૃદયબળની દ્રઢતા કરી શકવાના નથી અને એના વિના વિવિધ પ્રકારનાં વ્યવહારિક અને પારમાર્થિક કાર્યો કરી શકવાના નથી. માટે હે આર્યબંધુઓ! આપને વારંવાર સંબોધીને કહું છું, કે જો તમો તમારાં તન, મન અને આયુષ્ય તથા દ્રવ્યની કરકસર કરશો તો જ તમે ખરેખરૂં સુખ મેળવવા શકિતમાન થશો.

ગરીબોને જ કરકસરનો ગુણ ફાયદાકારક છે એમ સમજવાનું નથી. ધનિકોને પણ તે ગુણ અનેક પ્રકારે લાભદાતા છે; કારણ કે સો ઠેકાણાની આવક હશે, પણ જો કરકસર નહિ હશે, તો તે આવક ક્યાં ગઇ, તેની ખબર પણ પડશે નહિ. આ પ્રમાણે

આવકનો કુવ્યય થવાથી લોક-કલ્યાણ, દેશહિત કે સાર્વજનિક લાભનાં ખાતાંને પુરતી મદદ મળી શકતી નથી. પ્રત્યેક મનુષ્યે સારી રીતે સમજી રાખવું કે, 'ખાવું પીવું અને મોજમજા મારવી' એટલા માટે જ આ મનુષ્યભવ પ્રાપ્ત થયો નથી, માત્ર પોતાનો અને કુટુંબનો નિર્વાહ કરવાને માટે પણ આ ભવ નથી મળ્યો, તેમજ ક્ષણિક કીર્તિ કે નામનાને સારૂ હજારો રૂપીઆ બરબાદ કરવા માટે પણ આ રત્નચિન્તામણિ તુલ્ય દેહ નથી પ્રાપ્ત થયો, પણ સ્વપર હિત કરવા માટે જ તે પ્રાપ્ત થયો છે, અને તે કાર્યની સાધનામાં જ મનુષ્યજન્મની સાર્થકતા છે.

જો હિંદુસ્તાનનો પ્રત્યેક મનુષ્ય નિશ્ચય કરે કે, "આજથી મારે કુવ્યય ન કરવો," તો પછી તે ગરીબ હોય કે તવંગર હોય, ગમે તે હોય, પણ એવા નિશ્ચયબળનો દેશભરમાં વિકાસ થાય તો, બહુ જ અલ્પસમયમાં આપણો દેશ, તેની હાલની કરૂણાજનક સ્થિતિનો ત્યાગ કરીને પ્રાચીન ઉત્તમ સ્થિતિને ધારણ કરી શકે. અરે ! પોતે ઉત્તમ સ્થિતિને પામે એટલું જ નહિ, પણ અન્ય દેશોને અવલંબન સમાન થઇ પડે. હિંદમાં મનુષ્ય માત્રનો આવો નિશ્ચય થવો એ કામ એકનું નહિ પણ સર્વનું છે, માટે દેશના ખરા હિત ઇચ્છનારા સર્વે સજ્જનોએ આળસરૂપી શત્રુનો ઉદ્યોગરૂપી બાણોથી નાશ કરીને દેશમાં ઉદ્યમના જયના ડંકા વગાડવાની જરૂર છે.

હાલ આપણા આર્યદેશમાં જેટલું દ્રવ્ય કુમાર્ગે વપરાય છે, તે વાપરવાની રૂઢિઓ બંધ કરીને જો દરેક જ્ઞાતિવાળા મનુષ્યો પોતાના દુઃખી બન્ધુઓને ઉદ્યોગનાં સાધનો પુરાં પાડે, અને પોતાનો બચાવેલો પૈસો દેશના ઉદ્યોગ, હુન્નર, વિદ્યા અને કળાના શિક્ષણની વૃદ્ધિ માટે વાપરે તો કેટલો લાભ થાય ? આ બાબત

માત્ર કહી જવા કરતાં, તે વિષે થોડાંક ઉદાહરણો આપવાથી ઠીક સમજાશે એમ હું માનું છું.

આપણા દેશમાં વારંવાર અને ઉપરાઉપરી દુકાળો પડે છે અને તેથી હજારો મનુષ્યો ભુખમરાથી મરી જાય છે, આ વાતનો આપણને સારી રીતે અનુભવ છે. હવે લોકોને દુકાળના સંકટથી બચાવવાને માટે સાધનો મેળવી આપવાની જરૂર છે, અને દુકાળ પડે તો પણ લોકો હાલની માફક હેરાન થઇને અન્ન અન્ન કરતા મરી ન જાય, તેવા ઉપાયો કરવાની પણ આવશ્યક્તા છે. દુષ્કાળની મોટી આફત સામે ટકવાને માટે આખા દેશનું એક ‘ દુષ્કાળ ફંડ ’ મોટા પાયાપર સ્થાપવાની જરૂર છે. તેમાં ગંજાવર રકમ ભરવા-ભરાવવાને માટે કમર કસીને નાના મોટા સર્વ મનુષ્યોએ યત્ન કરવો જોઇએ. તે ફંડના ઉત્પન્નમાંથી દેશના ગરીબ લોકોને એવા ઉદ્યોગો શિખવવા કે જેથી દુકાળના વખતમાં પણ તેઓ લાચાર નહિ થઇ પડતાં સ્વાશ્રયથી પોતાનું ગુજરાન ચલાવી શકે, અને પોતાના બીજા બન્ધુઓને પણ મદદ કરી શકે. આવી ગોઠવણ જ્યાં સુધી થશે નહિ ત્યાં સુધી ગરીબ લોકો દુકાળની આફતમાંથી બચવાના નથી, અને ગરીબ લોકોના ઉદ્ધાર અને ઉન્નતિ થયા વગર દેશનું ખરૂં અને વાસ્તવિક હિત કદી થવાનું નથી. આવી ગોઠવણ કરવાને માટે દ્રવ્યની પહેલી જરૂર છે, તે વાત ખરી છે. પણ જે દ્રવ્યનો કુમાર્ગે કુવ્યય કરવામાં આવે છે, તેનો ઉપયોગ જો આવું ફંડ શરૂ કરવામાં થાય તો કેવું સારૂં? દરેક સમજુ પુરૂષે સમજી રાખવું કે, કુવ્યય કરીને આળસુને ઉત્તેજન આપવું એ એક જાતનું પાપ અને દેશદ્રોહ છે, આવાં પાપમાં પોતે ન પડતાં બીજાને પણ તે પાપમાં પડતાં અટકાવવાની સર્વેને વિનંતિ કરવામાં આવે છે.

દુષ્કાળના વખતમાં બિચારાં મનુષ્યોને ઉદ્યમ નહિ મળવાથી તેઓ પોતાના પેટનું પણ પુરૂં કરી શકતાં નથી, તો બાયડી છોકરાંઓનું તો પૂરૂં શી રીતે કરી શકે? આવે વખતે પુરૂષ સ્ત્રીને અને માતા બાળકોને તજી દે છે, અને તેઓ બીચારાં ભૂખે મરતાં ટળવળી અન્ન વિના મરણ પામે છે, અને આપણો 'જીવરક્ષક' દેશ આવા બનાવો બનતા જોયા કરે છે. અહાહા! આ કેટલું બધું આશ્ચર્ય છે! અરે! જ્યાં કીડી, મક્ષિકા, માંકડ અને પક્ષી તથા પશુઓના જીવની પોતાના જીવ કરતાં અધિક રક્ષા કરાય છે, તે જ સ્થળે અને તે જ દેશમાં ઉત્તમ પુન્યવાન મનુષ્યપ્રાણી ભૂખે ટળવળતાં અન્ન અન્ન કરતાં મરે છે, તે પ્રતિ કોઇને કરૂણા પણ ઉપજતી નથી, એ કેટલી બધી નિર્દયતા છે? આ વાતનો વિચાર કરીને દરેક હિન્દવાસીએ પોતાના અંતઃકરણને પ્રશ્ન કરવો કે, 'હું માનવબંધુને મારા બંધુ તરીકે ગણું છું કે નહિ?' અંતઃકરણ તરફથી તુરત જ ઉત્તર મળશે કે, 'તું નિર્દય દૃષ્ટિથી તારા મનુષ્યબાંધવો પ્રતિ જુવે છે.' કારણ કે તું વિવિધ જાતિનાં અન્ન ખાય છે, અને તારા બન્ધુઓ તારી જ નજરે અન્ન વિના રીબાઇ રીબાઇને મરે છે. તને રહેવાને મહેલ મળેલા છે, અને તે બિચારાં તડકો, ટાઢ અને વરસાદમાં ખુલ્લા મેદાનમાં ઉઘાડા શરીરે પડયા રહે છે. તું રેશમ અને ઝીકનાં કપડાં પહેરે છે અને તે બાપડાંને જાડાં પાતળાં ચીથરાં પણ મળતાં નથી. અહાહા! આવી સ્થિતિ જોઇને તારૂં અંતઃકરણ ચીરાઇને કકડે કકડા કેમ થઇ જતું નથી? આવું જોઇને તારૂં મન દયાથી કેમ પીગળતું નથી? અરે! આવું નજરે નિહાળવા છતાં તેઓના માટે તું તારા સર્વસ્વનો ત્યાગ કેમ કરતો નથી? અરે! જો તારા હૃદયમાં ખરેખર બંધુત્વ ભાવ પ્રગટ થયો હોય તો, તારી દૃષ્ટિ સમક્ષ આવી દશાના ભોગ થયેલા તારા બંધુઓને જોઇને

તારે અવશ્ય તારા કુવ્યયો બંધ કરી તેમના માટે અનાથાશ્રમો કાઢવા–કઢાવવાની જરૂર છે. વળી દેશમાં ઉદ્યોગ હુન્નરની કેળવણી અપાય તેવાં ખાતાં સ્થાપવાનાં ફંડ કરવાની પણ જરૂર છે. દેશના ગામોગામના લોકો થોડી થોડી રકમો ભરીને પણ આવાં ફંડો એકઠાં કરે તો, વખત જતાં આવાં ફંડોવડે હજારો ગરીબ માણસોને ગુજરાનનાં સાધનોની પ્રાપ્તિ થાય.

આપણા હિંદુસ્તાન દેશમાં 'સંતોષ ગુણને' બહુ જ પ્રાધાન્ય આપવામાં આવે છે. આ વાત બહુ જ ઉત્તમ છે. પરંતુ સંતોષ શબ્દનો યથાર્થ અર્થ સમજીને ગ્રહણ કરવામાં આવે તો જ તેથી લાભ છે, નહિ તો "બકરૂં કાઢતાં ઉંટ પેઠા"ની માફક તૃષ્ણા· ગેરવાજબી લોભને કાઢવા જતાં, આળસ્યરૂપી મહા શત્રુ પેસી જાય છે. અજ્ઞાનતાથી જ જીવ આટલા કાળ સુધી કાંઇ ઇચ્છિત કાર્ય કરી શક્યો નથી. આળસ્યને લીધે જ તે સત્કાર્યનો આદર કરી શકતો નથી, કર્ત્તવ્યપરાયણ થઇ શકતો નથી અને જનસમુદાયનું ભલું કરવાને ઉદ્યોગશીલ થઇ શકતો નથી. માટે તે આળસ્યરૂપી મહા શત્રુથી વેગળા રહેવાની અને તેને બદલે ઉદ્યોગરૂપી બંધુને સેવવાની જરૂર છે. સંતોષ ગ્રહણ કરવો એમ કહેવાનો આશય એવો નથી કે, આળસુ થઇને આત્મશક્તિને મલીન કરવી. પણ અનીતિથી ઉત્પન્ન કરેલ દ્રવ્ય મેળવવા કરતાં નીતિથી મેળવવું તે શ્રેષ્ટ છે, અને ઘણો પ્રયત્ન કરતાં છતાં પણ નીતિનું થોડું મળે, તોપણ સંતોષ રાખવો, એમ કહેવાનો આશય છે. તેનું જ્ઞાન ન હોવાથી અવળું સમજીને માણસો નીતિથી ઉદ્યમમાં મચ્યા ન રહેતાં સંતોષનું બાનું આડું ધરીને આળસુ થાય છે.

મૂર્ખ મનુષ્યનું આવું કૃત્ય તેમને પોતાને અને દુનિયાને કેટલું બધું હાનિકારક છે એ સમજવું મુશ્કેલ નથી. માટે ખોટા સંતોષ

પકડી બેસી ન રહેતાં નીતિથી ઉદ્યોગ કરીને પૈસો મેળવવો, અને તેને કરકસર કરીને બચાવવો, તથા તે રીતે બચાવેલા પૈસાથી ગરીબ લોકોને મદદ કરીને ઉદ્યમે લગાડવા. દેશના કલ્યાણનો આ સર્વોત્તમ માર્ગ છે અને તે સર્વથી બની શકે તેવો છે. ઘણાં મનુષ્યોનાં શરીર મજબુત હોય છે, અને તેઓ કામ કરવાને ઉત્સુક પણ હોય છે, પરંતુ તેમને કોઈ પણ ધંધો ન મળવાથી તેઓને ભીખ માગવી પડે છે. આથી તેમની શક્તિ કટાઈ જાય છે, અને તેઓ આળસુ થઇને દુ:ખી થાય છે. હવે આવા ધંધા અને સાધન વગરનાં મનુષ્યોના ભલાને માટે તેમને ઉદ્યોગે લગાડવાનું એક ખાતું ઉઘાડવાની કેટલી જરૂર છે, તેનો વિચાર કરવાની હું મારા વાંચક મિત્રોને ભલામણ કરૂં છું. દેશમાં જે જે કુવ્યયો થાય છે, અને તેને લીધે પૈસાનો જે ગેરઉપયોગ થાય છે, તે જ્યારે તદ્દન બંધ કરવામાં આવશે, ત્યારે જ આવાં ખાતાં ખોલીને તેમાં દ્રવ્ય વાપરવાનું લોકોને સુઝશે. એમ નહિ થાય ત્યાં સુધી માત્ર મોઢાની વાતો કરવાથી દેશના નિરૂદ્યમી-બેકાર લોકોનો ઉદ્ધાર થવાનો નથી, અને તેવી પ્રતિના લોકોની સંખ્યા જ્યાં સુધી દેશમાં ઉભરાઇ જાય છે, ત્યાં સુધી ખરી દેશોન્નતિની આશા રાખવી વ્યર્થ છે. માટે હે મારા દેશી બંધુઓ! પ્રથમ તો દ્રવ્ય નીતિથી અને ન્યાયથી ઉપાર્જન કરો અને તેનો કુવ્યય ન કરતાં ઉપર જણાવ્યાં તેવાં ખાતાંઓ સ્થાપવાનાં ફંડો તમારા દ્રવ્યવડે ઉભાં કરો. અમારૂં આ કહેવું સાંભળીને કેટલાકને તર્કવિતર્ક ઉઠશે, અને તેઓ કહેશે કે, “કમાઇએ અમે અને દુનિયાને કેમ ખવરાવીએ? લોકો પોતે કમાશે અને ખાશે.” આ તેમના વહેમનું નિવારણ કરવું મુશ્કેલ નથી. નાની અને સાદી વાત કરીને તેમને સમજાવીશું, એટલે તેમના મનનું સમાધાન સહજ થઈ જશે. તેવા લોકોને અમારૂં કહેવું એટલું જ છે કે,

સૃષ્ટિના નિયમ પ્રમાણે મોટા–એટલે વયે, ધને, કે શક્તિએ મોટા ગણાતા પુરૂષો નાનાને–ગરીબોને, લાચારોને, બાળકોને અને સ્ત્રીવર્ગાદિને અનાદિકાળથી પાળતા આવ્યા છે, માટે નાનાને મદદ કરવી, અને તેમનું રક્ષણ કરવું, તે મોટાની ફરજ છે. કુદરતનો આ નિયમ સર્વને સહજ દૃષ્ટિગોચર થાય તેવો છે, અને દરેક પ્રાણી આનો અનુભવ લેતો જણાય છે. પ્રાણીઓ આ નિયમથી જીવે છે, ઉછરે છે, બચે છે, ઉંચે ચડે છે અને પોતાનાં સંબંધનાં વિવિધ પ્રકારનાં કાર્યો કરી શકે છે.

પરસ્પરની મદદ એ સૃષ્ટિના બંધારણની કુંચી છે. શરીરના પ્રત્યેક અવયવો એકબીજાને મદદ કરવાનું માંડી વાળે તો દેહરૂપી રથ તુરત જ અટકી પડે. કુટુંબનો પ્રત્યેક મનુષ્ય પરસ્પર સ્નેહથી વર્તી પોતાને યોગ્ય કાર્ય ન કરે તો, કુટુંબરૂપી રથ સીધો ચાલી શકતો નથી, જ્ઞાતિનું પ્રત્યેક કુટુંબરૂપી ચક્ર જ્ઞાતિના રીત રીવાજ પ્રમાણે ન ચાલે તો, જ્ઞાતિરૂપી સંચો સરળ રીતે ચાલતો નથી, અને તે જ પ્રમાણે જો દેશનો પ્રત્યેક મનુષ્ય ઉદ્યોગ, સંપ અને સલાહથી ન વર્તે તો દેશમાં સુખશાંતિ ફેલાતી નથી; આ વાત અનુભવસિદ્ધ છે. શરીરનો એકે અવયવ બીજાની ઉપેક્ષા કરતો નથી, અને 'એ પોતે પોતાની મેળે નભશે, મારે શું છે ?' આવો વિચાર કરતો નથી; ઉલટું તેને પોતાથી બને તેટલી મદદ આપી તેનો નિભાવ કરે છે, અને તેના તેમ કરવાથી જ આ શરીરરૂપી ગાડી સારી રીતે ચાલે છે, અને ઘણાં વિવિધ પ્રકારનાં કાર્યો કરી શકે છે. પણ જો હાથ એમ કહે કે, હું આખો દિવસ લખું છું, લેણદેણ કરૂં છું અને લાખો રૂપીયાની લેવડ–દેવડ કરૂં છું; પગ જો એમ કહે કે, અમે હજારો ગાઉની મુસાફરી કરીએ છીએ, અને જ્યાં જવું હોય ત્યાં બબડયા સિવાય જવાને તૈયાર થઇએ છીએ; આંખો જો એમ કહે કે,

અમે વાંચીએ છીએ, હીરા, માણેક રત્નાદિની પરીક્ષા કરીએ છીએ, સાચા ખોટા રૂપિયા પારખીએ છીએ; શ્રોત્ર ઘ્રાણાદિ પણ જો પોતપોતાની બડાઈ મારે અને પેટને કહે કે, તું કાંઇ કરતું નથી અને આમ કહીને જો તેઓ પેટને મદદ કરવાને માટે કામ કરવાનું બંધ પાડે તો, તે પ્રત્યેક અવયવની પોતાની શી દશા થાય, તે આપણે સારી રીતે જાણીએ છીએ. કારણ કે ઉદર સર્વને પોષણ આપવાનું કામ કરે છે. તેને મદદ મળતી બંધ થઇ કે તરત જ સર્વને પોષણ કરનારો ઝરો સુકાવા માંડે છે, અને તેને પરિણામે બધા અવયવો પોષણની પ્રાપ્તિના અભાવે સુકાઇને નિર્બળ, નિસ્તેજ અને જડ થઇ જાય છે. માટે દરેક અવયવે એટલે દરેક વ્યક્તિએ પોતાને યોગ્ય જે કામ હોય તે કરવાને ચુકવું નહિ. 'હું મોટું અને વધારે ઉપયોગી કામ કરૂં છું અને બીજા અવયવો ઓછી અગત્યનું કામ કરે છે' એવો કદિ પણ વિચાર કરવો નહિ. કારણ કે દરેક અવયવ જે કામ કરે છે તેની અપેક્ષાએ તે મોટા છે.

ખરી રીતે મોટા નાનો કોઇ છે જ નહિ. સૌએ પોતાની શક્તિ અનુસાર પોતાની ફરજ અદા કરવાની છે, પ્રત્યેક મનુષ્યે પોતાના સામર્થ્ય પ્રમાણે પોતાને માટે નિર્મિત થયેલ કાર્ય કરવું. તેને માટે મિથ્યાભિમાન કે બડાઇ કરવી નહિ. જેમ શરીરની ઉન્નતિ કે અધોદશાનો આધાર તે દરેક અવયવના સુવ્યવસ્થિતપણા ઉપર છે, અને જેમ શરીરની ઉન્નતિ કરવી એ પ્રત્યેક અવયવની સર્વોત્કૃષ્ટ ફરજ છે તેમ સમાજનું પણ સમજી લેવું. જો આખા શરીરમાં એક પણ અવયવ નાદુરસ્ત હોય તો, બધા અવયવોને તેની અસર થાય છે, માટે સર્વે અવયવોને સુખી અને સ્વસ્થ રાખવાથી શરીર સારૂં રહે છે અને શરીર સારૂ રહે, તો જ દરેક અવયવ સુખશાંતિ મેળવી શકે છે. દેશરૂપી શરીરમાં મનુષ્યરૂપી

એક અવયવ છે, અને જેમ શરીરમાં બધા અવયવો સરખા ઉપયોગી છે તેમ જ દેશમાં પણ બધાં મનુષ્યો સરખાં જ ઉપયોગી છે. જેમ શરીરમાં દરેક અવયવનું તેટલું જ કામ છે, તેમ જ દેશમાં પણ પ્રત્યેક વ્યક્તિનું તેના પ્રમાણમાં જ કામ છે. જેમ શરીરમાં એક અવયવને પીડા થવાથી આખા શરીરના સર્વે અવયવોને તે પીડાનો ધક્કો લાગે છે, તેમ દેશમાં એક વ્યક્તિને પીડા થવાથી સર્વ મનુષ્યોને ભાગે થોડે થોડે અંશે પણ તે પીડા આવે છે. જેમ હાથ કપાવાથી આખા શરીરના સર્વ અવયવોમાં પીડા થાય છે તેમ એક મનુષ્યને કોઇ મારે તો, તેનાં કુટુંબને, જ્ઞાતિને અને દેશીઓને પણ ગ્લાનિ થાય છે. માટે કોઇને પણ દુ:ખ કે પીડા ન આપતાં સર્વને સુખ, આશ્વાસન અને મદદ આપવી, તે મોટામાં મોટું અને ઉંચામાં ઉંચું મનુષ્યકર્ત્તવ્ય છે.

ઉપરનાં ઉદાહરણથી આપને સ્પષ્ટ સમજાયું હશે કે દરેક મનુષ્યને સુખી કરવાની આપણી ફરજ અદા કરવાથી આપણે સુખી થઇએ છીએ. કોઇ પણ મનુષ્યે એવો કદિ વિચાર સરખો પણ ન લાવવો કે, જેથી એક પણ પ્રાણી દુ:ખી થાય. હવે પ્રસ્તુત વિષયના સંબંધમાં પ્રાણીઓને સુખી કરવાને માટે અમે એટલી જ ભલામણ કરશું કે, પોતે દુ:ખ વેઠીને પણ દ્રવ્ય મેળવવું, અને કરકસર કરીને તેનો સંચય કરવો, અને તેનો વ્યય જનહિતના કામમાં કરવો, એ મોટામાં મોટો કલ્યાણકારક માર્ગ છે.

આધુનિક કાળની રાજ્યપદ્ધતિ, લોકલાગણી અને જનસમુદાયની વલણ જોતાં સહજ સમજાય છે કે, કેળવણીની બહુ જ જરૂર છે. કેળવણીની અગત્ય કેટલી બધી છે, તે આ ઠેકાણે વિસ્તારના

ભયથી ન લખતાં તેથી કેટલા બધા ફાયદા થાય છે, તે જ અત્ર સંક્ષેપથી દર્શાવવામાં આવે છે.

કેળવણીથી શરીરસામર્થ્ય, માનસિક શક્તિ અને હૃદયબળ સારી રીતે વધે છે, અને તેથી આત્મસેવા, કુટુંબસેવા, જ્ઞાતિસેવા, દેશસેવા અને જગતસેવા સારી રીતે બજાવી શકાય છે. અરે એટલું જ નહિ પણ આ લોક અને પરલોકમાં સુખરૂપી અમૃતના ઘુંટડાનું પાન પણ એ જ વડે કરી શકાય છે. હાલના સુધરેલા વખતમાં કેળવણીનો પ્રચાર કરવો એ અત્યંત અગત્યની વાત છે અને તેને માટે કેળવણી આપનારી શાળાઓ સ્થળે સ્થળે ઉઘાડવાની ઘણી જરૂર છે. પણ આ કામ પૈસા ખર્ચ્યા વગર બને તેમ નથી. માટે પ્રત્યેક દેશહિતેચ્છુએ કરકસર કરી દ્રવ્યનો સંચય કરવો અને તેના ઉપયોગના અમુક ભાગ કરીને એક મોટો ભાગ કેળવણીના કામમાં વાપરવાનો નિયમ કરવો.

અમેરિકા, ચીન, જાપાન અને યુરોપાદિ દેશોમાં હુન્નર અને કળા ઉપર વિશેષ લક્ષ આપવામાં આવે છે. પરન્તુ આપણા દેશમાં તો દુર્ભાગ્યે આળસ, ઈર્ષ્યા, મત્સર અને પ્રમાદ ઉપર બહુ લક્ષ અપાય છે. આ કેટલું બધું શોચનીય છે? દરેક મનુષ્યે એટલું તો ચોક્કસ જ માનવું કે, હુન્નર કળાની વૃદ્ધિ અને પ્રસાર થશે, તો જ દેશની ચડતી થશે, અને તેને માટે હુન્નર અને કળાને ઉત્તેજન આપનારૂં ખાતું કાઢવાની ખાસ આવશ્યકતા છે. કારણ કે, એવાં ખાતાંની સ્થાપનાથી આપણી ગરીબ પ્રજાને ટેકો મળશે અને તે જો હુન્નરકળામાં પ્રવીણ થશે તો જ દેશને સારી સ્થિતિમાં લાવી શકશે. એટલું તો નક્કી છે કે વાડ વિના વેલો ચડતો નથી. માટે જ્યાં સુધી દેશના શ્રીમંતો કુવ્યય કરવાનું બંધ પાડીને પોતાનાં બચેલાં નાણાં ગરીબોને મદદ આપવાના કાર્યમાં નહિ ખર્ચે, ત્યાંસુધી દેશની

ચડતી થવાની આશા રાખવી તે વ્યર્થ છે. ઉપયોગી કાર્યમાં પૈસાનો વ્યય કરવો તે જ તેની ખરી સાર્થકતા છે.

દુનિયામાં મનુષ્યો ઘણે ભાગે અનાજ ઉપર જીવે છે અને અનાજની ઉત્પત્તિનો આધાર દેશની ખેતીવાડીની આબાદી ઉપર છે. આપણા દેશમાં ગરીબોને અન્નના પણ સાંસા ભોગવવા પડે છે, તેનું કારણ આપણી ખેતીવાડીની નબળી સ્થિતિ છે. ખેડુતો બિચારા નિર્ધન અને કંગાળ હાલતમાં છે, તેની પાસે ખેતીનો ધંધો ચલાવવા પૂરતાં સાધનો પણ નથી, જમીન ઉપરના કરો એટલા બધા ભારી છે કે ઉપજનો બહુ જ જુજ ભાગ ખેડુતોના હાથમાં રહે છે, તેથી તેઓ નિર્ધન અને પાયમાલ થતા જાય છે. તેઓ મુડી વગરના હોવાથી પ્રતિવર્ષે ખેતીવાડીમાં સુધારો કરવાના ઉપાયો અજમાવી શકતા નથી, અને સારાં ખાતર વગર તથા સુધરેલી કૃષિ કળાની અજમાયશ વગર આ દેશની ભૂમિ જોઇએ તેવું ફળ આપતી નથી. સારી ઉપજ નહિ આવવાથી દેશના ગરીબ વર્ગોને ખોરાકનો તોટો પડે છે. કારણ કે ભારે મૂલ્ય આપીને ઉંચી જાતનું અનાજ તેઓ ખરીદ કરી શકતા નથી, હલકા અનાજના ખોરાક ઉપર જ તેમને જીવવું પડે છે. આ પ્રમાણે આપણા દેશના ગરીબવર્ગની સ્થિતિ અનેક રીતે દયાપાત્ર છે. યુરોપ, અમેરિકા અને આસ્ટ્રેલીયાના ખેડુતોની સ્થિતિ સાથે સરખાવતાં આપણા દેશના ખેડુતોની સ્થિતિ ઘણી દુ:ખપૂર્ણ દેખાય છે. અરે ! જે ખેડુતો રાત દિવસ કાળી મહેનત કરીને રંકથી રાય પર્યંત સર્વને અનાજ પુરૂં પાડે છે, તે જ ખેડુતોની દયામણી સ્થિતિ નજરે જોયા છતાં આપણા દેશના સુખી અને શ્રીમંત મનુષ્યો તેમની સ્થિતિ સુધારવાને ઉપાયો કરતા નથી, એ કેટલી બધી ઉપકારવૃત્તિની ખામી બતાવે છે ? વિચારવંત

મનુષ્યો તો સમજ્યા વગર રહેશે નહિ કે જે ખેડુત વર્ગ ઉપર આપણા જીવનનો મુખ્ય આધાર છે તેવા ગરીબ બંધુઓને મદદ કરવાની ઉપેક્ષા કરવી એ મોટામાં મોટી ભૂલ છે–અરે! તે મોટામાં મોટો પ્રમાદ છે અને તે પ્રમાદ જો સત્વર તજી દેવામાં નહિ આવે તો તેનાં ફળ બહુ જ માઠાં આવવાનાં, એમ સૌએ ચોક્કસ સમજી રાખવું. માટે હે બંધુઓ, જો તમે દેશની ઉન્નતિ ઇચ્છતા હો તો પ્રથમ ખેડુતોને મદદ કરો–તેમનાં બાળકોને ખેતીવાડીની કેળવણી આપો; એમને ખેતીનાં સાધનો પુરાં પાડો; તેમના પરનું જમીનનું મહેસુલ ઓછું થાય તેવી લડત ચલાવો, તેમને સારૂં ખાતર–સારાં બીયાં અને સારાં યંત્રો પુરાં પાડો. તેમને થોડે વ્યાજે નાણાં મળી શકે તેવી બેંકો અને પેઢીઓ સ્થાપો અને તેમને દરેક પ્રકારની મદદ કરીને તેમની ઉન્નતિ કરો. જો તેમની વહેલી ઉન્નતિ થશે તો તમારા દેશની પણ ચડતી વહેલી જ થશે. પણ જો તેમની ઉન્નતિ કરવામાં તમે બેદરકાર રહેશો તો હાલ જે સ્થિતિમાં તમે છો તે કરતાં પણ કદાચ હલકી સ્થિતિમાં આવી પડશો. આપણા જનમંડળ-રૂપી વૃક્ષનાં મૂળરૂપ ખેડુતો છે. જે વૃક્ષનું મૂળ ખવાઈ ગયેલું હશે તે થોડા કાળમાં અવશ્ય નાશ પામશે. માટે જો તમારી સારી સ્થિતિ કાયમને માટે થાય તેમ કરવું હોય તો તમારા ગરીબ ખેડુતબંધુઓને સહાય કરો.

અરે મિત્રો! તમારા ગરીબ ખેડુતબંધુઓ જાડું પાતળું અનાજ અને જુવારની રાબડી ખાય છે અને તમે મીઠાં મીઠાં મિષ્ટાન્નો આરોગો છો. તમારા તે બંધુઓ ફાટલા તૂટલાં ખાદીનાં કપડાં પહેરે છે, અને તમે મલમલનાં, રેશમનાં અને કસબી વસ્ત્રો પહેરો છો, તે કેટલું બધું ગેરવાજબી અને ખેદકારક છે? તેનો તમે જ તમારા મન સાથે વિચાર કરો. **वसुधैव कुटुम्बकं** (પૃથ્વી

એ જ કુટુંબ છે.) આ એક રાજર્ષિનું વાકય છે, અને તેમાં ઘણો ગૂઢાર્થ સમાયેલો છે. તે અર્થ બરાબર સમજીને આપણા સર્વ માનવ-બંધુઓની ચડતી કરવાનો પ્રયાસ કરવો, તે આપણી પહેલી ફરજ છે.

'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર' એ એક પ્રચલિત કહેણી છે. અર્થશાસ્ત્રના ઉત્તમોત્તમ નિયમનું તે કહેવત આપણને દિગ્દર્શન કરાવે છે. પણ તેમાં સમાયેલો બોધ આપણા લક્ષમાંથી દૂર થયેલો જણાય છે. નહિ તો આપણે કૃષિવિદ્યાના અભ્યાસપ્રતિ જે દુર્લક્ષ હાલ બતાવીએ છીએ, તેમ કદી પણ કરીએ નહિ. પરન્તુ અત્યાર સુધી જે થયું, તે ગઇ ગુજરી વિસારી દઇને આપણે 'ખેતીનાં પુનરૂદ્ધારનાં ખાતાંઓ' સ્થાપવાની તજવીજ કરવી જોઇએ છીએ, અને તેને માટે આપણા બચાવેલા દ્રવ્યનો અમુક ભાગ જુદો કાઢવાની જરૂર છે. વળી આપણા જીવનનો જેટલો આધાર અનાજ ઉપર છે, તેટલો જ ઘી, દુધ, આદિ પૌષ્ટિક ખોરાક ઉપર છે, તે વાત સૌને અનુભવથી જણાયેલી છે. હવે તે ઘી–દુધના આધારભૂત પશુઓ એટલે ગાયો, ભેંસો, પાડા, બળદો, બકરાં આદિની ઓલાદ પણ સુધરે અને વૃદ્ધિ પામે, તેમ થવાની પણ જરૂર છે. આવાં ઉપયોગી જનાવરોની ઓલાદ સુધારવાપ્રતિ આપણે અત્યંત બેદરકાર છીએ, તે ઘણું ખેદકારક છે. જ્યાં સુધી આવા જનાવરોની પ્રગતિ થાય, એવાં ખાતાંઓ ઉઘાડવામાં નહિ આવે, ત્યાંસુધી ખેતીવાડીને સુધારવાની આપણી આશા સર્વાંશે કદિ પણ ફળપ્રદ થવાની નથી.

આજકાલ ક્રીશ્ચીયનો જેમ પોતાનો ધર્મ ફેલાવવાને માટે દેશ વિદેશ પાદરીઓને મોકલીને ઉપદેશ અપાવે છે, અને તે પાદરીઓ જેમ પોતાના ધર્મની ખુબીઓ વિવિધ પ્રકારની યુક્તિઓ વડે

બતાવે છે, તે જ પ્રમાણે આપણે પણ આપણા ધર્મના ફેલાવા માટે કરવાની જરૂર છે. આપણો ધર્મ સત્ય, પ્રિય અને સર્વ જીવોને હિતકર છે. તેનો ફેલાવો કરવાને માટે આપણે પણ પરદેશમાં ધર્મોપદેશકો મોકલવાની જરૂર છે, પરન્તુ આ પ્રમાણે ઉપદેશકો મોકલવાને માટે આપણે અમેરિકાનાં મીશન ખાતાં જેવાં ખાતાંઓ સ્થાપવાં જોઇએ, અને તેને માટે દ્રવ્યના ભંડોળની જરૂર છે. હવે તેવાં ભંડોળો એકઠાં કરવા માટે કુવ્યય કરવો મુકી દઇને આપણે કરકસરીયાં થવું. અને નાણાં બચાવીને આવાં ધર્મપ્રચારનાં ખાતાં સ્થાપવાં એ જરૂરનું છે.

કરકસર કરીને બચાવેલો પૈસો વાપરવાને માટે ઉપર જણાવ્યા તેવા અનેક માર્ગો છે. ઘણા માણસો એમજ માને છે કે, ખાવું, પીવું અને મોજમજા માણવી એ જ પૈસાનો ખરેખરો ઉપયોગ છે. આવો જે લોકો વિચાર કરે છે, તેમનું માનવું ભૂલ ભરેલું છે, એવી તેમને દાખલા દલીલોથી સમજણ પાડવી તે સમજુ મનુષ્યોનું કર્તવ્ય છે.

દરેક મનુષ્યે ઉપજ કરતાં કદી પણ વધારે ખર્ચ રાખવું નહિ. દર માસે અને દર વર્ષે ખરચ કાઢતાં શિલિકમાં વધારો થાય તેમ કરવું. જે વસ્તુની ઘરમાં તુરત જરૂર નથી, તે વસ્તુ નકામી પડતર ખાતે લેવી નહિ. હરરાજીનો માલ વારંવાર લેવાની ટેવ પાડવી નહિ, કારણ કે તેથી કામ વગરની વસ્તુઓ અતિ સસ્તી મળતી જોઇને લેવાનું મન થાય છે.

કરકસર કરીને ભવિષ્યના સુખ માટે પૈસાનો સંગ્રહ કરી રાખ્યો હોય તો, તેથી વૃદ્ધાવસ્થામાં સુખ મળે છે, એટલું જ નહિ, પણ કોઈ કારણે અકસ્માત આવી પડે તો તે વખતે સંગ્રહ કરેલો પૈસો કામ લાગે છે. માટે નિત્યના ખોરાક—પોશાક

વગેરે ગૃહકાર્યના સઘળા વ્યવહારમાં કરકસરથી વર્ત્તવું, બીનજરૂરની વસ્તુઓ માટે પૈસા વાપરી નાખવા નહિ, પણ જ્યારે અમુક વસ્તુ જોઇએ ત્યારે જ લેવી. નહિ તો જયારે વસ્તુઓની ખરેખરી જરૂર પડે છે, ત્યારે પૈસા નહિ હોવાથી મોં વકાસીને બેશી રહેવું પડે છે. માટે જે લેવું તે ઉપયોગનું હોય તો જ લેવું. આ બાબતમાં ઘણા જ મનુષ્યો અકુશળ હોય છે, અને તેથી તેઓ પૈસાનો દુરૂપયોગ કરતાં અચકાતા નથી, અને પાછળથી પશ્ચાત્તાપ કરે છે. પણ જે મનુષ્યો પહેલેથી આગળ પાછળનો વિચાર કરીને કાર્ય કરે છે, તેને પાછળથી પસ્તાવાનું રહેતું નથી.

જે ખર્ચ કરવાથી કાંઇ લાભ ન થાય, પોતાના અને પારકાનાં તન, મન અને ધનની ઉચિત રીતે રક્ષા ન થાય, તથા જે ખર્ચ કરવાથી, દુરાચાર, અવિદ્યા અને રોગની વૃદ્ધિ થાય તેમજ જે ખર્ચ કર્યા વિના કામ અટકી પડે તેમ ન હોય, તે સર્વ પ્રકારનો ખર્ચ વ્યર્થ વ્યય કહેવાય છે. આવા પ્રકારના કુવ્યય કરનારા અને પૈસાનો દુરૂપયોગ કરનારા હાલ ઘણા નજરે પડે છે. અરે એવા વિરલા જ ભાગ્યશાળી મનુષ્યો હશે કે, જેઓ આવા કુવ્યય કરનારી રૂઢીઓના ગુલામ થયા નહિ હોય.

હિંદુસ્તાન જે હાલની નિર્ધન અવસ્થાએ પહોંચ્યો છે તેનું મૂળ કારણ કુવ્યય-કુમાર્ગે ખરચ અને વ્યર્થ વ્યય એ જ છે, અને હજી પણ જે અધમ સ્થિતિમાં હિંદુસ્તાન ડુબતો જાય છે તેનું કારણ પણ કુવ્યયને ઉત્તેજન આપારા રીવાજોનું પ્રાબલ્ય જ છે. માટે જેના દીલમાં દેશદાઝ હોય તેણે તો આવા નકામા વ્યય અવશ્ય કરીને અટકાવવાનો પ્રયત્ન કરવો; જ્યાં સુધી આપણે આવા કુવ્યયો અટકાવશું નહિ ત્યાં સુધી આપણી ચડતી થવી સંભવિત નથી, એમ આપણે ચોક્કસ સમજી રાખવું.

મહાત્મા ગાંધીજીએ સુતરને તાંતણે સ્વરાજ્ય મેળવવાની હાકલ પાડી ત્યારથી આપણા કરોડો રૂપીયા વિલાયતમાં જતાં બચી જવા પામ્યા છે. ભલભલા વિદ્વાનો અને શ્રીમંતો પણ મખમલ અને મલમલ કરતાં ખાદીને ઘણું વધારે મહત્વ આપે છે. ખાદી, અને રેંટીયાને લીધે કોઇ એક વ્યક્તિ કે સમાજ નહિ, પણ આખો દેશ કરકસર કરતો થયો છે અને એ રીતે આ દેશના કરોડો રૂપીયા–અરે અઢળક દ્રવ્ય બ્હાર જતું બચી ગયું છે. કુટુંબનાં બધાં માણસો જો વાજબી રસ્તે કરકસર કરે તો તેનાં મીઠાં ફળ આખું કુટુંબ ચાખે છે. તે કુટુંબ જોતજોતામાં ભારે સમૃદ્ધ અને કીર્તિશાળી બને છે. તે જ પ્રમાણે જો દેશજનો વિલાયતી વસ્તુઓ, વસ્ત્રો અને મોજશોખની ચીજોનો ત્યાગ કરી કેવળ ખાદી અને ઓછામાં ઓછાં દ્રવ્યોથી પોતાનું સાદું જીવન ગુજારતાં શીખે તો થોડા જ વખતમાં પ્રાચીન હિંદની જાહોજલાલી આપણે કેમ પ્રત્યક્ષ ન કરી શકીએ ? દુનિયાભરમાં આપણા દેશનું સ્થાન અતિ ઘણું ઉન્નત અને ગૌરવવંતું ગણાતું હતું. કારણ કે આપણા પૂર્વજોએ પોતાનાં સાદાં જીવન અને સંયમને લીધે દેશને દરેક વિષયમાં આબાદ કર્યો હતો. પરન્તુ છેલ્લા દોઢસો–બસો વરસમાં આપણે વૈભવ–ભોગ–વિલાસ અને મોજ શોખ પાછળ ગાંડા બન્યા અને દેશના દ્રવ્યનો નદીના જેવો પ્રવાહ આપણે યુરોપ તરફ વહેવડાવ્યો.તેનાં પરિણામે આપણા કરોડો ભાઇ દીન–દરિદ્ર સ્થિતિમાં સપડાયા. હજારો અને લાખો માણસોને દિવસમાં એકવાર પેટપુરતા ભોજનના પણ સાંસા પડવા લાગ્યા. આ આપણાં જ પોતાનાં પાપનાં પરિણામ આજે આપણે ભોગવી રહ્યા છીએ. હજી પણ સમય વિચારી સાવચેત થવા જેટલો સમય છે.આ દેશમાં વસુંધરામાતાએ પોતાનો અમૂલ્ય વારસો એવી ખુબીથી સંઘર્યો છે કે જો તેના સંતાનો

ધારે તો માત્ર પાંચ–દશ વરસમાં જ પહેલાં હતાં તેવાં સમૃદ્ધ અને બળવાન થઈ જાય. જો આપણામાંના સૌ ભાઇ–બ્હેન હર હંમેશ ખાદી વાપરવાની પ્રતિજ્ઞા લે અને એ રીતે વસ્ત્રો પાછળ વ્યર્થ ખર્ચાઇ જતાં નાણું બચાવે તો આપણને આર્થિક લાભ થાય એટલું જ નહીં, પણ આપણા સેંકડો દેશબન્ધુઓને ઉદ્યોગ મળે. ખાદી વાપરનારને બીજા વિલાસનાં દ્રવ્યોની જરૂર નથી રહેતી. એટલે ખાદીની સાથે જીવનની સાદાઇ–કે જેને માટે આપણા ધર્મ-પુસ્તકોમાં વારંવાર ભાર મુકીને ભલામણ કરી છે તે સાદાઇ, સાધુતા અને સંયમ પણ પોતાની મેળે જ આપણા ઘર–કુટુંબમાં દાખલ થાય. ખાદી અને રેંટીયાથી કરકસર થાય છે, એ તો શક વિનાની વાત છે, પણ તેની સાથે આપણું નૈતિક જીવન પણ સવિશેષ ઉચ્ચતર બને છે. દર વરસે આપણે મોજશોખની પાછળ, વ્હેમની પાછળ, કીર્ત્તિની ખાતર તેમ જ બીજાં નાનાં–મોટાં બાનાં હેઠળ કેવાં ખોટાં ખર્ચો કરીએ છીએ તેનું લાંબુ વિગતવાર આંકડા-પત્રક આપી તમારો સમય લેવા નથી માગતો. ટુંકામાં એટલું તો દરેકે સમજી રાખવું જોઇએ કે કુમાર્ગે દ્રવ્યનો વ્યય કરવા કરતાં જેમ બને તેમ સાદું જીવન ગાળવું, આપણા નિમિત્તે બીજા સેંકડો ગરીબ દેશભાઇઓને ઉદ્યોગ મળે તે માટે આ દેશની વસ્તુઓ વાપરવી એ આપણી મનુષ્ય તરીકેની પ્રથમ ફરજ છે.

જે ખર્ચ કરવાથી પોતાના તથા પારકાનાં તન, મન, વિદ્યા, બુદ્ધિ, હુન્નર અને ધર્મની ઉન્નતિ થતી હોય, તે જ સદ્વ્યય કહેવાય છે. સર્વાંશે આવા પ્રકારનો વ્યય થતો આપણામાં હમણાં કવચિત જ જોવામાં આવે છે, અને તેમ નહિ થવાનું મૂળ કારણ અજ્ઞાન છે. હવે આવા અજ્ઞાનને દેશનિકાલ કરવા સારૂ જ્ઞાનનો ફેલાવો કરવાની બહુ જ જરૂર છે, અને તેના માટે ઠેકાણે ઠેકાણે કાલેજો, સ્કૂલો,

પાઠશાળાઓ, મંડળો, સભાઓ અને સોસાઇટીઓ સ્થાપવાની આવશ્યકતા છે. આવી સંસ્થાઓની સ્થાપના કરવાને જે દ્રવ્ય જોઇએ તે કુવ્યય તજી કરકસરથી એકઠું કરવું એ જ સૌથી સરસ અને ઉત્તમ ઉપાય છે.

કરકસરના વિષય ઉપર જેટલું લખીએ તેટલું થોડું જ છે. વિદ્વાનવર્ગને મૂળ ઉપરથી વિસ્તાર કરતાં અડચણ પડતી નથી, માટે સુજ્ઞ વાચકે આ સંક્ષિપ્ત લખાણ ઉપરથી પોતાની વિશાળ બુદ્ધિ વડે વિસ્તાર કરીને નિશ્ચય કરવાની જરૂર છે. કરકસરના સિદ્ધાંતનાં થોડાં સૂત્રરૂપ ટુંકાં કથનો નીચે આપીને આ લેખ સમાપ્ત કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે વાચકવર્ગ પોતાની પાત્રતા પ્રમાણે તેમાંથી સાર ગ્રહણ કરશે :—

૧. કુમાર્ગે ખર્ચ કદી પણ ન કરવો.

૨. આવક કરતાં ખર્ચ વધારે કરવો નહિ.

૩. ઉપજનો $\frac{1}{4}$ ભાગ જમા રાખવો, $\frac{1}{4}$ ભાગ પરોપકારમાં કે વિદ્યા, હુન્નર અને કળાના ઉત્તેજનના કામમાં ખર્ચવો. અને $\frac{1}{2}$ ભાગ પોતાના અને કુટુંબના નિર્વાહાર્થે વાપરવો.

૪. ઢોંગીઓને ભરોસે રહીને પૈસાનો વ્યય કરવો નહિ.

૫. નકામા દાગીના કે વિદેશી વસ્ત્રો ખરીદવાં નહિ. હંમેશાં ખાદી જ ધારણ કરવી; કારણ કે તેનાથી હજારો ગરીબ કુટુંબોને પોષણ મળે છે.

૬. કરકસરથી બચાવેલ દ્રવ્યનો ઉપયોગ સદ્‌માર્ગે કરવો.

૭. વહેમના પાશમાં પડીને નકામો વ્યય કરવો નહિ.

૮. દ્રવ્યનો સંચય વખતના સંચયની બરાબર છે અને વખતનો સંચય જીંદગીના સંચય તુલ્ય છે અને જીંદગીનો સંચય તે આત્મસંચય સમાન છે, માટે વિવેકી પુરૂષે કરકસરથી દ્રવ્યનો સંચય કરવાનો આરંભ કરવો.

પ્રકરણ ૪ થું

સ્વદેશી

છેલ્લાં વીસ-પચીસ વર્ષની અંદર સ્વદેશી વિષે પુષ્કળ વિવેચનો થઇ ગયાં છે જે સ્વદેશી એક વખત માત્ર આગેવાનો અને રાજદ્વારી પુરૂષોના વ્યાખ્યાનનો વિષય હતો, તે હવે ન્હાના ન્હાના વિદ્યાર્થીઓ અને બાળકોના આચારનો વિષય બન્યો છે. આજે તો ગુજરાત-કાઠિયાવાડમાં નિશાળે જતું ન્હાનું બાળક પણ 'મા મને ખાદીની ટોપી અપાવ' એવી માગણી કરી સ્વદેશી ધર્મ પ્રત્યેનો પોતાનો ભક્તિભાવ બતાવી આપે છે. વિદેશી વસ્ત્રો અને વિદેશી વ્યાપારોથી ગળા સુધી ગુંગળાઇ ગયેલા હિન્દુસ્થાનમાં સ્વદેશી ધર્મનું પાલન એક કાળે અશકયવત્ ગણાતું હતું, તે જ સ્વદેશી ધર્મ આજે હવે આપણને સહજ અને સ્વાભાવિક બનતો જાય છે અને ખરૂં જોતાં આટલી જાગ્રતી અને સામુદાયિક કેળવણીનું બધું માન મહાત્મા ગાંધી અને તેમના ઉપદેશના સંસ્કાર દિગન્ત સુધી પ્રચારનાર તેમના પરમશ્રદ્ધાળુ અનુયાયીઓને જ મળવું જોઇએ. મહાત્માજીનું નામ જેમ સત્ય અને અહિંસાના સિદ્ધાંત સાથે ઇતિહાસમાં અમર બની રહેશે તેમ તેમનો સ્વદેશી ધર્મ પણ યુગોના યુગો સુધી આપણા જીવનમાં નવચેતન જગવશે.

સ્વદેશી એટલે શું, એમ ઘણીવાર પૂછવામાં આવે છે. જૂદા જૂદા વિદ્વાનોએ તેની વ્યાખ્યાઓ આપી સ્વદેશી સંબંધે સ્પષ્ટીકરણ કર્યું છે, પણ એ બધી વિદ્વતાભરેલી વ્યાખ્યાઓ અને ટીકાઓને

એક બાજુ રહેવા દઇ સામાન્ય દષ્ટિથી જોઇએ તો એક બાળકને જેમ પોતાની માતાના સ્વાભાવિક દૂધપાનની જરૂર છે તેમ દરે દરેક દેશ કિંવા રાષ્ટ્રને માટે સ્વદેશીની આવશ્યક્તા પ્રતીત થયા વિન નહીં રહે. બાળક જન્મતાં પહેલાં જ પ્રકૃતિ જેવી રીતે તેને માં બીજે કયાંઇ ન મળી શકે એવું અમૃતમય પોષણ પણ તૈયાર કરી રાખે છે તેમ કોઈ પણ દેશકલ્યાણની હીલચાલ શરૂ કરતાં પહેલ સ્વદેશી એ તેનો મુખ્ય ધર્મ બની રહે છે. માતાના દૂધ વિના જેમ બાળકનું પોષણ ન સંભવે તેમ સ્વદેશી વિના કોઇપણ દેશ સર્વાંગ પુષ્ટ ન બને. 'સ્વદેશી' એ મુખ્ય આધાર છે અને તેની ઉપ સમાજ, ધર્મ કે રાષ્ટ્રની મહેલાત ધારીએ તેટલી મજબૂત અને સુંદર ઉભી કરી શકાય. જો એ આધારરૂપ પાયો જ તકલાદી હો તો તેને અવલંબી રહેતી બીજી બધી પ્રવૃત્તિ જોતજોતામાં પડી ભાગે

કોઇ કહેશે કે આર્યાવર્ત્ત એ તો ધર્મભૂમિ છે. વિવિધ ધર્મો અને સંપ્રદાયોનું અજબ ગૌરવ અને અભિમાન ધરાવનાર આ ઉદા ભૂમિને રાષ્ટ્રધર્મ કે સ્વદેશભક્તિ સાથે કંઇ જ મેળ ન મળે. આપણે રાષ્ટ્રની ઉન્નતિ કરતાં આત્મોન્નતિને વધુ મહત્વ આપીએ છીએ એ વાત ખરી છે, પ્રજાકીય ભાવના કરતાં આત્મકલ્યાણની વૃત્તિ કંઇક વધુ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે એ પણ તેટલું જ સત્ય છે; પરન્તુ ધર્મ અથવા સંપ્રદાય ખરૂં જોતાં રાષ્ટ્રના હૃદયમાંથી જ પોષણ મેળવે છે. ધર્મ કિંવા સંપ્રદાયને રાષ્ટ્ર જ પોતાની હૂંફ આપી ઉછેરે છે એ તાત્ત્વિક સત્ય આપણે ન ભૂલી શકીએ. દેશ–કાળ તપાસી દરેકે પોતાની પ્રવૃત્તિનું સુકાન વિવેકપુર્વક બદલતાં શીખવું જોઇએ. જો એ પ્રાથમિ સિદ્ધાંત તરફ દુર્લક્ષ કરવામાં આવે તો આપણે શાસન કે ધર્મની પ્રભાવના કરવાને બદલે કદાચ ઉલટા અંતરાયરૂપ જ થઈ પડીએ રાજા–પ્રજાની શાંતિ, જનપદની શાંતિ, પુરમુખ્યની શાંતિ વગેરે જે સ્વસ્તિવચનો આપણે શાંતિસ્તોત્રમાં ઉચ્ચારીએ છીએ તેનો પણ

એ જ હેતુ છે. દેશની શાંતિ અને દેશના કલ્યાણથી દૂર રહી આપણે આપણી એકલાની શાંતિ અથવા કલ્યાણ ન સાધી શકીએ.

આજે આપણી ભારતમૈયા ત્રિવિધ તાપથી ભડભડ બળી રહી છે. ભારતમાતાનાં કોટી કોટી સંતાનો કેવળ પરાધીનતાની જ પીડ ભોગવી રહ્યાં છે એમ નહીં; લાખો સંતાનો એવાં છે કે જેમને પુરતાં અન્નવસ્ત્ર પણ ભાગ્યે જ મળી શકતાં હોય. મહાત્મા ગાંધીજીએ પોતે જ ઉઘાડી આંખે સમસ્ત હિંદુસ્થાનની જાત્રા કર્યા પછી પોતાને અનુભવ આ પ્રમાણે જણાવ્યો છેઃ—

'સમગ્ર દેશ ત્રિવિધ તાપથી તપી રહ્યો છે. તેમાં પહેલે તાપ તે ભૂખમરો. આપણે હિંદુસ્થાનની દશાનો આંક મુંબઈ, કલકત્તા રંગુન કે મદ્રાસના કરોડપતિઓ કે અબજપતિઓથી બાંધી શકત નથી. પૈસાદારોની સ્થિતિ ઉપરથી હિંદુસ્થાનને આબાદ ન માની શકીએ. હિંદુસ્થાનના સાડા સાત લાખ ગામડામાં વસતા ખેડુતે અને મજુરો જ્યાંસુધી પાયમાલ દશામાં દહાડા ગાળતા હોય ત્યાં સુધી હિંદુસ્થાન આબાદ છે એમ કહી જ ન શકાય. હિંદુસ્થાનમ હું ભારે ભૂખમરો જોઇ રહ્યો છું. કેટલાયે માણસોને સુકા રોટલા અને માત્ર મીઠા ઉપર નિર્વાહ કરવો પડે છે અને કેટલાકને તો તે પણ વખતે મળતું નથી.

'બીજો સંતાપ વસ્ત્રનો. તેનો વિચાર કરતાં મારૂં હૃદય રડે છે અને જો હું તેનું વર્ણન કરવા બેસું તો મારી ખાત્રી છે કે હું તમારા હૃદયને પણ રડાવી શકું. કેટલાયે પુરૂષો હિંદુસ્થાનમાં લંગો- ટીભર રહે છે. જે ઇચ્છાપૂર્વક તેવી સ્થિતિમાં રહે છે તેમને દુઃખ નથી, પણ ઘણાને તો વસ્ત્રના અભાવે તેવી સ્થિતિમાં રહેવું પડે છે. પુરૂષો તો લંગોટીભર રહી શકે પણ બ્હેનોને વિષે તો આપણે તેવું ન જ ઇચ્છીએ. છતાં મેં એવી ઘણી બ્હેનો જોઇ છે, જેમને ન-

છુટકે એ સ્થિતિમાં રહેવું પડે છે. ચંપારણમાં નળ અને દમયંતીની દશાવાળી દશામાં મેં ઘણાં સ્ત્રી–પુરૂષોને જોયાં છે. મેં તેમની સાથે વાત કરી છે. બીજાં બદલવાનાં વસ્ત્રના અભાવે તેઓ પોતાનાં વસ્ત્ર ધોઇ પણ શકતાં નથી. પાસે જ ગંગા નદી વહી રહી છે. એટલે પાણીનો અભાવ નથી. પરંતુ ન્હાઇ–ધોઇને બદલવા માટે બીજું વસ્ત્ર જોઇયે તે કયાંથી લાવવું? મતલબ કે આજે આપણે વસ્ત્રને અભાવે અત્યારે લગભગ નગ્નદશામાં જ છીએ.

'ત્રીજો તાપ તે આ બે તાપનો સરવાળો છે એમ કહી શકાય. ભૂખમરાને લીધે અને વસ્ત્રના અભાવને લીધે હિંદુસ્થાન અનેક રોગોથી પીડાય છે. પણ આજે હું તે વિષે વિવેચન નહીં કરૂં. પહેલાં બે સંતાપનું નિવારણ થાય તો આ ત્રીજા તાપનું નિવારણ તો એની મેળે થઇ જાય.'

જે દેશમાં એ પ્રમાણે બારે માસ દુષ્કાળ અને મહામારીની દુર્દશા પ્રવર્ત્તતી હોય તે દેશમાં લોકો શાંતિ સમાધીથી આત્મધર્મને ઓળખવાનો પ્રયત્ન કરે એ શું સંભવિત છે? અલબત્ત, ત્રિવિધ તાપની હોળી વચ્ચે બેસીને પણ આત્મશાંતિ અને પરમ નિવૃત્તિનો અણમોલ આસ્વાદ લઇ શકે એવા ઉન્નત આત્માઓ કયાંઇ કયાંઇ વસતા હશે. પણ એ સંતપ્ત વાતાવરણમાં ધર્મ કે શાસનરૂપી કલ્પ-વૃક્ષ સુદૃઢ કે બદ્ધમૂળ ન થાય એ તો દેખીતું જ છે. હવે જો એ સંતાપ દૂર કરી દેશમાં શાંતિ અને સ્વતંત્રતા સ્થાપવા માગતા હોઇએ તો તેને માટે સ્વદેશી ધર્મના પાલન સિવાય બીજો એકકે ઉત્તમ રાજમાર્ગ નથી.

દર વરસે આપણે પરદેશી કાપડ પાછળ ઓછામાં ઓછા સાઠ કરોડ રૂપીયા ખરચી નાખીએ છીએ. વસ્ત્રની પછી બીજો નંબર ખાંડનો આવે છે. વિદેશી ખાંડ દર વરસે આપણા દેશના ત્રેવીસ કરોડ રૂપીયા તાણી જાય છે. ત્રીજા નંબરે લોખંડ આવે છે,

તેના સોળ કરોડ રૂપીયા આપણે વગર વિચાર્યે આપી દઇએ છીએ. તે ઉપરાંત વિવિધ વિલાસ અને મોજશોખની વસ્તુઓ પાછળ આપણું અઢળક દ્રવ્ય કાયમને માટે આ દેશમાંથી ખેંચાઇ જાય છે. આ દષ્ટિએ જોતાં હિંદુસ્થાનની દશા બરાબર ક્ષયના રોગથી પીડાતા દર્દી જેવી હોય એમ નથી લાગતું? કાચની કાણી કોઠીમાં ઉપરથી ગમે તેટલું પાણી નાખો, એ કોઠી કોઇ કાળે ભરાવાની જ નહીં. તે જ પ્રમાણે આપણે મહેનત–મજુરી કે કાવાદાવા કરી ગમે તેટલું ધન કમાઇએ પણ જ્યાં સુધી આપણો આર્થિક પ્રવાહ સ્વચ્છંદ ગતિએ વિદેશ તરફ વહેશે ત્યાં સુધી ભારતના કરોડો સંતાનોની દશા હાડપિંજર જેવી કંગાળ જ રહેવાની અને જ્યાં કંગાળીયત, દરિદ્રતા અને ભૂખમરાનો રાક્ષસી પંજો લોકોનાં લોહી ચુસી રહ્યો હોય ત્યાં મૈત્રિ, અહિંસા કે ધર્મની વાતો કહેવી એ શું એક પ્રકારની વિટંબણા માત્ર નથી?

સ્વદેશીધર્મના પાલનથી આપણે દેશના કરોડો રૂપીયા બચાવી શકીએ છીએ એટલો જ અર્થ લેવાનો નથી. આપણે દ્રવ્ય જેવી પૌદ્ગલિક વસ્તુને વધારે મહત્વ ન આપીએ. પણ જો આપણા સંયમ અને દેશભક્તિના પ્રતાપે લાખો ગરીબો–આપણી જ પડોશમાં વસતા અસહાય કુટુંબોને, અનાયાસે પોષણ મળતું હોય તો શું તે ઉત્તમ પ્રકારનો દયાધર્મ નથી? દયાની કે અનુકંપાની લાગણીથી પ્રેરાઇ આપણા સમાજના શ્રીમંતો ઘણીવાર લાખો રૂપીયાનાં દાન આપે છે અને તેથી મહાન્ ઉપકાર પણ થાય છે, પરંતુ સ્વદેશીધર્મ પાળનાર તો પોતાની એકે એક પાઈ સીધે સીધી ગરીબોની ઝુંપડીમાં મોકલે છે, અને કોઈ પણ પ્રકારના અભિમાન કે ડોળ વિના જનસેવા કરી કૃતાર્થ થાય છે. આપણે જો વિશ્વમૈત્રિમાં માનતા હોઇએ, **मित्ती मे सव्व भुएसु** પ્રાણીમાત્રને વિષે મારો મૈત્રીભાવ છે એ ભાવનાને સફળ કરવા માગતા હોઇએ તો આપણું પહેલું

કર્તવ્ય જ એ છે કે આપણે આપણી પડોશમાં વસતા કુટુંબીઓને બને તેટલા ઉપયોગી થવું. જેઓ પોતાનાં સગાં કુટુંબીઓની ખુલ્લી અવગણના કરે છે, પોતાના પડોશીઓ પ્રત્યે બેદરકાર રહે છે તેઓનો દયાધર્મ માત્ર આડંબરરૂપ જ બની રહે છે. માતપિતાને ભૂખ્યાં-તરસ્યાં રાખી, અંધારી કોટડીમાં પુરી દઇ, દેશસેવા કરવા નીકળે તો આપણે તેને શું કહીએ ? પોતે જેમની મધ્યમાં વસે છે અને જેમનાં સુખ-દુઃખ કે રોગ-શોકના અસર સદા ઝીલે છે તેમની ઉપેક્ષા કરી વિશ્વસેવા કરવા નીકળી પડે તો તે જગત્‌માં કેટલો હાંસીપાત્ર થાય ? ભલે હૃદય, મન, ભાવના એ બધું પવિત્ર અને પ્રામાણિક હોય, પણ આપણે ખોટી શરૂઆત કરતાં પહેલાં વિચારવું જોઇએ. આપણી દયાવૃત્તિ, પ્રીતિવૃત્તિ, ભક્તિવૃત્તિ વગેરેની શરૂઆત આપણા ઘરમાં-થી જ થવી જોઇએ.

ભારતવર્ષ એ આપણું ઘર છે. તેમાં વસતા તેત્રીસ કોટી મનુષ્યો આપણા કુટુંબીઓ છે. જ્યાં સુધી એ કુટુંબમાં તૈયાર થયેલી ચીજ આપણને મળી શકતી હોય ત્યાં સુધી બીજે દોડવું એ મોહ છે, અનાચાર છે અને મનુષ્યત્વથી પણ વિરૂદ્ધ છે. એ મોહ અને અનાચારને લીધે જ આપણે વિદેશી સત્તાને આપણા દેશમાં આમંત્રણ આપ્યું છે અને એ વિદેશી વસ્તુઓ પ્રત્યેના મોહને લીધે જ આપણે દેખતી આંખે પાટા બાંધી ઉંડા-અંધારા કૂવામાં ઉતર્યા છીએ. હવે એ મોહનાં પડળો તોડી નાખી, શુદ્ધ સ્વદેશીધર્મ પાળવા આપણે સૌએ કટિબદ્ધ થવું જોઇએ.

તમે કહેશો કે જે સ્વદેશી વસ્તુ વિદેશીના જેવી સુંદર અને મનોહર ન હોય તેને લઇને અમે શું કરીએ ? અમારે તો સુંદરતા, મનોહરતા અને ભભકા સાથે સંબંધ છે, પછી ભલેને એ વસ્તુ આ દેશમાં કે દુનિયાના દૂરના કોઇ એક ખુણામાં ઉપજતી હોય તેની સાથે અમને શી નીસબત છે ? આ મોહજન્ય પ્રલાપ છે. હું તમને એટલું

પુછી શકું કે ધારો કે તમારા ઘરમાં તમારાં માતુશ્રી અથવા પત્ની કરતાં એક વીશી કે હોટલમાં મસાલેદાર ભોજન તૈયાર થતું હોય તો શું તમે માતા અથવા પત્નીના હાથની પ્રીતિપુર્ણ રસોઇ ત્યજી દઇને પેલી વીશીમાં જમવાનું વધુ પસંદ કરો ખરા? અને કદાચ જીહ્વાની લાલચે એમ કરો તો શું તમે તમારૂં તેમજ કુટુંબનું સ્વાસ્થ્ય, શાંતિ, વ્યવસ્થા બરાબર જાળવી શકો ખરા કે? વિવેક-ચક્ષુથી નિહાળીએ તો કોઇ વસ્તુ સુંદર કે અસુંદર નથી. પ્રેમ જ દરેક વસ્તુને સુંદર બનાવે છે. એક પતિભક્તિપરાયણા સતી નારી પોતાના પતિમાં જે સૌન્દર્ય અને મનોહરતા જોઇ શકે છે તે તેની પ્રીતિ અને ભક્તિનો જ પ્રતાપ છે. માતા પોતાના પુત્રમાં જે અપુર્વ કાંતિ અનુભવે છે તે પણ વસ્તુતઃ માતાના પ્રેમમાંથી જ વહી આવતી હોય છે. તે જ પ્રકારે જો તમે તમારી દ્રષ્ટિમાં સ્વદેશપ્રીતિનું આંજણ આંજશો તો તમને આ દેશમાં ઉત્પન્ન થયેલી દરેક વસ્તુમાં કંઇક અજબ આકર્ષણ અને અદ્‌ભૂત મોહિનીનો અનુભવ થયા વિના નહીં રહે. દાખલા તરીકે આ દેશમાં જ હાથથી કંતાયેલી અને વણાયેલી ખાદી ગમે તેટલી ખડબચડી કે જાડી હોય, પણ જો તેને તમે માતાનું પ્રેમપુર્ણ દાન માની શક્તા હો તો રેશમી પીતાંબર કરતાં પણ અનેકગણી સુંદરતા તમને તેને વિષે પ્રતીત થયા વિના ન રહે. આપણે માત્ર સ્થૂલ દેખાવમાં જ ન મુંઝાઇએ. ખાદી જેવી અણમોલી વસ્તુમાં તેના તંતુએ તંતુએ જે કારીગરોના આશીર્વાદ વણાયેલા હોય છે, જે સરસ ભાવનારાશી ગુંથાયલી હોય છે તેનો પણ આપણે વિચાર કરતાં શીખવું જોઇએ. સ્વદેશી એ તો કલ્પતરૂ છે. મૂર્ખ મનુષ્યો ભલે તેને એક સામાન્ય વૃક્ષ માની હસી કહાડે. પણ એમાં જ આપણા સર્વ ઉત્તમ મનોરથોની સિદ્ધિ સમાએલી છે. એ કલ્પ-વૃક્ષ જ આ દેશને પુષ્કળ ધન-ધાન્ય અને ઋદ્ધ-સમૃદ્ધિવડે એક વખતે ઉભરાવી દેવાને સંપુર્ણ શક્તિવાન છે.

એક માણસ આંખ મીંચીને ચીલે ચીલે ચાલ્યો જતો હોય તેને બીજે માર્ગે જવાનું કહીએ ત્યારે અલબત તેને ઘણી ઘણી જાતના વિચાર થઇ પડે. માણસમાત્રને જુના રીવાજ, પ્રથા કે પરંપરાનો ત્યાગ કરતાં પહેલાં જરૂર સંકોચ થાય. પણ આપણને પ્રથા કે રીવાજનો મોહ ન હોવો જોઇએ. કલ્યાણ અને ઉન્નતિ શેમાં છે એ જ મુખ્ય મુદ્દાનો પ્રશ્ન આપણે વિચારી લેવો જોઇએ. મહાત્મા ગાંધીજીએ સ્વદેશી વિષે વિવેચન કરતાં એક સ્થળે કહ્યું છે કે:—

'સ્વદેશી એક ધાર્મિક નિયમ છે અને કદાચ કોઇ વ્યક્તિને શારીરિક અગવડ વેઠવી પડે તો પણ તેનો વિચાર કર્યા વિના તેનું પાલન કરવાનું છે અને તેમ કરવા જતાં એક સોઇ કે ટાંકણી વાપરવી છોડી દેવી પડે, કારણ કે એ વસ્તુઓ હિંદમાં નથી બનતી, તો તેથી આપણને મુંઝવણ થવી ન જોઇએ. સ્વદેશી પાળનાર, સેંકડો જણસો જે આજે તેને જરૂરની જણાય છે તે વિના ચલાવી લેતાં શીખે છે. વળી સ્વદેશીધર્મ પાળવો શકય નથી એવી દલીલ કરી જેઓ સ્વદેશી છોડી દે છે તેઓ ભૂલી જાય છે કે સ્વદેશી તો એક લક્ષ્ય છે, જેની પ્રાપ્તિ માટે આપણે સૌએ એકસરખો અને એકધારો પ્રયત્ન કરવાનો છે. સ્વદેશી એ સિદ્ધાંતમાં જ નમ્રતા અને પ્રેમ ભારોભાર સમાઇ જાય છે.'

સ્વદેશીને જો આપણે એક અગત્યનો ધાર્મિક નિયમ માનીએ તો હું ધારૂં છું કે એની અગવડો પણ આપણને ઉલટી ઉત્સાહ પ્રેરનારી થઇ પડે. ધાર્મિક વ્રત–તપ–જપ વગેરેમાં આપણે કેટકેટલી અગવડો પ્રસન્નમને વેઠી લઇએ છીએ ? ઉપવાસ, આયંબીલ, ચોવિહાર, પોષધ વગેરેમાં કેટકેટલાં પરિસહ વેઠીએ છીએ ? છતાં આપણે તે સામે ફર્યાદરૂપે એક શબ્દ પણ બોલતા નથી. કારણ કે આપણે જાણીએ છીએ કે એ પરિસહો આપણા આત્મસામર્થ્યને વધુ

જાગૃત અને ઉજ્જવળ બનાવે છે. તે જ પ્રમાણે આપણે સ્વદેશીનાં વ્રત ધારણ કરી, તેના અગવડો સામે બળથી ઝઝુમવા તૈયાર થવું જોઇએ. તમે ખાદી ધારણ કરનારા ઘણા સ્વદેશભકતોને અત્યાર પહેલાં જોયા હશે. જેઓને સ્હેજ જાડું કપડું પણ સતત ખુંચ્યા કરતું, ભાતભાતની ટાપટીપ અને શોભા વિના એક ડગલું પણ ભરવાની જેઓ સાફ ના પાડતા હતા તેઓ ખાદી ધારણ કર્યા પછી કેટલા સંયમી, સાદા અને પરિશ્રમી બની ગયા છે તેના એક કહેતાં એકવીસ દાખલા તો હું હમણાં જ ગણાવી શકું છું. તેમાંના ઘણા-ખરા પ્રસિદ્ધ નેતાઓને તો તમે સારી રીતે ઓળખો છો એટલે એવા દાખલા આપવાની અત્યારે કંઈ જરૂર નથી.

સ્વદેશી ધર્મની કઠિનતાને દલીલની ખાતર વારંવાર આગળ આણનાર ભાઇઓને સંબોધીને મહાત્માજીએ પણ ઘણીવાર કહ્યું છે કેઃ—'વ્રતમાં કઠિનતા તો જરૂર હોય. સ્હેલાઇથી મળેલી વસ્તુની કિંમત નજીવી ગણાય છે. જો આપણે હિન્દુસ્તાનની મહા ઉન્નતિ માગતા હોઇએ તો આ સ્વદેશીવ્રત લીધે જ છુટકો છે. જ્યાં ધર્મની લાગણી ઉત્પન્ન થાય છે ત્યાં મુશ્કેલીના વિચારને થોડો જ અવકાશ મળે છે. હિંદુસ્થાનની હવા એવી છે કે તેમાં ઘણાં થોડાં કપડાંથી આપણે ગુજારો કરી શકીએ છીએ. ત્રણ–ચતુર્થાંશ–એટલે પોણા-ભાગનાં કપડાં તો આપણે કેવળ નકામાં વાપરીએ છીએ.'

આ બધી બાબતોનો વિચાર કરી દરેકે દરેક હિન્દુ મુસલમાન તેમજ જૈન બન્ધુ કે જે આ દેશને પોતાનો માને છે તેમણે સ્વદેશી-વ્રત લેવું અને બીજાઓને તેનું પાલન કરવાની સલાહ આપવી. જન્મભૂમિ પ્રત્યે આટલું પણ આપણાથી ન થઈ શકે તો આ દેશમાં આપણો જન્મ ફોગટ ગયો ગણાય. 'હું કોણ છું, કયાંથી થયો, મ્હારૂં ખરૂં સ્વરૂપ શું છે ?' એ ત્રણ પ્રશ્નો રોજ પ્રભાતકાળે વ્હેલા ઉઠી આપણે વિચારવા જોઇએ, અને જે દેશનાં અન્ન–પાણી–હવા વડે

આપણાં શરીર રચાયાં છે તે દેશની ઉન્નતિ માટે આપણે થોડો ભોગ આપવા તૈયાર થવું જોઇએ.

સ્વદેશી વ્રતમાં આજે શુદ્ધ ખાદીને પ્રધાન ગણવામાં આવે છે અને તે વાજબી છે. આપણાં બજારો વિલાયતી વસ્તુઓથી ઉભરાઈ નીકળ્યાં છે. એ દરેક વસ્તુ આપણા દેશહિતની વિરોધી છે. બધા વિરોધીઓ સાથે એકી સાથે લડવું એ આપણે માટે આજે અશક્ય છે માટે જ દેશનો સૌથી મહાન્ શત્રુ–વિલાયતી વસ્ત્ર, કે જેણે આ દેશને કંગાળ, પામર, પરાધીન અને લાચાર બનાવી દીધો છે તેની સામે આપણે પુર જોસથી લડવું જોઇશે. ખાદીનો પહેરવેશ પોતાની સાથે બીજી અનેક સ્વદેશી ભાવનાઓને લઇ આવશે. તમારામાં, તમારા કુટુંબીઓમાં, સંયમ અને પ્રીતિભાવ સ્થાપશે અને થોડા જ વખતના અનુભવ પછી તમે જોઇ શકશો કે તમારાં ઘણાંખરાં વ્યર્થ ખર્ચો બચી જશે. તમારા ઘરઆંગણે શાંતિ અને સુખ પોતે આવીને ક્રિડા કરશે. બસ સ્વદેશી વિષે આથી વધુ વિવેચનની હવે જરૂર ન હોય. મને આશા છે કે તમે ખાદીનું વ્રત લેવામાં હવે પ્રમાદ નહીં કરો.

પ્રકરણ ૫ મું

બ્રહ્મચર્ય

જે આર્યદેશમાં નૈષ્ટિક બ્રહ્મચર્યવ્રતધારી શ્રી ભીષ્મપિતામહ, ભગવાન્ શ્રી નેમિનાથ અને મહાદુષ્કર સંયમી શ્રી સ્થૂલીભદ્ર જેવા પવિત્ર અને ઉન્નત પુરૂષોનાં જીવનથી ઇતિહાસ પોતે જ ઉદ્યોતમય બન્યો હોય તે દેશના અધિવાસીઓને બ્રહ્મચર્યનો મહિમા વિશેષ વિસ્તારપુર્વક કહેવાની ભાગ્યે જ જરૂર હોય. બ્રહ્મચર્ય એટલે આત્માને વિષે રમણતા. જ્યાં બ્રહ્મચર્ય નથી ત્યાં આત્મોન્નતિ, રાષ્ટ્રોન્નતિ કે બીજી સાધનાઓ રૂપી વેલીઓ ઉગતાં પહેલાં જ કરમાઈ જઇ ધુળ ભેગી મળી જાય છે. બ્રહ્મચર્ય વિના તપસ્યા, પરમાર્થ કિંવા અધ્યાત્મનાં મૂળ ઉંડાં ઉતરી જ ન શકે અને એટલા માટે જ આપણા પુર્વ પુરૂષો તેમજ આચાર્યોએ માનવજીવનના આરંભમાં જ બ્રહ્મચય રૂપી મંડાણને બને તેટલાં મજબૂત બનાવવાની અને એ મંડાણ ઉપર જ બીજી અનેકવિધ સાધનાઓ પ્રતિષ્ટિત કરવાની વારંવાર ભલામણ કરી છે. બ્રહ્મચર્યના પાલનથી દેહમંદિરની મક્કમતા સુદ્રઢ થાય છે એ માન્યતા અપુર્ણ છે. બ્રહ્મચર્યના પ્રતાપે આત્માનાં ઓજસ સ્વયંમેવ પ્રકટી નીકળે છે. બ્રહ્મચર્ય જ બુદ્ધિ અને હૃદયને સતેજ કરી તેનો પ્રકાશ વિશ્વભરમાં વિસ્તારે છે. અર્થાત્ આ- લોક અને પરલોકના કલ્યાણ માટે બ્રહ્મચર્યનું પાલન એ એક અમોઘ સાધન છે.

દુનિયામાં યૌવનધન જેવું બીજું એકે ધન નથી. ધાન્ય અને સંપત્તિને ભલે આપણે જીવનનું ઉપયોગી ભાતું માનીએ, પણ યૌવનના નિત્ય વિકસતા પ્રકાશ પાસે બીજી બધી સંપત્તિઓ ઝાંખી

અને મલીન બની જાય છે. દેશનું તેમજ સમાજનું ખરૂં ધન જ યૌવન છે અને આ યૌવનને કલ્યાણકારક તેમજ પ્રગતિપ્રેરક જો કોઇ વસ્તુ હોય તો તે બ્રહ્મચર્ય. પુર્વના મૂલકોમાં તેમજ પશ્ચિમમાં પણ આજ સુધીમાં ઘણી ઘણી જાતનાં પરિવર્તનો અને વિપ્લવો થયાં, ઘણા ઘણા દેશોએ સામાજીક, ધાર્મિક તેમજ રાજકીય ગુલામીમાંથી છુટકારા મેળવી આત્મનિર્ણયના કુદરતી હક્ક સંપાદન કર્યા, અનેકાનેક વીર પુરૂષોએ એકલા હાથે લડતા, અસંખ્ય યોદ્ધાઓના સમુહ અનુયાયી તરીકે એકઠા કરી માનવતાની મશાલો વિશ્વના માર્ગમાં પ્રકટાવી; એ બધામાં મોટેભાગે કેવળ યૌવન અને બ્રહ્મચર્યના જ ચમકાર આપણે જોઇ શકીએ છીએ. જ્યાં બ્રહ્મચર્ય નથી ત્યાં સ્થૂલ વાસના અને વિકાર પોતાનો અડ્ડો જમાવે છે અને અધઃપતનનો અંધકાર ચોતરફ ફરી વળે છે. એથી ઉલટું જ્યાં બ્રહ્મચર્યનો પવિત્ર દીપક પ્રકટતો રહે છે ત્યાં વીરતા પોતે આવી વસે છે. બ્રહ્મચર્યના વાતાવરણની આસપાસ સ્વાર્થ, ક્ષુદ્રતા, વિલાસ, વાસના કે સંકુચિતતા પગ મૂકતાં પણ થરથરે છે.

આજે આપણા દેશમાંથી તેમજ સમાજમાંથી પણ આપણું યૌવનધન દિવસે દિવસે નાશ પામતું જાય છે. જે દેશના યુવકો એક કાળે ગુરૂઓના સાનિધ્યમાં વસી, પચીસ પચીસ વર્ષનાં બ્રહ્મચર્ય પાળી, સમાજ અને રાષ્ટ્રમાં નવજીવન પ્રેરતા, એ જ યુવકો આજે બાળલગ્નની હોળીમાં ઝપાટાભેર હોમાઈ રહ્યા છે ! જે દેશના લાખો યુવકોનાં યૌવનરૂપી દૈવી ધન આમ અનર્થક હોમાઇ રહ્યાં હોય તે દેશ કે સમાજના ઉદ્ધારની વાતો કે યોજનાઓ કરવી એ ખાલી માથાકૂટ સિવાય બીજું શું ગણાય ? બાળલગ્ન અથવા અબ્રહ્મચર્યરૂપી વેલીઓમાંથી ઝેરી ફળ સિવાય બીજા સારા પાકની આશા રાખવી એ સાવ વ્યર્થ છે. આપણા સમાજમાં તો પ્રાયઃ ઘેર ઘેર આવા ઝેરી વેલા રોપાઇ રહ્યા છે.

આપણા યુવકોનાં વદનપરની સ્વાભાવિક લાલી આજે નિસ્તેજ બની ગઇ છે. જ્યાં યૌવનનો ઉજાસ પથરાવો જોઇએ ત્યાં આજે ફીક્કાશ અને અકાળવૃદ્ધતાએ પોતાનાં આસન જમાવ્યાં છે. યુરોપના કોઇપણ એક યુવક સાથે આપણા દેશના વિદ્યાર્થીનો તમે મુકાબલો કરશો તો એ બન્ને વચ્ચે તમને ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર દેખાયા વિના નહીં રહે. યુરોપનો યુવક પોતાના દેહબળ, મનોબળ અને હૃદયબળથી ધરતીને ધ્રૂજાવતો વીરવેગથી તીરની માફક બધાં કામને પહોંચી વળતો હશે, ત્યારે આપણો નવજુવાન જાણે જુગજૂનો વૃદ્ધ હોય તેમ લમણે હાથ મૂકી જીવનની ચિન્તામાં છેક ડુબી ગયો હશે. આપણા યુવકોમાં જો અકાલવાર્ધક્ય કિંવા અસ્વાભાવિક ગાંભીર્ય લાવનાર જો કોઇ હોય તો તે આ અબ્રહ્મચર્ય જ છે. જે દેશનાં હવાપાણીમાં એક વખતે ભીમ, અર્જુન. બાહુબલી અને ભરતેશ્વર જેવા પુરૂષો પાકતા હતા અને જેઓ અમરોની સાથે યુદ્ધમાં ઉતરી પોતાની વીરતાની કીર્ત્તિ દેશવિદેશમાં વિસ્તારતા હતા, તે દેશનાં હવાપાણી આજે ટીકાને પાત્ર બન્યાં છે. ખરૂં જોતાં આપણે પોતે જ બ્રહ્મચર્યને દેશવટો આપી, આપણાં સ્વાભાવિક સ્વાસ્થ્ય, બળ, પરાક્રમ વગેરેને આપણા હાથથી જ દેશવટો આપ્યો છે. કહે છે કે આ પૃથ્વીના પડ ઉપર ભારતવર્ષ જ એક એવો દેશ છે કે જેનું મરણપ્રમાણ બીજા બધા દેશો કરતાં ચડી જાય છે ભારતવર્ષ જ એક એવો દેશ છે, જ્યાં બારે માસ મહામારી અને સંક્રામક રોગ એક યા બીજા પ્રાંતમાં સતત્ પોતાની વિનાશલીલા ભજવતા જ હોય ! આ દુર્દૈવને માટે આપણે અન્યનો દોષ ન કાઢી શકીએ. બ્રહ્મચર્યનો શાસ્ત્રીય સિદ્ધાંત આપણે ભૂલ્યા અને તેના પરિણામે આપણે ભાતભાતની નબળાઇઓ, રોગો, આક્રમણો અને દુર્નિવાર પરાધીનતા વ્હોરી લીધી.

સારા ધાર્મિક સંસ્કાર અને સુદઢ શરીરસંપત્તિ વિનાના એક તરૂણને લગ્નની જોંસરીમાં જોડવો એ દેખતી આંખે તેને ભૂખ્યા વાઘ–વરૂના પીંજરામાં પુરવા બરાબર છે. જંગલી પ્રાણી જેમ પોતાના શિકારમાં સપડાયેલ પ્રાણીનાં રક્ત–માંસ ચુસી લે છે તેમ આવાં લગ્ન પણ આપણાં તરૂણો અને તરૂણીઓનાં આરોગ્ય તેમ જ સામર્થ્ય છેક ચુસી લે છે. લગ્નનો પવિત્ર વિધિ આજે મ્હોટે ભાગે સ્વચ્છંદ અને વ્યભિચાર ઉપર આછું આચ્છાદન પાથરે છે. ખરૂં જોતાં લગ્નને યોગ્ય વય થયા પહેલાં કિંવા દંપતીજીવનની મહત્તા સમજાયા પહેલાં જ આપણે ભારતવર્ષના ભવિષ્યના શહેરીઓને વાસનાના ખપ્પરમાં હોમી દઇએ છીએ.

બાળકો બરાબર બ્રહ્મચર્ય પાળે એ વિષે માબાપોને કંઈ વાંધો ન હોય એ આપણે માની લઇએ. મુરબ્બીઓ પોતેજ ઘણીવાર બ્રહ્મચર્યની તરફેણમાં સીધી અથવા આડકતરી રીતે ઉપદેશ આપે છે. પણ એ ભાવના તથા ઉપદેશની બહુ સારી અસર ક્વચિત્ જ થતી જોવામાં આવે છે. તેનું કારણ આપણા પોતાના આચાર અથવા આપણી પોતાની રહેણી સિવાય બીજું કંઇ જ નથી. બાળકો, યુવાનો એ બધા અનુકરણિય તો હોય છેજ. પોતાની આસપાસ જે નાટક ભજવાતું જુવે તેને જ અનુસરવાને તેઓ લલચાય છે. એક અપકવ વયના બાળકની આસપાસ જો ભોગવિલાસની વાતો અને મર્યાદારહિત વહેવારોનું વાતાવરણ જામતું રહે તો પછી તેની ઉપર પવિત્ર જીવન કે સંયમના સંસ્કારો શી રીતે પડે? વાણીના ઉપદેશ કરતાં, વાતાવરણમાં રહેલી વહેવારશુદ્ધિ બાળકો ઉપર અજબ અસર કરે છે. એટલે જો આપણે આપણા સંતાનોને ખરેખરા વીર્યવાન્ બનાવવા માગતા હોઇએ તો આપણે પોતે ઘર તેમ જ સમાજની

અંદર એવું ધાર્મિક વાતાવરણ ઉભું કરી દેવું જોઇએ કે જેથી એ બાળક આપોઆપ સંયમી જીવનની મહત્તા પીછાની લે.

લગ્ન એ પણ બ્રહ્મચર્યનો જ એક પ્રકાર છે. પશુવૃત્તિને સંયમમાં રાખવાની ભાવનાથી જ લગ્નવિધિ પવિત્ર મનાયેલી છે. આપણા પ્રાચીન સાહિત્યમાં એવાં ઘણાં ચરિત્રો મળી આવે છે, જેની અંદર લગ્નથી જોડાયેલાં સ્ત્રી-પુરૂષો પણ અખંડ બ્રહ્મચર્ય પાળી પોતાના આદર્શવ્રત અંજવારી ગયા હોય ! લગ્નથી સ્ત્રી યા પુરૂષને વિષયસેવનનો પરવાનો મળી જાય છે એ છેક ખોટી માન્યતા છે. માતા-પિતા થવા જેટલો યોગ્ય અધિકાર પ્રાપ્ત કર્યા પહેલાં બ્રહ્મચર્યનો ભંગ કરવો એ પોતાના આરોગ્ય સામેનો અપરાધ છે; એટલું જ નહીં, પણ એક સામાજીક ગુન્હો છે. નિર્બળ માતાપિતાની સંતતિ, વિષયી મનુષ્યોની પ્રજા, અનેક પ્રકારના રોગચાળા તથા દર્દોને પોતાની સાથે લઇને અવતરે છે અને તેનો ચેપ એટલે સુધી ઉડે છે કે એ ખુવારીની સામે બંધ બાંધવા સાવ અસંભવિત થઈ પડે છે. છતાં બાર વર્ષના બાળકને પ્રજા થાય ત્યારે પણ આપણે ઇશ્વરનો ઉપકાર માની ઉત્સવ કરીએ છીએ. આપણી કંગાળ દશાનો આથી વધુ મજબૂત પુરાવો બીજો કયો હોય ? નબળી, પાંગળી અને વેંતીયા જેવી પ્રજા જન્મે તેમાં શું સુખ માનવાનું હોય ? બાર વર્ષની બાળા યા સોળ વર્ષનો બાળક, માતા-પિતા બને એને ઇશ્વરનો આશીર્વાદ માનવાને બદલે આપણે તો એક પ્રકારનો કોપ જ માનવો ઘટે. તરત વાવેલા વૃક્ષમાં જે ફળ લાગે છે તો આપણે તે જોઇ રાચતા નથી. કારણ, આપણે જાણીએ છીએ કે એ ફળ કંઇ આપણું દળદર નહીં ફેડે. તે જ પ્રમાણે અકાળે-બ્રહ્મચર્યના ભંગમાંથી જન્મતી પ્રજા પણ દેશનો યા પોતાનો પણ ઉદ્ધાર શી રીતે કરી

૩૬. હિંદુસ્થાનમાં યા દુનીયામાં આવાં નમાલાં માણસો કીડીની પેઠે ઉભરાય તેથી હિંદુસ્થાન યા દુનીયાનો શો દી વળવાનો હતો ?

પ્રાચીન સાહિત્ય તેમજ ઇતિહાસના શૂરવીર પુરૂષો વિષેનાં વૃત્તાંતો વાંચી કે સાંભળીને આપણે કેટલા પ્રફુલ્લિત થઇએ છીએ ? પોતાના દ્રષ્ટિપાત માત્રથી શત્રુઓના હાંજા ગગડાવી મૂકનારા મહા સમર્થ વીરનરોનાં જીવન આપણામાં કેટલો ઉલ્લાસ પ્રકાટાવે છે ? તેમની એ વીરતા–ધીરતા–મહત્તા બ્રહ્મચર્યના મૂળમાંથી જ ખીલી હતી એ વાત પણ આપણે સૌ સારી પેઠે જાણીએ છીએ. છતાં આપણા પોતાને માટે એ બ્રહ્મચર્ય અશકય હોય એમ માની બેસીએ છીએ. આ નરી કાયરતા છે. શ્રી સ્થૂલીભદ્ર અને શ્રી નેમીનાથ જેવા પુરૂષોનાં બ્રહ્મચર્ય, એક ઘડીભર માની લઇએ કે સત્યુગના જમાનાનાં ગણાય; પરન્તુ એ આદર્શ જો આપણે સતત્ આપણી દ્રષ્ટિ સન્મુખ રાખીએ તેમજ આપણા સંતાનોને તેનો અર્થ સમજાવતા રહીએ તો બ્રહ્મચર્યનું પાલન આપણે માટે ઘણેખરે અંશે સરળ થઇ જાય. અમુક વ્રત–તપ અસંભવિત છે એમ જેઓ ભૂલથી માની બેસે છે તેઓ ઉંચે ચડવાને સ્થાને હમેશાં નીચે જ ઉતરતા જાય છે. આપણે અખંડ બ્રહ્મચર્યને તેમજ લગ્ન પછીના બ્રહ્મચર્યને અસ્વાભાવિક – અસંભવિત ન માનીએ. જે આપણા પૂર્વજોએ કરી બતાવ્યું છે તે આજે આપણે પણ કરી શકીએ, એવી શ્રદ્ધા ગમે તેવી અશકયતા યા અસંભવિતતામાંથી માર્ગ કરી લે છે. રાજા હરિશ્ચંદ્રના સત્યવ્રતને આજે ઘણાય માત્ર કલ્પના માની લે છે. ધારો કે તે ફક્ત કલ્પના જ હોય, પણ જેઓ એ કથાને સંપુર્ણ સત્ય સમજી પોતાના વચન અને પ્રતિજ્ઞામાં અચળ રહે છે તેમને ગુમાવવા જેવું તો કંઇ જ નથી હોતું, એથી ઉલટું, જેઓ અવા આદર્શથી ચ્યુત થાય છે તેઓ પોતાના જીવનને અનેક સ્ખલનાઓ, ભ્રાંતિઓ વગેરેથી મુંઝવી

નાખે છે તે જ પ્રમાણે બ્રહ્મચર્યના વિષયમાં પણ એ જ વાત કહી શકાય. અખંડ બ્રહ્મચર્ય શક્ય છે, લગ્ન પછીનું બ્રહ્મચર્ય સંભવિત છે, એમ માનનાર પ્રમાદને લીધે કદાચ સ્ખલન પામે તો પણ વિષયી જીવો કરતાં તો તે ઘણી વધારે પ્રગતિ કરી શકે છે. આપણે આપણા આદર્શો ઘડીભર પણ ન ભૂલવા જોઇએ, એટલું જ નહીં પણ એ આદર્શો પ્રત્યેનો આપણો શ્રદ્ધાભાવ પણ એટલો જ નિર્મળ રહેવો જોઇએ. જેઓ આદર્શ બ્રહ્મચારીઓને હંમેશા પોતાની સ્તુતિ–ભક્તિનો વિષય માનશે તેઓ બ્રહ્મચર્યની સરસમાં સરસ સાધના કરી શકશે.

આજે આપણે આપણા પ્રાચીન આર્યજીવનના સંયમ અને સાદાઇથી ઘણે દૂર નીકળી ગયા છીએ. વિલાસોએ, મોજશોખોએ, શૃંગારોએ આપણને ચારે તરફથી ઘેરી લીધાં છે. આવા સ્વચ્છંદમય જીવનમાં બ્રહ્મચર્યને સ્થાન મેળવતાં મુશ્કેલી પડે એ સ્વાભાવિક છે. બ્રહ્મચર્ય પાળવા માગતા હોય તેમણે સૌ પહેલાં પોતાનાં આરોગ્ય અને હૃદયશુદ્ધિની કીમ્મત સમજી લેવી જોઇએ. સંપૂર્ણ આરોગ્ય-વિનાનું જીવન એ તો ખરૂં જોતાં મૃત્યુ જ ગણાય. દેશી અથવા વિલાયતી દવાઓ કે ભસ્મો ખાઇખાઇને માંડમાંડ પોતાનાં જીવન ટકાવી રાખનાર માણસો આ દુનીયા ઉપર કશો જ ઉપકાર કરી શકતા નથી અને જેમના દેહ દર્દોથી ઘેરાએલા હોય તેમનાં મન પણ એટલાં જ નિર્બળ અને વાસના વડે ખદબદતાં હોય તો એમાં કંઇ જ આશ્ચર્ય પામવા જેવું નથી. શરીર અને મનને ઘણો નજીકનો સંબંધ છે. શરીરની નબળાઈ મન ઉપર પણ ઘણી બુરી અસર કરે છે. બ્રહ્મચર્યવ્રત એ બન્નેને સુદ્રઢ તેમજ નિર્મળ રાખવાની સંપુર્ણ શકિત ધરાવે છે. વિવિધ લોભાવનારી દવાઓ અને રસાયણોને બદલે જો લોકો બ્રહ્મચર્યની જ ઉપાસના કરે તો સેંકડે લગભગ નેવું ટકા જેટલાં દર્દો તો બીજી જ ક્ષણે શમી જાય. ઘણી અદ્ભૂત વૈજ્ઞાનિક

શોધ કરનારા હકીમો અને દાક્તરો પણ કહે છે કે જો ભવિષ્યની પ્રજા બ્રહ્મચર્યનું મહાત્મ્ય પુરેપુરૂં નહીં સમજે અને આજની ગતિએ દર્દો વધાર્યે જશે તો નિત્ય નવી નવી ઉદ્‌ભવતી શોધો પણ તેમને માટે નિરૂપયોગી થઇ પડશે; કારણ કે જ્યાં મૂળમાં જ સડો લાગ્યો હોય ત્યાં પાંદડાં કે ડાળાને મલમપટ્ટા કરવાથી શું વળે ? બ્રહ્મચર્ય એ આરોગ્યનું મૂળ છે તેમજ મન અને હૃદયના વિકાસનું પણ મૂળ છે એ સિદ્ધાંત આપણે બરાબર સમજી લેવો જોઇએ.

બ્રહ્મચર્ય અને સાદાઇ એ બન્ને વચ્ચે ઘણી ગાઢ મૈત્રી રહેલી છે. વૈરાગ્ય, વ્રત, જપ, તપ એ બ્રહ્મચર્યના કુટુંબીઓ છે. જેમણે જીવનમાં સાદાઇઓ દાખલ કરી છે, જેઓ સંસારને ક્ષણભંગુર માની, વાસના–મોહના ગંધાતા કીચડથી સદા દૂર રહે છે તેમને બ્રહ્મચર્યને વિષે કંઇ જ કઠિનતા નથી લાગતી. એથી ઉલટું જેઓ ભાતભાતનાં ખાનપાન, રંગવિલાસ, ક્રિડા–કુતૂહલમાં જ રચ્યાપચ્યા રહે છે, તેમને બ્રહ્મચર્યથી હજારો કોષનું અંતર પડી જાય છે. આપણા શાસ્ત્રકારોએ બ્રહ્મચર્યવ્રતની આસપાસ જે મજબૂત વાડો ગોઠવી છે તેનો પણ એ જ આશય છે. ટુંકામાં જેઓ બ્રહ્મચર્ય પાળવા માગતા હોય તેમણે નીચેનાં વાક્યો બરાબર યાદ રાખવાં:—

(૧) વિષયભોગની ખાતર આ જીવન નથી. જેને લીધે જીવન છે–જેને લીધે ઓજસ્ અને સામર્થ્ય પ્રકટે છે તે વીર્યનું હંમેશાં મન–વચન–કાયાથી જતન કરવું.

(૨) બાહ્ય સંબંધ ઉપર આપણાં સુખનો આધાર નથી. આપણા મનોવિકારોથી હંમેશાં આપણે સાવચેત રહેવું. પતન તરફ દોરી જતા વિકારોને મૂળમાંથી છેદી નાખવા પ્રયત્નશીલ રહેવું. હૃદયમાં વૈરાગ્ય, ભક્તિ અને પવિત્રતાની ભાવના સતત્ ઉજ્જવળ રાખવી.

(૩) સ્ત્રીએ પુરૂષ ઉપર કે પુરૂષે સ્ત્રી ઉપર એંઠી નજર ન નાખવી. સ્ત્રીએ પુરૂષના કે પુરૂષે સ્ત્રીનાં હાવભાવ, અંગભંગિ કે સૌન્દર્ય સતૃષ્ણનયને ન નીરખવાં.

(૪) બ્રહ્મચર્યના ઉમેદવારોએ વ્યાયામ તેમ તપશ્ચર્યા વડે પોતાના શરીરને ખૂબ કસતા રહેવું.

(૫) આરોગ્યના સામાન્ય નિયમોની તેમ જ નીતિની મર્યાદાનો ભંગ ન કરવો. જીતેન્દ્રિય થવા મથનારે પોતાની જીહ્વાને–રસ લોલુપતાને કાબૂમાં લેવી.

(૬) અકાળે વિષયવાસનાને ઉશ્કેરી મૂકનારા મસાલા, કેફી પીણાં, ભારે પદાર્થો, મદ્ય, માંસ વગેરેનો સર્વથા પરિત્યાગ કરવો.

(૭) બ્રહ્મચારીએ હંમેશાં રાત્રીએ ભૂખે પેટે સુવું–છેલ્લું ભોજન હંમેશાં હલકું રાખવું. રાત્રે વ્હેલા સુઇ, પ્રાતઃકાળે બ્રહ્મમુહૂર્તમાં ઉઠી ધર્મધ્યાનમાં જોડાવાનો કડક નિયમ રાખવો.

(૮) સ્ત્રીની સાથે એકાંતવાસ ન રાખવો. વિવાહિત દંપતીએ પણ પોતાની શય્યા પૃથક્ પૃથક્ રાખવી.

(૯) બ્રહ્મચર્યનું વ્રત અશક્ય છે, એમ માનવાની કોઇએ ભૂલ ન કરવી. સાધકને માટે કોઈપણ સાધના અશક્ય ન હોય.

(૧૦) શૃંગારનાં પુસ્તકો, શૃંગારી નાટકો કે શૃંગારી વાતચીતોની અંદર મુદ્દલ રસ ન લેવો.

(૧૧) પુરૂષે સ્ત્રીમાત્રને પોતાની બ્હેન સમજવી અને સ્ત્રીએ પુરૂષ માત્રને વિષે પોતાના ભાઇની ભાવના રાખવી.

આટલા સામાન્ય નિયમો પાળવાથી બ્રહ્મચર્યનો પ્રભાવ આપણે યત્કિંચિત્ અંશે સમજી શકીશું અને એકવાર જેણે એ દૈવી મજા

ચાખી તે તો આ વ્રત રૂપી દીપકને લેશમાત્ર પણ આંચ નહીં આવવા દે એવી મને તો પક્કી ખાત્રી છે. બ્રહ્મચર્યના ભંગ કરતાં બ્રહ્મચર્યના પાલનમાં કંઇક અનેરી મજા છે એ વાત ભૂલાઇ જવાથી જ આજે આપણામાંનો મ્હોટો ભાગ ઉંધે માર્ગે ઉતરી પડયો છે. બાળકને જ્યાંસુધી પરાણે પણ નિશાળે મોકલી કક્કો-બારાખડી વિગેરે નથી ભણાવતાં ત્યાંસુધી વિદ્યા કે વાંચનને વિષે રસની કેવી લ્હેર રહેલી છે તે એ બાળક નથી જાણતો. પણ થોડું કષ્ટ વેઠીને વાંચતાં-લખતાં શીખે એટલે તેના નિર્દોષ આનંદ અને વિનોદનું એક મહા વિશાળ ક્ષેત્ર આપોઆપ ખુલ્લું થઈ જાય છે. તે જ પ્રમાણે જેઓ થોડો વખત કઠિન નિયમ-સંયમ પાળીને પણ બ્રહ્મચર્યનું જતન કરશે તેમને માટે આત્મરમણતાનો એક મહા મનોહર પ્રદેશ ખુલ્લો થઇ જશે. તેમને પોતાને પણ પછી તો આશ્ચર્ય થશે કે જે બ્રહ્મચર્યના પાલનમાં આટલાં સુખ-શાંતિ રહેલાં છે તે બ્રહ્મચર્યનો મહિમા કોઇ સદ્‌ગુરૂએ અમને આગળથી જ ઉપદેશ્યો હોત અને વખતસર સન્માર્ગે ચડાવ્યા હોત તો અમે આજે કેટલા સુખી, સુદ્રઢ અને પવિત્ર હોત ?

પ્રકરણ ૬ ઠું

मितभाषण

બીજાને અને પોતાને ફાયદો કરે તે શિવાય, બીજું કાંઇ બોલવું નહિ, અને નકામી વાતચીતથી દૂર રહેવું, તેને અત્ર મિત ભાષણ કહેલું છે.

જો કે પરોપકારનાં કામોમાં, પરમાર્થના પ્રસંગમાં, આત્મિક હિત માટેના કાર્યમાં, વ્યવહારમાં, ધંધા રોજગારમાં અને કરવા યોગ્ય કાર્યમાં બોલવાની આવશ્યક્તા હોય છે, તો પણ તેવા પ્રસંગોમાં ખપ હોય તેટલું જ બોલવું, જરૂર કરતાં વધારે બોલવું નહિ, બોલવાનુ જેમ બને તેમ ઓછું રાખવું, કાર્ય ઉપરાંત વૃથા બોલવું નહિ અને કોઇને ફાયદા થાય તેવું ન હોય તેવા પ્રકારનું તો કદી પણ બોલવું જ નહિ.

જેઓને બહુ બોલવાની ટેવ હોય છે, તેઓને મિતભાષી થવું બહુ જ કઠણ લાગશે, પણ તેઓ જો સખ્ત મનોનિગ્રહ રાખશે અને જીભ ઉપર સંપૂર્ણ કાબુ રાખશે, તો ધીમે ધીમે તેઓ મિતભાષી થઇ શકશે, અને બહુબોલાપણાની ટેવથી જે નુકસાનો કેટલીક વખત ઉદ્ભવે છે, તેના ભોગ થતા તેઓ બચશે.

મિતભાષણની ટેવથી શરૂઆતમાં તો કદાચ લાભ દેખાશે નહિ, પણ જ્યારે આગળ જતાં ખબર પડશે કે, બહુ બોલવાની ટેવથી માણસો કેટલીક વખત ન બોલવાનું બોલી નાંખે છે, પોતાની છાની વાત કહી દે છે, બોલતાં બંધાઇ જાય છે, વાત કરતાં પકડાય છે, ઘણા દિવસના સ્નેહમાં ખલેલ પડે છે, નવા દુશ્મનો ઉત્પન્ન થાય

છે, હિત કરવાને બદલે અહિત કરી નાંખે છે, વક્કર કમતી થાય છે બોજ ઘટી જાય છે, લોકોનો વિશ્વાસ ઉડી જાય છે, અને બોલનાર કેટલીક વખતે બેવકુફમાં ખપે છે, ત્યારે જ મિતભાષણના ખરા ફાયદાનું જ્ઞાન લોકોને થશે, અને તે સદ્‌ગુણ પ્રાપ્ત કરવાની લોકોની મરજી થશે.

જ્યાં મનુષ્ય મિતભાષણની ટેવ પાડવાની શરૂઆત કરે છે, અને તે ટેવ સુદૃઢ કરવાને પ્રવૃત્ત થાય છે ત્યારે ગળેલા, સ્વચ્છ અને નિર્મળ જળની પેઠે તેના મુખમાંથી નીકળેલા શબ્દો સત્ય, મધુર અને હિતકારી હોય છે. તે વચનોથી સ્વપરનું કલ્યાણ જ થાય છે. કોઇનું બુરૂં થતું નથી, અને કોઇને ભય ઉપજતો નથી. એવાં વચનો બોલનારા મનુષ્યને મળવાની, એનાં દર્શન કરવાની, એના શબ્દો સાંભળવાની અને એના ચરણ સ્પર્શવાની ઇચ્છા ઘણાંને થાય છે. એનાં દર્શનથી લોકો પોતાને પવિત્ર અને પુન્યવાન માને છે અને તે સત્પુરૂષનાં દર્શન થયાં, માટે કાંઇ શુભ પ્રાપ્તિ થવી જોઇએ, એવી કલ્પના કરીને આનંદ માને છે. આવા વિચાર ઉપર તેમને વળી વિશ્વાસ બેસવાથી તેમનું શુભ જ થાય છે. કારણ કે દરેક કાર્યમાં વિશ્વાસ અને સંકલ્પબળ ઘણો મહત્વનો ભાગ બજાવે છે. જો શુભ કલ્પના કરવામાં આવે છે તો પરિણામ શુભ જ થાય છે. આ સિદ્ધાંત પ્રમાણે વર્તનારા લોકો પોતાના વિચારબળથી કાર્ય સિદ્ધ કરે છે. તેઓ સત્પુરૂષોની અનુમોદના કરે છે, ઉપકાર માને છે અને વારંવાર તેમનાં દર્શનની ઇચ્છા રાખે છે.

બહુ બોલવાની ટેવથી કેટલીકવાર મૃષા બોલાઇ જવાય છે, કાંઇકને બદલે કાંઇ કહેવાઇ જવાય છે, અતિશય કહેવાઇ જવાય છે, કોઇના દોષ અજાણે પ્રગટ થઇ જાય છે, કોઈની નિન્દા કરાઇ જવાય છે, કોઈની ચાડી ચુગલી ખવાઇ જવાય છે, અને કોઇના ઉપર વખતે ખોટો આરોપ પણ મુકાઈ જવાય છે. અરે ! એટલું જ નહિ, પણ

બહુ બોલનાર માણસો વખતે આંખો વીંચીને કાંઇને કાંઇ ભરડી જાય છે. પોતે જે બોલે છે, તે પ્રસંગને અનુસરતું છે કે નહિ, તેનું તેમને ભાન રહેતું નથી. વળી પોતે જે બોલે છે તે યોગ્ય છે કે નહિ, અન્યને ઉપકારક છે કે નહિ, અને કોઇને હાનિ કરનારૂં છે કે નહિ, તેનો તેઓના મનમાં વિચાર કર્યા અગાઉ ઉતાવળથી તેઓ ન બોલવાનું બકી નાંખે છે. આવા બહુબોલા માણસોના બોલવાથી કેટલીક વખતે લાભ થવાને બદલે ઘણા અનર્થ ઉત્પન્ન થાય છે. માટે જો મનુષ્યે પોતાની જીંદગી સુખી કરવી હોય, લોકોપયોગી કરવી હોય, પોતાનું કલ્યાણ કરવું હોય, દુનિયાનું પણ ભલું કરવું હોય, ધારેલ કાર્ય સિદ્ધ કરવું હોય, ઇચ્છિત સુખ પ્રાપ્ત કરવાં હોય, અને પરંપરાએ મુક્તિ મેળવવી હોય તો, અવશ્ય વિચાર પૂર્વક મિત ભાષા બોલવી.

થોડું અને વિચારીને બોલવામાં ઘણા ફાયદા રહેલા છે, તે ફાયદાઓ જગજાહેર છે, પ્રત્યક્ષ દેખાય છે, અને અનુમાનથી પણ સિદ્ધ થઇ શકે છે, તો લાભ મેળવવાની ઇચ્છા રાખનાર દરેક મનુષ્યે અવશ્ય મિતભાષણ કરવાની શુભ ટેવ પાડવી.

મિતભાષીનાં વચન ઉપર લોકો વિશ્વાસ કરે છે, માણસોમાં તેનો વક્કર વધે છે, એની વાત આદરપૂર્વક પસાર થાય છે, તેનાથી સ્નેહભંગ થતો નથી, અને નવા દુસ્મનો ઉત્પન્ન થતા નથી.

જે માણસ બહુ બોલે છે, તે સત્ય ક્વચિત જ બોલી શકે છે. કારણ કે તેની વાચાળ ટેવથી તે રાજ્યકથા, દેશકથા, સ્ત્રીકથા અને ભોજનકથા સ્વભાવે જ કર્યે જાય છે, અને તેમાં અતિશયોક્તિ, મૃષા અને નિન્દાનો અંશ આવ્યા કરે છે.

વાચાળપણાથી મનુષ્ય યથાર્થવાદી થઇ શકતો નથી. લોકો તેને લવારો કરનાર ગણે છે, અને તેના બોલવા ઉપર ભરોસો

રાખતા નથી, તથા તેનું બોલવું સાર્થક થવાને બદલે વખતે નિરર્થક અને નુકસાનકારક થાય છે.

જે માણસ મિતભાષી થાય, તો તે સ્વભાવે કરીને તેને અંગે કેટલાક ગુણો પ્રાપ્ત કરી શકે છે.

દાખલા તરીકે—એનાથી બનતાં સુધી અસત્ય બોલાતું નથી, કોઇની નિંદા થતી નથી, વિકથા કરાતી નથી, અને પોતાનું કે પરનું હિત ન થાય, તેવી વાત થતી નથી, માટે જ મિતભાષી પુરૂષ કુટુંબવલ્લભ, જ્ઞાતિપ્રિય, અને દેશવલ્લભ થાય છે.

મિતભાષી પુરૂષ લોકોને પ્રિય લાગે છે, અને લોકો તેનાં વચનપર શ્રદ્ધા રાખે છે, લોકોનો વિશ્વાસ આ પ્રમાણે સંપાદન કરી શકવાથી તે અનેક દેશહિતનાં કાર્યો કરી શકે છે, ઇચ્છિત ફળ પ્રાપ્ત કરી શકે છે, કુધારો કાઢી શકે છે, સારી રીતે સુધારા દાખલ કરી શકે છે, જ્ઞાતિમાંના નઠારા રીવાજોને દૂર કરાવી શકે છે, સારા રીવાજોને ગ્રહણ કરાવી શકે છે, અનાથાશ્રમો, પાઠશાળાઓ, કૉલેજો આદિ સાર્વજનિક ખાતાંઓ સ્થપાવી શકે છે, અને દેશહિતનાં બીજાં એવાં અનેક કૃત્યો લોકો પાસેથી તે કરાવી શકે છે, એના શબ્દો અને એનો ઉપદેશ વૃથા જતો નથી, એનું બોલવું વ્યર્થ જતું નથી. એના શબ્દો જો કે થોડા તોપણ ગંભિર અર્થનું સૂચન કરનારા હોય છે, એની વાણીમાં સત્યનું જ રહસ્ય ભરેલું હોય છે, એ વગર વિચારે બોલતો જ નથી, એની વાણી અવિચારથી નીકળતી જ નથી, કાર્ય વિના તે કદી લવારો કરતો જ નથી, એની વાણી ગર્વમિશ્રિત હોતી નથી. એના શબ્દો તુચ્છ હોતા નથી, પણ પ્રૌઢ હોય છે, એ જે જે બોલે છે, તેનો મનમાં પ્રથમ તોલ કરીને પછી જ બોલે છે, અને એની વાણી ધર્મવિરૂદ્ધ હોતી નથી, પણ ધર્મસંયુક્ત જ હોય છે.

મિતભાષી પુરૂષ ગચ્છની મારામારીમાં પોતાનાં અમૂલ્ય વચનોને દૂષિત કરતો નથી, ચોથ પાંચમના નકામા ઝગડા કરીને પોતાના

શબ્દોને અપવિત્ર કરતો નથી, શુષ્ક ક્રિયાઓના ભેદની તકરારોમાં પડતો નથી, મત પંથના વિરોધરૂપી કીચડથી તે પોતાના શબ્દોને ખરડતો નથી, તથા મત્સર અને દ્વેષ ઉત્પન્ન થાય તેવા શબ્દો તે બોલતો નથી, એની વાણી સર્વદા ભ્રાતૃભાવવાળી હોય છે, વળી તે દુઃખી જનો પ્રત્યે કરૂણાવાણી, પુન્યવાન પ્રત્યે પ્રમોદવાણી, અને પાપી જનો પત્યે સદ્બોધવાળી વાણી હોય છે, તે વાણીમાં હમેશાં ધર્મનું રહસ્ય સમાયેલું હોય છે.

અહા ! મિતભાષીપણું પ્રાપ્ત થવું એ કેટલા બધા પુન્યની વાત છે, અને કેટલા બધા પૂર્વના શુભ પુરૂષાર્થનું તે ફળ છે, તે સજ્જન પુરૂષો જ સારી રીતે સમજી શકે છે. અને તેથીજ તે ગુણ પછવાડે અહોનિશ મંડયા રહે છે. એ ગુણ જેણે પ્રાપ્ત કર્યો છે. તેને વ્યાકરણની પોથી ભણવાનું રહ્યું નથી, ન્યાયના શુષ્ક તર્કો ઉડાવવાનું રહ્યું નથી, અને અલંકારોની જરૂર એની વાણીને રહેતી નથી. કરાણ કે મિતભાષા એ સ્વયંમેવજ અલંકાર અને રસરૂપ છે. તેથી તે એટલી બધી અસરકારક નીવડે છે કે જે કામ વૈયાકરણી, નૈયાયિક અને સાહિત્યાચાર્યો નથી બજાવી શકતા તે કામ મિતભાષી પુરૂષ પોતાની વાણીથી અલ્પ કાળમાં જ બજાવી શકે છે.

મિતભાષી પુરૂષ પોતાનો વખત વ્યર્થ બકવાદ કરીને, નકામો લવારો કરીને, કોઇની નિન્દા કરીને, કોઇની ઇર્ષ્યાથી બળી મરીને, કોઇના ઉપર મત્સર ભાવ રાખીને, કોઇના ઉપર દ્વેષ રાખીને, કોઇનું બગાડવાની ઇચ્છા કરીને, કોઇની નકામી કુથળી કરીને, અમુક મનુષ્યે આ કામ ઠીક ન કર્યું–તે કામ ખરાબ કર્યું અને પેલું કામ નિન્દનિય કર્યું, એવા ગપાટા મારીને, કોઇનાં અછતાં દૂષણ ખુલ્લાં કરીને, કોઇના ઉપર આળ ચડાવીને, કે કોઇનું અહિત થાય એવા શબ્દો બોલીને કદી ગુમાવતો નથી.

મિતભાષી પુરૂષ જે બોલે છે તેમાં કાંઇને કાંઇ ગુહ્ય રહસ્ય

રહેલું જ હોય છે. તે કામપ્રસંગ જેટલું જ બોલે છે, એના શબ્દે-શબ્દમાં તત્વજ સમાયેલું હોય છે. એની વાણી સફળજ હોય છે, એનાં પ્રત્યેક વચન ગુહ્ય અને અર્થસૂચક હોય છે, એના પ્રત્યેક શબ્દમાં ઘણુંજ તાત્પર્ય રહેલું હોય છે, અને તે પોને સદા આનંદી રહીને પોતાના કાર્ય પછવાડે મંડ્યો જ રહે છે.

પૂર્વ કાળમાં આ આર્યદેશમાં અને હાલના સમયમાં યુરોપ અમેરિકાદિમાં જે જે વિદ્વાન, મહાત્મા, તત્વવેત્તા કે યોગીઓ થયા છે, તેઓ સર્વે મિતભાષીપણાથી યુક્ત હતા, તેમનો વખત માપેલો હતો, તેઓ વખતને જ ધન, વિદ્યા, કાળ અને સર્વસ્વ સમજતા હતા. વખતની કીમ્મત તેમણે કરી હતી, અને તેથીજ તેઓ વૃથા બકવાદ કરીને પોતાનો વખત ગુમાવતા નહિ; પરંતુ પોતાનું અને પરનું કલ્યાણ થાય તેટલું જ તેઓ બોલતા હતા.

જે મિતભાષી છે, તે પોતાનો વખત વૃથા ગુમાવતો નથી, અને બીજાના વખતને પણ તે પોતાના વખત જેટલો જ કિમ્મતી ગણે છે, માટે અન્યની સાથે પણ તે કામ પુરતું જ બોલે છે. જે પુરૂષો વાચાળ અને વૃથા બકવાદ કરનારા હોય છે. તેઓ પોતાનો વખત વૃથા ગુમાવે છે એટલું જ નહિ, પણ એના પ્રસંગમાં આવેલા સર્વે મનુષ્યોના વખતનો ભોગ તે પોતાના વાચાળપણા રૂપી હવનમાં આપે છે. આ કેટલું બધું શોચનીય છે! તેનો વિચાર, હે પ્રિય વાંચનાર, તારી મુનસફી ઉપર જ સોંપવામાં આવે છે.

વાચાળ મનુષ્યોના શબ્દોમાં કલ્યાણકારી થોડું જ હોય છે. તે-માંથી જાણવાનું પણ કાંઇ હોતું નથી. પોતાનું કે પરનું ભલું થાય એવું સત્વ તેમની વાણી ધારણ કરી શક્તી જ નથી, અને તેમના શબ્દો બકરાના ગળાના સ્તનની પેઠે નિરર્થક હોગ છે. આવા મનુષ્યો

આ સંસારમાં અવતાર લઇને પોતાનું કે પરનું કલ્યાણ કર્યા વિના અધોગતિ તરફ પ્રયાણ કરે છે.

મિતભાષણમાં ધૈર્ય, ગાંભિર્ય, અને દ્દઢતા આદિ અનેક ગુણો વાસ કરી રહ્યા છે, માટે પ્રત્યેક હિતવાંચ્છક મનુષ્યે, થોડા વખતમાં બહુ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરનારે અને વિજળીની પેઠે તુરત સદ્દગતિ મેળવવાની ઇચ્છા કરનારે મિતભાષી થવું જ જોઇએ. એ ગુણ ગમે તેમ કરીને પણ પ્રાપ્ત કરવો જ જોઇએ.

જે મનુષ્ય પોતાના અને પારકાના હિતને માટે જ બોલે છે, તેનું જીવતર ઉપયોગી છે, તેણે મિતભિાપી થવાની સાથે શબ્દો વાપરવાનો લોભ કરવો નહિ, પારકાનું હિત થાય તેવો ઉપદેશ તેણે છુટથી કરવો જોઇએ, તેની વાણી સત્ય, પથ્ય, અને પ્રિયનું સુચન કરનારી હોવી જોઇએ, તે અસત્ય, અપ્રિય અને અહિતકારી ન જોઇએ.

આ વિષય વિષે લખતાં પુસ્તકોનાં પુસ્તકો ભરીએ તોપણ ઓછાં છે, માટે ટુંકામાં ઉપર જણાવ્યું છે, તેનું વારંવાર વાંચન, મનન અને નિદિધ્યાસન કરવું જોઇએ. વળી વાંચ્યા પછી અને વિચાર્યા પછી દ્દઢ નિશ્ચય બંધાયો હોય, તેને ક્રિયામાં મુકવાની સર્વ વાચકવર્ગને હું અત્ર પ્રાર્થના કરૂં છું.

આ લેખ સમાપ્ત કરતાં પહેલાં જે સજ્જનો ઉક્ત સદ્દગુણ ગ્રહણ કરવા ઇચ્છતા હોય, તેમના હિત માટે થોડા નિયમો અને સુત્રો નીચે આપું છું, અને આશા રાખું છું કે, તે સર્વ માન્ય થશે અને હિતકારી જણાશે.

૧ પ્રયોજન વગર બોલવું નહિ.

૨ વૃથા લવારો કરવો નહિ.

૩ જેટલા શબ્દોથી પોતાનું કે પરનું હિત થાય તેટલા જ બોલવા.

૪ વગર બોલાવ્યે બોલવું નહિ.

૫ કોઇની નિન્દા કરવી નહિ.

૬ ગચ્છની તકરારોમાં પડવું નહિ.

૭ હઠવાદ કરવો નહિ.

૮ કદાગ્રહી થવું નહિ.

૯ હું કહું છું તે જ ખરૂં અને અન્ય કહે તે ખોટું, એવી બુદ્ધિ રાખવી નહિ.

૧૦ મધુર વાણી બોલવી.

૧૧ નિપુણતાથી વિવેકસર બોલવું.

૧૨ થોડું બોલવું.

૧૩ કામ હોય ત્યારે પણ જરૂર જેટલું બોલવું.

૧૪ ગર્વરહિત બોલવું.

૧૫ શબ્દોમાં તુચ્છતા ન આવે તેનું ધ્યાન રાખવું.

૧૬ પ્રથમ મનમાં તોલ કરીને પછી બોલવું.

૧૭ વાણી ધર્મયુકત રાખવી.

૧૮ કઠોર શબ્દ બોલવા નહિ.

૧૯ કોઇના દોષ ખુલ્લા કરવા નહિ.

૨૦ સત્ય, પથ્ય અને પ્રિય બોલવું.

પ્રકરણ ૭ મું

કચ્છી કાવ્યો

પરમાત્માને પ્રાર્થના

રાગ ભીમપલ્લાસ, તાલ ત્રિતાલ

'નાની પાર લગાઇં ધો '-એ ચાલ

કર પાર કૃપાળુ ! દીન દયાળુ ! **સુખાણુ** કરમેં ધાર ;
સુખાણુ કરમેં ધાર વાલીડા ! કર સેવકજી સાર—કર પાર

વાટ અજાણી નાવ પુરાણી, પવન લગે તો અપાર ;
અભમેં મેઘરાજ ચડી આયો, જિત ન્યાર્યાં તિત અંધકાર—કર પાર

ગનનન ગનનન ગજણુ ગજેતી, કરેતી વિજ ચમકાર ;
દિસીઉં ન દિસજે ઘોર અંધારે, સુજે મગરજા ફુંકાર—કર પાર

ચોવાજે **નાવિક** તું જગમેં, પિંઢજી ફરજ સંભાર ;
પાપી અપાપી પાર ઉતારે, કર કિં મુંજો વિચાર—કર પાર

ગાગર સમ **સાગર** ચયતોકે, ઇ-નિત જો વેપાર;
વસમી વાટેંજો અનુભવી તું, કઇકેં કે પાર—કર પાર

મનજી મુંજણુ મિટાય તું મુંજી, વલ્લા ! વિપતકે વિદાર ;
'**શિવ**'પુર ઘાટ દિખાડ દયાળુ ! બગડેલી બાજી સુધાર—કર પાર

કચ્છી પ્રજાકીય ગીત*

રાગ ભૈરવી, તાલ ત્રિતાલ

(પાગ્યો પાગ્યો પદમણી નાર રે) એ ચાલ

'કેર અયે'? અસાંકે પુછેંતા તેંકે, 'કચ્છી અંઇયેં ઇય ચોંતા;'
હાંરે 'અસીં કચ્છી અંઇયો' ઈયિ ચોંતા—કેર

કચ્છડેમેં હી **શરીર** બંધાણુ, ઈન ભોમીઅજો ઋણી ગણાણુ;
ઉપગાર અસીં ન ભુલોંતારે—અસીં કચ્છી—૧

દેસ પ્રેમ ધિલડેમેં ધરીઓં, યથાશકિત સેવા અસીં કરીઓં;
કચ્છડેલાજ જીઓાંતારે—અસીં કચ્છી—૨

ડેસ છડે **પરદેસ** વિઝાંતા, ઉત પણ મુડસાઇસેં રોંતા;
કેંજો પણુ ધ્રા ન રખોંતારે—અસીં કચ્છી—૩

મુંભઇ કરાંચી અસીં વસાયેં, 'મુડસ અંઇયો' એડોમિણીકે ડસાયેં;
કિન કમમેં પાછા ન પોંતારે—અસીં કચ્છી—૪

ખાનદેસ ને **વરાડ** વ્યાસીં, **કરણાટક**મેં વિઝીં રેયાસીં;
નમધો કિત ન ડીઓાંતારે—અસીં કચ્છી—૫

મુંભાસો મલબાર જમાયેં, **એડન** ને **રંગુન** કમાયેં;
માલ ડીઓં ને ગીનોંતારે—અસીં કચ્છી—૬

---

* આ કાવ્ય મુંબઈમાં ભરાયલી પ્રથમ કચ્છી પ્રજાકીય પરિષદ નિમિત્તે તૈયાર થએલ છે અને સમગ્ર કચ્છી પ્રજાને પસંદ પડેલ છે.

મધરાસ, બંગાલ, પંજાબ પોતલ, ઉતપણુકે નચેઆ 'અંઈરોતલ'
લધાં અસાંજે **ભોં**તારે—અસીં કચ્છી—૭

જંગબાર ને **જાપાન** ખેડયોં. વિલાતજી ગોંકે પણ મેડયોં ;
ગોંઢર વટ ન ધ્રજોંતારે—અસીં કચ્છી—૮

નીતિ, નેક, ટેક મન ધરીઆં 'શિવ' ચે 'માલેક' નામ સમરીયોં
મથ્થો હથ મેં ખણી ફિરોંતારે—અસીં કચ્છી—૯

કરે વતાયો*

રાગ ઉપરનો

જીવનમેં જોત જગાયો રે, કચ્છડેજો પાણી દિપાયો;-જીવનમેં

પ્રજાજી પીડા પ્રથમ વિચાર્યો,
બગડેલી બાજીકે સુધાર્યો;
લિખમી લેખે લગાયો રે કચ્છડેજો —૧

કલેશ, કંકાસ કુસંપકે ટાર્યો,
સુલે, શાંતિ ને સંપ વધાર્યો;
જગમેં ડંકો વજાયોરે, કચ્છડે—૨

હુન્નર કલા ને વિદ્યા વિસ્તાર્યો,
રત પીઅણીઉં કુરીતીઉં નિવાર્યો;
માનજી ભરી ફુગાયોરે, કચ્છડે—૩

પ્રજાજીવનકે ખેડયો ખંતે,
મેનતજો ફલ મિલંધો અંતે;
(સદ્) ગુણજા ઝાડ ઉગાયોરે, કચ્છડે—૪

ડેસપ્રેમકે ધિલમેં ધાર્યો,
સ્વાર્થવૃત્તિજો બીજકે બાર્યો,
જુલ્મી દોર હટાયોરે. કચ્છડે—૫

---

* આ કાવ્ય કચ્છ—માંડવી ખાતે ભરાયલી બીજી કચ્છી પ્રજાકીય પરિષદ નિમિત્તે તૈયાર કરવામાં આવેલ છે અને પ્રજાને પસંદ પડેલ છે.

હિમ્મત, સાહસ, ધીરજ ધરજા,
માડીલા મરજીથી મરજા;
બાદુરેંમેં ગણાયો રે, કચ્છડે—૬

સંપતમેં કુખીએં કે ગડજા,
વિપતામેં મુડસાઈ મ છડજા;
(મહા) વીરેં કે સંભાર્યો રે, કચ્છડે—૭

વલે વતનકે જગમેં મલાયો,
પ્રલા કરે પણ ટેક નિભાયો;
ભલેં ભલેં કે ભુલાયોરે, કચ્છડે—૮

જિજો વજે સેં મનંજા ઠલ્લો,
વલ્લો કમ અય ચમ નાંયે વલ્લો;
'શિવ' ચે કરે વતાયોરે, કચ્છડે—૯

કચ્છીએંજો કર્તવ્ય*

("મનમોહન બલિહાર ગાંધીજી"—એ ચાલ)

વંદેમાતરમ્ મિલીને બોલો. કચ્છડેજે નાંલે અંઇ ડોલો;
દુર્લભ નરભવ મિલ્યો અમોલો, સાર્થક કયો ન રોંધો હી ચોલો, વંદે-૧

જનતામેં જગનાથકે ન્યાર્યો, સેવામૃત પી ઠરો ને ઠાર્યો;
મલીનતા મનડેજી નિવાર્યો ભવસાગરથી તરો ને તાર્યો; વંદે-૨

જાતી પંથજા ઝગડા મિટાયો, ઐકયભાવજા આંક ગુંટાયો;
જનમ ભોમિઅજે નાંકે રટાયો, દુર્બલતાજા ડોસ હટાયો; વંદે-૩

માડીજી મસ્તીમેં મચજા, માડીજે નાં સુણીને નચજા;
માડીજે સુખમેં અંઇ રચજા, માડીજી પીડામેં પચજા; વંદે-૪

ડેસપ્રેમજી લગની લગાયો, જીવનજ્યોત જગતમેં જગાયો;
ઠોકરૂં ખાધાં ન હાણે ઠગાયો મિથ્યા માનજી ભરીકે કુગાયો: વંદે-૫

"પાંજેકુરો" "થેઓકુરો" મ ચોજા, માડીલા સંકટેકે સોજા;
પાપજે પથમેં કડેં મ પોજા, હંસ પ્રમાણે સારકે લોજા; વંદે-૬

રાજા પ્રજામેં પ્રીતિ જમાયો, સ્વારથસેં કેંકે મ ભમાયો;
કરે સેવા સુકૃતકે કમાયો, પ્રભુપદમેં અંઇ રમો રમાયો: વંદે-૭

ડિસી ગુણીકે પ્રીતે નમજા, ભલો કરેને જગકે ગમજા;
ડેસ સેવાલા ઘર ઘર ભમજા, વિદ્યા-કલાથી થીજા કમજા; વંદે-૮

સુખીકે ન્યારે થીજા રાજી, કડેં મ બનજા નિંધક પાજી;
'શિવ'જી શીખ હી સુણુજા તાજી, તાણાતાણુ અય હા ને નાજી. વંદે-૯

---

* કચ્છ માંડવીમાં ભરાયલી કચ્છી પ્રજાકીય પરિષદમાં ગવાયલું અને વખણાયલું કાવ્ય.

કચ્છડેજી અદ્‌ભુત કથા

રાગ દેશ-ગઝલ

(ધિક્કાર એ અધિકારને—એ ચાલ)

અદ્‌ભુત કચ્છડેજી કથા, કોગે કડેં મ વિસારજા;
ડિના માડીલા મુડસેં મથા, મનમેં સદા સંભારજા. અદ્‌ભુત—

જેં રાજી થીને રત ડિના, ધિલમેં ન ધુસમણુથી ધ્રના;
ધન માલકે જેં કયાં ફના, વીરતા ઉનીજી વિચારજા, અદ્‌ભુત—૧

મન માનતા સુખડા છડે, સચ્ચી ગાલલા જુદ્ધ વ્યા લડે;
ન ચડયા કડેં કૂડ જે કડે, ઉત્સાહ ઉનીજો ન્યારજા, અદ્‌ભુત—૨

વેરી જેંજા ત્રા વખાણી, કયાં ન મિથ્યા વીર વાણી;
કિં ન ન્યાર્યાં લાભ હાણી, ધીરતા એડી ધારજા, અદ્‌ભુત—૩

'શિવ'ચે ટેકી, વિવેકી પૂરા, ધીર વીર, ગંભીર, શૂરા;
કર્મેંજા કયાં ચૂરેચૂરા, સુકન ઉનીજા પારજા, અદ્‌ભુત—૪

ધર્માભિલાષીઓ માટે સોનેરી તક !   વહેલો તે પહેલો ! !

વાંચવા, વિચારવા અને સંગ્રહ કરવા લાયક

ઉત્તમ પુસ્તકો

થોડીજ નકલો બાકી છે—પ્રમાદમાં પડશે તે પસ્તાશે

નંબર	પુસ્તકનું નામ	કિંમત રૂ. આ. પા.
૧	ધર્મરત્ન પ્રકરણ ભાગ ૧	૩—૮—૦
૨	,, ભાગ ૨	૩—૦—૦
૩	,, ભાગ ૩	૧—૧૨—૦
૪	ઉપદેશ રત્નાકર	૨—૮—૦
૫	ઉપદેશ પદ	૩—૦—૦
૬	અધ્યાત્મ સાર	૩—૦—૦
૭	ધર્મવીર જયાનંદ ભાગ ૧	૧—૮—૦
૮	,, ભાગ ૨	૨—૮—૦
૯	જૈન સતીમંડળ ભાગ ૧	૨—૦—૦
૧૦	,, ભાગ ૨	૧—૮—૦
૧૧	પાંડવપ્રબોધ	૩—૮—૦
૧૨	ઉત્તમકુમાર	૧—૪—૦
૧૩	શ્રાવિકાભૂષણ ભાગ ૨	૨—૦—૦
૧૪	,, ભાગ ૩	૧—૮—૦
૧૫	,, ભાગ ૪	૨—૦—૦
૧૬	શાસનદેવીનો પ્રવાસ	૨—૦—૦
૧૭	દિક્ષાકુમારી ભાગ ૧	૨—૮—૦
૧૮	,, ભાગ ૨	૩—૦—૦
૧૯	તત્ત્વભૂમિમાં પ્રવાસ	૨—૦—૦
૨૦	જૈન શશીકાંત	૨—૮—૦
૨૧	તત્વ-ચિંતામણિ	૧—૪—૦
૨૨	મહાવીર પ્રકાશ	૧—૦—૦

નંબર	પુસ્તકનું નામ	કિંમત રૂ. આ. પા.
૨૩	શ્રાવકસંસાર	૧—૪—૦
૨૪	મનોરમા	૧—૮—૦
૨૫	વિદ્યાચંદ્ર અને સુમતિ	૨—૦—૦
૨૬	તપગચ્છીય પંચપ્રતિક્રમણ ભાગ ૧	૦—૧૨—૦
૨૭	,, ,, ભાગ ૨	૧—૪—૦
૨૮	વિધિપક્ષ ગચ્છ પંચપ્રતિક્રમણ ભાગ ૧	૦—૧૨—૦
૨૯	,, ,, ભાગ ૨	૧—૪—૦
૩૦	જૈન પહેલી	૦—૧૦—૦
૩૧	શિવવિનોદ ભાગ ૩	૦—૧૨—૦
૩૨	,, ભાગ ૪	૦—૧૨—૦
૩૩	,, ભાગ ૫	૦—૧૨—૦
૩૪	શિવબોધ ભાગ ૧	૦—૧૨—૦
૩૫	,, ભાગ ૨	૦—૧૨—૦
૩૬	શિવપ્રબોધ ભાગ ૧	૦—૧૨—૦
૩૭	,, ભાગ ૨	૦—૧૨—૦
૩૮	શિવવિલાસ	૦—૧૨—૦
૩૯	રાજબોધ	૦—૧૦—૦
૪૦	રાગબોધ	૦—૫—૦
૪૧	ભારત ભજનામૃત	૦—૪—૦

ઉપરોક્ત પુસ્તકોની સંક્ષિપ્ત માહિતી

પ્રાચીન સંસ્કૃત ગ્રંથો, મૂળ અને ગુજરાતી ભાષાંતર સાથે.

શ્રીમાન્ દેવેંદ્રસૂરિ વિરચિત **ધર્મરત્નપ્રકરણ** ગ્રંથ ત્રણ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે. રોયલ આઠ પેજી ૧૪૨૫ પૃષ્ટનો આ ગ્રંથ છે. પ્રથમ ભાગમાં ૬૦૦, બીજામાં ૫૨૫ અને ત્રીજામાં ૩૦૦ પૃષ્ટ છે. **ઉપદેશ રત્નાકર,** પાના આકારે શાસ્ત્રી ટાઇપમાં છપાવેલ છે. રોયલ આઠ પેજી ૪૦૦ પાનાનો એ ગ્રંથ છે. **ઉપદેશપદ,** આચાર્ય મહારાજ શ્રી હરિભદ્રસૂરિ વિરચિત આ ગ્રંથ પાના આકારે પ્રસિદ્ધ

કરેલ છે. રાયલ આઠ પેજી ૪૦૦ પૃષ્ટનો આ ગ્રંથ છે. **અધ્યાત્મસાર** ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી વિરચિત આ ગ્રંથ રાયલ સોળ પેજી ૬૫૦ પૃષ્ટનો છે.

પ્રાચીન પુસ્તકો, અર્વાચીન સંસ્કારી ગુજરાતી ભાષામાં

ધર્મવીર જયાનંદ. શ્રી જયાનંદ કેવલીના રાસ ઉપરથી તૈયાર કરવામાં આવેલ છે. બે ભાગમાં તે પ્રસિદ્ધ કરેલ છે. ડેમી આઠ પેજીનો ૫૫૦ પૃષ્ટનો આ ગ્રંથ છે. પ્રથમ ભાગમાં ૨૦૦ અને બીજામાં ૩૫૦ પૃષ્ટ છે. **જૈન સતીમંડળ** પુસ્તક પ્રાચીન ગ્રંથો ઉપરથી તૈયાર કરવામાં આવેલ છે. રાયલ બાર પેજી ૬૫૦ પાનાનો આ ગ્રંથ બે ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે. પ્રથમ ભાગમાં ૩૫૦ અને બીજા ભાગમાં ૩૦૦ પૃષ્ટ છે. **પાંડવપ્રબોધ** શ્રી પાંડવચરિત્ર ઉપરથી તૈયાર કરવામાં આવેલ છે. રાયલ આઠ પેજી ૩૭૫ પાનાનો આ ગ્રંથ છે. **ઉત્તમકુમાર** રાસ ઉપરથી તૈયાર કરેલ છે અને ડેમી આઠ પેજી ૧૩૬ પૃષ્ટનો છે, **શ્રાવિકાભૂષણ** ખાસ સ્ત્રીવર્ગ માટે ઉપજાવી કાઢેલ આ ગ્રંથ ચાર ભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, રાયલ બાર પેજી ૧૫૦૦ પૃષ્ટ છે, પ્રથમ ભાગની એક પણ પ્રત બાલાંસમાં નથી. બીજામાં ૩૮૭, ત્રીજામાં ૩૦૦ અને ચોથામાં ૩૭૯ પૃષ્ટ છે. **શાસન દેવીનો પ્રવાસ** શ્રી હરિભદ્રસૂરિ વિરચિત ધર્મબિંદુ ગ્રંથ ઉપરથી તૈયાર કરવામાં આવેલ છે. રાયલ આઠપેજી ૨૫૮ પૃષ્ટ છે. **દિક્ષા કુમારી** ખાસ મુનિધર્મ માટે તૈયાર કરવામાં આવેલ છે. ડેમી આઠ પેજી ૭૪૧ પૃષ્ટનો આ ગ્રંથ બે ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે. પ્રથમ ભાગમાં ૩૧૬ અને બીજામાં ૪૨૫ પૃષ્ટ છે. **તત્વભૂમિમાં પ્રવાસ.** બનારસીદાસકૃત સમયસાર નાટક ઉપરથી તૈયાર કરેલ આ પુસ્તક ડેમી આઠ પેજી ૩૦૦ પૃષ્ટનો છે. **જૈન શશીકાંત** તાત્વિક બોધ આપનાર પુસ્તક છે. ડેમી આઠ પેજી ૩૧૬ પૃષ્ટ છે. **તત્વ ચિંતામણિ** શમ અને મોહના સંવાદ રૂપે આ પુસ્તક તૈયાર કરેલ છે. ડેમી આઠ પેજી

૧૮૬ પૃષ્ટ છે. **મહાવીર** પ્રકાશમાં શ્રી મહાવીર પ્રભુનું આધ્યાત્મિક જીવન દર્શાવવા તૈયાર કરવામાં આવેલ છે. ડેમી આઠ પેજી ૧૩૫ પૃષ્ઠ છે. **શ્રાવકસંસાર** શ્રાવક શ્રાવિકાઓને કર્ત્તવ્યનું ભાન કરાવવા તૈયાર કરવામાં આવેલ છે. ડેમી આઠ પેજી ૧૭૮ પૃષ્ટ છે. **મનોરમા** એક બોધક કલ્પિત વાર્તા છે. ડેમી આઠ પેજી ૧૮૦ પૃષ્ટ છે. **વિદ્યાચંદ્ર અને સુમતિ** પ્રથમ ભાગ, સચિત્ર સામાજીક નવલકથા છે. તેમાં બાળલગ્ન, કન્યાવિક્રય અને વૃદ્ધલગ્નની હકીકત છે. રોયલ ૧૨ પેજી ૩૭૫ પૃષ્ટ છે.

પાઠય પુસ્તકો

તપગચ્છ અને વિધિપક્ષગચ્છનાં બે ભાગમાં **પંચપ્રતિક્રમણસૂત્રો** માર્ગોપદેશિકાની પદ્ધતિથી તૈયાર કરવામાં આવેલ છે. તપગચ્છીય પ્રતિક્રમણ ડેમી આઠપેજી પ્રથમ ભાગમાં ૧૭૨ પૃષ્ટ છે અને બીજા ભાગમાં ૩૪૪ પૃષ્ટ છે. વિધિપક્ષગચ્છીય પ્રતિક્રમણ ડેમી આઠ પેજી પ્રથમ ભાગમાં ૧૨૪ પૃષ્ટ છે અને બીજા ભાગમાં ૧૫૯ પૃષ્ટ છે. **જૈન પહેલી** ખાસ પુસ્તક રૂપે તૈયાર કરેલ છે. ડેમી આઠ પેજી ૧૫૯ પૃષ્ટ છે. આ પુસ્તકો જૈન પાઠશાળાઓ માટે ખાસ તૈયાર કરવામાં આવેલ છે.

ભજનો અને પદો

શિવવિનોદ–પાંચ ભાગમાં ભજનો અને પદો આપવામાં આવેલ છે. ડેમી આઠ પેજી આઠસો પાનાં તેમાં રોકવામાં આવેલ છે. પ્રથમના બે ભાગ ખલાસ થઇ ગયા છે. ત્રીજા ભાગમાં ૧૬૮, ચોથામાં ૨૨૦ અને પાંચમામાં ૧૧૪ પૃષ્ટ છે.

સુબોધક પત્રો અને નિબંધો

શિવબોધમાં સુબોધક પત્રો છે. ડેમી આઠ પેજી સાઇઝમાં તે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. પ્રથમ ભાગમાં ૧૮૦ અને બીજામાં ૧૭૦

પૃષ્ટ છે. **શિવપ્રબોધ**માં ઉપયોગી નિબંધો આપવામાં આવેલ છે. ડેમી આઠ પેજી ૧૯૨ પૃષ્ટ પ્રથમ ભાગમાં છે અને રોયલ બાર પેજી ૧૭૪ પૃષ્ટ બીજા ભાગમાં છે.

વચનામૃતો

શિવવિલાસમાં આત્મચર્યા છે. ડેમી આઠ પેજી ૧૬૮ પૃષ્ટ છે. શ્રીમદ્ રાજચંદ્રનાં વચનામૃતો **રાજબોધ**માં આપવામાં આવેલ છે. ડેમી આઠ પેજી ૧૫૨ પૃષ્ટ છે.

સંગીતપ્રવેશ

રાગબોધમાં સંગીતનું રહસ્ય સમજાવવા ૮૯ પૃષ્ટમાં ૧૨૩ રાગરાગણીઓ બતાવવામાં આવેલી છે અને **ભારત ભજનામૃત**માં સ્વદેશભકિતનાં ગીતો ૪૮ પૃષ્ટમાં આપવામાં આવેલ છે.

સારી છપાઇ, ઉંચા ગ્લેઝ કાગળો અને સુંદર બંધાઇનાં ઉપરોકત પુસ્તકો મંગાવવા ખાસ આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

પત્રવ્યવહાર નીચેના શિરનામે :—

મંત્રી,—**લાલન નિકેતન.**
મુ૦ મઢડા (શીહોર થઇ)
કાઠિયાવાડ

સુચના:—

રૂ. ૧૦૦ થી	ઉપરનાં	પુસ્તકો	મંગાવનારને	૫૦ ટકા
રૂ. ૫૦ થી	,,	,,	,,	૩૭ાા ટકા
રૂ. ૨૫ થી	,,	,,	,,	૨૫ ટકા
રૂ. ૧૦ થી	,,	,,	,,	૧૨ાા ટકા

(કમીશન આપવામાં આવશે.)

નોટ:—જે પુસ્તક બાલાંસમાં નહિ હશે તે મોકલવામાં નહિ આવે.

શિવસદન ગ્રંથમાળા

લેખક:-શાહ શિવજી દેવસિંહ મઢડાવાળા

૧	શિવવિનોદ	ભાગ ૧ લો	રૂ. ૦-૧૨-૦
૨	,,	ભાગ ૨ જો	રૂ. ૦-૧૨-૦
૩	,,	ભાગ ૩ જો	રૂ. ૦-૧૨-૦
૪	,,	ભાગ ૪ થો	રૂ. ૦-૧૨-૦
૫	,,	ભાગ ૫ મો	રૂ. ૦-૧૨-૦
૬	શિવબોધ	ભાગ ૧ લો	રૂ. ૦-૧૨-૦
૭	,,	ભાગ ૨ જો	રૂ. ૦-૧૨-૦
૮	શિવપ્રબોધ	ભાગ ૧ લો	રૂ. ૦-૧૨-૦
૯	,,	ભાગ ૨ જો	રૂ. ૦-૧૨-૦
૧૦	શિવવિલાસ		રૂ. ૦-૧૨-૦
૧૧	રાગબોધ		રૂ. ૦-૫-૦
૧૨	ભારત ભજનામૃત		રૂ. ૦-૩-૦
૧૩	કુદરતી કેદાર (નવલકથા)		રૂ. ૧-૮-૦
૧૪	સિદ્ધાચંદ્ર અને સમતિ	ભાગ ૧ લો	રૂ. ૧-૦-૦
૧૫	,, ,,	ભાગ ૨ જો	

(થોડા વખતમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.)

લખો અથવા રૂબરૂ

પુસ્તકો મળવાનું ઠેકાણું
શિવસદન ગ્રંથમાળા કાર્યાલય
મુ. મઢડા (શીહોર થઇ, કાઠિયાવાડ)

નવયુગની ઉદ્ઘોષણા

ભાઈ શ્રી રાયચુરા કહે છે કે—

" નુતન યુગને પગલી ધારી, નુતન યુગ આવે;

નુતન ભાવ નુતન શાને, નુતન ગાન ગાવે—"

ઉપરોક્ત કથનનું રહસ્ય સમજો અને 'નવયુગ' માટે સજ્જ રહો! સત્યુગમાં જન્મેલા ભીમસેનનું અંગરખું કળિયુગમાં જન્મેલાને જેમ નકામું છે, તેમ સત્યુગના ધાર્મિક અને સામાજીક નિયમો કળિયુગમાં નિરૂપયોગી છે. જેમ ભીમસેનના અંગરખામાં સુધારાવધારો કરી આ કાળના માનવીને બંધબેસતું કરવાની જરૂર છે, તેમજ સત્યુગના નિયમોમાં કાળને અનુસરતા ફેરફારો કરવાની પણ તેટલીજ જરૂર છે. શ્રી પાર્શ્વનાથભગવાનના સમયના સાધુઓની સમાચારીમાં પ્રભુશ્રી મહાવીરસ્વામીએ પોતાના સમયના સાધુઓ માટે યોગ્ય ફેરફાર કર્યો, તેજ પ્રમાણે વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ નિહાળી સુધારા વધારા કરવાની આવશ્યકતા છે.

પેંડા, પતાસાં, સાકર અને ખજુરની પ્રભાવનાને બદલે પુસ્તકોની પ્રભાવના કર્તવ્ય છે—જ્ઞાનની પરબો માંડવાની આવશ્યકતા છે.

જાપાન, ઈંગ્લાંડ, ફ્રાન્સ, જર્મની અને અમેરિકાની જાગ્રતિ જોઈ, જાગો અને સુતેલી હિન્દી પ્રજાને જગાડો! આ નવયુગની ઉદ્ઘોષણા સાંભળો અને સંભળાવો!